

પ્રેમની ક્રાંતિ

જોયસ મેયર

VISIT…

LANZAROTE Caliente.COM

પ્રેમની ક્રાંતિ



પ્રેમની ક્રાંતિ

જોયસ મેયર



JOYCE MEYER
MINISTRIES

Nanakramguda, Hyderabad - 500 008

Joyce Meyer Ministries - Asia
Nanakramguda,
Hyderabad - 500 008

Phone: +91-40-2300 6777
Website: www.jmmindia.org

The LOVE REVOLUTION - Gujarathi
First Print - September 2009

Printed in India at:
Caxton Prepress Pvt. Ltd.
Hyderabad - 500 004

અનુક્રમણિકા

પ્રસ્તાવના

ક્રાંતિ. આ શબ્દ જ આશાની ચિનગારી સમાન છે, જુસ્સો લાવે છે અને માનવીય શબ્દભંડોળમાંના બીજા શબ્દોમાં ન હોય તેવી વફાદારીની પ્રેરણા કરે છે. જો આપણે ઈતિહાસ તપાસીએ તો, ક્રાંતિના ખ્યાલ કે વિચારે સળગતા લાકડાંમાં બળતણ રેડવાનું અને હતાશ હૃદયનાઓને હિંમત આપવાનું કાર્ય કર્યું છે. ક્રાંતિએ કોઈ બાબત જે તેમના કરતાં મોટી હતી તેની શોધમાં જે લોકો હતા તેમને એકઠા કર્યા છે અને અગાઉ જેઓ હેતુવિહોણા હતા તેવા પુરૂષો અને સ્ત્રીઓને એવી બાબત માટે એકઠા કર્યા કે તેઓ તેને માટે મરવા પણ તૈયાર થયા. તેમણે મહાન નેતાઓ જન્માવ્યા અને મહાન અનુયાયીઓ બનાવ્યા; તેમણે જગતને બદલી નાખ્યું.

ક્રાંતિ તો સામાન્ય રીતે જે બાબતો કરવામાં આવે છે તેના કરતાં અચાનક, મૂળભૂત અને સંપૂર્ણ બદલાવ છે. ક્રાંતિ હમેશાં એવા વ્યક્તિ કે ખૂબ નાના જૂથના લોકો દ્વારા આવે છે, જેઓ ભૂતકાળમાં જે રીતે જીવતા હતા તે જ રીતે જીવવા માગતા નથી. તેઓ માને છે કે કંઈક ચોક્કસપણે બદલી શકાય અને બદલવું જ જોઈએ અને તેઓ તેમનાં વિચારો અને ખ્યાલો ત્યાં સુધી જણાવ્યા કરે છે, જ્યાં સુધી તેની શરૂઆત ન થાય અને તે સઘળી પરિસ્થિતિ બદલાઈ જાય.

જ્યારે જ્યારે સરકારોએ તેનાં નાગરિકોનો ફાયદો ઉઠાવવાની કોશિશ કરી ત્યારે જગતે ક્રાંતિઓનો અનુભવ કર્યો છે. આવું તો અમેરિકન ક્રાંતિ, ફ્રેંચ ક્રાંતિ અને રશીયન ક્રાંતિના (તેને બોલ્શેવિક ક્રાંતિ પણ કહેવાય છે) સમયે બન્યું. જ્યારે જૂની અને બિનઅસરકારક પધ્ધતિઓ અને કાર્યપ્રણાલીઓને બદલવામાં આવી અને જૂના વિચારોને બદલે નવા વિચારોને સ્થાન આપવામાં આવ્યું, ત્યારે પણ ક્રાંતિનો ઉદ્‌ભવ થયો, જેમ કે વિજ્ઞાનની ક્રાંતિ કે ઔદ્યોગિક ક્રાંકિ. થોમસ જેફરસને કહ્યું કે, "દરેક પેઢીને નવી ક્રાંતિની જરૂર છે," અને હું માનું છું કે હાલમાં જગતને બીજી ક્રાંતિની જરૂર છે, જે સૌથી મોટી હોય. આપણને એવી એક જ પ્રકારની ક્રાંતિની જરૂર નથી જેણે આપણી અગાઉની પેઢીના જગતના ઈતિહાસને મૂર્તિમંત કર્યો; આપણને એવી ક્રાંતિની જરૂર નથી, જે રાજકારણ, અર્થશાસ્ત્ર કે ટેકનોલોજીને લગતી હોય. આપણને પ્રેમની ક્રાંતિની જરૂર છે.

આપણે તો આપણા જીવનોમાંથી સ્વાર્થી, સ્વકેન્દ્રિત અધિકારને નાખી દેવાની જરૂર છે. જો આપણે જ બદલાવા માગતા નહિ હોઈએ તો આપણા જગતમાં પણ કંઈ બદલાણ થશે નહિ. આપણે ઘણીવાર આપણા વ્યક્તિગત જીવનો જે રીતે જીવીએ છીએ અને દરરોજ જે પસંદગી કરીએ છીએ, તેને લીધે જગતમાં જે પરિણામો આવે છે તેને રોક્યા વગર ઈચ્છા રાખીએ છીએ કે જગતમાં બદલાવ આવે.

જો આ ગ્રહની દરેક વ્યક્તિ એ જાણશે કે કેવી રીતે પ્રેમ પ્રાપ્ત કરવો અને આપવો તો આપણું જગત ખરેખર અલગ સ્થળ બની જશે. હું માનું છું કે આપણે બધા જાણીએ છીએ કે સમાજમાં કંઈક ખોટું છે અને તેને દુરસ્ત કરવાની જરૂર છે, પરંતુ કોઈને એ જાણવાની જરૂર લાગતી નથી કે શું કરવું જોઈએ અથવા તો કેવી રીતે બદલાવ લાવવાની શરૂઆત કરવી જોઈએ. આપણા આ અંકુશ વગરના જગત પ્રત્યેનો પ્રતિભાવ તો ફરિયાદો અને એવા વિચાર છે કે *કોઈએ કંઈક કરવું જોઈએ.* આપણે વિચાર કરીએ અને એમ કહીએ છીએ કે કદાચ ઈશ્વર કે સરકાર કે કોઈ અધિકૃત વ્યક્તિએ પગલાં લેવાં જોઈએ. પરંતુ સત્ય તો એ છે કે, આપણે દરેકે કંઈક કરવાનું જ છે. આપણે પહેલાં જીવતા હતાં તેના કરતાં તદ્દન અલગ દૃષ્ટિકોણથી આપણે આપણું જીવન જીવવાનું શીખવું જ જોઈએ. આપણને શીખવાની, બદલાણની અને આપણે પણ સમસ્યાનો એક ભાગ છીએ તે સ્વીકારવાની જરૂર છે જ.

આપણે જે સમજતા નથી તેને આપણે દુરસ્ત કરી શકતા નથી, તેથી આપણી પ્રથમ જરૂરિયાત તો સમસ્યાની જડ સુધી પહોંચવાની છે. શા માટે મોટા ભાગનાં લોકો ખુશ નથી? શા માટે કુટુંબોમાં, પડોશમાં, શહેરોમાં અને દેશોમાં આટલા ઝઘડા અને વિખવાદ છે? શા માટે લોકો આટલા બધા ગુસ્સે છે? તમે કદાચ એમ માનતા હશો કે આ બધું તો પાપને કારણે છે. તમે કદાચ એમ કહો કે, ‘‘લોકો પાપી છે, તેને લીધે સમસ્યા છે.’’ હું એ બાબતમાં સંમત છું, પરંતુ હું પ્રાયોગિક ધોરણે, આપણે દરરોજ જે સમસ્યાઓનો સામનો કરીએ છીએ, ત્યાં સુધી પહોંચવા માગું છું. હું દૃઢપણે માનું છું કે આ સઘળા બનાવોનું મૂળ સ્વાર્થીપણું છે. સ્વાર્થીપણું એ ચોક્કસપણે પાપનું બાહ્ય કાર્ય છે. એક વ્યક્તિ એમ કહે કે, ‘‘મારે જે જોઈએ તે જોઈએ જ છે અને મારે જેની જરૂર છે તે મેળવવા હું ગમે તે કરીશ.’’ જ્યારે વ્યક્તિ દેવથી અને તેમનાં માર્ગોથી દૂર જાય છે ત્યારે પાપ અસ્તિત્વમાં આવે છે.

આપણે હમેશાં ‘‘પાછળ રહીને’’ - આપણે જે રીતે જીવવું જોઈએ તેનાથી તદ્દન વિરૂધ્ધ જીવન જીવીએ છીએ. આપણે આપણા માટે જીવીએ છીએ અને છતાં આપણને જે બાબત સંતોષ આપે છે તેનાથી આપણી મહેચ્છાઓનો અંત થતો નથી. આપણે બીજાઓ માટે જીવવું જોઈએ અને આપણે જે કંઈ આપીએ છીએ તે આપણી પાસે ગુણાત્મક વૃધ્ધિ સાથે પાછું આવે છે. પ્રખ્યાત ડૉકટર લૂકે જે કહ્યું છે તે મને ખૂબ ગમે છેઃ ‘‘તમારું જીવન આપી દો; અને તમને તે પાછું અપાશે, ફક્ત પાછું અપાશે એટલું જ નહિ - પરંતુ વૃધ્ધિ અને આશીર્વાદ સાથે અપાશે, પ્રાપ્ત કરવામાં નહિ પણ આપવામાં આશીર્વાદ છે. ઉદારતા ઉદારતાને જન્માવે છે.’’ (લૂક ૬:૩૮ સંદેશ).

ઘણા સમાજોમાં લોકોનો હેતુ માલિકી પ્રાપ્ત કરવાનો, સંપત્તિ પ્રાપ્ત કરવાનો અને અંકુશ પ્રાપ્ત કરવાનો બની ગયો છે. દરેકને ''પ્રથમ સ્થાન જોઈએ છે'', જેથી ઘણા બધા લોકો હતાશ થાય તે સાહજીક બાબત છે, કેમ કે કોઈ એક સમય અને સ્થળે કોઈ એક જ વ્યક્તિ પ્રથમ સ્થાન લઈ શકે. ફક્ત એક જ વ્યક્તિ જગતમાં પહેલો દોડવીર બની શકે; કોઈ એક જ વ્યક્તિ કોઈ કંપનીનો પ્રમુખ બની શકે અથવા કોઈ એક જ વ્યક્તિ ખૂબ પ્રખ્યાત અભિનેતા કે અભિનેત્રી બની શકે. આ જગતમાં ફક્ત કોઈ એક જ વ્યક્તિ સારામાં સારો લેખક કે ચિત્રકાર બની શકે. જ્યાં સુધી હું માનું છું ત્યાં સુધી આપણ દરેકને પોતાનું ધ્યેય હોવું જોઈએ અને તેને માટે સારામાં સારૂં કરવું જોઈએ, આપણા માટે જ સઘળું પ્રાપ્ત કરવાની અને બીજા લોકોની ચિંતા ન કરવાનું મૂકી દેવું જોઈએ એમ હું માનું છું.

હું આ પુસ્તક લખી રહી છું, ત્યારે મેં પાંસઠ વર્ષ પૂરા કર્યા છે અને હું માનું છું કે કદાચ તેને લીધે હું કેટલીક બાબતો જાણું છું. ખુશ રહેવાની અલગ અલગ રીતો અજમાવવા શક્ય એટલું તો હું જીવી છું અને દૂર કરવાના સદ્‌ગુણ સાથે કઈ બાબત કાર્ય કરશે અને કઈ નહિ, એ શોધ્યું છે. સ્વાર્થીપણું જીવન જીવવાનો જે ઈરાદો છે તે રીતે જીવવા દેતું નથી અને તે ચોક્કસપણે માનવજાતને માટે દેવની ઈચ્છા નથી. હું માનું છું કે આ પુસ્તકમાં હું એ સાબિત કરી શકું છું કે સ્વાર્થીપણું આ જગતની સાર્વત્રિક મુખ્ય સમસ્યા છે અને દૂર કરવાની જરૂર છે. આપણને પ્રેમની ક્રાંતિની જરૂર છે.

પ્રેમ તો કોઈ મંતવ્ય કે શબ્દ કરતાં વધારે જ હોવો જોઈએ, પ્રેમ કાર્યશીલ હોવો જ જોઈએ. પ્રેમ પ્રદર્શિત થવો જોઈએ અને અનુભવાય તેવો હોવો જ જોઈએ. દેવ પ્રેમ છે! પ્રેમ હમેશાં દેવનો ખ્યાલ છે. તે આપણને પ્રેમ કરવા, આપણને તેને પ્રેમ કરવાનું શીખવવા અને પોતાને તથા બીજાને કેવી રીતે પ્રેમ કરવો જોઈએ એ શીખવવા માટે આવ્યો.

જ્યારે આપણે તેમ કરીએ છીએ તો જીવન સુંદર બને છે; અને જ્યારે આપણે તેમ કરતા નથી તો કંઈપણ બાબત વ્યવસ્થિત રીતે કાર્ય કરતી નથી. સ્વાર્થીપણાનો ઉત્તર પ્રેમ છે કેમ કે પ્રેમ આપે છે, જ્યારે સ્વાર્થીપણું લેવાની ભાવના રાખે છે. આપણે આપણી જાતથી છૂટકારો પ્રાપ્ત કરવાની જરૂર છે, અને ઈસુ એ જ હેતુ માટે આવ્યા, જેમ આપણે ૨ કરિંથી ૫:૧૫ માં જોઈએ છીએ તેમ, ''જેઓ જીવે છે તેઓ હવેથી પોતાને અર્થે નહિ, પણ જે તેઓને વાસ્તે મૂઓ તથા પાછો ઊઠ્યો તેને અર્થે જીવે, માટે તે સર્વેને વાસ્તે મૂઓ.''

તાજેતરમાં જ, જ્યારે હું જગતની ગંભીર સમસ્યાઓ જેમ કે, લાખો બાળકો ભૂખે મરે છે, એઈડ્સ, યુધ્ધ, દબાણ, માણસનાં નજીકનાં સંબંધીઓ સાથેના જાતિય સંબંધો અને તેનાથી વિશેષ સમસ્યાઓ વિષે વિચાર કરતી હતી, ત્યારે મેં દેવને પૂછ્યું, ''તમે કેવી રીતે જગતમાં જે બધું ચાલી રહ્યું છે તેને જોઈ રહ્યા છો અને કંઈ કરતા નથી?'' ત્યારે મેં દેવને મારા હૃદયમાં એમ કહેતા સાંભળ્યા, ''હું લોકો દ્વારા કાર્ય કરું છું. હું મારા લોકો ઊભા થાય અને કંઈક કરે તેની રાહ જોઈ રહ્યો છું.''

જેમ બીજા લાખો લોકો કરે છે તેમ તમે કદાચ એવો વિચાર કરો કે, *હું જાણું છું કે જગતમાં સમસ્યાઓ છે, પરંતુ તે એટલી બધી છે અને હું તેને બદલવા માટે શું કરી શકું?* આવા પ્રકારના વિચારોએ આપણને લકવાગ્રસ્ત બનાવી દીધા છે અને શેતાન વિજય પ્રાપ્ત કરી રહ્યો છે. આપણે જે કરી શકવાના નથી તેને વિષે વિચાર કરવાનું જ આપણે બંધ કરવું જોઈએ અને આપણે જે કરી શકીએ છીએ તે કરવાની શરૂઆત કરવી જોઈએ. આ પુસ્તકમાં, પોતે અને મેં આમંત્રિત કરેલા કેટલાંક લેખકોએ તમારી સાથે હકારાત્મક અને પાયાનો બદલાવ કરવાની નવી ચળવળ જે છે તેના ભાગીદાર બનવા માટેના ખ્યાલો અને માર્ગો વહેંચ્યા છે.

જ્યારે જગત નીચે તરફ ગુંચળાસમાન પડ્યું રહે છે ત્યારે કંઈપણ કર્યા વગર ફક્ત ઊભા રહેવાનું હું ધિક્કારું છું. હું જે સઘળી સમસ્યાઓને જોઉં છું તે સઘળાનું કદાચ હું સમાધાન ન કરી શકું, પરંતુ હું જે કરી શકું છું તે હું કરીશ. મારી તમને પ્રાર્થના છે કે તમે મારી સાથે અન્યાયની સામે ઊભા રહો અને પાયાનું બદલાણ કરવાની ઈચ્છા રાખો, જેથી તમે જીવન પ્રાપ્ત કરી શકો. બીજાઓ આપણા માટે જે કરે છે તે જ જીવન ન હોઈ શકે, પરંતુ આપણે તેમના માટે શું કરી શકીએ છીએ તે જીવન છે.

દરેક ચળવળનો એક હેતુ કે વિશ્વાસનામું હોય છે. અમે જોયસ મેયર મિનિસ્ટ્રીમાં પ્રાર્થનાસહિત એક કરાર બનાવ્યો છે અને અમે તે પ્રમાણે જીવવા કટીબધ્ધ છીએ. શું તમે અમારી સાથે જોડાશો?

હું દયા **લઉં છું** અને મારા **બહાનાઓને સોંપી** દઉં છું,
હું અન્યાયની સામે ઊભો થાઉં છું,
અને દેવના પ્રેમના સામાન્ય કાર્યો કરીને જીવવા **સ્વાર્પણ કરું છું.**
હું કંઈપણ ન કરવાનો ધિક્કાર કરું છું. આ મારો નિશ્ચય છે,
હું પ્રેમનો ક્રાંતિવીર છું.

હું પ્રાર્થના કરું છું કે આ શબ્દો તમારું પણ વિશ્વાસનામું બની જાય - તમારા માટે જીવન જીવવાનું એક નવું ધોરણ બની જાય. તમે કોઈ વ્યક્તિ કંઈ કાર્ય કરવાની પસંદગી કરે, અથવા કોઈ ચળવળ પ્રખ્યાત થશે તેની રાહ જોતાં બેસી ન રહી શકો. આ તમારે જાતે જ નિર્ણય કરવાનો છે, તમારે એકલાએ સ્વાર્પણ કરવાનું જ છે. તમારી જાતને એક પ્રશ્ન પૂછો : ''શું હું સમસ્યાના ભાગ તરીકે ચાલુ રહીશ કે હું સમસ્યાના સમાધાનનો ભાગ બનીશ?'' મેં તો સમસ્યાના સમાધાન અને ઉત્તરનો ભાગ બનવાની પસંદગી કરી છે. મારા જીવનના કેન્દ્રસ્થાનનો મુદ્દો બની જશે.

તમારી જાતને પ્રશ્ન પૂછો : ‘‘શું હું સમસ્યાના એક ભાગ તરીકે જ રહીશ કે તેના ઉત્તર અને સમાધાનનો ભાગ બનીશ?’’ મેં સમસ્યાના ઉત્તર અને સમાધાનનો ભાગ બનવાનો નિર્ણય કર્યો છે. પ્રેમ મારા જીવનના કેન્દ્રસ્થાનનો મુદ્દો બની જશે.

તમારા વિષે શું? શું તમે આ જગતની સમસ્યાઓને સ્થાયી રાખશો? શું તમે તેની અવગણના કરશો અને એવી વાતો કરશો કે તેનું અસ્તિત્વ જ નથી? કે તમે પ્રેમની ક્રાંતિનાં ભાગીદાર બનશો?

પ્રેમની ક્રાંતિ



અધ્યાય

1

જગતમાં ખોટું શું છે?

હું ફક્ત એક છું, પરંતુ હજુ હું એકલો છું, હું કંઈ કરી શકતો નથી,
પરંતુ હું કંઈક કરી શકું છું, અને હું કંઈ કરી શકતો નથી તેને લીધે
હું જે કરી શકું છું તેનો હું નકાર કરીશ નહિ.
એડવર્ડ એવરેટ્ટ હેલ

જ્યારે હું બેસીને મારા ઘરની બારીમાંથી સુંદર દશ્ય જોતાં-જોતાં મારી સવારની કૉફી પીતી હોઉં છું, ત્યારે ૯૬.૩ કરોડ લોકો ભૂખ્યા હોય છે.

એક કરોડ કરતાં પણ વધુ લોકો દિવસના એક ડૉલર કરતાં પણ ઓછું કમાય છે.

આજે ત્રીસ હજાર લોકો ગરીબાઈને લીધે મૃત્યુ પામશે. તેઓ પૃથ્વીના કેટલાક સૌથી ગરીબ અને પૃથ્વીના લોકોના ધ્યાનમાં પણ ન હોય એવા ખૂબ દૂરના અંતરિયાળ ગામોમાં મૃત્યુ પામશે. એનો અર્થ એ કે ૨,૧૦,૦૦૦ લોકો દર અઠવાડિયે - ૧ કરોડ ૧૦ લાખ દર વર્ષે - અને તેમાંના મોટા ભાગના તો પાંચ વર્ષથી નીચેના બાળકો મૃત્યુ પામશે.

આ જગતના ૨.૨ અબજ બાળકોમાંના, ૬૪ કરોડ બાળકો પૂરતાં ઘર વગરના છે, ૪૦ કરોડ પીવાના ચોખ્ખા પાણી વગરના છે અને ૨૭ કરોડને યોગ્ય દાકતરી સારવાર મળતી નથી.

શું આ આંકડાઓ જેમ મને હચમચાવી મૂકે છે, તેમ તમને પણ કરે છે? હું એવી આશા રાખું છું. આપણે જે જગતમાં જીવી રહ્યા છીએ તેની આ વાસ્તવિક્તા છે. આ બધી બાબતો

આપણા ગૃહ પર આપણી નજર સમક્ષ બની રહી છે. હું માનું છું કે જે આંકડા હમણાં તમે વાંચ્યા એ કદાચ તમારા શહેર કે દેશના નથી, પરંતુ વિશેષ બાબત એ છે કે, આપણે સર્વ આ જગતના નાગરિકો છીએ. આપણે વૈશ્વિક સમાજનો એક ભાગ છીએ અને આપણા માનવીય કુટુંબના સભ્યો, વિચારી કે વર્ણવી ન શકાય એ રીતે સહન કરી રહ્યા છે.

હું એવું માનું છું કે અત્યારે આખા જગતને ઉઠાડવાની જરૂર છે - એક એવા એલાર્મની જરૂર છે જે આપણને આપણા આત્મસંતોષ, આપણી અવગણના કે આપણા મુશ્કેલીના સમયના અભાવોમાંથી જગાડે અને આપણને દુઃખ અને ગરીબી, નુકશાન અને અછત, અન્યાય અને સતાવ અને જીવવાની પરિસ્થિતિઓ જે માનવ જીવનની તંદુરસ્તીનો નિભાવ કરતી નથી, તેની વિરૂધ્ધ ઊભા થવા દૃઢ કરે. ખરેખર, અત્યારે પ્રેમની ક્રાંતિની જરૂર છે.

એક નાનું મોં, છ પરૂ ભરાયેલા દાંત

જોયસ મેયર મિનિસ્ટ્રી દ્વારા કંબોડિયામાં યોજાયેલ એક મેડીકલ કેમ્પમાં એક દાંતના ડૉકટરે સ્વૈચ્છિક સેવા આપી હતી, તેમણે એક નાના બાળકના એકવીસ દાંત કાઢવામાં મદદ કરી; તેમાંના છ દાંત પરૂથી ભરાઈ ગયા હતા. આ ખૂબ જ પીડાદાયક પરિસ્થિતિ મને એ ક્ષણની યાદ અપાવે છે, જ્યારે અમે ઓસ્ટ્રેલિયામાં હતા ત્યારે દાંતનો અસહ્ય દુઃખાવો થયો હતો. તે તો ખૂબ જ દુઃખી હતા કેમ કે અમે વિમાનમાં હતા અને તેમનો કોઈ આરામ નહોતો. જેવા અમે રાત્રે દસ વાગ્યે વિમાનમાંથી ઉતર્યા કે તરત જ, કોઈકે તેમને માટે દાંતના ડૉકટરને મળવાની વ્યવસ્થા કરી અને તેમને મદદ મળી. પરંતુ એક નાની છોકરી અને તેના જેવા હજારો બાળકોનું શું, જેઓ દરરોજ આવો દુઃખાવો સહન કરે છે અને તેમને કોઈ મેડીકલ સારવાર મળતી નથી? થોડો સમય આવા લોકો વિષે વિચાર કરો. એકવીસ દાંત સડી ગયા હોય અને સતત દુઃખાવો થતો હોય, તો કેવું થતું હશે?

આવી કલ્પના પણ ન કરી હોય એવી બાબતો અસ્તિત્વ ધરાવે છે, વાસ્તવિક રીતે જગતના અંતરીયાળ વિસ્તારોમાં લોકોને આવો અનુભવ થાય છે. આપણામાંના મોટા ભાગના લોકો આવા કોઈને જાણતા હોતા નથી, અથવા તો આપણે ટીવી પર તેમના વિષે કદાચ જોયું હશે. આપણે કહીએ છીએ, ''કેટલી શરમજનક બાબત. કોઈએ આવી બાબતો માટે કંઈ કરવું જોઈએ,'' અને પછી આપણે આપણી સવારની કૉફી પીવાનું અને બહારનું સુંદર દશ્ય જોવાનું ચાલુ રાખીએ છીએ.

જ્યાં કચરો છે ત્યાં ધન છે

કંબોડિયામાં એક કચરાના ઢગલામાં દસ વર્ષની ગોહી નામની એક નાની છોકરી રહે છે. જ્યારે તે ચાર વર્ષની હતી ત્યારે તે ત્યાં આવી. તેના માબાપ તેનું પોષણ કરી શકતા

નહોતા, તેથી તેમણે તેની મોટી બહેનને તેને લઈ જવાનું કહ્યું, અને તેમનો જીવવાનો એકમાત્ર માર્ગ તો પેલા કચરાના ઢગલામાં કામ કરવાનો હતો. ગોહી અઠવાડિયાના સાત દિવસ ધાતુની કોઈ વસ્તુ કે પોતાના હાથથી કચરામાં ખોદીને ખોરાકની શોધ કરે છે અથવા તો પ્લાસ્ટીકના ટુકડા કે ગ્લાસો શોધે છે, જેથી તેને વેચીને ખોરાક માટે નાણાં એકઠા કરી શકે. તે છ વર્ષથી આ કચરાના ઢગલામાં જીવે છે, અને બીજા કેટલાક તો વધારે સમયથી ત્યાં છે.

તમે એ સમજો કે આ તો શહેરનો કચરાનો ઢગલો, મોટો ઉકરડો છે એ જરૂરનું છે, અને દરરોજ રાત્રે કચરાની ટ્રકો લોકોએ વાપરીને ફેંકી દીધેલી વસ્તુઓને લાવીને આ કચરાના ઢગલામાં ઠાલવે છે. બાળકો રાત્રે અંધારામાં લાઈટવાળી હેલ્મેટ પહેરીને કામ કરે છે, જેથી તેઓ કચરામાંથી સારી વસ્તુઓ જયારે તે આવે ત્યારે જ શોધી શકે.

મારી એ ઉકરડાની મુલાકાત પછી, એક વ્યક્તિએ મને પ્રશ્ન પૂછ્યો કે, હું તેના વિષે શું વિચારું છું? મેં મારા વિચારો પ્રદર્શિત કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે મને લાગ્યું કે આ પરિસ્થિતિ એટલી ભયાનક હતી કે તેને વિષે શું વિચારવું એ હું જાણતી નહોતી. આ મોટું અધઃતપન અને માનહાનિ મારા મનમાં બેસતી જ નહોતી કે હું શબ્દોમાં રૂપાંતરિત કરી શકું, પરંતુ મને લાગ્યું કે હું તેને માટે કંઈક કરીશ.

કેટલાક લોકોને આ બાબત વિષે જણાવતા અને સંસ્થાના ભાગીદારો પાસેથી દાન પ્રાપ્ત કરતા, ઉપરાંત ડેવ તથા મારા અંગત ભંડોળમાંથી નાણાં પ્રાપ્ત કરવા માટે લગભગ એક વર્ષ લાગ્યું. પરંતુ અમે બે મોટી બસોને હરતી-ફરતી હોટલમાં રૂપાંતરિત કરવાની વ્યવસ્થા કરી. આ બસ પેલા મોટા ઉકરડા પાસે જતી અને ત્યાંના બાળકો આ બસોમાં બેસતા અને ત્યાં તેમને સારું ભોજન પીરસવામાં આવતું અને તેમને ભણવાનું પણ શીખવવામાં આવતું, જેથી તેઓ સારા ભવિષ્ય માટે તૈયાર થઈ શકે. હા, ચોક્કસ અમે તેમની સાથે ઈસુનો પ્રેમ વહેંચીએ છીએ, પરંતુ અમે ફક્ત તેમને કહેતા નથી કે તેમને પ્રેમ કરવામાં આવે છે. પરંતુ અમે તેમને તેમના જીવનની વાસ્તવિક જરૂરિયાતો પૂરી પાડીને તે પ્રેમ પ્રદર્શિત કરીએ છીએ.

સારી ઈચ્છાઓ પૂરતી નથી

મેં એક વ્યક્તિ વિષેની વાત સાંભળી હતી, જે ઈસુ ખ્રિસ્તના પ્રેમની વાત લોકોને કરવાની સારી ઈચ્છાઓ અને ઈરાદાઓ સાથે રશિયા ગયો. તેની મુલાકાત દરમિયાન ઘણા લોકો ભૂખે મરતા હતા. જયારે તેણે લોકોને દિવસની રોટલી મેળવવાની કતારમાં ઊભેલા જોયા, ત્યારે તે તેના હાથમાં સુવાર્તાની ટ્રાક્ટ લઈને ત્યાં ગયો અને એક પછી એક વ્યક્તિને તે આપવા લાગ્યો અને કહેવા લાગ્યો કે ઈસુ તેમને પ્રેમ કરે છે. ચોક્કસપણે તે વ્યક્તિ મદદ કરવા ચાહતો હતો, પરંતુ એક સ્ત્રીએ તેની આંખોમાં આંખ પરોવીને કડવાશથી કહ્યું, ‘‘તારા શબ્દો સારા છે, પરંતુ તે મારા ભૂખ્યા પેટને ભરી શકતા નથી.’’

હું એ શીખી છું કે કેટલાક લોકોને, દેવ તેમને ચાહે છે એ સારા સમાચાર સાંભળતાં બહુ દુઃખ થાય છે; તેમણે તેનો અનુભવ કરવો જ જોઈએ અને તેનો સારામાં સારો માર્ગ તો એ છે કે આપણે તેમની જરૂરિયાત સંતોષીએ, અને સાથે સાથે તેમને જણાવીએ કે તેમને પ્રેમ કરવામાં આવે છે.

શબ્દો પૂરતા છે એ વિચારથી આપણે સાવધાન રહેવાનું જ છે. ઈસુએ ચોક્કસપણે સારા સમાચાર પ્રચાર કર્યા, પરંતુ સાથે સાથે તે ભલું કરતો અને બિમારોને સાજા પણ કરતો (જુઓ પ્રે.કૃ.૧૦:૩૮). વાત કરવી ખર્ચાળ નથી અને તેમાં વિશેષ પ્રયત્નોની પણ જરૂર નથી, પરંતુ સાચો પ્રેમ મોંઘો છે. તેને લીધે દેવે પોતાનો એકનોએક દીકરો આપી દીધો અને આપણા દ્વારા જે સાચો પ્રેમ વહે તે આપણે માટે ખર્ચાળ હશે. કદાચ, આપણે થોડો સમય, નાણાં, પ્રયત્નો કે સંપત્તિનું રોકાણ કરવું પડશે - પરંતુ તેની કિંમત છે!

શબ્દો પૂરતા છે એ વિચારથી આપણે સાવધાન રહેવાનું જ છે.

દેવ આપણી ગણતરી કરે છે

હું ઘરેથી બહાર નીકળીને મારા પતિ સાથે કૉફી લઈશ અને પછી અમે બપોરનું ભોજન લઈશું. અમે લગભગ કદાચ બે કલાક જેટલે દૂર ગયા હોઈશું અને એટલા સમયગાળામાં ૨૪૦ બાળકોનું લોહીના વેપાર માટે અપહરણ થશે. તેનો અર્થ એ કે દર મિનિટે બે બાળકોનું જીવન જો આપણે કંઈ ન કરીએ તો કોઈની સ્વાર્થી મહેચ્છાઓ અને લોભને કારણે બરબાદ થઈ જશે. આપણે શું કરી શકીએ? આપણે સંભાળ લઈ શકીએ, આપણે માહિતી આપી શકીએ, આપણે પ્રાર્થના કરી શકીએ અને આપણે યોગ્ય પગલાં લઈ શકીએ. આપણે સેવા સંસ્થાઓને અને સંસ્થાનોને, જેઓ આવા બાળકો અને સ્ત્રીઓને આવી ભયજનક પરિસ્થિતિઓથી બચાવે છે તેમને મદદ કરી શકીએ, અથવા જો દેવ આપણને કહે તો આપણે આ ક્ષેત્રોમાં કાર્ય કરી શકીએ. જો પૂર્ણ સમયનું નહિ, તો આપણે કાર્યક્રમ બનાવીને કે થોડા સમયના મિશન કાર્યમાં સહભાગી થઈએ.

જાતીયતાની ગુલામગીરી

જ્યારે તમે અંધારી સાંકડી શેરીમાંથી પસાર થાઓ, તો સડી જવાના અને પાણી ઝમતું હોય તેવા ચિહ્નો અંધકારમાં દેખાય છે. ધાતુનો ભંગાર અને વાયર ભૂકો થઈ જાય તેવા પથ્થરોની ઈમારતને પકડી રાખે છે. સડતા કચરામાંથી અને મનુષ્યની ગંદકીમાંથી હવામાં ગંધ ફેલાય છે. ઊતરતી ગુણવત્તાની ઈમારતના અમુક ભાગમાંથી તમે રડતા બાળકનો અવાજ, ગુસ્સા અને ક્રોધનો બીજો અવાજ અને શેરીમાં રખડતા કૂતરાઓનો અવાજ સાંભળો છે.

તમારી બીજી બધી ઈન્દ્રીયો કરતાં સૌથી વિશેષ, તમે જે અનુભવો છો તેના માટે તમે ચોક્કસ બની જાઓ છો. એમાં કોઈ શક નથી... આ જગ્યા ભૂંડી છે. તમારી કલ્પના કરતાં પણ મુશ્કેલ છે, આ તો દુષ્ટ અને અનૈતિક માણસો દ્વારા સર્જાયેલી જગ્યા છે, જેઓ જાતીયતા માટે બાળકોને વેચે છે.

આ જીવતા નરક સમાન જગ્યા સામરાવર્ક જ્યારે ફક્ત સાત વર્ષની હતી ત્યારે તેનું ઘર બની ગઈ. જ્યારે બાર વર્ષની ઉંમરે તેને બચાવવામાં આવી, ત્યારે તે એક મૃત નાની છોકરીના ઊતરતી ગુણવત્તાવાળું શરીર ધરાવતી હતી - તેને ફક્ત હાડકાં અને ચામડી જ હતાં, ભયભીત આંખો સાથે લાગણીઓમાં જાણે મરી ગઈ હોય, તેમ તે કોઈપણ બાબત બયાન કરવાની ક્ષમતા ધરાવતી નહોતી. પાંચ વર્ષની તે વાસનાભૂખ્યા લોકો જેઓ તેના નાના શરીરને દૂષિત કરવાનો પ્રયત્ન કરવા વધારે કિંમત ચૂકવતા હતા, તેમનો ભોગ બની હતી. તેઓ એક ડૉલરને બદલે ત્રણ ડૉલર ચૂકવતા હતા, કેમ કે તે નાની હતી.

તેના સ્રીના અવયવોને એટલું નૂકશાન થયું હતું કે તેણે જો સામાન્ય જીવન જીવવું હોય તો તેને લાંબા ગાળાની સારવારની જરૂર હતી. પરંતુ તેની શારીરિક જરૂરિયાતોની ત્વરીતતા તેણે જે આત્મિક અને માનસિક રીતે સહન કર્યું હતું તેની સરખામણીમાં ઘણી ઓછી હતી.

આંકડાઓ જણાવે છે :

- ૧.૨ કરોડ બાળકોનો દર વર્ષે આવા વેપારમાં ઉમેરો કરવામાં આવે છે; આ તો જેઓ અગાઉથી આ વેપારમાં હતા તેમાં થતો ઉમેરો દર્શાવે છે.
- દર બે મિનિટે એક બાળકને જાતીય કાર્ય દ્વારા કમાવા માટે તૈયાર કરવામાં આવે છે.
- લગભગ ૩ કરોડ બાળકોએ છેલ્લા ત્રીસ વર્ષમાં જાતીય વેપારને લીધે તેમનું બાળપણ ગુમાવ્યું છે.

જે દાંતના ડૉક્ટર વિષે મેં અગાઉ વાત કરી, તેમણે ત્રીજા વિશ્વના દેશોમાં જોયસ મેયર મિનિસ્ટ્રી દ્વારા યોજવામાં આવેલ મેડીકલ કેમ્પમાં ભાગ લીધો હતો. તેમના કર્મચારી મંડળમાંના કેટલાક લોકો અમારા વેતન પત્રકમાં હતા, પરંતુ તેમાંના મોટાભાગના તો સ્વૈચ્છિક કાર્યકરો હતા, જેમણે તેમના કાર્યથી રજા લીધી અને પોતાના ખર્ચે અમારી સાથે આવ્યા. તેઓ દિવસના બારથી સોળ કલાક કાર્ય કરતા અને તેઓ જે વાતાવરણમાં રહેતા હતા, તેનાથી ઘણું વિશેષ તાપમાન હતું અને ત્યાં એરકંડીશનર અને કદાચ પંખા પણ નહોતા. તેઓ અંતરીયાળ ગામોમાં તંબૂઓમાં કાર્ય કરતા અને જેમણે ક્યારેય કોઈપણ પ્રકારની મેડીકલ સારવાર લીધી નહોતી, તેમને મદદરૂપ થયા. અમે તેમને જીવન

બચાવનારી અને દુઃખથી છૂટકારો અપાવનારી દવાઓ આપવા સક્ષમ છીએ. અમે તેમને વિટામીન આપીએ છીએ, ખવડાવીએ છીએ, અને તેમને જણાવીએ છીએ કે ઈસુ ખરેખર તેમને પ્રેમ કરે છે. દરેકને ઈસુને સ્વીકારવાની તક આપવામાં આવી અને મોટા ભાગનાએ તેમ કર્યું પણ. મને યાદ છે જ્યારે ડૉકટરો, દાંતના ડૉકટરો, નર્સો અને અન્ય કાર્યકર્તાઓએ અમને ખૂબ લાગણીથી કહ્યું કે, આ મુલાકાતોએ કેવી રીતે તેમનાં જીવનો હંમેશને માટે બદલી નાખ્યા, ત્યારે મારી આંખોમાં આંસુ હતા. અમે તેમનો આભાર માનવાનો પ્રયત્ન કર્યો અને તેમણે અમારો આભાર માનતાં કહ્યું કે, વાસ્તવિક જીવન શું છે તે જાણવા માટે અમારી મદદ કરી માટે તમારો પુષ્કળ આભાર.

અમે અમારી સંસ્થાની એક હિસાબનીશને કંબોડિયાની મુલાકાતે લઈ ગયા અને જો કે, તે ઘણીવાર અમારા બહારના કાર્યની મિડીયા દ્વારા રજૂઆતોને જુએ છે, પરંતુ તેણે જે પોતાની આંખોએ જોયું તેનાથી તેને ઘણી અસર થઈ. તેણે કહ્યું : “હું વાત્સવમાં એવું અનુભવું છું કે હું જાણે મારા જીવનના પરપોટામાં જીવું છું.” તેનો અર્થ એ હતો કે તે વાસ્તવિક્તાથી ઘણી દૂર હતી, અને હું માનું છું કે આપણામાંના ઘણા બધા એવા જ છીએ. હું માનું છું કે બધા જ ત્રીજા વિશ્વના દેશોમાં જઈને લોકો કેવું જીવન જીવવા મજબૂર છે, તે જાતે જોવા માટે સક્ષમ નથી. પરંતુ આપણે જ્યારે તેમના વિષે વાંચીએ છીએ કે ટીવીમાં જોઈએ છીએ ત્યારે એ યાદ રાખીએ કે આપણે જે જોઈ રહ્યા છીએ તે વાસ્તવિક રીતે બની રહ્યું છે, ઘણા બધાના જીવનોમાં આવું બની રહ્યું છે. દેવ આવા લોકોને ચાહે છે અને તે આપણે તેમના વિષે કંઈક કરીએ તેની ગણતરી કરે છે.

ખામીયુક્ત પોષણ

મેહરેટ જગતને બીજા દૃષ્ટિકોણથી જુએ છે. ઈથોપિયાના નાના ગામ અંગાચામાં તે બીજા બાળકો કરતાં તેનાથી બનતું સઘળું કરે છે, પરંતુ તે બીજા લોકો જેવી નથી.

મેરહટ જ્યારે જન્મી ત્યારે તંદુરસ્ત હતી, પરંતુ દરરોજ જ્યારે ખામીયુક્ત પોષણે તેનું શરીર જાણે કે ખાઈ નાખ્યું, તેને લીધે તેની કરોડરજ્જુ વાંકી વળી ગઈ, તેને ચાલવામાં તકલીફ થવા લાગી, દોડવાનું અને બીજા મિત્રો સાથે રમવાનું અશક્ય થઈ પડ્યું અને તેનું દુઃખ એટલું અસહ્ય હતું કે તેને અવગણવું પણ શક્ય નહોતું. તેનાં હાડકાં ખૂબ નબળા થઈ ગયા અને તેની સાથે સાથે મેહરેટ પણ નબળી પડી ગઈ.

જો કોઈ મેહરેટનું દુઃખ જાણતું હોય તો તે તેના પિતા અબેબા છે. એક બાબત તે ઈચ્છે છે એ તો એ કે તેનાં બાળકોને ખવડાવવું... અને તેની મૂલ્યવાન દીકરીને ફરી સાજી કરવી. જો મેહરેટને જે પોષણયુક્ત ભોજનની જરૂર છે તે પ્રાપ્ત કરવાનું શરૂ કરી શકે તો તેની પડતીની પ્રક્રિયા બંધ થઈ શકે. પરંતુ અત્યારે એવી કોઈ આશા નથી.

દરરોજ અબેબા તેનાં નાના બાળકોને ખવડાવી ન શકવાની લઘુતાગ્રંથિ સાથે યુધ્ધ કરે છે. તે એ પણ જાણે છે કે જો કંઈ બદલાશે નહિ, તો મેહરેટની પરિસ્થિતિ વણસી જશે. ખૂબ જલ્દી તે ચાલવા માટે પણ સક્ષમ નહિ હોય, અને છેલ્લે તે મરણ પામશે.

આજે, મેહરેટ ભૂખ્યાં હોવાનો અનુભવ જાણે છે, અને બીજાઓ કરતાં અલગ હોવાનું દુઃખ પણ જાણે છે. અને તે એ પણ જાણે છે કે દરેક નવો દિવસ અગાઉના દિવસ કરતાં થોડો વિશેષ મુશ્કેલ હશે.

ઈન્ટરનેશનલ ક્રાઈસીસ એઈડ સાથે ભાગીદારી કર્યા પછી જોયસ મેયર મિનિસ્ટ્રીએ મેહરેટને જીવવા માટે જે ખોરાકની અને કરોડરજ્જૂની સમસ્યાને વધતી રોકવા જેવી જરૂર હતી, તે જરૂરિયાતો પૂરી પાડવાની શરૂ કરી. પરંતુ બીજા ઘણા મૂલ્યવાન બાળકો છે... મેહરેટ જેવાં ઘણાં બધાં છે... જેમને ખામીયુક્ત પોષણના યુધ્ધને જીતવા માટે આપણી મદદની જરૂર છે.

આંકડાઓ જણાવે છે :

- હાલમાં લગભગ ૯૬૩ કરોડ લોકો જગતમાં ભૂખ્યા રહે છે.
- દરરોજ લગભગ ૧૬,૦૦૦ બાળકો ભૂખને લીધે મરણ પામે છે - દર પાંચ સેકંડે એક બાળક.
- ૨૦૦૬ માં, લગભગ ૯૭ લાખ બાળકો પાંચ વર્ષના થયા તે પહેલાં મૃત્યુ પામ્યા. આ મરણ મોટા ભાગે વિકસતા દેશોમાં થયા - તેમાંના ચાર પંચમાંશ મરણ સહારા આફ્રિકામાં અને દક્ષિણ એશિયામાં થયા, આ બે જગ્યાઓ પણ ભૂખમરા અને ખામીયુક્ત પોષણના મોટા પ્રમાણથી પીડાય છે.

જગતના પાયામાં પડેલી તિરાડ

મને એમ લાગે છે કે જગતના પાયામાં તિરાડ છે, અને આપણે તેને મૂર્તિમંત બનીને તેને પડતા જોઈ રહ્યા છીએ. જો તમે ધ્યાનથી સાંભળો તો તમે લોકોને હરેક જગ્યાએ એમ કહેતા સાંભળશો કે, ''જગતનું પતન થઈ રહ્યું છે.'' આપણે સમાચારોમાં અને સામાન્ય વાતચીતમાં આ સઘળું સાંભળીએ છીએ. એમ લાગે છે કે દરેક વ્યક્તિ જગતમાં થતા અન્યાય વિષે વાત કરી રહ્યા છે. પરંતુ કાર્ય વિનાની વાતો કોઈ ઉકેલ લાવી શકે નહિ. મારો પ્રશ્ન એ છે કે, ''કોણ આ અન્યાયની વિરૂધ્ધ બળવો કરશે અને ખોટી બાબતોને સારી કરશે?'' મેં નિર્ણય કર્યો છે કે હું તેમ કરીશ. હું એવા બીજા હજારો લોકોને જાણું છું જેમણે આ પ્રમાણે કરવાનો નિશ્ચય કર્યો છે, પરંતુ આપણને એવા બીજા હજારોની જરૂર છે, જેઓ આ કાર્ય કરતા આપણી સાથે જોડાય.

તમે જે કંઈ કરો છો તે યોગ્ય કાર્ય છે

તમે કદાચ એમ વિચાર કરો અને કહો કે, *જોયસ આ જગતમાં જેટલી સમસ્યાઓ છે કે તેમાં મારા કંઈ કરવાથી કશો ફરક પડવાનો નથી.* હું જાણું છું કે તમે શું વિચારો છો, કેમ કે એક સમયે હું પણ તમારી જેમ જ વિચારતી હતી. પરંતુ જો આપણે બધા એવો વિચાર કરીશું, તો કોઈપણ વ્યક્તિ કંઈ કરી શકશે નહિ અને કોઈપણ જાતનું બદલાણ થશે નહિ. જો કે, આપણા વ્યક્તિગત પ્રયત્નો સમસ્યાઓનો ઉકેલ લાવી શકે નહિ, આપણે સાથે મળીને મોટું બદલાણ લાવી શકીએ. આપણે જે કંઈ કરી શક્યા નથી, તેને માટે દેવ આપણને જવાબદાર ગણશે નહિ, પરંતુ આપણે જે કંઈ કરી શકીએ છીએ તેને માટે જવાબદાર ગણશે.

તાજેતરમાં જ, હું ભારતની મુલાકાત લઈને પાછી આવી અને હું વ્યાયામશાળામાં હતી ત્યારે એક સ્ત્રી, જેને હું ઘણીવાર ત્યાં જોતી હતી તેણે મને પૂછ્યું કે શું આ સઘળી મુલાકાતો દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો કંઈ ઉકેલ લાવે છે? કેમ કે આપણે ઘણાને ખવડાવીએ છતાં ઘણાં ભૂખમરામાં જીવે છે. પ્રભુએ મારા જીવનમાં હંમેશને માટેની જે બાબત મૂકી છે તે મેં તેની સાથે વહેંચી. જો તમે કે હું ત્રણ દિવસથી ભૂખ્યા હોઈએ અને કોઈ આવીને આપણને એક ટંકનું ભોજન આપે, તો તે એક દિવસના આપણા પેટના દુઃખને હળવું કરશે, શું આપણે તેને લઈને આનંદિત થઈશું? ચોક્કસ આપણે આનંદિત થઈશું. અને એ જ રીતે અમે જેમને મદદ કરીએ છીએ તેઓ પણ કરે છે. અમે તેમાંના ઘણાંને માટે ચાલુ રહેતા કાર્યક્રમો શરૂ કરવા સક્ષમ છીએ, પરંતુ ત્યાં એવા પણ ઘણા છે જેમને અમે એક કે બે જ વખત મદદ કરી શકીએ છીએ. હજુ હું જાણું છું કે આ બહારના કાર્યક્રમો યોગ્ય કાર્ય કરી રહ્યા છે. જો આપણે એક ભૂખ્યા બાળકને એક સમયનું ભોજન આપીએ તો તે સારૂ છે. જો આપણે એક દિવસ માટે કોઈ એક વ્યક્તિને દુઃખ વગરના જીવન માટે મદદ કરીએ, તો તે યોગ્ય કાર્ય છે. મેં નિર્ણય કર્યો છે કે હું જે કરી શકું છું, તે હમેશાં કરીશ અને દેવે મને જે કહ્યું છે તે યાદ રાખીશ, "જો તું કોઈ એક વ્યક્તિનું એક કલાકનું દુઃખ દૂર કરીશ, તો તે યોગ્ય છે."

જગતે તેનો સ્વાદ ગુમાવ્યો છે

હું એવું માનું છું કે જગત જે કંઈ આપવાની વાત કરે છે તે સ્વાદ વિનાનું છે - અને હું ખોરાક વિષે વાત કરતી નથી. ઉદાહરણ તરીકે, હોલીવુડના મોટા ભાગના ચલચિત્રો લહેજત વગરના હોય છે. ઘણા બધા સંવાદો અને વધારે પડતા દશ્યો તેનો સ્વાદ બગાડે છે. જ્યારે પણ આપણે આવા પ્રકારનું વર્તન જોઈએ છીએ ત્યારે આપણે તરત જ "જગતને" દોષ આપીએ છીએ. આપણે કદાચ એવું કહીએ, "જગત કેવું આવી રહ્યું છે?" છતાં "જગત" શબ્દ જગતમાં રહેનારા લોકો માટે હોય છે. જો જગતે તેનો સ્વાદ ગુમાવ્યો છે તો એનું કારણ એ છે કે લોકો તેમનાં વલણો અને કાર્યોમાં સ્વાદ વગરના થઈ ગયા છે. ઈસુએ કહ્યું કે, તમે જગતનું મીઠું છો; પણ જો મીઠું બેસ્વાદ થયું હોય તો તે... બીજા કંઈ કામનું નથી (માથ્થી

૫:૧૩). તેણે એમ પણ કહ્યું કે, આપણે જગતનું અજવાળું છીએ અને આપણે આપણો પ્રકાશ સંતાડવો જોઈએ નહિ (જુઓ માથ્થી ૫:૧૪).

તેના પર આ રીતે વિચારો : દરરોજ જ્યારે તમે ઘરમાંથી અંધારા, બેસ્વાદ જગતમાં બહાર જાઓ ત્યારે તમે જગતને જરૂરી પ્રકાશ અને સ્વાદ બની શકો. તમે સાતત્યપૂર્ણ ભવા વલણ તરીકે તમારા કાર્યક્ષેત્રમાં આનંદ લાવી શકો. મોટા ભાગના લોકો કરે છે તેમ ફરિયાદો કરીને નહિ, પરંતુ સરળ રીતે આભાર માનો, ધીરજ રાખો, દયાળુ થાઓ, બીજાઓની ભૂલોને માફ કરવા ઉતાવળા થાઓ, માયાળુ થાઓ અને ઉત્તેજન આપો. ફક્ત હસતા ચહેરે મિત્રતાપૂર્ણ રહીને પણ તમે બેસ્વાદ સમાજમાં સ્વાદ લાવી શકો.

તમારા વિષે તો હું જાણતી નથી, પરંતુ મને કોમળ, સ્વાદ વગરનું ભોજન પસંદ નથી. મારા પતિને એક વખત પેટની સમસ્યા ઊભી થઈ અને ડૉકટરે તેમને થોડા દિવસ સુધી સાદું ભોજન લેવાનું કહ્યું. મને ખ્યાલ છે તે જાણે કે તે ખોરાકને જોતા પણ નહિ. ડેવ ફરિયાદ કરનારા નથી, પરંતુ દરેક ભોજનના સમયે મેં તેમને વારંવાર એમ કહેતા સાંભળ્યા કે "આ તો બેસ્વાદ છે." તેમાં થોડું મીઠું, અને મસાલાની જરૂર છે - જગતને પણ આવી જ જરૂરિયાત છે.

પ્રેમ અને તેના અદ્‌ભુત લક્ષણો વગર જીવન બેસ્વાદ બની જાય છે. હું ચાહું છું કે તમે એક પ્રયોગ કરો. જરા વિચાર કરો : *હું આજે જગતમાં જઈને તેને મસાલા નાખીને સારું કરી દઉં.* ત્યારપછી તમે બહાર જાઓ તે પહેલાં તમારું મન સ્થિર કરો કે તમે દેવના એલચી તરીકે બહાર જાઓ છો અને તમારો ધ્યેય આપવાનો છે, લોકોને પ્રેમ કરવાનો અને તેમનાં જીવનોમાં સ્વાદ લાવવાનો છે. તમે દિવસ દરમિયાન લોકોને સ્મિત સાથે મળો. સ્મિત તો સ્વીકાર અને સંમતિનું ચિહ્ન છે, જેની જગતના મોટા ભાગના હતાશ લોકોને જરૂર છે. તમારી જાતને દેવને સોંપો અને તેના પર વિશ્વાસ રાખો કે, જ્યારે તમે દરેક જગ્યાએ લોકોને આશીર્વાદ આપવાના સારાં બી વાવો ત્યારે તે તમારી સંભાળ રાખશે.

બદલાણની શરૂઆત તમારાથી થાય છે

હું માનું છું કે તમે સઘળું કરી શકવાના નથી; હું એ પ્રશ્ન બધાને પૂછતી નથી. તમારે કેટલીક બાબતોને ના કહેવું જ પડશે, નહિ તો તમારું જીવન ચિંતાઓથી ભરાઈ જશે. હું બાળકોને ભણાવવાનું કે વડીલોને ભોજન પીરસવાનું કાર્ય કરી શકતી નથી, પરંતુ હું બીજી ઘણી બધી બાબતો આ જગતમાં હકારાત્મક બદલાણ લાવવા માટે કરી શકું છું. હું માનું છું કે આપણ દરેકે એક પ્રશ્નનો ઉત્તર આપવો જ જોઈએ, "બીજા *કોઈના* જીવનને સારું બનાવવા માટે હું શું કરું છું?" અને કદાચ વધારે સારો પ્રશ્ન એ છે કે, "મેં આજે કોઈના જીવનને સારુ બનાવવા શું કર્યું?"

આ પુસ્તક વાંચવું અઘરું છે, કેમ કે આશાસહિત આ પુસ્તક બિનઆરામદાયક બાબતોને પ્રકાશમાં લાવે છે. તે આપણ દરેકની તરફ આંગળી ચીંધે છે. કંઈપણ સારી બાબત અકસ્માતે

બનતી નથી. જો આપણે ક્રાંતિના એક ભાગ બનવા માંગતા હોઈએ, તો તેનો અર્થ છે કે પરિસ્થિતિ બદલાવી જ જોઈએ, અને જ્યાં સુધી લોકો કંઈ ન કરે ત્યાં સુધી કંઈ બદલાઈ શકતું નથી. આપણ દરેકે એ કહેવું જ જોઈએ : બદલાણની શરૂઆત મારાથી થાય છે.

> કંઈપણ સારી બાબત અકસ્માતે બનતી નથી. જો આપણે ક્રાંતિના એક ભાગ બનવા માંગતા હોઈએ, તો તેનો અર્થ છે કે પરિસ્થિતિ બદલાવી જ જોઈએ, અને જ્યાં સુધી લોકો કંઈ ન કરે ત્યાં સુધી કંઈ બદલાઈ શકતું નથી. આપણ દરેકે એ કહેવું જ જોઈએ : બદલાણની શરૂઆત મારાથી થાય છે.

પ્રેમ ક્રાંતિના હિમાયતી

ડાર્લિન ઝેક

હૃદયની મુસાફરી એક જટીલ ભેદ ધરાવે છે. પોરસ અને ઉદાસીનતા, આશા અને રાહ જોવી, ઊંચાણ અને ઊંડાણ... અને ઘણાને માટે સમજી ન શકાય તેવી હતાશા, જે હૃદયને કાર્યશીલ તો રાખે છે પરંતુ કોઈ લાગણીનો અનુભવ કરી શકે નહિ તેવું બનાવી દે છે. જ્યારે કોઈ વ્યક્તિ દેવના પ્રેમ પર આધાર રાખવાની અને તેમાંથી તાકાત મેળવવાની સમજણ ધરાવતું નથી, ત્યારે માનવી હૃદય જાતે પહોંચી વળવા, વ્યવસ્થા કરવા અને કઠણ વાસ્તવિક્તાઓ મધ્યે બચવાના માર્ગો શોધે છે. અને આજે અગણિત લોકો પોતાને આ સ્થાન પર જુએ છે, ધનવાન કે ગરીબ, કેમ કે હૃદયની ગરીબાઈ ક્યાં ઘર બનાવવું તેનો ભેદ પારખી શકતી નથી.

યશાયા પ્રબોધકે યશાયા ૬૧:૧૧ માં પાયાની પ્રેમની ક્રાંતિની વાત કરી છે, જેમ વચન જણાવે છે કે એક દિવસ પ્રેમ દ્વારા લોકો તેમનો ન્યાય પ્રાપ્ત કરી શકશે... અને ઈસુ અરણ્યમાં માર્ગ કરે છે. "જેમ ભૂમિ પોતામાંથી પીલો ઉગાડે છે, ને જેમ વાડી તેમાં રોપેલાંને ઉગાડે છે; તેમ પ્રભુ યહોવાહ ધાર્મિક્તા તથા સ્તુતિ સર્વ પ્રજાઓની આગળ ઉત્પન્ન કરશે."

પ્રેમની ક્રાંતિ એક સારો ખ્યાલ જ નથી, પરંતુ સંપૂર્ણ તાકીદનો ખ્યાલ છે... ખાસ કરીને જો આપણે જે ભયંકર અન્યાયોને જગતમાં જોઈએ છીએ, ત્યારે અને ખાસ કરીને તેમાંની સૌથી દુ:ખદ બાબત, માનવજાતનું તૂટેલું હૃદય, ત્યારે તે તાકીદની જરૂરિયાત બને છે.

આ તૂટેલી બાબત આપણા ધ્યાન પર વારંવાર લાવવામાં આવે છે, જ્યારે એક જુવાન માતા તેનાં બાળકને સ્તનપાન કરાવતી હોય, તેનું આખું શરીર બિમાર છે અને એચઆઈવી/એઈડ્સથી ગ્રસ્ત છે. તે તેનાથી બનતું સઘળું એક પસંદગી સાથે કરે છે... અને એ પસંદગી તો એ છે કે તેના બાળકને બીજા પોષણની રાહ જોતાં ભૂખ્યું રાખે? માતાનું હૃદય તો તૂટી ગયું છે. તે મારી જેમ એક માતા છે, જે પોતાના બાળકને જ્યારે તેની સંભાળમાં મોટું થતા જુએ છે ત્યારે આનંદિત થઈ જાય છે.

આવા જુવાન પુરુષો અને સ્ત્રીઓને ખોરાક અને પાણી વગર જોઈએ, જેઓ ક્યાંય જઈ શકે તેમ નથી અને કંઈ કરી પણ શકતા નથી, તો તે હૃદય તોડી નાખનારો અનુભવ છે અને આપણા હૃદયોને ભ્રમણામાં મૂકી દે છે. તેમનાં હૃદયો અને મનો અગણિત સ્વપ્નોથી ભરપૂર છે, પરંતુ જો તેઓ શાળાએ જઈ શકે અને કંઈક ખાવા માટે ખરીદી શકે તો તે શક્ય બને.

આવા લોકો કેવા આક્રમક બની શકે અને એકબીજા પ્રત્યે વિશેષ વંટોળ ઊભો કરે અને એકબીજાને દુ:ખ અને ઈજા પહોંચાડે તે આશ્ચર્યજનક છે... જ્યારે ખૂબ જ ગરીબાઈનો સામનો કરતા હોય ત્યારે લોકો બીજાના જીવનોને કેટલાં તુચ્છ ગણે છે. પરંતુ હૃદય જ આટલી બધી પીડા સહન કરી શકે.

એક ૧૪ વર્ષનો છોકરો તેની નાની બહેન અને ભાઈને અને નાના ભત્રીજાને ઉછેરી રહ્યો છે, તે સહારા આફ્રિકામાં એક નાના પતરાના ઘરમાં, જ્યાં તે આખો દિવસ ખેતરમાં આ સર્વને અને પોતાને માટે શાળાએ જવા અને સર્વને માટે ખોરાકની વ્યવસ્થા કરવા તનતોડ કાર્ય કરે છે, જેથી તે બધાને દરરોજ મજબૂત રાખી શકે. તેનાં માતાપિતા એચઆઈવી ના લીધે મૃત્યુ પામ્યા અને તેમનાં ગામે તેમને પણ આ બિમારી હશે તેવી બીકથી ગામની બહાર કાઢી મૂક્યા. વિપરીત પરિસ્થિતિઓ વિશેષ છે, હજુપણ તેમની પરીક્ષા થાય છે. આ ૧૪ વર્ષનો ખૂબ જ મજબૂત હૃદયનો છોકરો આરામ વગરના ખૂબ જ કામને લીધે, રોગો અને અચોક્કસતાઓને કારણે નબળો પડી જાય છે.

સિડની, ઑસ્ટ્રેલિયામાં એક જુવાન માતા, જે પોતાના પતિ અને બાળકો માટે તેનું જીવન રેડી દે છે, અને તેને ખબર પડે છે કે તેનો પતિ તેને ઘણા મહિનાઓથી છેતરી રહ્યો છે, અને તેણે જે નવી સ્ત્રી શોધી છે તેની સાથે લગ્ન કરવા ઈચ્છે છે. આ સ્ત્રીને તરછોડી મૂકાયાનો, તેની કોઈ કિંમત નથી, અને માનહાનિનો અનુભવ થાય છે, અને હવે તેણે તેના પતિ જ નહિ પરંતુ ઘણા દિવસો સુધી બાળકો વગરના ભવિષ્યનો સામનો કરવાનો છે, કેમ કે તેનો પતિ બાળકો મેળવવા કોર્ટમાં અપીલ કરે છે. તેનું હૃદય એટલું તૂટી ગયું છે કે શ્વાસ લેવો પણ મુશ્કેલ લાગે છે, અને તેને કોઈ માર્ગ સૂઝતો નથી.

મને યાદ છે કે યુગાન્ડાના સિમાડામાં એક અકલ્પ્ય આગેવાન જે બાળકોને મદદ કરવાના કાર્યક્રમની આગેવાન હતી, તેની સાથે હું વાત કરતી હતી ત્યારે તેણે મારી સાથે વાત કરતાં કહ્યું કે કેવી રીતે તેઓ એ સ્થળના અનાથ બાળકોને બચાવવા માટે ઘણી મદદ કરે છે અને તેમના ત્વરીત પહોંચમાં જે બાળકો છે, જેઓ બચી શકવાના અર્થ વગરના છે, તેમની સંખ્યા ઘણી છે. મેં ઊભા થઈને તેને સંદેશ આપવાનું શરૂ કર્યું અને તે તેનું તૂટેલું હૃદય મારી સાથે વહેંચતી હતી અને તેની હતાશા વધતી જતી હતી અને તરત તેના શબ્દોને બદલે તે ડૂસકાં ભરવા લાગી. માનવીય રીતે જેટલે દૂર તેઓ પહોંચી શકે તેટલા દૂર અર્થસભર વર્ષો છતાં બાળકોને તેઓ ભૂખ્યા સૂઈ જતાં જોતા અને સાંભળતા હતા. આફ્રિકાના નીચલા પ્રદેશોથી લઈને ખૂબ જ વસ્તી ધરાવતા એશિયા, તેમ જ યુએસથી ઓ.ઝેડ સુધી લોકો બચવા માટે પ્રયત્નો કરે છે તેની વાતો અહીંથી અનંતકાળ સુધી આવી શકશે. એમ લાગે છે કે જ્યાં તમે દૃષ્ટિ કરો ત્યાં તૂટેલા હૃદયોની મોટી દિવાલો જેને માટે ખટારાઓ ભરીને ખોરાકના પાર્સલો, બીજી જરૂરી વસ્તુઓ, કાઉન્સેલરો અને સમાજની મદદ છતાં આપણને આ ચક્રને તોડવા બીજી ઘણી બાબતોની જરૂર પડશે. પ્રેમની ક્રાંતિ... અહીં આપણને આપણા જીવનનું કાર્ય મળે છે.

લૂક ૪ સ્પષ્ટપણે સંદેશો આપે છે :

પ્રભુનો આત્મા મારા પર છે, કેમ કે

દરિદ્રીઓ આગળ સુવાર્તા પ્રગટ કરવા સારૂ તેણે મારો અભિષેક કર્યો છે; બંદીવાનોને છૂટકો તથા આંધળાઓને દૃષ્ટિ પામવાનું જાહેર કરવા, ઘાયલ થયેલાઓને

છોડાવવા, તથા પ્રભુનું માન્ય વરસ પ્રગટ કરવા સારૂ તેણે મને મોકલ્યો છે. (જુઓ લૂક ૪:૧૮-૧૯)

જ્યારે જ્યારે હું આ શાસ્ત્રભાગ વાચું છું, ત્યારે મને એ યાદ દેવડાવવામાં આવે છે કે બીજાઓના જીવનોને ઊંચા ઉઠાવવાના આપણા પ્રયત્નોમાં આપણે સ્પષ્ટ થવું જોઈએ અને કેન્દ્રિત થવું જોઈએ... નાનામાં નાના ઈશારા કે હાવભાવથી મોટી યોજનાઓ સુધી આપણે કાર્ય કરવું પડશે... કેમ કે આ આપણા માટે ઊભા થઈને, આપણા આરામદાયક જીવન અને પોતાપણા કેન્દ્રીત બાબતોમાંથી આપણી જાતને આપણા ભાઈ-બહેનો જેઓ આ જગતમાં છે અને તેમને જરૂર છે, તેમનો માટે કાર્ય કરવાનો સમય છે.

એક ખૂબ સારો શબ્દ છે અને ખરેખર તો પ્રેમ તેને જીવનમાં લાવે છે... અને તે શબ્દ છે 'આશા'. વચન કહે છે કે, તે આશા આપણા આત્માને સારૂ લંગર સરખી, સ્થિર તથા અચળ છે (જુઓ હિબ્રૂ ૬:૧૯)... અને ગી.શા.૩૯:૭ જણાવે છે... "હવે પ્રભુ, હું શાની વાટ જોઉં? મારી આશા તારા પર છે." જ્યારે પરિસ્થિતિ અશક્ય કે અંધકારમય લાગે, તો પણ આશા જીવતી છે. આપણું કાર્ય એ છે કે આપણે તે આશાને વિશ્વાસ અને પ્રેમ સાથે દુઃખી લોકોને આપીએ.

મારું હૃદય જેઓ સૌથી ખરાબ ગરીબીના વાતાવરણમાં જીવે છે તેવા લોકો માટે ખેંચાયેલું અને પડકાર પામ્યું છે, પરંતુ ચમત્કારિક રીતે, જ્યારે તમે જેમની પાસે કંઈ નથી અને જેમની પરિસ્થિતિ આશાવિહોણી છે તેમની સાથે બેસો તો તમને આ અદ્‌ભુત લોકોમાં દેવની સામર્થી કૃપા મળશે. જ્યારે તેઓ તેમની બચાવની મુસાફરી માટે મહેનત કરે છે, ત્યારે દેવ પ્રકાશ આપે છે. મેં ઘણા "આશા રાખી રહેલા બંદીવાનો"ને જોયા જેમના વિષે ઝખાર્યા ૯:૧૨ કહે છે (મને તે વિચાર ગમે છે)... જેઓ સાદાઈથી છતાં સંપૂર્ણ હૃદયથી વિશ્વાસ કરે છે અને જાણે છે કે દેવ એકલા જ તેમનો ઉત્તર અને પૂરું પાડનાર છે.

મારા સમગ્ર જીવનથી દેવને પ્રેમ કરવો અને તેમની આરાધના કરવી, એ મારા આત્મિક જીવનની મુખ્ય અગ્રીમતા છે... દેવને શોધવા, પ્રેમ કરવો, તેમની સેવા કરવી. દેવની આરાધના કરવાની જીવનશૈલી, દેવની હાજરીની કિંમત અને તેમની કૃપા વર્ણવી ન શકાય તેવી ભેટને વિષે શીખવું અને આપણને ચોક્કસપણે અનંતકાળ સુધી ઈશ્વરને તેમણે જે કર્યું છે અને કરી રહ્યા છે તે બદલ "તમારો આભાર" યોગ્ય રીતે કહેવાનું શીખવાની જરૂર છે. મારા હૃદયમાં વિશ્વાસના ગીતની શિસ્ત અને યુદ્ધના સમયે ઈસુને ઊંચા કરવાનો પાઠ હું મારા હૃદયમાં શીખી છું, પરંતુ મારું જે પાઠ શીખવાનું ચાલુ છે એ તો અવિરતપણે વચનો દ્વારા દેવના હૃદયના ધબકારાને સાંભળું છું અને એ ચોક્કસ કરું છું કે આરાધના તો આપણે જે ગીતો ગાઈએ છીએ તેનાથી પણ વિશેષ છે, પરંતુ જ્યારે જીવનો રેડવામાં આવશે ત્યારે તે આજે આ ગ્રહ પર તેમનાં હાથ અને પગ બની જશે.

ઘણાં વર્ષો પહેલાં, મેં કેટલાક સુંદર આફ્રિકન બાળકોને એક એઈડ્‌સના દવાખાનામાં જોયા હતા, તેમાંના જેઓ અનાથ હતા, છતાં જેમને આશા હોય છે તેમની જેમ ઉત્કંઠાથી

ભરપૂર હતા. તેઓ ઊભા થયા અને મારા માટે ગાયું... 'સર્વ શક્ય છે' જેનાથી તેઓ ગાતા હતા અને તેમના અવાજે વાતાવરણને જીવન અને આનંદથી ભરી દીધું ત્યારે મને પડકાર અને પ્રેરણા મળી. ભૂલી ન શકાય તેવી ક્ષણ અને આપણાં જીવનોમાં ભૂલી ન શકાય એવું દેવના વચનના સામર્થ્યની યાદ અપાવનાર બાબત છે.

હિબ્રૂ ૧૩:૧૫ જણાવે છે : "માટે તે દ્વારા આપણે દેવને સ્તુતિરૂપ યજ્ઞ, એટલે તેનું નામ કબૂલ રાખનારા હોઠોના ફળનું અર્પણ, નિત્ય કરીએ." કલમ ૧૬ આગળ જણાવે છે, "વળી ઉપકાર કરવાનું તથા દાન વહેંચી આપવાનું તમે ભૂલો મા; કેમ કે એવા યજ્ઞોથી દેવ બહુ સંતુષ્ટ થાય છે."

દેવનું ગીત ગાવું અને અનંતકાળના ગીતમાં જોડાવું એ તો પૃથ્વી પરના જીવનનો મોટામાં મોટો આનંદ છે. દેવની હાજરીમાં મહાન ચૂકાદાને માટે અધિકાર આપવો, અર્થઘટન કરવું, ઉપરાંત આપણને આપણા સ્વર્ગ તરફ ફેલાવવા અને સેવા કરવા માટે બળવાન કરવામાં આવે છે. જેમ ઑગસ્ટીને કહ્યું, "આપણા જીવનો માથાથી પગ સુધી હાલેલૂયાહ હોવા જોઈએ."

જો કે ગીત દ્વારા આરાધના કરવી એ તો જ્યારે આપણે આકાશ અને પૃથ્વીના કર્તાની પાસે આવીએ ત્યારે થતી શરૂઆત જ છે. લગભગ ચાળીસ વખત આપણને નવા ગીતો ગાવા માટે કહેવામાં આવ્યું છે, અને તેનાથી વિશેષ આપણને આપણાં દાનો અને મૂલ્યવાન આજ્ઞાધીનતા દેવ સમક્ષ લાવવાનું કહેવામાં આવ્યું છે, પરંતુ લગભગ ૨૦૦૦ વખત આપણને જેઓ જીવનના વિવિધ ક્ષેત્રોમાં સંઘર્ષ કરી રહ્યા છે, તેમને જોઈને આપણા જીવનોનું અર્પણ કરવા માટે કહેવામાં આવ્યું છે. એ યાદ રાખવું સારું છે કે પ્રાર્થનાના સમય, દેવના વચનોના મનન અને આપણા દેવ સાથેનાં સંબંધને જે ક્ષણો મજબૂત અને ગાઢ કરે છે તેના વગર આપણી સેવાના કાર્યો ફક્ત "સામાન્ય કાર્યો" જ બની રહેશે, જેમાં આપણા માટે સેવાનું એક કાર્યમાત્ર હોય.

આરાધના કરવા માટેના ઈરાદાપૂર્વકના સમયો તમારા હૃદયને આરામદાયક પરિસ્થિતિમાં, આધીનતા અને દેવની હાજરીમાં બદલાણની પરિસ્થિતિમાં લાવશે. ખ્રિસ્તી જીવનનો આખો પ્રવાસ તો હૃદયનો પ્રવાસ છે, તેથી તમે જોઈ શકો કે શા માટે તમે જે છો તે સઘળાથી દેવની આરાધના કરવી એ પ્રક્રિયાનું અગત્યનું પગલું છે. જ્યારે દેવની સેવાની વાત આવે છે ત્યારે દેવ હમેશાં જ્યારે આપણે તેમની સેવા કરીએ ત્યારે સત્યની આશા રાખે છે... અને તમારા હૃદયમાં એક રેખાકૃતિ તરીકે નક્કી કરવામાં આવે છે, તેથી જ જ્યારે દેવ વિષે વિચારવામાં આવે છે ત્યારે આપણા હૃદયની સંભાળની અગત્યતા જરૂરી છે.

"પૂર્ણ ખંતથી તારા હૃદયની સંભાળ રાખ,
કેમ કે તેમાંથી જ જીવનનો ઉદ્ભવ છે."
(નીતિવચનો ૪:૨૩)

વિલ્લોવ ક્રીક કોમ્યુનિટી ચર્ચના પાળક બીલ હિબલે ચાર વર્ષ પહેલાં અમને જે પડકાર આપ્યો, તે હું ક્યારેય ભૂલી શકીશ નહિ, તેમણે કહ્યું કે ખ્રિસ્તીઓ અને ખ્રિસ્તી આગેવાનો તરીકે, અન્યાય વિષે વાતો કરવી અને તેના વિષે ડીવીડીઓ જોવી એ સારું નથી, તેમણે કહ્યું કે આપણે ગરીબીને આપણને સ્પર્શ કરવાની અને સમ્મીલીત કરવાની અનુમતી આપવી જોઈએ... જેથી જીવનની વાસ્તવિક્તાઓ અને ગંધ એક લાગણી બની જાય, જેને આપણે ક્યારેય ભૂલી શકીએ નહિ અને ફક્ત નાણાં મોકલીને એવું ન અનુભવીએ કે આપણે આપણો ભાગ પૂરો કરી દીધો છે. પરંતુ દેવના મહાન પ્રેમ દ્વારા આપણને કાર્ય કરવા માટે તેડવામાં આવ્યા છે - એટલે કે આપણે દેવનો પ્રેમ અને જીવન બીજાઓ સાથે વહેંચીએ, અને તેમના પર ભરોસો રાખીએ કે તે માર્ગ કરશે, આ મુસાફરીને માટે આપણને તેડવામાં આવ્યા છે. અને અહીં જ આપણો કાર્ય સાથેનો પ્રેમ અને આપણા જીવનો સાથેની આરાધના કાર્ય કરે છે.

“વળી જે કોઈ મારે નામે એવા એક બાળકનો
અંગીકાર કરે છે તે મારો પણ અંગીકાર કરે છે.”
(માથ્થી ૧૮:૫)

હજારો બીજા બાળકોની સાથે પોતાનાં બાળકો નવી માતા શોધવા લાગશે એ જાણતી હોઈને એક મરતી માતા પોકાર કરે છે કે, “મારા બાળકોની સંભાળ કોણ લેશે?” મેં મિત્રોને કેન્સર હોવાને લીધે આવી પ્રાર્થના કરતા જોયા છે. હું બહુ મોટા હૃદયના તૂટવાની કે અંધકારના સમયના ઊંડાણભરા નિસાસાની વાત કરતી નથી. હું તો તેણી માટે ચીસ પાડવા માગું છું કે, “અમે કરીશું.” ચોક્કસપણે આ ક્ષેત્ર એ છે જ્યાં આપણે આપણી બાંય ચઢાવીને કાર્ય કરવાની, પ્રાર્થના અને વિશ્વાસ કરવાની જરૂર છે, અને વિશ્વાસના કદમ ઉઠાવવાની જરૂર છે. તમારે ત્રીજા વિશ્વના દેશોમાં જીવીને અનાથ બાળકો, જેમને કુટુંબની જરૂર છે કે એકલા લોકો જેમને મિત્રતાની જરૂર છે, તેમને શોધવાની જરૂર નથી. આપણે દરેક એવા શહેરોમાં રહીએ છીએ, જ્યાં બાળકોને સરકાર દ્વારા ફેંકી દેવામાં આવે છે અને આપણે, મંડળી તરીકે તેમને મદદ કરી શકીએ.

હું મંડળીને ચાહું છું... તે ખૂબ જ અલગ છે અને ગૃહ પર સત્યમાં નવી આત્મવિશ્વાસની અનુભૂતિ અને પાયાના બદલાણ સાથે ઊભી થઈ રહી છે. પરંતુ મંડળી સારામાં સારી ત્યારે બનશે જ્યારે તે પહેલાં તેની પાસે જે કંઈ છે તેનાથી દેવને પ્રેમ કરનારી બને અને ત્યારપછી તે ફેલાયેલા હાથે દુઃખી સમાજની અને તૂટેલા જગતની સેવા કરે અને લોકોને ઈસુની સંગતમાં સાંકળી લે. ગરીબનો ન્યાય કે ટીકા કરે નહિ, પરંતુ ફક્ત પ્રેમાળ બને... અને પ્રેમ મૂલ્યવાન છે અને તે ક્રિયાપદ છે... નામ નથી. આપણે સાથે એવા લોકો જેમની પાસે અવાજ નથી તેમના માટે છીંડામાં ઊભા રહીએ... આપણા દેવ અને પ્રભુને આપણા પૂરા હૃદયથી, જીવથી, મનથી અને બળથી પ્રેમ કરીએ અને આપણા પડોશીઓ પર પણ પ્રેમ રાખીએ. સત્યમાં અદ્‌ભુત બાબત એ છે!

તો આ આશા વગરના બનાવનાર રાક્ષસને કેવી રીતે હંફાવી શકીએ? આપણે કેવી રીતે આ ભયાનક બંદીખાનામાં દ્વારોને ઊઘાડી શકીએ?

આપણે એકલા કોઈ કાર્ય કરી શકીએ નહિ. જગતનાં સૌથી વધુ હોંશિયાર અને પરોપકારી વ્યક્તિઓને પણ બીજા લોકોની જે અલગ અલગ ક્ષેત્રોમાં આવડત ધરાવે છે તેમની મદદની જરૂર પડે છે, જેથી તેઓ વધારે લોકો માટે સારામાં સારો લાભ કરાવી શકે. પરંતુ આપણે શરૂઆત કરવાની જરૂર છે; આપણે એક બાળકની મદદના જામીન બની શકીએ, આપણા સમાજમાંના તૂટેલા લોકોનો અવાજ બનીએ છીએ, જો તમે કોઈ પાલન પોષણના કાર્યો સાથે સુસંગત છો તો (જેમ કે, તાત્કાલિક સંભાળ, લાંબા કે ટૂંકા ગાળાની સંભાળ) વગેરે મદદ કરી શકો, સંસ્થા માટે નાણાં એકઠા કરી શકો અથવા તમારા હૃદયમાં જે જરૂરી લાગે છે તે કાર્ય કરી શકો, તમારી મંડળીની જરૂરિયાતોમાં પાછળ રહી શકો, થોડું વધારે સાદું જીવી શકો, પોતાના પર ખર્ચો કરવા કરતાં આપવાની મનોવૃતિ રાખી શકો... અને યાદી લાંબી અને લાંબી થતી જશે.

પરંતુ સાથે સાથે એ પણ અગત્યનું છે, આપણે આપણા પોતાના જીવનો અને હૃદયો જે કોઈ તક આપણને દરરોજ પ્રાપ્ત થાય છે તેને માટે ઉત્કંઠાથી ભરાયેલાં અને જીવંત રાખીએ, પછી તે વૈશ્વિક પરિસ્થિતિ હોય કે સ્થાનિક... પેલા ભલા સમરૂનીની જેમ જે પોતાના આરામ તરફ દૃષ્ટિ ન કરતાં વાસ્તવિક રીતે ગયો અને બીજાઓ જતા રહ્યા, પરંતુ તેણે મદદ કરી તેમ આપણે પણ કરીએ. આ સમરૂની તો તરસથી ભરાઈ ગયો હતો અને ફક્ત લાગણીશીલ બન્યો, એટલું જ નહિ પરંતુ તેણે પોતાના કાર્યથી તેનો પ્રતિભાવ આપ્યો.

અને હું એમ કહું છું કે જો તમે એવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છો, જ્યાં તમને લાગે છે કે તમને સેવાની જરૂર છે, તો ઉત્તેજીત થાઓ. આરાધના અને સ્તુતિના વાતાવરણમાં જાઓ, તમારા હૃદયને પ્રેરણા આપતા સંગીતથી તમારા ઘરને ભરી દો, તમારી કારને દેવના વચનની સી.ડી.ઓથી ભરી દો, તમારા કુટુંબ, મંડળી અને સમાજ જ્યાં તમે જાણો છો કે તમને તાજગી અને ઉત્તેજન મળશે, ત્યાં જાઓ અને પવિત્ર આત્મા તમને અંદરથી બહાર સુધી ભરે તે માટે પવિત્ર આત્માને અનુમતી આપો. તમારે સાજાપણું, નાણાંકીય બાબતમાં વિજય, કે બીજો કોઈ ચમત્કાર જેની જરૂર છે તેને માટે દેવ સક્ષમ છે. આપણા દેવ અને સામર્થ્યના સલામત હાથમાં પોતાને સોંપો, કેમ કે તે તમને ક્યારેય મૂકી દેશે નહિ અને તજશે પણ નહિ. તેમના પર ભરોસો રાખવો એ મહાન આનંદ અને આશા છે. પરંતુ હું તમને એ મહાન બાબત યાદ કરાવતાં વિરમું છું કે... તારા દેવને તારા પૂરા હૃદયથી, મનથી, જીવથી અને બળથી પ્રીતિ કર, અને જેવી પોતા પર એવી તારા પડોશી પર પણ પ્રીતિ કર. તમે સંપૂર્ણપણે મૂલ્યવાન છો એ ક્યારેય ભૂલશો નહિ!

ડાર્લીન ઝેચ

જેમ ડાર્લીન ઝેચે આપણને યશાયા પ્રબોધકે જે પાયાની પ્રેમની ક્રાંતિ યશાયા ૬૧:૧૧ વિષે યાદ કરાવ્યું, જ્યાં તેણે એક દિવસની વાત કરી જ્યારે લોકો તેમનો યોગ્ય ન્યાય પ્રાપ્ત કરશે અને ઈસુ અરણ્યમાં માર્ગ કરશે : "જેમ ભૂમિ પોતામાંથી પીલો ઉગાડે છે, ને જેમ વાડી તેમાં રોપેલાંને ઉગાડે છે; તેમ પ્રભુ યહોવાહ ધાર્મિક્તા તથા સ્તુતિ સર્વ પ્રજાઓની આગળ ઉત્પન્ન કરશે."

એક મોટા ખ્યાલ કરતાં પણ વિશેષ

પ્રેમની ક્રાંતિ ફક્ત એક મોટો ખ્યાલ જ નથી, પરંતુ જો આપણે કેટલાક દુઃખદ અન્યાયો આજે આ જગતમાં છે તેમાં સૌથી વિશેષ દુઃખદ બાબત તો એ છે કે માનવતાનું તૂટેલું હૃદય તેને માટેની એક જરૂરિયાત છે. ગીતશાસ્ત્ર ૨૭:૩ કહે છે : "જો કે સૈન્ય મારી વિરૂધ્ધ છાવણી નાખે, તોપણ હું મનમાં ડરીશ નહિ; જો કે મારી વિરૂધ્ધ યુધ્ધ ઊઠે, તોપણ હું દેવ પર ભરોસો રાખીશ." આ બાબત દરેક મનુષ્યના હૃદયોમાં થવી જોઈએ.



અધ્યાય

2

સમસ્યાનું મૂળ

આનંદની ચાવી એ નથી કે આપણને પ્રેમ કરવામાં આવે
પરંતુ એ છે કે આપણે બીજાઓને પ્રેમ કરીએ.
અનામી

કોઈપણ બાબતનું મૂળ તેના સ્રોતમાં, - તેની શરૂઆતમાં, તેના આધારમાં હોય છે. મૂળ મોટેભાગે જમીનમાં હોય છે. અને તેને લીધે આપણે ઘણીવાર તેને અવગણીએ છીએ અને આપણને જે બાબત ઉપર દેખાય છે, તેના પર જ ધ્યાન આપીએ છીએ. જે વ્યક્તિને દાંતનો દુઃખાવો હોય છે તેને તેના મૂળની જરૂર હોય છે. જે દાંત દુઃખી રહ્યો છે તેનું મૂળ સડી ગયું હોય અને જો તેનો ઉકેલ લાવવામાં ન આવે તો દુઃખાવો બંધ થતો નથી. તેનું મૂળ દેખાતું નથી, પરંતુ તમે જાણો છો કે તે છે જ અને તેને લીધે દુઃખાવો થાય છે. જગત દુઃખી છે, અને તેના દુઃખનો અંત ત્યાં સુધી નહિ આવે, જ્યાં સુધી આપણે વ્યક્તિગત અને સમાજને અસર કરતી સમસ્યાઓના મૂળ સુધી પહોંચીશું નહિ. હું માનું છું કે એ મૂળ તો સ્વાર્થીપણું છે.

મેં એવી સમસ્યા વિષે વિચાર્યું, જેનું મૂળ સ્વાર્થીપણું નથી અને મને એવી એક પણ સમસ્યા મળી નહિ. લોકોને જે જોઈએ છે અથવા જે સારૂં લાગે છે તેને માટે કોઈના જીવનનો નાશ કરવા માટે તેઓ કંઈ વિચારતા નથી. બીજા શબ્દોમાં કહીએ તો, જગતની બધી જ સમસ્યાઓનો સ્રોત સ્વાર્થીપણું છે.

મેં એવી સમસ્યા વિષે વિચાર્યું, જેનું મૂળ સ્વાર્થીપણું નથી અને મને એવી એક પણ સમસ્યા મળી નહિ.

સ્વાર્થીપણાના હજારો ચહેરા છે

સ્વાર્થીપણાના હજારો ચહેરા છે, અને કદાચ તેથી જ આપણે તે શું છે તે પારખી શકતા નથી. આપણે તેને નાના બાળકોમાં જોઈએ છીએ, જે કંઈ જોઈએ છે અને મળતું નથી, ત્યારે ચીસ પાડે છે અને બાળકોમાં જોઈએ છીએ જે બીજા બાળકોનાં રમકડાં લઈ લે છે. આપણી ઈચ્છામાં એ બાબત ચોક્કસ છે કે આપણે બીજાઓ કરતાં સારા દેખાઈ શકીએ કે બીજાઓ કરતાં સારું કરી શકીએ. સ્વાર્થી હોવું એટલે દરેક બાબતમાં પ્રથમ થવું, અને આપણે આપણાથી બનતું સઘળું સારું કરી શકીએ એમાં કંઈ ખોટું નથી, પરંતુ આપણે સફળતા પ્રાપ્ત કરી શકીએ માટે બીજાઓનું ખોટું થતા જોઈને આનંદ પ્રાપ્ત કરવો એ ખોટું છે.

હું માનું છું કે દરેક પ્રકારનું સ્વાર્થીપણું ખરાબ બાબત છે અને તેને કારણે સમસ્યાઓ ઉદ્ભવે છે. આ વિભાગમાં હું તમને ત્રણ ચોક્કસ પ્રકારની સ્વાર્થી બાબતો જે આજના જગતમાં ખૂબ સામાન્ય છે તે અને તેનાં નકારાત્મક પરિમામો જણાવવા માગું છું.

જાતિય અત્યાચાર : એન ૧૩ વર્ષની છે. તેના પિતા કહે છે કે તે હવે સ્ત્રી બની ગઈ છે અને તેણે એક સ્ત્રીની જેમ કાર્યો કરવા જોઈએ. જ્યારે તે સ્ત્રીનો મતલબ તેને સમજાવવાનું પૂર્ણ કરે છે, ત્યારે તેને શરમ, બીક અને ગંદુ લાગે છે. જો કે તેનાં પિતા તેને ખાતરી આપે છે કે તે જે કંઈ કરે છે તે સારી બાબત છે, તેણીને અચંબો લાગે છે. જેમ જેમ વર્ષો પસાર થાય છે તેમ તેમ તેના પિતા વારંવાર તેનો દુરૂપયોગ કરે છે અને બળાત્કાર કરે છે, એન લાગણીશીલ રીતે મૃત્યુ પામે છે, જેથી તેને કોઈ દુઃખનો અનુભવ ન થાય. એનના પિતાએ તેનું બાળપણ, તેની કુવારાપણાની બાબતો, તેની નિર્દોષતા અને દેવના હસ્તક્ષેપ વગર તેનું જીવન છીનવી લીધું - ફક્ત તેને જે જોઈતું હતું તેને માટે તેના પિતાએ આમ કર્યું.

આપણે આવાં નજીકનાં સગાઓ દ્વારા થતા જાતિય સંબંધ વિષે સાંભળીને દુઃખી થઈએ છીએ, પરંતુ સત્ય તો એ છે કે ૯૦-૯૫ ટકા કેસ નોંધાવવામાં આવતા નથી. મારો પણ મારા પિતા દ્વારા ઘણા વર્ષો સુધી જાતિય દુરૂપયોગ કરવામાં આવ્યો. મેં મારી સાથે જે થઈ રહ્યું હતું તેના વિષે બે અલગ અલગ વ્યક્તિઓને કહેવાનો પ્રયત્ન કર્યો, અને તેમણે મારી મદદ ન કરી તેથી મેં, હું પુખ્ત વયની થઈ ત્યાં સુધી એકલા બધું સહન કર્યું અને છેલ્લે મારી વાત કહેવાની શરૂઆત કરી અને દેવ પાસેથી સાજાપણું પ્રાપ્ત કરવા લાગી. મારા પિતા છ્યાંસી વર્ષની ઉંમરે તેમણે જે કર્યું હતું તેની કાયદેસર શિક્ષા પામ્યા વગર મૃત્યુ પામ્યા. મારા પિતા જેમની સાથે કાર્ય કરતા હતા, અને પાર્ટીઓમાં કે ઉજાણીએ જતા હતા, તેમણે ક્યારેય એ જાણ્યું નહિ કે તે તેમની પોતાની દીકરી ખૂબ નાની હતી ત્યારથી તેની સાથે બળાત્કાર કરતા હતા.

આપણે લોકોને કંઈ કરતા જોઈએ છીએ અને આપણે તેમનો ન્યાય કરવા ખૂબ ઉતાવળા બનીએ છીએ, પરંતુ આપણે ભાગ્યે જ તેમનાં આવા વર્તનનું મૂળ કારણ જાણીએ છીએ. ઘણી સ્ત્રીઓને આપણે "સમાજના દૂષણ" તરીકે ન્યાય કરીએ છીએ, તેઓ નજીકનાં સગાંઓ દ્વારા પીડિત હોય છે. ઉદાહરણ તરીકે,

- ૬૬ ટકા સ્ત્રીઓ વેશ્યાઓ બાળપણમાં જાતિય રીતે શિકાર થયેલી હોય છે.
- ૩૬.૭ ટકા સ્ત્રીઓ જે યુએસની જેલમાં છે, તેમનો જાતિય દુરૂપયોગ કરવામાં આવ્યો હતો.
- દરેક દુરૂપયોગ થયેલ કે નકારાયેલ બાળકના એક તૃતીયાંશ લોકો પાછળથી તેમનાં પોતાનાં બાળકોનો દુરૂપયોગ અને નકાર કરે છે.
- દરેક જાતિય રીતે દુરૂપયોગ થયેલ વ્યક્તિઓમાંની ૯૪ ટકા વ્યક્તિઓ, જ્યારે તેમનો પ્રથમ વખત દુરૂપયોગ કરવામાં આવ્યો, ત્યારે બાર વર્ષની અંદર હતા.

આપણાં જગતમાં નજીકનાં સગાંઓ દ્વારા અને અન્ય રીતે થતાં જાતિય દુરૂપયોગ જ આપણને હચમચાવી મૂકે છે અને આ સઘળાની શરૂઆત એટલા માટે થઈ કે લોકો સ્વાર્થી છે અને તેમને પોતાને જે કંઈ જોઈએ છે તેને માટે કોઈને દુઃખ થાય છે તેની તેમને ચિંતા હોતી નથી.

ચોક્કસપણે, તમે કદાચ ખૂન કરતા નથી, ચોરી કરતા નથી, જૂઠું બોલતા નથી કે બાળકો વિરૂધ્ધ કોઈ ખોટું કાર્ય કરતા નથી, પરંતુ તમે છતાં પણ અમુક ચોક્કસ બાબતોમાં સ્વાર્થી છો. જો આપણે આપણા કરતાં વિશેષ ગુનાઓ કરનાર વ્યક્તિઓ સમક્ષ આંગળી ચીંધીને આપણા સ્વાર્થીપણાને છૂપાવવાનો પ્રયત્ન કરીએ તો આજે આપણા સમાજમાં જે સમસ્યાઓ છે તેનો આપણે સફળતાપૂર્વક સામનો કરી શકીશું નહિ. આપણે દરેકે આપણા પોતાના સ્વાર્થીપણાને દૂર કરવાની જવાબદારી લેવી જ પડશે.

લોભ : સ્વાર્થીપણું તરત જ લોભનું સ્થાન લે છે. લોભ તો એક આત્મા છે, જેને ક્યારેય સંતોષ થતો નથી અને હમેશાં વધારે જોઈએ છે. આપણો સમાજ ચોક્કસપણે ગ્રાહકવાદ તરફ ઢળેલો છે. હું જ્યારે બહાર મારી કાર હંકારતી હોઉં અને બધા મૉલ જોઉં છું અને બીજા બની રહેલા મૉલ જોઉં છું ત્યારે મને આશ્ચર્ય લાગે છે. આપણે દરેક જગ્યાએ જોઈએ તો, આપણને કંઈ બાબત ખરીદવા માટેની અપીલ કરવામાં આવે છે. વસ્તુઓ, વસ્તુઓ અને વધુ વસ્તુઓ - અને આ સઘળું એક માયાજાળ સમાન છે. આ સઘળું તો સરળ જીવન અને વધારે આનંદના વચનો આપે છે, પરંતુ ઘણા લોકોને માટે તો તે દબાણ આપનાર દેવાનું સર્જન કરે છે.

વધારે અને વધારે ખરીદી કરવાનું દબાણ અને પરીક્ષણ આપણને સ્વાર્થીપણાનાં મૂળમાં જકડી રાખે છે. પરંતુ સારા સમાચાર તો એ છે કે જો આપણે તેને બદલવા માગીએ છીએ, તો આપણે તે કરી શકીએ છીએ. ચાલો, આપણે આપણને જેની જરૂર છે અને જે જોઈએ છે

તેની ખરીદી કરીએ અને ત્યારપછી આપણી બધી સંપત્તિ, ખાસ કરીને આપણે જેનો ઉપયોગ કરતા નથી, તેને આપણા કરતા જેની પાસે થોડું છે તેને આપીએ. ચાલો, આપણે આપવાની ટેવ પાડીએ અને જ્યાં સુધી તે આપણાં દૈનિક જીવનની મુખ્ય બાબત ન બને ત્યાં સુધી આપતા રહીએ. મોટા ભાગનાં લોકો માટે તે જીવવાનો એક ક્રાંતિકારી માર્ગ બની જશે.

બાઈબલ જણાવે છે કે દ્રવ્યનો લોભ સઘળાં પ્રકારના પાપનું મૂળ છે (૧ તિમોથી ૬:૧૦). લોકો દ્રવ્યને પ્રેમ કરે છે અને તેને પ્રાપ્ત કરવા ગમે તે કરે છે. તેનું ફક્ત એક જ કારણ છે કે તેઓ માને છે કે તેમને જે કંઈ જોઈએ છે તે દ્રવ્ય દ્વારા જ મળશે. તેઓ માને છે કે તે આનંદ ખરીદી શકશે. લોકો નિયમિતપણે મારી નાખે છે, ચોરી કરે છે અને નાણાં માટે જૂઠું બોલે છે અને આ સઘળાંનું મૂળ તો સ્વાર્થમાં રહેલું છે. મેં હમણાં જ એક વિખ્યાત અભિનેતાએ લખેલો એક લેખ વાંચ્યો કે લોકો માને છે કે તેમને જેની જરૂર છે તે સઘળું જો તેમની પાસે હોય, તો તેઓ આનંદિત બની જશે, પરંતુ આ ખોટું વચન છે. તેણે આગળ કહ્યું કે, તેની પાસે દરેક માણસ જે ચાહે છે તેમાંનું સઘળું હતું અને તેણે શોધ્યું કે છતાં પણ તે સઘળું તેને ખુશ કરી શક્યું નહિ, કેમ કે એકવાર વ્યક્તિ, જગત તેને જે આપે છે, તે સઘળાની માલિકી પ્રાપ્ત કરવાના ધ્યેયને પ્રાપ્ત કરે ત્યારપછી પણ તે પોતાની સાથે એકલો જ હોય છે.

છૂટાછેડા : છૂટાછેડાનું મૂળ કારણ પણ સ્વાર્થીપણું જ છે. લોકો ઘણીવાર લગ્ન જે પ્રમાણે હોવું જોઈએ તેના કરતાં ખોટા ખ્યાલો સાથે લગ્ન કરે છે. આપણામાંના ઘણા એવો નિર્ણય કરે છે કે આપણા પતિ/પત્ની એવા હોવા જોઈએ કે જે આપણને આનંદ આપે, ખુશ રાખે, અને જ્યારે તેમ થતું નથી ત્યારે યુધ્ધની શરૂઆત થાય છે. જો આપણે એવા ખ્યાલ સાથે લગ્ન કરીએ કે આપણે આપણા સાથીદારને ખુશ રાખીશું તો કેવું સારું!

અત્યારે તમે કદાચ એવો વિચાર કરો છો કે, *હું એવું કરીશ નહિ, કેમ કે હું જાણું છું કે જો એમ કરું તો મારો ફાયદો ઉઠાવવામાં આવશે.* મારા શરૂઆતના વર્ષોમાં હું સંમત થાત. પરંતુ હવે લગભગ પૂરી જીંદગી જીવી લીધા પછી, હું માનું છું કે સર્વમાં બાઈબલ સત્ય છે. તે શીખવે છે કે પ્રીતિ કદી ખૂટતી નથી (જુઓ ૧ કરિંથી ૧૩:૮). તે એમ પણ કહે છે કે માણસ જે કંઈ વાવે “તે જ” તે લણશે (ગલાતી ૬:૭). જો હું બાઈબલમાં વિશ્વાસ કરું અને તે પ્રમાણે કરું તો હું માનું છું કે હું જે મારા જીવનમાં પ્રાપ્ત કરું તે ફસલની રખેવાળ છું, કેમ કે હું જે વાવું છું તેના પર નિર્ભર હોય છે. જો આપણે દયા વાવીએ તો દયા લણીશું, જો આપણે માયાળુપણું વાવીએ તો માયાળુપણું લણીશું.

હું હમેશાં મારા મનથી ચાલતી હતી

જ્યારે હું ડેવ અને મારા લગ્નના પાછલા ચાળીસ વર્ષો તરફ દૃષ્ટિ કરું છું, તો મને લાગે છે કે હું કેટલી સ્વાર્થી હતી, ખાસ કરીને શરૂઆતના વર્ષોમાં. હું પ્રામાણિકપણે કહું છું કે હું કંઈ સારું જાણતી નહોતી. જે ઘરમાં હું મોટી થઈ ત્યાં મેં જે જોયું તે સ્વાર્થીપણું જ હતું અને મને

બીજું કંઈ શીખવવા માટે કોઈ નહોતું. જો મને લેવાને બદલે આપવાનું શીખવવામાં આવ્યું હોત તો મારા લગ્નના શરૂઆતના વર્ષો પહેલા કરતા સારા હોત. મારા જીવનમાં દેવ ન હોવાને લીધે મેં પરિસ્થિતિઓ બદલાતા અને જૂના ઘાને સાજા થતાં જોયા છે, પરંતુ મેં ઘણા વર્ષો વેડફી નાખ્યા, જે મને પાછા મળવાના નથી.

મારાથી તદ્દન વિપરીત રીતે, ડેવનો ઉછેર ખ્રિસ્તી ઘરમાં થયો હતો. તેમનાં માતા તો આત્મિક સ્ત્રી હતા અને તેમણે તેમનાં બાળકોને આપવાનું શીખવ્યું હતું. તેને પરિણામે ડેવના ઉછેર સમયે તેમણે તેમનામાં એવી બાબતો વિકસાવી હતી, જે મેં મારા આખા જીવનમાં ક્યારેય જોઈ નહોતી. તેમનું ઉદાહરણ મારા માટે આશ્ચર્યજનક રીતે મૂલ્યવાન છે. જો તેમણે ખૂબ જ ધીરજ ન રાખી હોત (જે પ્રેમનો એક ભાગ છે), તો કદાચ અમારું લગ્નજીવન ટકી શક્યું ન હોત, પરંતુ હું દેવનો આભાર માનું છું કે તે ટક્યું છે. અને હવે ચાળીસ વર્ષ પછી હું પ્રામાણિકપણે કહી શકું છું કે તે દરેક સમયે વધારે સારું થતું જાય છે. હું પહેલા કરતાં વધારે આનંદિત છું કેમ કે મેં અગાઉ કર્યું તે કરતાં હું સંબંધને વધારે મહત્વ આપું છું. હું ખરેખર ડેવને જે પસંદ છે તે કરતાં જોઈને આનંદિત થાઉં છું, અને તે તો જે અગાઉના વર્ષોમાં હું હરેક સમયે ગુસ્સે થતી હતી અને મને કંઈ સુઝ પડતી નહોતી તેના કરતાં તદ્દન વિપરીત છે.

હું હમેશાં ફક્ત મારા માટે જ વિચારતી હતી અને દરેક સમયે હું, હું અને હું જ, એમાં આખા જીવન દરમિયાન કરતા રહીને કંઈ બદલાયું નહિ અને હું કંટાળી ગઈ. ઈસુ બંદીખાનાના દરવાજા ખોલીને બંદીવાનોને છોડાવવા માટે આવ્યા (યશાયા ૬૧:૧). તેણે મને ઘણી બધી બાબતોથી છૂટકારો આપ્યો છે અને તેમાંથી સૌથી મોટી બાબત તો હું પોતે છું. મને મારી જાતથી છોડાવવામાં આવી છે! હું દરરોજ આ સ્વતંત્રતામાં વૃધ્ધિ પામું છું, પરંતુ હું ખરેખર આભારી છું કે મને એ ભાન થયું કે ખરો આનંદ તો હરેક સમયે મારા માટે માર્ગ શોધવામાં જ નથી.

કદાચ, મારી જેમ, તમારી પાસે પણ જીવનનાં એવાં ઉદાહરણો હશે અને તમારા જીવનમાં શરૂઆતના વર્ષોમાં જે શીખ્યા તેને છોડવાની જરૂર છે. પ્રામાણિક બનો : તમને જે જોઈએ છે તે નથી મળતું ત્યારે તમે કેવો પ્રતિભાવ આપો છો? શું તમે ગુસ્સે થાઓ છો? શું તમે કચકચ અને ફરિયાદ કરો છો? શું તમે દેવ પર ભરોસો રાખો છો કે તે તમારી સંભાળ લેશે અથવા તમે એ બીકમાં જીવો છો કે જો તમે તમારી સંભાળ નહિ લો તો કોઈ નહિ લે? તમારે જ તમારી જાતની સંભાળ રાખવાની છે એમ માનશો તો તે તમને સ્વાર્થીપણામાં દોરશે જેને લીધે તમારા જીવનનો આનંદ જતો રહેશે. હું તમને વિનંતી કરું છું કે તમે આજે સ્વાર્થીપણું છોડી દો અને બીજાઓને સાચી રીતે પ્રેમ કરો, તેમને મૂલ્યવાન ગણો અને તેમની સંભાળ લો.

સ્વાર્થીપણું એક પસંદગી છે

આપણામાંના મોટા ભાગના લોકો વધારે પડતો સમય આપણા પોતાના માટે વિચારવામાં, વાત કરવામાં અને યોજનાઓ બનાવવામાં વેડફીએ છીએ. જો કે હું દઢપણે શીખવું છું કે

આપણે આપણી જાતને સમતોલ રીતે પ્રેમ કરવાનો છે, હું નથી માનતી કે આપણે આપણી જાતને એટલો બધો પ્રેમ કરવો જોઈએ કે આપણા જગતનું કેન્દ્રસ્થાન ફક્ત આપણે જ બની જઈએ અને આપણને જે જોઈએ છે તેની જ ચિંતા રાખીએ. આપણે આપણી જાતની સંભાળ તો લેવાની જ છે, કેમ કે આપણે આ પૃત્વી પર દેવની યોજનામાં ઘણાં જ મૂલ્યવાન છીએ. તેણે આપણને જીવન આનંદ કરવા માટે આપ્યું છે (યોહાન ૧૦:૧૦). તેથી આપણે તેમ કરવાનું છે, પરંતુ આપણે એ ક્યારેય ભૂલવું જોઈએ નહિ કે આનંદનો સાચો માર્ગ તો એ છે કે આપણે આપણાં જીવનો આપણા પોતાને માટે રાખી મૂકવાને બદલે બીજાઓને માટે આપી દઈએ.

ઈસુ કહે છે કે જો આપણે તેના શિષ્યો થવા માગીએ છીએ, તો આપણે આપણી જાતને ભૂલવી જ પડશે, આપણને જેમાં રસ છે તેવી બાબતો મૂકીને તેની પાછળ ચાલવું પડશે (જુઓ માર્ક ૮:૩૪). હવે, હું એ જણાવવા માગું છું કે આ કદાચ બિહામણો વિચાર હશે, પરંતુ મારી પાસે તેનો લાભ છે કેમ કે મેં તેને વાસ્તવમાં પ્રયત્ન કરીને લાંબા સમય સુધી ચકાસ્યું છે અને જાણ્યું છે કે તે કાર્ય કરે છે. ઈસુ આગળ કહે છે કે, જો આપણે આપણું "નીચું" જીવન (સ્વાર્થી જીવન) આપી દઈશું, તો આપણને "ઊંચું" જીવન (બિનસ્વાર્થી જીવન) પ્રાપ્ત થશે, પરંતુ જો આપણે નીચું જીવન પકડી રાખીશું તો આપણે ઊંચું જીવન ગુમાવી દઈશું (જુઓ માર્ક ૮:૩૫). તે આપણે કેવી રીતે જીવવું જોઈએ તે માટે પસંદગી આપે છે. તે આપણને કહે છે કે, શું સારી રીતે કાર્ય કરશે અને ત્યારપછી આપણે માટે પસંદગી મૂકે છે કે આપણે તે પ્રમાણે કરીએ કે નહિ. હું અને તમે સ્વાર્થી રહી શકીએ, પરંતુ સારા સમાચાર એ છે કે આપણે સ્વાર્થી રહેવાનું નથી. આપણી પાસે દેવનું સામર્થ છે જે આપણને આપણી જાત પર વિજય મેળવવા અને બીજાઓનાં જીવનોને સારું બનાવવા મદદ કરે છે.

મુસાફરી

સ્વાર્થીપણું તો કોઈ શીખવામાં આવેલો વ્યવહાર નથી; આપણે તેની સાથે જનમ્યા છીએ. એ તો આપણા સ્વભાવમાં વારસાગત આવેલી બાબત છે. બાઈબલ તેને "પાપનો સ્વભાવ" તરીકે ઓળખાવે છે. આદમ અને હવાએ, તેમને દેવે જે કરવાની મના કરી હતી તે પ્રમાણે કરીને દેવની વિરૂધ્ધ પાપ કર્યું અને તેમણે જે પાપનો સિધ્ધાંત સ્થાપ્યો તે જે કોઈ જન્મ લે તેનામાં ગયો. દેવે તેમના દીકરા ઈસુને પાપોને માટે મરણ પામવા માટે અને આપણને તેનાથી છોડાવવા માટે મોકલ્યો. આદમે જે કર્યું તેને ઉલટાવવા માટે ઈસુ આવ્યા. જ્યારે આપણે ઈસુને આપણાં તારનાર તરીકે સ્વીકારીએ છીએ ત્યારે તે તે આપણાં આપણામાં રહેવા માટે આવે છે. અને જો આપણે આપણામાં કરાયેલા તે નવિન ભાગને આપણા નિર્ણયો પર અધિકાર ચલાવવાની અનમુતી આપીએ, તો આપણે આપણાં દેહમાં રહેલા તે પાપી સ્વભાવ પર વિજય મેળવી શકીએ છીએ. તે જતો રહેતો નથી, પરંતુ આપણામાં જે તેનાથી પણ મોટો છે તે નિવાસ કરે છે તેની મદદથી આપણે તેના પર વિજય પ્રાપ્ત કરી

શકીએ છીએ (જુઓ ગલાતી ૫:૧૬). તેનો અર્થ એ નથી કે આપણે ક્યારેય પાપ ન કરીએ, પરંતુ આપણે આપણાં જીવન દરમિયાન સુધારો કરીને સફળતા પ્રાપ્ત કરી શકીએ છીએ.

હું ચોક્કસપણે એમ કહી શકતી નથી કે મેં સંપૂર્ણપણે સ્વાર્થીપણા પર વિજય પ્રાપ્ત કરી લીધો છે અને મને સંદેહ છે કે કોઈ તે પ્રમાણે કરી શક્યું છે. દરેક પાપ કોઈ પ્રકારના સ્વાર્થમાં તેના મૂળ ધરાવે છે, તેથી એમ કહી શકાય નહિ કે આપણે ક્યારેય પાપ કરીશું નહિ. મેં સંપૂર્ણપણે સ્વાર્થ પર વિજય પ્રાપ્ત કર્યો નથી, પરંતુ હું દરરોજ તેમાં સુધારો કરવાની આશા રાખું છું. હું તે મુસાફરીમાં છું અને જો કે હું કદાચ પહોંચી નથી પરંતુ મને દૃઢ વિશ્વાસ છે કે જ્યારે ઈસુ મને ઘરે લઈ જવા આવશે, ત્યારે તે મને નિશાનની ભણી આગળ ધસતાં જોશે (જુઓ ફિલિપ્પી ૩:૧૨-૧૩).

પાઉલ પ્રેરિતે આ વિધાન કર્યું : ''હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે.'' (ગલાતી ૨:૨૦). પાઉલનો અર્થ એ હતો કે તે પોતાના માટે કે પોતાની ઈચ્છાઓને માટે હવેથી જીવશે નહિ, પરંતુ દેવ અને તેમની ઈચ્છાઓ માટે જીવશે. એક દિવસે જ્યારે હું અભ્યાસ કરતી હતી ત્યારે એ જાણીને મને ખૂબ જ ઉત્તેજન મળ્યું કે પાઉલે આ વિધાન તેના બદલાણના લગભગ વીસ વર્ષો પછી કર્યું હતું. બિનસ્વાર્થીપણે જીવવું એ જેમ દરેકને માટે છે તેમ પાઉલ માટે પણ તે મુસાફરીસમાન હતું. પાઉલે એમ પણ કહ્યું, ''હું દરરોજ મરણ પામું છું (હું દરરોજ મૃત્યુના ભયમાં છું).'' (૧ કરિંથી ૧૫:૩૧). બીજા શબ્દોમાં કહીએ તો બીજાઓને પ્રથમ રાખવા એ દરરોજનું યુધ્ધ હતું અને દરરોજના નિર્ણયો હતા. આપણામાંના દરેકે એ નિર્ણય કરવાનો છે કે આપણે કેવી રીતે અને શાના માટે જીવીશું; અને અત્યારે જ તે કરવાનું છે, બીજો કોઈ સારો સમય નથી. તમારે અને મારે એક જ જીવન જીવવાનું છે, અને એક જ જીવન આપવાનું છે, તેથી પ્રશ્ન એ છે કે : ''આપણે કેવી રીતે જીવીશું?'' હું દૃઢપણે માનું છું કે જો આપણામાંના દરેક બીજાઓના ભલાને માટે જીવવાનો આપણો ભાગ પૂર્ણ કરીશું, તો આપણે એ ક્રાંતિના ભાગીદાર બનીશું, જે આખા જગતને બદલવાનું સામર્થ ધરાવે છે.

કોઈ વ્યક્તિ એક ટાપુ નથી

હું દૃઢપણે માનું છું કે તમે જહોન ડોન્નેની આ પ્રખ્યાત ઉક્તિ સાંભળી હશે કે, ''કોઈ વ્યક્તિ એક ટાપુ નથી.'' આ શબ્દો એક વાસ્તવિક્તાનું દર્શન કરાવે છે કે લોકોને એકબીજાની જરૂર પડે છે અને એકબીજાને અસર કરે છે. જેમ મારા પિતાના જીવને મને નકારાત્મક અસર કરી અને ડેવના જીવને મને હકારાત્મક અસર કરી, તેમ આપણાં જીવનો બીજાં લોકોનાં જીવનોને અસર કરે છે. ઈસુએ આપણને કહ્યું કે એકબીજાને પ્રેમ કરો, કેમ કે એ જ રીતે જગત જાણશે કે તે અસ્તિત્વ ધરાવે છે (જુઓ યોહાન ૧૩:૩૪-૩૫). દેવ પ્રેમ છે અને જ્યારે આપણે શબ્દો અને કાર્યોમાં પ્રેમ પ્રદર્શિત કરીએ છીએ, ત્યારે આપણે લોકોને દર્શાવીએ છીએ કે દેવ કેવા છે. પાઉલ જણાવે છે કે આપણે દેવના એલચી છીએ, તેનાં વ્યક્તિગત

પ્રતિનિધિ છીએ અને તે આપણા દ્વારા જગતમાં કાર્ય કરે છે (જુઓ ૨ કરિંથી ૫:૨૦). દરેક સમયે હું જ્યારે તે વચન વિષે વિચાર કરું છું ત્યારે હું કહી શકું છું કે, ‘‘વાહ! કેટલો અદ્‌ભુત લ્હાવો અને જવાબદારી!’’

મારે જીવનમાં એક પાઠ શીખવાનો હતો એ તો એ છે કે, જવાબદારી વગર મને લ્હાવો પ્રાપ્ત થઈ શકે નહિ. આજે આપણા સમાજની આ સમસ્યા છે. લોકો જેને માટે લાયકાત ધરાવતા નથી તેની ઈચ્છા રાખે છે! સ્વાર્થીપણું કહે છે કે, ‘‘તે મને આપો. મારે તે જોઈએ છે અને અત્યારે જ જોઈએ છે.’’ જ્ઞાન કહે છે, ‘‘મને કંઈપણ આપશો નહિ, કેમ કે હું તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે પુખ્ત થયો નથી.’’ જગત આભારની મોટા પાયે અછત ધરાવે છે, કેમ કે આપણે કોઈપણ બાબત માટે રાહ જોવા કે બલિદાન કરવા માગતા નથી. મને એવી બાબતો મળી છે જેને માટે હું સૌથી વિશેષ આભારી છું અને જેને માટે મેં ખૂબ મહેનત કરી છે અને લાંબા સમય સુધી રાહ જોઈ છે. જે બાબતો આપણને સરળતાથી મળે છે તેની આપણને ખાસ કિંમત હોતી નથી.

ઘણી બધી બાબતોમાં, આપણે બાળકોની પેઢીનો સ્વાર્થીપણામાં ઉછેર કરીએ છીએ, કેમ કે આપણે તેમને ઘણું બધું, ખૂબ જલ્દી આપીએ છીએ. આપણે ઘણીવાર બાળક સાઈકલ પર બેસતું થાય તેના વર્ષ પહેલાં તેને માટે સાઈકલ લાવીએ છીએ અથવા તેઓ સોળ વર્ષનાં થાય ત્યારે ટુ-વ્હીલર લાવીએ છીએ. આપણે તેમનાં કોલેજના બીલ ચૂકવીએ છીએ, જ્યારે તેમનાં લગ્ન થાય ત્યારે તેમના માટે ઘર ખરીદીએ છીએ, ઉપરાંત તે ઘરોને મોંઘા રાચરચીલાથી ભરી પણ દઈએ છીએ. ત્યારપછી, જ્યારે આપણાં બાળકો નાણાંકીય સમસ્યાથી ઘેરાઈ જાય, અને જો શક્ય હોય તો આપણે તેમને બહાર કાઢીએ છીએ અને જ્યારે તેમને આપણી જરૂર પડે ત્યારે તેમના માટે હાજર રહીએ છીએ. આપણે આ સઘળું પ્રેમના નામે કરીએ છીએ, પરંતુ શું આપણે ખરેખર આપણાં બાળકોને પ્રેમ કરીએ છીએ કે આપણે તેમને વધુ પડતાં લાડ લડાવીએ છીએ? કેટલીકવાર, આવી બાબતો કરવા દ્વારા, વાલીઓ જે સમય તેમનાં બાળકો જુવાન હતા અને તે સમયે તેઓ તેમની સાથે સમય વિતાવી શક્યા નહિ, તેને માટેની ‘‘ચૂકવણી’’ કરે છે. પોતાનાં બાળકોને ઘણી બધી બાબતો આપવાથી તેઓ તેમની દોષિત ભાવનાઓને શાંત્વન આપે છે, અને જો બીજો કોઈ વિકલ્પ કહીએ, તો વાલીઓ માટે તેમનાં વ્યસ્ત જીવનોમાં તેમનાં બાળકો માટે નાણાં નાખવા એ સરળ બની જાય છે.

આપણે સર્વને આપણા બાળકોને આશીર્વાદ આપવાનું ગમે છે, પરંતુ આપણે તેમના માટે કેટલું કરવું જોઈએ તેની શિસ્તની કસરત કરવાની જરૂર છે. સુલેમાન રાજા આપણને ‘‘ડહાપણભરેલી વર્તણૂંકની’’ સલાહ આપે છે (જુઓ નીતિવચનો ૧:૩). કેટલાક સમયે આપણાં બાળકોને ‘ના’ કહેવું એ કદાચ આપણા બાળકોને આપેલી સારામાં સારી ભેટ હોઈ શકે છે, કેમ કે તેનાથી તેમને લ્હાવો અને જવાબદારીના મૂલ્યવાન પાઠ શીખવાની મદદ મળે છે.

ઉદારતાનો નમૂનો

ફક્ત તમારાં બાળકોની સમક્ષ જ નહિ, પરંતુ તમે જેમની સાથે સંપર્કમાં આવો છો, તેમની સમક્ષ પણ ઉદારતાના નમૂનારૂપી જીવન પ્રદર્શિત કરો. જો તમે લેનાર કરતા આપનાર છો, તો લોકોને એ સમજતાં વાર નહિ લાગે કે તમે બીજા લોકો કરતાં અલગ છો. અને જ્યારે તેઓ તમારા આનંદની સાક્ષી આપશે, ત્યારે તેમને ખ્યાલ આવશે કે સ્વાર્થી બનવા કરતાં આપનાર બનવાથી આનંદ પ્રાપ્ત થાય છે. લોકો જુએ છે અને તેઓ જેની નોંધ લે છે અને યાદ રાખે છે, તેનાથી મને આશ્ચર્ય થાય છે.

પાઉલે કહ્યું કે તમારી સહનશીલતા સર્વ માણસોના જાણવામાં આવે (ફિલિપ્પી ૪:૫). ઈસુએ આપણને ઉત્તેજન આપ્યું કે દરેક માણસો આપણા સારા અને ભલા કાર્યો જાણે, જેથી તેઓ દેવને જાણે અને દેવનો મહિમા કરે (જુઓ માથ્થી ૫:૧૬). ઈસુનો અર્થ એ નહોતો કે આપણે લોકોને બતાવવા માટે અને લોકો આપણને જુએ એ રીતે કાર્ય કરીએ; તેણે તો આપણને ઉત્તેજન આપ્યું કે, આપણે આપણી આજુબાજુના લોકોને કેટલી વિશેષ અસર કરી શકીએ છીએ. ચોક્કસપણે, નકારાત્મક વર્તન, જેમ મેં અગાઉ જણાવ્યું તેમ, બીજાઓને અસર કરે છે, પરંતુ ઉદારતા આપણી આજુબાજુના લોકોને ખૂબ હકારાત્મક અસરો કરે છે અને આપણને આનંદિત લોકો બનાવે છે.

મારા વિષે શું?

હાલમાં તમે કદાચ એમ વિચારતા હો કે, *મારા વિષે શું? મારા માટે કોઈ કંઈ કરશે?* આ બાબત આપણને દેવ આપણે જે રીતે જીવીએ એમ ઈચ્છે છે, તેમ કરતાં રોકે છે. તે હમેશાં "હું" પર આવીને અટકે છે. મારા વિષે શું, મારા વિષે શું, મારા વિષે શું? આપણે આપણી ઈચ્છાઓને પૂરી થતાં જોવા એટલી હદ સુધી ટેવાયેલાં છીએ કે, એક દિવસ માટે પણ આપણી જાતને ભૂલવાનો વિચાર આપણને ડરાવી દે છે. પરંતુ જો આપણે તે પ્રમાણે પ્રયત્ન કરવાની હિંમત કરીએ, તો આપણે જે સ્વતંત્રતા અને આનંદનો અનુભવ કરીશું તેનાથી આપણને આશ્ચર્ય થશે.

મારા જીવનના મોટા ભાગના સમયે, હું દરરોજ ઊઠતી અને મારા પલંગમાં જતાં સુધી મારા પોતાના માટે જ યોજનાઓ બનાવતી. મારે જે જોઈતું હતું અને જે મારા માટે સારું હતું તેના વિષે અને હું કેવી રીતે મારી યોજનાઓમાં સહભાગી થવા મારા કુટુંબીજનો અને મિત્રોને સંમત કરીશ તેના વિષે હું વિચાર કર્યા કરતી. હું ઊઠીને આખો દિવસ મારી રીતે વિચારતી અને દરેક સમયે જ્યારે જ્યારે મેં જે વિચાર્યું હોય તેમ થતું નહિ, ત્યારે હું હતાશ થઈ જતી, ધીરજ ગુમાવી બેસતી, નિરાશ અને ગુસ્સે થતી. હું વિચારતી કે મારે જે જોઈએ છે તે મળતું નથી તેથી હું નિરાશ છું, પરંતુ હું વાસ્તવમાં નિરાશ હતી, કેમ કે મેં જે પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર્યો તેમાં બીજાઓ વિષે કોઈ જ વિચાર નહોતો, તેથી હું ખુશ નહોતી પણ નિરાશ હતી.

હવે હું શોધી રહી છું કે આનંદનું રહસ્ય તો મારું જીવન રાખી મૂકવાને બદલે આપવામાં છે ત્યારથી મારી સવાર પહેલાં કરતાં અલગ હોય છે. આ અધ્યાય લખતાં પહેલાંની સવારે મેં પ્રાર્થના કરી અને ત્યારપછી હું જેમને જાણતી હતી અને આજે જેમનાં સંપર્કમાં આવીશ, તેમના વિષે વિચાર કરવા સમય કાઢ્યો. પછી મેં રોમનો ૧૨:૧ મુજબ પ્રાર્થના કરી, જે આપણા જીવનોનું દેવને જીવતું બલિદાન કરવા વિષે જણાવે છે. જ્યારે હું જેમની સાથે કામ કરીશ કે કદાચ આજે જોઈશ તેમના વિષે વિચાર કરતી હતી, ત્યારે મેં પ્રભુને પ્રાર્થના કરી કે, પ્રભુ મને એ બતાવે કે મારે તેમને માટે શું કરવું જોઈએ. મેં મારું મન તેમને ઉત્તેજન આપવા અને તેમની પ્રશંસા કે અભિવાદન કરવામાં લગાડ્યું. ચોક્કસપણે, આપણે જે કોઈને મળીએ છીએ તેમને માટે એક સારી બાબત તો કરી જ શકીએ. આ પ્રમાણે કરવાથી આપણને આપણી પોતાની તરફથી આપણા મનોને દૂર રાખવામાં મદદ મળશે. મેં વિશ્વાસ કર્યો કે પ્રભુ દિવસભર મને દોરવણી આપશે.

જો તમે તમારી જાતને દેવને સમર્પિત કરો, જેથી તે તમારો ઉપયોગ બીજાઓને પ્રેમ અને મદદ કરવા કરે, તો હું તમને સલાહ આપું છું કે તમે આવી પ્રાર્થના કરો : "પ્રભુ, હું મારી આંખો, કાન, મોં, હાથ, પગ, હૃદય, તાલંતો, યોગ્યતાઓ, સમય અને શક્તિ તમને અર્પણ કરું છું. હું આજે જ્યાં જ્યાં જાઉં ત્યાં મને લોકોને માટે આશીર્વાદરૂપ બનાવો."

"પ્રભુ, હું મારી આંખો, કાન, મોં, હાથ, પગ, હૃદય, તાલંતો, યોગ્યતાઓ, સમય અને શક્તિ તમને અર્પણ કરું છું. હું આજે જ્યાં જ્યાં જાઉં ત્યાં મને લોકોને માટે આશીર્વાદરૂપ બનાવો."

જ્યાં સુધી તમે આ સઘળી બાબતોનો વાસ્તવિક રીતે પ્રયત્ન કરશો નહિ, તો તમને તેના આનંદનો ખ્યાલ આવશે નહિ. હું તેને "પવિત્ર દેવ" કહું છું, અને દરેક ટેવની જેમ તેનો પ્રયત્ન કરીને તેની આદત પાડવી જોઈએ. કેટલાક દિવસોમાં હું હજુ પણ મારી પોતાની જાત વિષે વિચારું છું અને મારી આ નવી ટેવ પ્રમાણે કરવાનું ભૂલી જાઉં છું, પરંતુ હું જ્યારે જીવનનો મારો આનંદ અને ઉત્કંઠા ગુમાવું છું ત્યારે તરત જ મને એ યાદ દેવડાવવામાં આવે છે કે હું માર્ગ ભટકી છું.

હું ઘણા વર્ષોથી આ પ્રમાણે જીવવાનો પ્રયત્ન કરું છું અને હજુ પણ તે એક યુદ્ધ સમાન છે. આપણું "સ્વકેન્દ્રિત જીવન" આપણા અસ્તિત્વના દરેક તંતુઓમાં ઊંડે સુધી ઊતરી ગયું છે, અને તે સરળતાથી મરણ પામતું નથી. મેં પ્રેમ વિષેનાં પુસ્તકો વાંચ્યા છે, બાઈબલ તે વિષે જે કહે છે તે પર વિચારો અને મનન કર્યું છે અને પ્રાર્થનાઓ પણ કરી છે. મેં તેના વિષે મિત્રોની સાથે વાતચીતો કરી છે, સંદેશા આપ્યા છે અને મારા વિચારોમાં તેને રાખવા માટે બનતા બધા જ પ્રયત્નો કર્યા છે. ક્યારેક જ્યારે મને એમ લાગે છે કે હું ફરીવાર સ્વાર્થી બની ગઈ છું, ત્યારે હું હતાશ થતી નથી, કેમ કે મારી જાતથી હતાશ થવામાં પણ હું મારી

પોતાની સાથે જ સંકળાયેલી છું. જ્યારે હું હારી જાઉં છું ત્યારે હું પ્રભુને વિનંતી કરું છું કે તે મને માફ કરે અને તાજગીભરી શરૂઆત કરાવે અને હું માનું છું કે એ જ સારામાં સારી રીત છે. આપણે ઘણો બધો સમય પોતાની જાતથી આપણે જે ભૂલો કરી છે તેનાથી દુઃખી થવામાં ગાળીએ છીએ અને તે સમયની બરબાદી માત્ર છે. ફક્ત દેવ જ આપણને માફી આપી શકે છે અને તે પ્રમાણે કરવા, જો આપણે પ્રભુને વિનંતી કરીએ તો પ્રભુ તે કરશે.

હા, હું દૃઢપણે માનું છું કે જગતની સમસ્યાઓનું મૂળ સ્વાર્થીપણું છે, પરંતુ જગતમાં રહીને તેનો નકાર કરવો શક્ય છે. જો તમે મારી સાથે આ પ્રેમની ક્રાંતિમાં જોડાશો, જો તમે સંપૂર્ણપણે, તમે જે રીતે જીવતા હતા તેનાથી વિપરીત, આક્રમકપણે પોતાના કરતા બીજાઓને પ્રેમ કરવાની શરૂઆત કરશો તો તમે સમસ્યાના ભાગરૂપે નહિ, પરંતુ તેના ઉકેલના ભાગરૂપ બનશો. તમે તેની શરૂઆત કરવા તૈયાર છો?



અધ્યાય

3

કંઈપણ સારૂ અકસ્માતે બનતું નથી

મારું વચન સંપૂર્ણ કરવા સંબંધી
હું જાગૃત છું.
યર્મિયા ૧:૧૨

જગતમાં ફેરફાર લાવનાર એક પણ ક્રાંતિ અકસ્માતે ઉદ્ભવી નથી. કેટલાક કિસ્સાઓમાં તો ક્રાંતિની શરૂઆત ફક્ત થોડા લોકો, જેમને ફેરફારની જરૂર હતી તેમની ચર્ચાથી થઈ. આ ઈતિહાસ સર્જનાર બનાવો સામાન્ય રીતે કે સુનિયોજીત બળવાને લીધે ઉત્પન્ન થયા, પરંતુ તે અકસ્માતે સર્જાયા નથી. તે તો ઈરાદાપૂર્વકના, સંપૂર્ણ વિચારો સાથે, ઉત્કંઠા અને બુધ્ધિમતા સાથે ઉત્પન્ન થાય. તેની શરૂઆત એટલા માટે થઈ, કેમ કે કોઈએ કંઈ કરવાની મના કરી, કોઈએ પરિસ્થિતિને ઢાંકી રહેવા દીધી, અથવા તો કોઈએ મૂર્તિમંત બનીને અન્યાય થતાં જોયા કર્યો. ક્રાંતિની શરૂઆત થઈ કેમ કે કોઈએ કામ કરવાનો નિર્ણય કર્યો.

હમણાં જ કાર્ય કરો!

આપણને કાર્યક્ષમ થવાની સૂચનાઓથી બાઈબલ ભરપૂર છે. નિષ્ક્રિય થવા કરતાં કાર્યશીલ થવાની દોરવણી સરળ છે, પરંતુ લાખો લોકો તેની અવગણના કરે છે. કદાચ તેઓ એમ વિચારે છે કે, બધું તેની મેળે સરખું થઈ જશે. એમ થશે નહિ. કંઈપણ સારું અકસ્માતે બનતું નથી. એકવાર હું તે શીખી, ત્યારથી મારું જીવન વધારે સારુ થઈ ગયું છે.

કોઈ બાબત માટે ઈચ્છા કરવી એ આપણી ઈચ્છા પ્રમાણેનાં પરિણામ લાવતું નથી, પરંતુ આપણે તેને પ્રાપ્ત કરવા માટે જે કરવું જોઈએ તે આક્રમકપણે કરવાનું જ છે. આપણને ક્યારેય એવો માણસ મળશે નહિ, જેણે તેના જીવન દરમિયાન સફળતાની ઈચ્છા રાખી હોય અને તે તેને આપમેળે જ પ્રાપ્ત થઈ હોય. આપણને એવો માણસ પણ મળશે નહિ જેણે કંઈ જ કર્યું ન હોય, છતાં તે સફળ બની ગયો હોય. પ્રેમની ક્રાંતિના ભાગ બનવા માટે પણ આ જ સિધ્ધાંત કાર્ય કરે છે. જો આપણે, જેમ ઈસુએ આપણને સૂચવ્યું છે તે રીતે લોકોને પ્રેમ કરવા માગીએ છીએ, તો આપણે તે હેતુ સાથે કરવું જોઈએ. તે કંઈ અકસ્માતે જ બનશે નહિ.

બાઈબલ આપણને કહે છે કે સદા એકબીજાનું તથા સઘળાંનું કલ્યાણ કરવાને *યત્ન* કરો (૧ થેસ્સા.૫:૧૫). *યત્ન કરવો* એ તો મજબૂત શબ્દો છે અને તેનો અર્થ છે કે ''તેની પાછળ પડવું'', ''મહેનત કરવી'', અને ''તેને દૃઢતાથી પકડી રાખવું''. જો આપણે તકોની શોધખોળ કરીશું તે આપણે ચોક્કસપણે પ્રાપ્ત કરીશું અને તે આપણને નિષ્ક્રિય અને બિનફળદ્રુપ થતાં બચાવશે. આપણે આપણી જાતને પ્રશ્ન પૂછવાનો છે કે આપણે કાર્યશીલ છીએ કે નિષ્ક્રિય? દેવ ચોક્કસ અને કાર્યશીલ છે! હું આનંદિત છુ દેવ કે કાર્યરત છે નહિ તો આપણાં જીવનોમાં સઘળી બાબતો ઉથલપાથલ થઈ ગઈ હોત. દેવે ફક્ત સૃષ્ટિ અને તેમાં આપણે જે સઘળું જોઈને આનંદ પ્રાપ્ત કરીએ છીએ, તેનું સર્જન કર્યું એટલું જ નહિ, પરંતુ તે તેને નિભાવી પણ રાખે છે, કેમ કે દેવ જાણે છે કે સારી બાબતો આપમેળે થતી નથી, પરંતુ તે તો સારા અને યોગ્ય કાર્યક્ષમ વ્યવહારનું પરિણામ છે (જુઓ હિબ્રૂ ૧:૩).

દેવે પ્રેરણા કરેલ, સમતોલ કાર્યો આપણને નિષ્ક્રિય થતાં અટકાવે છે અને એમ આપણું રક્ષણ કરે છે. કાર્યરત રહીને સારી અને યોગ્ય બાબતો કરવાથી આપણે ખોટી બાબતો કરતાં બચી જઈશું. એમ લાગે છે કે, ખોટું કરવા માટે આપણે મહેનત કરવી પડતી નથી; આપણો સ્વભાવ જો આપણે સારૂ કરવાની પસંદગી ન કરીએ તો આપણને ખોટું કરવા દોરવણી આપે છે.

ઉદાહરણ તરીકે, આપણે રોગ કે બિમારીની પસંદગી કરવાની નથી, આપણે તેની આસપાસ રહીશું તો તે આપણને લાગવાનો જ છે. પરંતુ આપણે તંદુરસ્તીની પસંદગી કરવાની છે. તંદુરસ્ત રહેવા માટે મારે સતત સારી કસરત કરવાની, યોગ્ય ખોરાક અને પોષણ તથા પૂરતી ઊંઘ લેવાની જરૂર છે. મારે ચિંતા કરવાની કે હતાશ થવાનું જ નથી, કેમ કે હું જાણું છું કે તેને લીધે હું થાકી જઈશ અને કદાચ બીજી શારીરિક બાબતો ઉદ્ભવશે. તંદુરસ્ત રહેવા માટે મારે ચોક્કસપણે મારી તંદુરસ્તી માટે કાર્યરત રહેવાનું જ છે, પરંતુ હું જો તેમ ન કરું તો બિમાર પડી જઈશ.

દેહ (શરીર) આળસુ છે

પાઉલ પ્રેરિત શીખવે છે કે દેહ તો આળસુ, લાલસાથી ભરેલ અને ઘણી પાપી બાબતો માટે ઈચ્છા કરે છે (જુઓ રોમનો ૧૩:૧૪). પ્રભુનો આભાર માનીએ કે આપણે દેહ કરતાં

વિશેષ છીએ. આપણને આત્મા પણ છે અને ખ્રિસ્તી વ્યક્તિના આ આત્મિક ભાગમાં દેવ નિવાસ કરે છે. દેવ ભલા છે અને તે આપણામાં રહે છે તે એક વાસ્તવિક્તા છે. તેનો અર્થ એ કે આપણામાં પણ ભલાઈ છે. આપણા આત્મા દ્વારા આપણે આપણા દેહ પર અધિકાર ચલાવી શકીએ છીએ અને તેને શિસ્તમાં રાખી શકીએ છીએ, પરંતુ તેને માટે પ્રયત્નોની જરૂર પડે છે. તેને માટે પવિત્ર આત્મા, જે આપણને દૃઢ કરે છે અને સારી બાબતો કરવા સક્ષમ બનાવે છે તેમની સાથે સંગતની જરૂર પડે છે. પાઉલ જણાવે છે કે, આપણે દેહને માટે યત્ન કરવો જોઈએ નહિ અને હું માનું છું કે આપણે તેને માટે કશું જ કરતા નથી, અને એમ આપણે તેને યત્ન કરીએ છીએ.

કંઈ પણ ન કરવું એક બંધન સમાન છે, આપણે કંઈ જ કરીશું નહિ, તો આપણને તે વધારે કરવાની ઈચ્છા થશે. હું ચોક્કસપણે કહી શકું કે તમે આખો દિવસ ઘરમાં પલંગ પર પડ્યા રહેવાનો અનુભવ કર્યો હશે અને જેટલું વધારે તમે પડી રહ્યા હશો, તેટલું વિશેષ અઘરું તમને ઊઠવાનું લાગ્યું હશે. જ્યારે તમે ઊભા થાઓ છો ત્યારે તમને બધું અક્કડ અને થાકેલા હોય તેવો અનુભવ થાય છે, પરંતુ તમે તમારી જાતને કાર્ય કરવા દબાણ કરો છો ત્યારે તમારામાં ફરીથી તાકાત આવે છે.

આજે હું ખૂબ થાકેલા મનોભાવ સાથે ઊઠી. મેં આખું અઠવાડિયું કૉન્ફરન્સમાં ખૂબ મહેનત કરી અને હજુ પણ મને થાકનો અનુભવ થાય છે. ઉપરાંત, જેના વિષે મેં આશા રાખી હતી તેને માટે વ્યક્તિગત હતાશાનો અનુભવ થયો, મને થયું કે આખો દિવસ પલંગમાં પડ્યા રહેવું અને હું મારી જાત માટે દિલગીર હતી, પરંતુ મને તે પ્રમાણે કરવાનો વર્ષોનો અનુભવ છે, તેથી તે મને ફળ વિનાનું લાગ્યું, મેં બીજી એક પસંદગી કરવાનો નિર્ણય કર્યો. મેં નિર્ણય કર્યો કે હું આ અધ્યાય લખીશ. એ તો મારા દેહની વિરૂધ્ધમાં મારી લડાઈ હતી! જેટલું વિશેષ મેં લખ્યું, તેટલું વિશેષ મને સારૂ લાગવા માંડ્યું.

જ્યારે આપણો દેહ આપણને આળસની અનુભૂતિ કરાવે છે ત્યારે એવી પરિસ્થિતિઓમાં આપણે દેવની પાસે મદદ માગીને નિષ્ક્રિય બેસી રહેવા કરતાં કાર્યરત બનવાના નિર્ણયો લઈને તેની વિરૂધ્ધ જય પ્રાપ્ત કરી શકીએ છીએ. અને જ્યારે આગળ વધીને આપણા નિર્ણયો પ્રમાણે કાર્ય કરીએ છીએ, ત્યારે આપણને લાગશે કે આપણી લાગણીઓ તેની સાથે સુસંગત છે. દેવે આવા દિવસોને માટે જ મને શિસ્ત અને સ્વ-અંકુશનો આત્મા આપ્યો છે, પરંતુ તેણે મને જે આપ્યું છે તેનો ઉપયોગ કરવાનું કે મારા દેહ પ્રમાણે ચાલવાનું તો મારા હાથમાં છે.

પાઉલ ''સાંસારિક ખ્રિસ્તીઓ'' વિષે પણ જણાવે છે, તેઓ એવા લોકો છે જેઓ ઈસુ ખ્રિસ્તને તેમનાં તારનાર તરીકે સ્વીકારે તો છે જ, પરંતુ ક્યારેય પવિત્ર આત્માને આત્મિક પુખ્તતાનો વિકાસ કરવા કાર્ય કરવા દેતા નથી. ૧ કરિંથી ૩:૧૩ માં પાઉલે ખ્રિસ્તીઓને કહ્યું કે, ''તેણે તેમની સાથે સાંસારિકોની સાથે વાત કરવી પડે તે રીતે તેમની સાથે વાત કરે છે. તે તેમને કઠણ બાબતો શીખવી શક્યો હોત, પરંતુ તેઓ તો 'દૂધ જેવા સંદેશાઓ' પર જ

અટક્યા હતા.'' તેણે તેમને કહ્યું કે, તેઓ આધ્યાત્મિક નહોત, કેમ કે તેઓ તેમની સામાન્ય બાબતો અને લાગણીઓને આધિન હતા. શું તમે આવી બાબતોને તમારી પર અંકુશ રાખવા દો છો? આજે મારું આવી બાબતો દ્વારા ખૂબ જ પરીક્ષણ થયું અને પ્રામાણિકપણે કહું તો મારે કદાચ આખો દિવસ તે પરીક્ષણનો કાર્યરત રહીને, જે કાર્યક્ષમતા સારાં ફળ ઉપજાવે છે, તેના દ્વારા પ્રતિકાર કરવાનો છે. હું મારી લાગણીઓને સ્થાન આપી શકું નહિ, કેમ કે મારી પાસે વેડફવા માટે એક પણ દિવસ નથી.

નિષ્ક્રિયતાનો કોઈ બદલો નથી

આપણામાંનાં કોઈપણ વ્યક્તિને નિષ્ક્રિય બેસી રહેવાનું પોસાય તેમ નથી. દેવ નિષ્ક્રિયતાનો કોઈ બદલો આપતા નથી. નિષ્ક્રિય લોકો તેમની મુક્ત ઈચ્છાનો જે સારું છે અને તેઓ જાણે કે તે સારું છે તેને માટે ઉપયોગ કરતા નથી. તેને બદલે, તેઓ કંઈ કરવાની લાગણીની રાહ જુએ છે અથવા કોઈ બહારની ભેદી તાકાતની રાહ જુએ છે. તેઓ ઈચ્છા રાખે છે કે કંઈ સારું થાય, ખાસ કરીને તેમના માટે સારુ થાય, અને તેઓ કંઈ પણ ન કરવા સમર્પિત છે. દેવ આવા વલણને સમર્થન આપતા નથી, તે તો ખૂબ ભયજનક છે.

કંઈ ન કરવાનો નિર્ણય પણ એક નિર્ણય જ છે અને તે આપણને નબળા અને નબળા બનાવે છે. તે તો શેતાનને આપણો વધુને વધુ અધિકાર આપે છે. ખાલી જગ્યા પણ જગ્યા તો છે જ, અને દેવનું વચન શીખવે છે કે જો શેતાન આવશે અને ખાલી જગ્યા જોશે તો તરત તેને ભરી દેશે (માથ્થી ૧૨:૪૩-૪૪). નિષ્ક્રિયતા બતાવે છે કે આપણે એવા કરારમાં છીએ, જેમાં જે કંઈપણ થઈ રહ્યું છે, તેને આપણે સમર્થન આપીએ છીએ. જો આપણે તેને બદલવા કંઈપણ કરતા નથી, તો આપણે જે કંઈ બની રહ્યું છે તે સારુ છે એમ વિચારવું જ પડશે.

કંઈક કરો

અમે અલગ અલગ લોકોને અમારી સાથે મિશન કાર્યમાં જરૂરિયાતમંદ લોકોને મદદ અને તેમની સેવા કરવા લઈ ગયા છીએ, પરંતુ તે સઘળા એક જ પ્રતિભાવ આપતા નથી. જ્યારે તેઓ આફ્રિકા, ભારત કે જગતના બીજા ભાગોમાં લોકોને વિપરીત પરિસ્થિતિઓમાં જુએ છે ત્યારે તેમને દયા આવે છે. ઘણા રડે છે; મોટા ભાગના તેમનાં માથાં હલાવીને કહે છે કે આ પરિસ્થિતિઓ ખરેખર વિપરીત છે, પરંતુ તેઓ સઘળા તે પરિસ્થિતિઓને બદલવાનો નિર્ણય લેતા નથી. ઘણા પ્રભુને કંઈ કરવા માટે પ્રાર્થના કરે છે અને આનંદ કરે છે કે અમારી સેવા સંસ્થા કંઈક કરી રહી છે, છતાં તેઓ પોતે કંઈક કરી શકે છે તેને વિષે ક્યારેય વિચાર કરતા નથી. હું એ કહેવાનું સાહસ કરું છું કે તેમાંના ઘણા ઘરે પાછા જતા રહે છે, તેમનાં પોતાનાં જીવનોમાં ફરી એક વાર વ્યસ્ત બની જાય છે અને તેમણે જે જોયું હતું તેને તરત

ભૂલી જાય છે. પરંતુ પ્રભુનો આભાર માનું છું કે કેટલાક એવા છે, જેઓ બદલાણ લાવવાનો માર્ગ શોધે છે. યાદ રાખો : નિષ્ક્રિયતા બહાના શોધે છે, પરંતુ પ્રેમ માર્ગ શોધે છે. દરેક વ્યક્તિ કંઈ કરી શકે છે.

યાદ રાખો : નિષ્ક્રિયતા બહાના શોધે છે, પરંતુ પ્રેમ માર્ગ શોધે છે. દરેક વ્યક્તિ કંઈ કરી શકે છે.

મને યાદ છે કે એક સ્ત્રીએ નિર્ણય કર્યો કે તેણે કોઈપણ રીતે કોઈને મદદ કરવી જ છે. થોડા સમય માટે તો તેને ખબર પડી જ નહિ કે તેણે શું કરવું જોઈએ, કેમ કે તેની પાસે વધારાના નાણાં નહોતા અને તે મિશન ક્ષેત્રમાં જઈને રહી શકે એવું પણ શક્ય નહોતું. પરંતુ તેણે તે પરિસ્થિતિ માટે સતત પ્રાર્થના કરી, દેવે તેની પાસે જે નહોતું તે નહિ, પરંતુ જે હતું તે જોવા માટે ઉત્તેજન આપ્યું. તેને ભાન થયું કે તે ખૂબ સારી રીતે કેક અને બિસ્કીટ બનાવી શકતી હતી. તેથી તેણે તેના પાળકને કહ્યું કે તે અઠવાડિયા દરમિયાન રાંધીને તેણે બનાવેલી વસ્તુઓ રવિવારે પ્રભુમંદિર છૂટ્યા પછી વેચે જેથી જે નાણાં મળે તે મિશન કાર્યને અર્થે મોકલવામાં આવે. તે દ્વારા તેના પોતાના માટે અને મંડળીનાં બીજા સભ્યોને માટે મિશનકાર્યમાં સહભાગી થવાનો એક માર્ગ બની ગયો અને તેના દ્વારા કોઈના માટે મદદરૂપ થવાનું કાર્ય પણ બની ગયું.

હું એવી પણ એક સ્ત્રી વિષે જાણું છું, જે કંઈક કરવા માટે એટલી સાહસી હતી કે અનાથોને મદદ કરવા માટે તેણે તેના સુંદર લાંબા વાળ કપાવીને વેચ્યા. આ કદાચ મૂળભુત રીતે અજુગતું લાગે, પરંતુ હું ચોક્કસપણે કહું છું કે કંઈ ન કરવું તેના કરતાં આ ઘણું જ ઉત્તમ કહી શકાય. કંઈ જ ન કરવું એ ભયજનક છે, કેમ કે તે આપણા જીવનોને બિનકાર્યક્ષમ બનાવવા શેતાન માટે દ્વાર ઉઘાડે છે.

એક બીજી સ્ત્રીનું મેં ઈન્ટરવ્યુ લીધું હતું, તે એક મસાજ થેરાપીસ્ટ હતી અને મેં એક કૉન્ફરન્સમાં જરૂરિયાતમંદ લોકો વિષે કહ્યું હતું, તેમાં તેણે ભાગ લીધો હતો, અને તેણે એક ખાસ દિવસ નક્કી કર્યો જેના નાણાં તે ગરીબ લોકોને મદદ માટે મોકલી શકે. તેણે મિશન કાર્યને માટે એક હજાર ડૉલર એકઠા કર્યા અને સાક્ષી પૂરી કે તેણે જે દિવસ આપવા માટે નક્કી કર્યો તે તેના માટે તથા તેના ક્લિનિક પર આવનાર દરેક માટે જીવન બદલી નાખનાર હતો. તેણે જણાવ્યું કે બધાએ સાથે મળીને ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરી તે ખૂબ ઉત્તેજનાત્મક હતું.

આપણ દરેકને પ્રેમની જરૂર છે, પરંતુ હું માનું છું કે આપણો વ્યક્તિગત આનંદ તો બીજાઓને પ્રેમ કરવામાં છે. જ્યારે આપણે આપીએ છીએ ત્યારે કંઈક સુંદર બાબત આપણા હૃદયમાં બને છે.

નિષ્ક્રિયતા દુશ્મનને આમંત્રણ આપે છે

પલંગ પર રહ્યા રહેવું અથવા આરામખુરશીમાં આરામથી અઢેલીને પ્રભુને જેની જરૂર છે તે સઘળી બાબતોની સંભાળ રાખવાની પ્રાર્થના કરવી સરળ છે, પરંતુ તે આપણને આળસુ અને બિનફળદ્રુપ તથા શેતાનના હુમલાઓ માટે ખુલ્લાં કરી દેશે. જો આપણાં મન સારા વિચારોથી ખાલી હશે તો શેતાન સહેલાઈથી તેને ખરાબ વિચારોથી ભરી દેશે. જો આપણે આળસુ અને નિષ્ક્રિય હોઈશું, તો તે સરળતાથી ખોટું તેમ જ પાપરૂપી બાબતો કરવા આપણું પરીક્ષણ કરશે. બાઈબલ આપણને કાર્યરત થવા માટે જણાવે છે, કેમ કે તેનાથી આપણે આળસુ થતાં અટકીશું. જો આપણે બીજાઓ માટે કંઈ કરી શકીએ તેને માટે આક્રમક્તાથી વિચાર કરીશું, તો આપણાં મનમાં ખરાબ અને ખોટાં વિચારો માટે સ્થાન રહેશે નહિ.

આળસુ લોકો સરળતાથી હતાશ અને નિરાશ થાય છે તથા સ્વદયાની આશા રાખે છે. તેઓ સર્વ પ્રકારનાં પાપમાં પડે છે. પાઉલ પ્રેરિતે પણ કહ્યું કે જો જુવાન સ્ત્રી વિધવા થાય તો તેણે ફરીથી લગ્ન કરવું, નહિ તો તેનામાં વિષયવાસના ઉત્પન્ન થાય છે (જુઓ ૧ તિમોથી ૫:૧૧-૧૫). પાઉલ વાસ્તવિક બાબત જણાવતાં કહે છે કે કેટલીક જુવાન વિધવાઓ આળસુ હોવાને લીધે શેતાન તરફ વળી ગઈ છે. કાર્યરત રહેવું કેટલું અગત્યનું છે? હું માનું છું કે પાઉલના લખાણો તેની સાક્ષી પૂરે છે કે તે કેટલું અગત્યનું છે.

દેવ પોતે આપણને તેમનાં વચનોમાં નિષ્ક્રિય અને આળસુ ન થવા ઉત્તેજન આપે છે. જૂના કરારના સમયમાં, જ્યારે કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે તેનાં ઘરના વ્યક્તિઓને ચાળીસ દિવસ સુધી જ શોક કરવાની અનુમતિ હતી (જુઓ પુન.૩૪:૮). પ્રથમ નજરે આ અજુગતું લાગે, પરંતુ દેવે આ નિયમ બનાવ્યો, કેમ કે તેમને ખબર હતી કે લાંબા સમય સુધી શોક કરવાથી અને આળસુ બનીને બેસી રહેવાથી ગંભીર સમસ્યાઓ સર્જાઈ શકે છે.

આપણે કાર્યરત રહેવાનું જ છે - એટલા બધા કાર્યરત નહિ કે આપણને બીજી સમસ્યાઓ થાય - પરંતુ એટલી હદ સુધી કાર્યરત રહેવું જોઈએ, જેથી આપણે સાચી દિશામાં આગળ વધી શકીએ. સમતુલા હોવી એ અગત્યનું છે. આપણે આપણો બધો જ સમય બીજાઓને મદદ કરવામાં ન આપી શકીએ, પરંતુ બીજી બાજુ, કંઈ જ કરીએ નહિ, તો મોટી સમસ્યાઓ સર્જાય છે. જો તમે એવી કોઈ વ્યક્તિ વિષે વિચાર કરશો કે જે નિષ્ક્રિય, આળસુ અને બિનકાર્યરત છે, તો કદાચ તમને ખ્યાલ આવશે કે તેઓ ખૂબ જ દુઃખી છે, કેમ કે નિષ્ક્રિયતા અને આનંદની અછત બંને સાથે રહેનારી બાબત છે.

કેટલાક વર્ષો પહેલાં મારા કાકીને એક એવી જગ્યાએ રહેવાની જરૂર પડી કે જ્યાં બધી મદદ અને સગવડ મળી રહે. પ્રથમ ત્રણ કે ચાર વર્ષો તેમણે કંઈ કરવા ચાહ્યું નહિ. તે ખૂબ ઉદાસ હતા અને તેમને માટે પ્રાપ્ય એવા નવા જીવનનાં ભાગીદાર બનવાની તેમની ઈચ્છા નહોતી. જો કે બીજાઓને મદદ કરવા માટે તેમની પાસે ઘણી તકો ઉપલબ્ધ હતી, છતાં તેમણે કંઈ જ કહ્યું નહિ. થોડા દિવસો પછી તે તેમના એપાર્ટમેન્ટમાં નિરાશ બેઠા હતા.

તેમને શારીરિક તકલીફો થઈ અને તેની સાથે જીવવું જાણે કે કઠીન હતું. છેલ્લે તેમણે એક નિર્ણય કર્યો કે તે નિષ્ક્રિય બેસી રહેશે નહિ, અને તે બાઈબલ અભ્યાસમાં ભાગીદાર થયા તેમ જ બાજુના નર્સીંગ હોમનાં દરદીઓની મુલાકાત લેવા લાગ્યા. તે રમતો રમવા લાગ્યા, મિજબાનીઓમાં જવા લાગ્યા અને ઘણા બધા મિત્રો બનાવ્યા. ખૂબ ઝડપથી તે મને કહેતા હતા કે તે પહેલાં કરતાં તેમના જીવનમાં વધારે ખુશ હતા અને તેમને શરીરમાં પણ સારું લાગતું હતું.

નિષ્ક્રિય વ્યક્તિની પરિસ્થિતિઓ તેની નિષ્ક્રિતા તેના જીવનના દરેક ક્ષેત્રને અસર કરે ત્યાં સુધી ખરાબથી વધુ વિપરીત બને છે. તે નિષ્ક્રિયતાથી પોતાની જાતને તથા વાતાવરણ અને પરિસ્થિતિઓથી એકથી બીજી તરફ અફળાય છે. તેની લાગણીઓ દ્વારા તે ઘેરાય છે, અને તે કંઈ જ કરવાનું ઈચ્છતો નથી, તેથી જ્યારે તેના જીવનમાં પડતી આવે છે ત્યારે તે ફરિયાદો કરે છે. તે ઘણી બધી બાબતો કરવા માગે છે, પરંતુ તે ન વર્ણવી શકાય તેવી લાગણીઓના ભાર તળે દબાયેલો છે. તેને આળસુપણાની લાગણી થાય છે અને તેની પાસે કોઈ સર્જનાત્મક ખ્યાલો નથી. તે એમ વિચારવા લાગે છે કે તેના શરીરમાં કંઈ ખરાબી છે અને તેથી તેને તાકાતની અછત લાગે છે. તેને માટે જીવન પરંપરા અને ન વર્ણવી શકાય તેવી સમસ્યાઓ બની ગયું છે.

આપણે હારનો સામનો કરીએ, હતાશ થઈએ કે જ્યારે દુઃખો આવે છે ત્યારે ઘણીવાર આપણે નિષ્ક્રિય બની જઈએ છીએ, આવી બાબતો વિષે આ અધ્યાયના અંતમાં હું જણાવીશ. જ્યારે આવી બાબતો થાય છે, ત્યારે આપણે હાર માની લઈએ છીએ, પરંતુ જ્યારે આપણે તે પ્રમાણે કરીએ છીએ ત્યારે શેતાન તે પરિસ્થિતિઓનો લાભ લેવા આતુર હોય છે. આપણે કોઈપણ રીતે નિષ્ક્રિયતા દ્વારા શેતાનને આપણા જીવનોમાં અનુમતિ આપી શકીએ નહિ.

કાર્યરત થવાથી હું ખરાબ દિવસની સામે લડી શકું છું

જ્યારે હું આજે મારા "ખરાબ દિવસ"નો સામનો કરતી હોઉં છું, ત્યારે આ જગતનાં લાખો લોકો એવા હશે જેમને મારો દિવસ તેઓ જેનો સામનો કરી રહ્યા છે તેની સરખામણીએ મિજબાની જેવો લાગતો હશે. બે દાયકાથી વિશેષ પૂર્વીય આફ્રિકામાં એક લશ્કર જે બળવો કરે છે તે બાળકોને જબરદસ્તીથી ગોરીલા લશ્કરમાં સૈનિક બનાવે છે અને પોતાને દેવનું પ્રતિકાર કરનાર લશ્કર તરીકે ઓળખાવે છે. આ ગોરીલાઓ યુગાન્ડાના ઉત્તરી ભાગમાં આતંક ફેલાવે છે, તેઓ સાત વર્ષનાં બાળકોનું અપહરણ કરે છે અને તેમને સૈનિક અથવા જાતિય કાર્યોમાં ગુલામો બનાવે છે અને બીજા એવાં કાર્યો કરવા દબાણ કરે છે. કેટલાક આંકડા જણાવે છે કે લગભગ ત્રીસથી ચાળીસ હજાર બાળકોને આ રીતે પકડવામાં આવ્યા છે. સત્તા પરની સરકારની વિરૂધ્ધમાં બળવો પોકારવાની સાથે જેની શરૂઆત થઈ તે તો હવે એક કમાન્ડર જે નિર્દોષ લોકોની હત્યા કરે છે અને છતાં દાવો કરે છે કે તે દસ આજ્ઞાઓ પ્રમાણેનો સમાજ બનાવવા માગે છે તેમાં ફેરવાઈ ગઈ છે જ્યારે તે પોતે જ તેમાંની બધી આજ્ઞાઓ તોડે છે.

આ માણસ, જોસેફ કોની, એક કેથોલિક વેદીની સેવા કરનાર છોકરો હતો. હવે તે જૂના કરારને કુરાન તથા બીજી પરંપરાગત વિધિઓ સાથે ભેળસેળ કરીને તેનો પોતાનો સિધ્ધાંત બનાવે છે. તેની યુક્તિઓ અમાનુષી અને પાશવી છે. આ લખાણ સમયે એક રક્ષક ટુકડીએ ઘણા બાળકોને છોડાવ્યા, પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં બાળકોના માતાપિતાઓની કતલ કરવામાં આવી છે, તેથી તેમની પાસે પાછા ફરવા ઘર નથી. મોટા ભાગના બાળકોને ડ્રગ્સ લેવા દબાણ કરવામાં આવ્યું હતું, તેથી હાલમાં તેઓ તેના બંધાણી થઈ ચૂક્યા છે. તેમને ગુનાખોરીના કાર્યો કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું, જે પુખ્ત વયનાંઓ માટે કલ્પી ન શકાય તેવા ગુના છે. જુવાન બાળકોને તેમનાં આખા કુટુંબની હત્યા કરવા દબાણ કરવામાં આવ્યું હતું. હવે તેઓ શું કરી શકે? તેઓ રોડ પર ભટકતા ફરે અને તેમણે જે કર્યું છે તેને ભૂલવાનો પ્રયત્ન કરે. તેમને મદદની જરૂર છે અને હું આજે પ્રાર્થના કરીને દેવને કહી શકું કે મારો ઉપયોગ કરો. હું હેતુપૂર્વક મારા મનને મારી સમસ્યાઓથી દૂર કરીને આવા લોકો, જેમના વિષે મેં હમણાં વાત કરી, જેમને ખરેખર મદદની જરૂર છે તેમના વિષે વિચાર કરી શકું.

જ્યારે મને યુગાન્ડા જવાનો લ્હાવો પ્રાપ્ત થયો ત્યારે મેં લોકોના ચહેરાઓ પર જે આશાહીનતા જોઈ, તેને હું યાદ કરી શકું છું અને હું નિયમિતપણે તેમને મદદ મોકલવા મારાથી બનતા પ્રયત્નો કરી શકું છું. જ્યારે હું પહેલા ત્યાં પહોંચી અને જે ગુસ્સો મેં તેમના ચહેરાઓ પર જોયો તેને હું હાસ્યમાં પરિવર્તિત કરવાનો પ્રયત્ન કરી શકું. હું એ કલ્પના કરી શકું કે જ્યારે અમે તેમના માટે એક નવું ગામ બાંધવા મદદ કરીશું, જ્યાં તેઓ તેમને દત્તક લેનાર માતાપિતા સાથે, સારા ભોજન, પ્રેમ, શિક્ષણ અને ઈસુના યોગ્ય શિક્ષણ અને તેમનાં જીવનો માટે તેની યોજનાઓ વિષે જાણી શકે, ત્યારે તેમનાં જીવનો કેવાં થશે!

બાળક સૈનિક

"પ્રભુ, મહેરબાની કરીને હવે વધારે ખૂન નહિ. આજે નહિ. હું વધારે જોઈ શકતો નથી." આવી એક પ્રાર્થના કરવામાં આવી.

દૂર એલેન ચીસો અને બંદુકની ગોળીઓ દ્વારા વીંધાતા શરીરનો અવાજ અને જે આતંક તેને મારી રહ્યો હતો તેનો અવાજ સાંભળી શકતો હતો. તે આ અવાજને સારી રીતે જાણે છે. તે કેવી રીતે ભૂલી શકે? આ એ જ અવાજો છે જે તેણે અગાઉ જ્યારે સૈનિકોએ તેના ગામને ઘેરી લીધું અને તેના માતાપિતાને બંદી બનાવ્યા તેમ જ મરણ પામતાં સુધી તેમને માર્યા અને બીજા બંદીવાનો સાથે પણ આવો જ વ્યવહાર કર્યો.

તે ભયાનક દિવસે, બળવાખોરોએ એલેનને છોડી દીધો. પરંતુ અઠવાડિયાઓ સુધી બીજા પાંચ છોકરાઓની સાથે ઝાડવાંઓમાં છુપાયેલો અને જમીન પર ખોરાક અને પાણી વગર તે હતો, ત્યારે બળવાખોરોએ તેને શોધી કાઢ્યો. એલેન ફક્ત દસ વર્ષનો જ હતો.

તેને બંદીવાન કરવામાં આવ્યો ત્યારથી તેને દિવસમાં બે કે ત્રણ વખત મારવામાં આવતો અને ખૂબ ઓછો ખોરાક અને પાણી આપવામાં આવતા. એક બળવાખોર સૈનિકે તેની તરફ ગુસ્સાભરેલા અવાજથી ફરીને એલેનને કહ્યું, *"ઊભો થા છોકરા, આ તારા મિત્રોને મરતા જોવાનો સમય છે."* તેને કોઈપણ મદદ વિના, જ્યારે સૈનિકો તેના મિત્રોને જ્યાં સુધી તેઓ લોહીનાં ખાબોચિયાથી ભરાઈ ગયા નહિ ત્યાં સુધી તેમના માથામાં મારતા હતા એ દશ્ય જોવાની ફરજ પાડવામાં આવી. મરણની ધમકીઓ હેઠળ, બળવાખોરોએ તેને પણ ભયાનક ભૂંડા કામ કરવાની ફરજ પાડી. તેનું હૃદય જાણે કે અંધકારમાં ઊંઘી ગયું હતું...

આજે રાત્રે, જ્યારે એલેનને સળગાવવા માટે લાકડાં એકઠા કરવા મોકલવામાં આવ્યો ત્યારે તે નાસી છૂટવાની યોજના બનાવે છે. તે ખૂબ જ દોડશે... તે ત્યાં સુધી દોડશે જ્યાં સુધી તે થાકીને પડી ન જાય. તેનું સ્વપ્ન તો સ્વતંત્રતા છે અને જો કદાચ તે દૂર દોડી શકશે તો તે એકાદ દિવસ ખૂન વગર જીવી શકશે અને કદાચ સાજો થવાની શરૂઆત પણ થશે.

એલેન હાલમાં યુગાન્ડાના એક નવા ગામ ગુલુમાં રહે છે, જે આવાં બાળક સૈનિકો માટે ઘર તરીકે નિર્માણ કરવામાં આવ્યું છે. જોયસ મેયર મિનિસ્ટ્રી, વાટોટો મિનિસ્ટ્રીની સાથે ભાગીદારીમાં આવાં અસરગ્રસ્ત બાળકોને મદદરૂપ થવા આ ગામનો વિકાસ કરી રહી છે.

આંકડાઓ જણાવે છે :

- દેવું પ્રતિકાર કરનાર લશ્કરે (એલ.આર.એ. Lords Resistance Army) ત્રીસ હજાર જેટલાં બાળકોને સૈનિકો તરીકે અથવા જાતિય કાર્યોના ગુલામ બનાવીને યુગાન્ડામાં બંદી બનાવ્યા છે.
- ૨૦૦૭ સુધીમાં, આ સંખ્યા લગભગ ૨,૫૦,૦૦૦ બાળક સૈનિક દુનિયાભરમાં હશે.

જ્યારે હું વિચારતી હતી કે જો હું આખો દિવસ ઉકરડામાં હોઉં, તો ત્યારે મને કેટલાક મિત્રો તરફથી ઈ-મેઈલ પ્રાપ્ત થયો, જેઓ દેવની સેવામાં લગભગ પચીસ વર્ષથી વધારે સમયથી છે. એ તો તેમના બાવીસ વર્ષના દીકરાની માહિતી દર્શાવતો ઈ-મેઈલ હતો, જે ગંભીર પરિસ્થિતિમાં હતો અને તેને થાઈરૉઈડનું કેન્સર હતું. જો હું મારા સિવાય બીજી બાબતો તરફ દૃષ્ટિ કરું તો મને ભાન થાય છે કે મારી સમસ્યાઓ ઓછી છે અને હું મને મળેલા આશીર્વાદો માટે પ્રભુનો આભાર માનું છું.

જ્યારે હું વિચારું છું ત્યારે મને આશ્ચર્ય થાય છે કે આપણે જે વિચારીએ છીએ તેની સાથે આપણી સમસ્યાઓ કેવી રીતે સુસંગત છે. જ્યાં સુધી મેં જે વિચાર્યું હોય છે અને મારે જે

જોઈએ છે તે નથી મળતું, ત્યાં સુધી મારો મનોભાવ હતાશા, હતાશા અને હતાશા જ અનુભવે છે. પરંતુ જ્યારે હું મારી પાસે જે છે તેના વિષે તેમ જ બીજા લોકો જે દુઃખોનો સામનો કરી રહ્યા છે તેના વિષે વિચાર કરું છું, ત્યારે મને ભાન થાય છે કે વાસ્તવમાં તો મારી કોઈ સમસ્યા છે જ નહિ. હતાશ થવાને બદલે હું આભારી બની શકું છું!

હું અનંતકાળ સુધી આભારી છું કે દેવ મને યાદ કરાવે છે કે હું કાર્યરત રહું, સારા કાર્યો કરું, કેમ કે યાદ રાખો : આપણે ભલાથી ભૂંડાનો પરાજય કરીએ છીએ (જુઓ રોમનો ૧૨:૨૧). શું કોઈએ તમારી સાથે ગેરવર્તન કર્યું છે? શા માટે તેમના માટે પ્રાર્થના કરવી નહિ? તેનાથી તમને સારું લાગશે. શું તમે નિરાશ છો? દેવ પાસે માગો કે તે તમને તમારા કરતાં વધુ નિરાશ લોકો બતાવે અને તમે તેમને ઉત્તેજન આપવાનો પ્રયત્ન કરો.

જગત હરેક સમયે આક્રમક થતું જાય છે. હું લખી રહી છું ત્યારે - મને બીજો એક સંદેશ મળ્યો - એક લેખિત સંદેશ જે જણાવે છે કે બીજા એક શહેરમાં એક પ્રભુમંદિરમાં ગઈકાલે રાત્રે અંધાધૂંધ ગોળીબાર થયો. બે મૃત્યુ પામ્યા છે અને પાંચને ઈજાઓ થઈ છે. મને માથ્થી ૨૪ માં બાઈબલ જે કહે છે તે યાદ કરાવવામાં આવે છે, જે અંત સમય વિષે જણાવે છે અને કહે છે કે આવી આક્રમક્તા અને વંટોળમાં ઘણાખરાનો પ્રેમ ઠંડો થઈ જશે. આપણે તેની વિરૂધ્ધમાં લડી રહ્યા છીએ. આપણે પ્રેમને અદશ્ય થવા દઈ શકીએ નહિ, કેમ કે જો આપણે તેમ કરીશું તો આપણે આ ગ્રહને ભૂંડાઈને સોંપી દઈશું.

જ્યારે મેં મંડળીમાં ગોળીબાર વિષે સાંભળ્યું ત્યારે હું એમ કહી શકી હોત, ''ઓહ, તે ખરેખર દુઃખદ છે.'' હું થોડી ક્ષણો માટે દુઃખની લાગણી અનુભવીને ફરીથી મારી પોતાની હતાશા તરફ પાછી વળી શકી હોત. પરંતુ મેં તેમ કર્યું નહિ, કેમ કે હું એવા વલણ સાથે જીવવા માગતી નથી. મેં તે દુઃખદ બાબત વિષે સાંભળ્યું પછી મેં થોડો સમય વિચાર કર્યો અને મારા દીકરાને એમ કહેવાનો નિર્ણય કર્યો કે તે ત્યાંના પાળકને ફોન કરે અને પૂછે કે અમે તેમના માટે શું કરી શકીએ. કદાચ જે કુટુંબીજનોએ તેમનાં સ્વજનો ગુમાવ્યા છે તેમને કશાની જરૂર હોય અથવા તેમને કદાચ જાણ થાય કે કોઈ તેમને મદદ કરવા તૈયાર છે.

ઘણીવાર આપણે દુઃખદ સમયોમાંથી પસાર થઈએ છીએ અને કોઈ ફોન પણ નથી કરતું, ત્યારે મને આશ્ચર્ય થાય છે. હું માનું છું કે લોકો એમ માને છે કે કોઈ કંઈક કરશે, પરંતુ કોઈ કશું જ કરતું નથી.

આ કઈ ફરજ (કાર્ય) છે?

આ એક વાત, જે મેં થોડા વર્ષો પહેલાં સાંભળી, એ તો ચાર વ્યક્તિઓ, બધા વ્યક્તિ કોઈ એક વ્યક્તિ, કોઈપણ વ્યક્તિ અને કોઈ નહિ, એવા વ્યક્તિઓ વિષેની હતી. એક મહત્વનું કાર્ય હતું અને બધા એ વિષે ચોક્કસ હતા કે કોઈક વ્યક્તિ તે કાર્ય કરશે. કોઈપણ વ્યક્તિ તે કરી શક્યું હોત, પરંતુ કોઈએ તે કર્યું નહિ. કોઈ એક વ્યક્તિ ગુસ્સે થઈ ગઈ, કેમ કે તે બધા

વ્યક્તિનું કાર્ય હતું. બધાએ વિચાર્યું કે કોઈપણ વ્યક્તિ તે કાર્ય કરી શક્યું હોત, પરંતુ કોઈએ જાણ્યું નહિ કે બધા તે કાર્ય કરી શક્યા હોત. અંતે, જ્યારે કોઈ એક વ્યક્તિએ કાર્ય કર્યું નહિ અને કોઈ તે કાર્ય કરી શક્યું હોત તેમ કર્યું નહિ, ત્યારે બધા વ્યક્તિએ કોઈપણ વ્યક્તિ પર તહોમત મૂક્યું.

મેં એકવાર એક હચમચાવી નાખે તેવા બનાવ વિષે સાંભળ્યું, જે આ વાર્તાના દુઃખદ કાર્યના સિધ્ધાંતોને વાસ્તવિક જીવનમાં દર્શાવે છે. ૧૯૬૪ માં કેથેરીન જીનોવીસને પાંત્રીસ મિનિટ સુધી ચપ્પુના ઘા મારવામાં આવ્યા અને તેનાં આડત્રીસ પડોશીઓ જોતા રહ્યા. તેમનો પ્રતિભાવ તો ઠંડો અને કાળજી લેનારો નહોતો, તેનું પરિણામ તો શહેરી ઉપેક્ષાવૃત્તિ અને એકલતા હતી. પાછળથી લાદેન અને ડાર્લીએ રીસર્ચ કરીને જણાવ્યું કે કોઈએ મદદ કરી નહિ, કેમ કે જોનારા ઘણા હતા. જોનારા દરેક વ્યક્તિઓ 'શું કરવું' તેની દોરવણી માટે એકબીજાની સામુ જોતા હતા. કોઈ કંઈ કરતું નહોતું, તેથી બધાએ માન્યું કે કોઈએ કંઈ કરવું જોઈએ નહિ.

જ્યારે પાસે ઊભા રહેનારાઓની સંખ્યા વધારે હોય છે, ત્યારે લોકો મદદ પ્રાપ્ત કરતા નથી. એક વિશ્વાસી, જેને વાઈનું દરદ હતું, તેની પાસે જ્યારે એક જ વ્યક્તિ હોય ત્યારે તેને ૮૫ ટકા મદદ મળતી હતી, પરંતુ જ્યારે વધુ પાસે ઊભા રહેનારા હોય ત્યારે તેને ફક્ત ૩૧ ટકા જ મદદ પ્રાપ્ત થતી.

આ અભ્યાસ પૂરવાર કરે છે કે જેટલાં વધુ લોકો કંઈ કરતા નથી, તેટલું વિશેષ લોકો કંઈ કરશે નહિ, પરંતુ જો ફક્ત લોકોનું નાનું , સમર્પિત જૂથ બીજાઓની કાળજી અને પ્રેમથી, સ્મિત અને શુભેચ્છાસહિત, માનપૂર્વક અને કદર કરીને મદદ કરવાની શરૂઆત કરે છે, તો તે ચળવળ આગળ વધી શકશે.

એવા અભ્યાસ પૂરવાર કરે છે કે આપણી આસપાસનાં લોકો જે કંઈ કરે છે તેનાથી આપણને અસર થાય છે. આપણે કંઈ કરતા હોઈએ છીએ, તેનાથી તદ્દન અજાણ હોવાને લીધે આપણે દોરવણી માટે એકબીજા પર નજર કરીએ છીએ. મોટા ભાગના લોકો ભલે તેઓ કોઈ બાબત માટે સંમત ન હોય છતાં બહુમતી લોકો સાથે સંમત થશે. તેઓ એટલા માટે એમ કરે છે, કેમ કે તેઓ જૂથના ભાગરૂપ રહેવા માગે છે.

જો આપણે પ્રેમની ક્રાંતિના ભાગ બનવા માગતા હોય તો આપણે ખ્રિસ્તીઓ તરીકે જગતની પધ્ધતિમાં ઓગળી જવાને બદલે બીજાઓ માટે ઉદાહરણરૂપ બનવું જ જોઈએ. કોઈએ તો હિંમત કરીને કાર્ય કે પ્રેમથી મદદ કરી હોત તો, કેથરીન જીનોવીસનું જીવન બચી શક્યું હોત.

શું તમે દેવ ઉત્તર આપી શકે એવી પ્રાર્થનાઓ કરો છો?

હું તમને એક સલાહ આપવા માગું છું, જેને તમે તમારી દૈનિક પ્રાર્થનાઓમાં સમાવી લો. દરેક દિવસે પ્રભુને પૂછો કે તમે તેમના માટે શું કરી શકો? ત્યારપછી દિવસ દરમિયાન જેના

વિષે તમે માનો છો કે જો ઈસુ અત્યારે આ પૃથ્વી પર શારીરિક રૂપમાં હોત તો કરત, એવી કાર્ય કરવાની તકો શોધો. જો તમે ખ્રિસ્તી છો તો તે તમારામાં રહે છે અને તમે તેનાં એલચી છો, તેથી તમે તેનું યોગ્ય રીતે ચોક્કસ પ્રતિનિધિત્વ કરો. મેં મારી સવારની પ્રાર્થનાઓમાં ઘણા બધા વર્ષોમાં એવી પ્રાર્થના કરી છે કે, પ્રભુ, હું તમારા માટે શું કરું એવી તમે ઈચ્છા રાખો છો, પરંતુ પાછળથી મેં આ ભાગ પણ તેમાં ઉમેરતા કહ્યું : ''પ્રભુ, આજે હું તમારા માટે શું કરી શકું?''

તાજેતરમાં જ હું પ્રભુની મદદ માગતાં પ્રાર્થના કરતી હતી કે તે મારી એક મિત્રને, જે ખૂબ મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી હતી તેને મદદ કરે. તેને કંઈ જરૂર હતી, તેથી મેં પ્રભુને તે પૂરું પાડવા માટે પ્રાર્થના કરી. મારા આશ્ચર્ય વચ્ચે પ્રભુનો મને જવાબ એ હતો કે, ''તું મને આ જરૂરિયાત પૂરી પાડવાની માગણી બંધ કર; તું એવું મારી પાસે માગ કે તું શું કરી શકે છે.'' જ્યારે પ્રભુ ઈચ્છે છે કે હું કંઈ કરું ત્યારે હું ઘણીવાર પ્રભુ મારા માટે કંઈ કરે એવી પ્રાર્થના કરું છું. તેથી હું પરિચિત છું. તે નથી ઈચ્છતા કે હું કંઈપણ બનીને બેસી રહું. પ્રભુ ઈચ્છે છે કે આપણે સહભાગી થઈએ. તે ઈચ્છે છે કે આપણે લોકોને મદદ કરવા આપણા સ્રોતોનો ઉપયોગ કરીએ અને જો આપણી પાસે જે છે તે તેમની જરૂરિયાતો માટે પૂરતું નથી,

> પ્રભુ ઈચ્છે છે કે આપણે સહભાગી થઈએ

તો આપણે બીજાઓને સહભાગી થવા ઉત્તેજન આપીએ, જેથી સાથે મળીને આપણે જે કરવું જોઈએ તે કરી શકીએ.

હું તમને ઉત્તેજન આપતાં કહું છું કે દેવ ઉત્તર આપી શકે એવી પ્રાર્થનાઓ કરો. દેવ અને તમે ભાગીદારો છો, અને તે તમારી સાથે અને તમારા દ્વારા કાર્ય કરવા માગે છે. તમે શું કરી શકો છો તે બતાવવા પ્રભુની પાસે માગો, અને તેમના પર આધાર રાખો કે તે તમને ફક્ત સર્જનાત્મક્તા જ નહિ, પરંતુ સ્રોતો પણ પૂરા પાડે.

જ્યારે હું એમ કહું છું કે, ''તમારા સ્રોતોનો ઉપયોગ કરો'' ત્યારે ગભરાઈ જશો નહિ. હું નાણાં કરતાં વધારે બાબતોની વાત કરું છું. આપણા સ્રોતોમાં આપણી તાકાત, સમય, તાલંતો, સંપત્તિ અને સાથે સાથે આપણા નાણાંનો સમાવેશ થાય છે. કોઈને મદદ કરવામાં નાણાંનો સમાવેશ થાય છે, પરંતુ તેની સાથે ઘણીવાર સમયનો પણ સમાવેશ થાય છે, અને હું માનું છું કે આપણે આપણા સમાજમાં એટલા ફસાયેલા છીએ કે ઘણીવાર આપણને જેને જરૂર છે તેને સમય આપવાને બદલે નાણાંનો ચેક આપવો વધારે સરળ લાગે છે. હું એવા નિષ્કર્ષ પર પહોંચી છું કે જેને હું ત્યાં ''ઉપસ્થિત રહેવાની'' સેવા કહું છું, તેની લોકોને સૌથી વિશેષ જરૂર છે.

મારી એક મિત્ર એવા એક મોટા શહેરમાં રહે છે જ્યાં ઘર ન મળવાની મોટી સમસ્યા છે. એક વાર શિયાળામાં રાત્રે તે તેના કામ પરથી ઘરે પાછી આવી રહી હતી અને તેને એક

માણસ મળ્યો, જેણે તેની પાસે નાણાંની માગણી કરી. એ દિવસે તો ખૂબ ઠંડી અને અંધકાર હતો, તેણે આખો દિવસ ખૂબ કામ કર્યું હતું અને તે થાકેલી હતી, અને ઘરે જલદી જવા આતુર હતી. તે તેના પાકીટમાંથી આ અસલામત સ્થળે પૈસા કાઢવા માગતી નહોતી, તેથી તેણે અંદર હાથ નાખીને છૂટા પૈસા શોધવા માંડ્યા. તેની આંગળીઓ વ્યર્થ શોધખોળ કરતી હતી ત્યારે પેલો માણસ તેને કહેવા લાગ્યો કે તે ગઈ રાત્રે જ્યાં રોકાયો હતો તે ઘર વગરના આશ્રયસ્થાનેથી તેનો કોટ ચોરાઈ ગયો અને તેની બીજી સમસ્યાઓ પણ તેણે વર્ણવી. હજુ પણ તે થોડા સિક્કાઓ શોધતાં શોધતાં તેણીએ હકારમાં માથું ધુણાવતાં કહ્યું, "તે ખૂબ ખરાબ હતું." જ્યારે તેની સામુ સ્મિત કરીને કહ્યું, "મારી સાથે વાત કરી માટે આભાર." મારી મિત્રએ કહ્યું કે તે રાત્રે તેણે જે પચાસ પૈસા તેને આપ્યા તેની કદર કરવામાં આવી, પરંતુ તે માણસ માટે અગત્યની વાત એ હતી કે કોઈએ તેણે જે કહ્યું તે સાંભળ્યું અને તેને મદદ કરી.

અમારી સેવામાં અમારી પાસે લોકોની એક ટીમ છે, જેઓ પુલ નીચે ગટરના ભૂંગળાઓમાં રહે છે તેમને મદદ કરવાનો પ્રયત્ન કરે છે. તેમણે શોધી કાઢ્યું છે કે આ દરેક લોકો આ ભૂંગળાઓમાં રહેવા આવ્યા તે પહેલા એક જીવન હતું અને તે દરેકની અલગ કહાણી છે. તેમના જીવનમાં કંઈક દુઃખદ બન્યું જેના લીધે તેઓ તેમની હાલની પરિસ્થિતિમાં છે. તેમને આપવામાં આવતી સેન્ડવીચ અને પ્રભુમંદિર સુધી લઈ જતાં સુધીની સફર જ્યાં પહોંચીને તેઓ નાહી શકે અને સારા કપડાં પહેરી શકે તેની કદર કરે છે, પરંતુ તેઓ સૌથી વધારે કદર કરતાં કહે છે કે કોઈ તેમની કાળજી લેતાં તેમની સાથે વાત કરે છે, અને તેઓ કોણ છે અને તેમને શું થયું તે જાણવાનો પ્રયત્ન કરે છે.

મને ઉત્તેજન આપતાં તમને કહેવા દો કે બીજાઓને મદદ કરવા તમારાથી બનતું સઘળું કરો. જો તેમને તમારી હાજરીની જરૂર છે તો, સમય કાઢીને તેમ કરો. દેવ પાસે માગો કે તે તમે શું કરો એમ ઈચ્છે છે - અને તે તમારી પ્રાર્થનાનો ઉત્તર આપશે, જેથી તમે તે પ્રમાણે કરી શકો.

આક્રમક ભલાઈનો મહાવરો કરો

શું તમે માનો છો કે જગત અન્યાયથી ભરેલું છે? તમે માનો છો કે ભૂખે મરતાં બાળકો માટે કંઈ કરવું જોઈએ? કોઈએ ૧.૧ કરોડ લોકોને જેમની પાસે સલામત ચોખ્ખું પીવાલાયક પાણી નથી તેમને મદદ કરવી જોઈએ? શું લોકોએ શેરીઓમાં કે પુલની નીચે રહેવું જોઈએ? કોઈ એક કુટુંબ જેને તમે ચાર વર્ષના પ્રભુમંદિરના અનુભવથી ઓળખો છો તેમણે દુઃખદ બાબત અનુભવી છે અને કોઈના તરફથી પણ એવો ફોન પ્રાપ્ત નથી કર્યો કે શા માટે તેઓ ત્રણ મહિનાથી પ્રભુમંદિરમાં આવ્યા નથી, તેમની સાથે વાત કરવી જોઈએ? જો બીજી કોઈ સંસ્થાનું પ્રભુમંદિર બાળી નાખવામાં આવે તો ફક્ત પ્રાર્થના કરવી અને પ્રાયોગીક મદદ ન કરવી એ યોગ્ય છે? તમે માનો છો કે કોઈએ અન્યાય વિષે કંઈક કરવું જોઈએ? કોઈ રીતે હું

માનું છું કે તમે બધા પ્રશ્નોના સાચા ઉત્તરો આપ્યા હશે, તેથી હું છેલ્લો પ્રશ્ન કરું છું. તમે શું કરવાના છો? શું તમે તે "કોઈ વ્યક્તિ" બનશો, જે વ્યક્તિ જે કંઈ કરવાની જરૂર છે તે કરે છે?

જ્યારે હું પૂછું છું કે તમે શું કરવાના છો, ત્યારે કદાચ તમને બીક લાગે છે કેમ કે તમે વિચારો છો કે "કંઈ કરવું" એ શું હશે? હું એવી બીકની લાગણી સમજી શકું છું. સર્વથી વિશેષ જો હું ખરેખર મારી જાતને ભૂલીને આક્રમકપણે મદદ કરવાનો પ્રયત્ન કરું, તો મારું શું થશે? જો હું જ મારી સંભાળ લઈશ નહિ, તો કોણ મારી સંભાળ લેશે? દેવ કહે છે કે તે તમારી સંભાળ લેશે, તેથી હું માનું છું કે તેમણે જે કહ્યું છે તે પ્રમાણે તે કરે છે તે આપણે શોધી કાઢવું જોઈએ. શા માટે આપણે "પોતાની ચિંતાથી" નિવૃત્ત થઈને એ ન જોઈએ કે દેવ આપણા કરતાં સારૂં કાર્ય કરી શકે છે. જો આપણે ઈશ્વરના કાર્યની દુઃખી લોકોને મદદ કરવાનું છે તેની સંભાળ લઈશું તો હું માનું છું કે તે આપણી સંભાળ લેશે.

કામ કરવાનું ચાલુ રાખો

આ અધ્યાય બંધ કરી રહી છું ત્યારે મને કહેવા દો કે હું માનું છું કે આપણાં જીવનમાં બનતી બાબતો આપણને જગતમાંથી પીછેહઠ કરવાનું કારણ બને છે. હું માનું છું કે જીવનમાં થતા મોટા બદલાવને ફરીથી વ્યવસ્થિત કરતા સમય લાગે છે અને મને ખ્યાલ છે કે મગજ ગુમાવી દેવાને લીધે લોકો બીજા લોકોની સાથે સંપર્ક રાખતા નથી કે તેમને પહોંચતા નથી. મને આવી બાબતોની દયા આવે છે અને જો તમે કોઈ પ્રકારે કંઈ ગુમાવ્યું હોય અને તેનાથી તમને કંઈ કરવાની ઈચ્છા ન થતી હોય, તો હું સમજી શકું છું કે તમે કેવું અનુભવી શકો છો, પરંતુ હું તમને ઉત્તેજન આપવા માગું છું કે તમારી જાતને કાર્યરત રાખો. શેતાન તમને એકલા પાડી દેવા માગે છે, કેમ કે તમે કદાચ શેતાનના જુઠ્ઠાણા સામે તમારી જાતે લડવાની તાકાત ધરાવતા ન હોય. હું જાણું છું કે તમને એમ કહેવું કે 'જઈને બીજાને મદદ કરો' તે કદાચ અજુગતું લાગે, પરંતુ હું મારા ખરા હૃદયથી માનું છું કે તેમ કરવાથી તમને જગતની સમસ્યાઓના સમાધાનની સાથે સલામતી પણ મળશે.

મને ફરીવાર કહેવા દો : હું દૃઢપણે માનું છું કે આપણને પ્રેમની ક્રાંતિની જરૂર છે. આપણે સર્વએ સ્વાર્થીપણું અને હતાશા, નિરાશા અને સ્વદયા સહન કર્યું છે - અને આપણે તેનાં ફળો પણ જોયાં છે. જગત આ બધાના પરિણામોથી વાકેફ છે. ચાલો આપણે એક કરારમાં સાથે જોડાઈએ કે આપણે દેવની રીતે જીવન જીવીશું. બીજાઓને માટે આશીર્વાદરૂપ બનવાનું મન રાખો (જુઓ ગલાતી ૬:૧૦). પ્રેમને પહેરી લો (જુઓ કલોસ્સી ૩:૧૪). તેનો અર્થ એ છે કે બીજાઓને પહોંચવાના અને મદદ કરવાના હેતુથી કાર્યરત બનો. તકો માટે જાગતા રહો અને પ્રાર્થના કરો; દેવને માટે જાસુસ બનો! ઈસુ દરરોજ ઊઠીને ભલું કરતા (જુઓ પ્રે.કૃ.૧૦:૩૮). તે ખૂબ સરળ લાગે છે. આપણે હરેક સમયે કેવી રીતે તે ગુમાવ્યું છે તે સંબંધી હું આશ્ચર્યચકિત છું.



અધ્યાય

4

દેવ દ્વારા હસ્તક્ષેપ

આજે જ સ્વીકારનો સમય છે, કાલે કે બીજી કોઈ અનુકૂળ ઋતુએ નહિ.
આજે જ આપણે સારામાં સારુ કાર્ય કરવાનું છે,
નહિ કે કોઈ ભવિષ્યનાં દિવસે કે વર્ષે.
ડબલ્યુ.ઈ.બી. ડુબોઈસ

મારી સેવાના કામ અર્થે જ્યારે હું મુસાફરી કરું છું, ત્યારે હું હોટલમાં રોકાઉં છું અને જ્યારે હું હોટલના કક્ષમાં હોઉં છું ત્યારે "Do not disturb" ખલેલ પહોંચાડશો નહિ, એવું ચિહ્ન દરવાજા પર લગાવું છું, જેથી મને કોઈ ખલેલ પહોંચાડે નહિ. આવું ચિહ્ન હોટલના કક્ષની બહાર લગાવવું એક સ્વીકાર્ય બાબત છે, પરંતુ તે મારા જીવનમાં હોવું જોઈએ નહિ.

તમે ક્યારેય નોંધ્યું છે કે, દેવ ક્યારેય તમારા સમયપત્રક અનુસાર કે તમે જ્યારે અનુકૂળ હોય ત્યારે જ હમેશાં કામ કરતા નથી? પાઉલે તિમોથીને કહ્યું કે દેવના સેવક તરીકે અને સુવાર્તાના સેવક તરીકે તેણે અનુકૂળ તથા પ્રતિકૂળ સમયે તત્પર રહેવાનું છે (જુઓ ૨ તિમોથી ૪:૨). મને લાગે છે કે કદાચ તિમોથી પણ આજે જેમ આપણે છીએ તેમ અનુકૂળ સમયે જ તત્પર રહેતો હશે, તેથી પાઉલે તેને યાદ દેવડાવવાનો વિચાર મહત્વનો ગણ્યો કે પ્રતિકૂળ સમયે દેવ દ્વારા હસ્તક્ષેપ માટે તૈયાર રહે. જો તિમોથીને તે સાંભળવાની જરૂર હતી તો હું માનું છું કે આપણે પણ તે સાંભળવાની એટલી જ જરૂર છે, કેમ કે આપણે પણ તિમોથીની જેમ અનુકૂળ બાબતોને માટે જ ટેવાયેલા છીએ. મારે એ બાબત જાણવાની જરૂર છે કે હું અનુકૂળ બાબતોને કેટલું મહત્વ આપું છું કે હું જ્યારે નાનામાં નાની બાબત વ્યવસ્થિત

રીતે કાર્ય કરતી નથી, તો ફરિયાદ કરું છું - જેમ કે થાળી ધોવાનું મશીન, એરકંડીશનર, વાળ કે કપડાં સૂકવવાનું મશીન, વૉશીંગ મશીન, માઈક્રોવેવ કે બીજી તેના જેવી બાબતો...

હું અમેરિકામાં કૉન્ફરન્સમાં ભાગ લેનાર કેટલાક વ્યક્તિઓને કૉન્ફરન્સના સ્થળેથી થોડે દૂર તેમનાં વાહનો પાર્ક કરવા પડે ત્યારે ફરિયાદ કરતાં સાંભળું છું. જ્યારે ભારતમાં લોકો કૉન્ફરન્સમાં ભાગ લેવા માટે ત્રણ દિવસ સુધી ચાલીને આવે છે. હું અમેરિકામાં લોકોને નહાવાની ઓરડીમાં જવા કે પાણી પીવા અથવા ફોન કરવા, તેમની આસપાસના લોકોને ખલેલ પહોંચાડતા જોઉં છું, પરંતુ ભારતમાં લોકો લગભગ આખો દિવસ માટીમાં બેસી રહે છે. મારા દેશમાં જો ખૂબ ઠંડી કે ખૂબ ગરમી હોય તો લોકો ફરિયાદ કરે છે, પરંતુ જ્યારે હું ભારતમાં જાઉં છું, ત્યારે હું ફક્ત ગરમીની ફરિયાદ સાંભળું છું અને તે પણ જે લોકોને હું મારી સાથે લઈ જાઉં છું, તેમના તરફથી, તેમાં મારો પણ સમાવેશ થઈ જાય છે.

હું માનું છું કે આપણે અનુકૂળતાના બંધાણી થઈ ચૂક્યા છીએ. હું એમ નથી સૂચવતી કે આપણે આપણી આધુનિક અનુકૂળતાઓ છોડી દેવી જોઈએ, હું ચોક્કસપણે માનું છું કે આપણે જેનાથી ટેવાયેલા છીએ, તેની આપણે ઈચ્છા કરીએ છીએ, પરંતુ અનુકૂળતા માટે આપણી પાસે ચોક્કસ વિચારો હોવા જોઈએ. જો આપણી પાસે તે હોઈ શકે તો પ્રભુનો આભાર. પરંતુ તે ન હોય તો તે આપણને દેવ જે કરવા કહે છે તે કરતાં રોકશે.

મને થોડા વર્ષો પહેલાંની એક વાત યાદ આવે છે, જ્યારે એક આંધળું દંપતિ અમારા બુધવારના શિક્ષણ સત્રમાં આવવા માગતું હતું, જે સેંટ લુઈસમાં એક હૉલમાં રાખવામાં આવ્યું હતું. તેઓ સામાન્ય રીતે બસમાં આવી શકે, પરંતુ તે રૂટ બદલાઈ ગયો તેથી તેમની પાસે ત્યાં નિયમિત આવવા માટે એક જ માર્ગ બાકી હતો અને એ માર્ગ તો એ હતો કે કોઈ તેમને લઈને આવે અને પાછા ઘરે લઈ જાય. કેવી તક! મેં વિચાર્યું કે લોકો મદદ કરવા માટે કતારમાં ઊભા રહેશે, પરંતુ કોઈપણ એમ કરવા ઈચ્છતું નહોતું. કેમ કે તેઓ એવા વિસ્તારમાં રહેતા હતા જે "મુખ્ય માર્ગથી અલગ" હતો.

બીજા શબ્દોમાં આ દંપતિ માટે વાહનવ્યવહારની સગવડ પ્રતિકૂળ બની ગઈ. મને યાદ છે કે અમારા કોઈ કામદારને તે કાર્ય કરવાનું હોત તો અમારે તે વ્યક્તિને નાણાં ચૂકવવા પડે. આ કેટલું આશ્ચર્યજનક છે કે જો આપણને વેતન ચૂકવવામાં આવે તો આપણે "મદદ" કરવા કેટલા આતુર હોઈએ છીએ. આપણે એ યાદ રાખવું જ જોઈએ કે દ્રવ્યનો લોભ એ સઘળાં પ્રકારનાં પાપનું મૂળ છે. આપણે નાણાંને આપણા જીવનનો મુખ્ય ઉદ્દેશ બનવા દઈ શકીએ નહિ. આપણ દરેકને નાણાંની જરૂર છે, પરંતુ આપણને બીજાઓ માટે કંઈ કરવાની પણ જરૂર છે, અને વાસ્તવિક્તા તો એ છે કે આવા પ્રતિકૂળ સમયના માયાળુપણાના કાર્યો ક્યારેક આપણા માટે સારાં હોય છે. ઘણીવાર, આવી તકો "સમયોને પારખે છે", ખાસ કરીને દેવ પારખે છે કે આપણે સમર્પિત છીએ કે નહિ. જો તમે કોઈના માટે કંઈ પણ વેતન કે માનની આશા વગર ભલું કરવા ઈચ્છો છો તો તે એક હકારાત્મક ચિહ્ન છે કે તમારું આત્મિક હૃદય સારી પરિસ્થિતિમાં છે.

જ્યારે દેવ જોવા માગતા હતા કે ઈસ્રાએલીઓ તેમની આજ્ઞાઓ પાળવા ઈચ્છે છે કે નહિ, ત્યારે તેમણે તેમને લાંબા અને કઠણ અરણ્યના માર્ગે દોર્યા (જુઓ પુન.૮:૧-૨). ક્યારેય તે આપણી સાથે પણ એવું જ કરે છે. જ્યારે આપણે માટે ખૂબ સરળ હોય અને આપણને તરત જ તેનો બદલો મળતો હોય ત્યારે આપણે આધીન થવા તત્પર હોઈએ છીએ. પરંતુ જ્યારે આપણા માટે પ્રતિકૂળ હોય કે આપણી યોજનાઓ પ્રમાણે ન હોય, અને આપણા માટે તેમાં કંઈ જ ન હોય એમ લાગે ત્યારે શું? ત્યારે આપણે કેટલા આધીન હોઈએ છીએ? આ પ્રશ્નો આપણે આપણી જાતને પૂછવાના છે, કેમ કે આપણા સ્વાર્પણ વિષે આપણે પ્રામાણિક હોઈએ તે ખૂબ અગત્યનું છે. પ્રભુમંદિરમાં ઊભા રહીને "સર્વ સોંપું છું" ગાવું ખૂબ સરળ છે, પરંતુ જ્યારે 'સોંપવું' એ ગીત કરતાં વધારે અને જરૂરનું હોય ત્યારે આપણે શું કરીએ છીએ?

પ્રભુ, આ યોગ્ય સમય નથી

બાઈબલ આપણને એક વ્યક્તિ વિષે વાત કરે છે, જેણે દેવની પાછળ એટલા માટે ચાલવાનું ઈચ્છ્યું નહિ, કેમ કે તે પ્રતિકૂળ હતું. આ માણસ, ફેલીકો પાઉલને આવીને તેને સુવાર્તાપ્રચાર કરવાનું કહ્યું. પરંતુ જ્યારે પાઉલે તેની સાથે યોગ્ય રીતે, પવિત્ર જીવન જીવવાની અને સંપત્તિનો અંકુશ રાખવાની વાત કરી, ત્યારે ફેલીક્ષને બીક લાગી. તેણે પાઉલને દૂર જવાનું કહ્યું અને કહ્યું કે તે તેને અનુકૂળ સમયે બોલાવશે (જુઓ પ્રે.કૃ.૨૪:૨૫). મને આ બાબત ખૂબ હાસ્યજનક લાગે છે, એટલા માટે નહિ કે તે ખરેખર રમુજી છે, પરંતુ આપણે જેવા છીએ તે વાસ્તવિક્તાની વાત આ શાસ્ત્રભાગ જણાવે છે. દેવ આપણને કેટલો પ્રેમ કરે છે અને આપણા માટે કેટલી સારી યોજનાઓ ધરાવે છે, એ બાબતો આપણે મન પર લેતાં નથી. પરંતુ જ્યારે તે આપણને કોઈ બાબતમાં સીધા કરે છે અથવા શિક્ષા કરે છે ત્યારે આપણે કહીએ છીએ કે "અત્યારે" સારો સમય નથી. મને શંકા છે કે પ્રભુ, આપણે જે સમયને "સારો સમય" કહીએ છીએ તેની પસંદગી ક્યારે કરશે, અને હું માનું છું કે તે સઘળું એક હેતુથી કરે છે.

જ્યારે ઈસ્રાએલીઓ અરણ્યમાંથી પસાર થતા હતા ત્યારે તેઓ દિવસે મેઘસ્તંભ અને રાત્રે અગ્નિસ્તંભથી દોરવાતા હતા. જ્યારે વાદળ ખસતું ત્યારે તેઓ આગળ જતાં અને જ્યારે તે છાયા કરતું ત્યારે તેઓ ત્યાં રોકાઈ જતા. રસપ્રદ બાબત તો એ હતી કે ક્યારે વાદળ ખસશે તેની તેમની પાસે કોઈ યોજના નહોતી. જ્યારે વાદળ ખસે ત્યારે તેમને પણ આગળ જવાનું હતું (જુઓ ગણના ૯:૧૫-૨૩). બાઈબલ કહે છે કે ક્યારેક તે રાત્રે અને ક્યારેક દિવસે ખસતું. ક્યારેક થોડા દિવસો માટે એક જ જગ્યાએ અટકી જતું, તો ક્યારેક એક દિવસ માટે એમ થતું. મને ગંભીરપણે શંકા છે કે રાત્રે તે બધા પેલું "Do not disturb" "ખલેલ કરવી નહિ" નું ચિહ્ન તેમના તંબુઓની બહાર દેવને બતાવવા માટે લગાડતા હશે, જેથી દેવ જાણે કે તેઓ પ્રતિકૂળ સમયે આગળ જવા માગતા નથી. જ્યારે દેવ નિર્ણય કરતા કે આ તેમની પ્રગતિનો સમય છે ત્યારે તેઓ સામાન બાંધીને તેમની પાછળ ચાલતા, અને

જ્યારે પ્રભુ નિર્ણય કરે છે કે આ આપણા માટે બીજી મુસાફરીનો સમય છે, ત્યારે આપણે ક્યારેય એમ કહેવું જોઈએ નહિ કે ''આ યોગ્ય સમય નથી.''

જો દેવે તેમને આગળ જવાના દિવસોનું એક માસિક કેલેન્ડર આપી દીધું હોત, જેથી તેઓ માનસિક, લાગણીશીલ અને શારીરિક રીતે તૈયાર રહે તો કેવું સારું થાત? તેમણે એમ શા માટે કર્યું નહિ, એનું મને આશ્ચર્ય છે. શું તે એટલા માટે કે દેવ હેતુપૂર્વક આપણને ખલેલ પહોંચાડવા માગે છે કે જેથી તે જાણી શકે કે આપણે કેવો પ્રતિભાવ આપીશું?

દેવ સારામાં સારું શું છે તે જાણે છે અને તેમનો સમય હમેશાં યોગ્ય જ હોય છે. મને *લાગતું* નથી કે હું તૈયાર છું એ વાસ્તવિક્તા મારા જીવનની એક બાબત દર્શાવે છે. જેનો અર્થ છે હું તૈયાર નથી. દેવ ''માર્ગો અને અર્થો''નું શિર છે. તેનાં માર્ગો આપણાં માર્ગો નથી, પરંતુ તે આપણાં માર્ગો કરતાં ઊંચા અને સારાં છે (જુઓ યશાયા ૫૫:૯).

તે શા માટે સહેલું નથી?

જો દેવ ચાહે છે કે આપણે લોકોને મદદ કરીએ તો શા માટે દેવ તેને સરળ અને અસરકારક બનાવતાં નથી? મને તે પ્રશ્નનો ઉત્તર બીજા પ્રશ્ન સાથે આપવા દો. શું ઈસુએ પાપ અને બંધનમાંથી આપણી આઝાદી ખરીદવા કંઈ બલિદાન આપ્યું હતું? દેવે તારણની યોજના સરળ ન બનાવી, તેના વિષે મને આશ્ચર્ય થાય છે. તે તો જે ચાહે તે યોજના બનાવી શક્યા હોત અને કહ્યું હોત કે, ''આ યોજના કાર્ય કરશે.'' એમ લાગે છે કે દેવનાં અર્થશાસ્ત્રમાં કંઈપણ સસ્તી બાબતો યોગ્યતા ધરાવતી નથી. દાઉદ રાજાએ કહ્યું કે તે દેવને કશું મફતમાં આપશે નહિ (જુઓ ૨ શમુ.૨૪:૨૪). હું એ બાબત શીખી છું કે સાચી રીતે આપવું એ ત્યાં સુધી સાચું નથી જ્યાં સુધી હું તેને અનુભવી ન શકું. મારા બધાં જૂનાં કપડાં અને ઘરની વસ્તુઓ આપીને સારી બાબતો મારી પાસે રાખીને હું પૂર્ણ કરું એ કદાચ સારું લાગે, પરંતુ તે સાચી રીતે આપવાની સરખામણીમાં કશું જ નથી. સાચી રીતે આપવાની બાબત તો ત્યારે બને છે જ્યારે હું કોઈને એવી કંઈ બાબત આપું, જે હું મારી પાસે રાખવા માગું છું. હું ચોક્કસપણે કહું છું કે તમારે પણ એવા પરીક્ષાના સમયો આવ્યા હશે, જ્યારે દેવે તમને કહ્યું હોય કે તને જે ગમે છે તે આપી દે. તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપી દીધો. કેમ કે તે આપણને ચાહે છે, તો આપણે પ્રેમને લીધે શું કરીશું? શું આપણે પ્રસંગોપાત્ કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિને મદદ કરીને પોતે પ્રતિકૂળ રહી શકીશું?

તાજેતરમાં જ મેં ટેલીવિઝન પર એક વાત જોઈ, જે એક દંપતિ વિષે હતી અને તેઓ ખૂબ પ્રેમમાં હતા તથા ખૂબ જલદી લગ્નગ્રંથિથી જોડાવાના હતા. દુઃખદ રીતે પેલી સ્ત્રીને અકસ્માત નડ્યો અને તેના લીધે તે મહિનાઓ સુધી બેભાન રહી. જેની સાથે તે લગ્ન કરવાની હતી તે પુરુષ દરરોજ તેની પાસે બેસી રહેતો અને છેલ્લે તે ભાનમાં આવી, પરંતુ તેને મગજમાં ખૂબ જ નુકશાન થયું હતું, જેને લીધે તે હંમેશને માટે અપંગ બની ગઈ અને

ઘણી બધી બાબતો જાતે કરી શકતી નહિ. આ બધી બાબતોનો વિચાર કર્યા વગર પેલા જુવાન પુરુષે તેની સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું. તેણી પૈડાંવાળી ખુરશીમાં બેઠી હતી, તે તેની ઈજાઓને લીધે સ્પષ્ટ બોલી પણ શકતી નહોતી, પરંતુ ચોક્કસપણે ખૂબ જ આનંદિત હતી. તેના જીવનમાં બાકીના વર્ષોમાં તે જુવાન માણસે તેની સંભાળ લીધી અને બંનેએ સાથે જીવનને માણ્યું. તે માણસની મદદ અને ઉત્તેજન દ્વારા તે સ્ત્રી ખાસ ઓલીમ્પિકમાં ભાગ લઈ શકી તેમ જ ઘણી અદ્‌ભુત બાબતો કરી શકી.

જો તે જુવાન માણસે તેને છોડી દીધી હોત તો તે આપણામાંના ઘણાંને માટે સરળ અને સમજી શકાય એવી બાબત હોત. કેમ કે તેની સાથે રહેવાનો અર્થ હતો કે દરરોજની અગવડતા અને બલિદાન. જો કે, તે માણસે બીજા ઘણાં કરે છે તેમ પ્રતિકૂળ સંજોગોમાં તે સ્ત્રીને છોડી દીધી નહિ. તે તેની સાથે રહ્યો અને દરેક શક્યતાઓમાં આપણી જેમ ખૂબ જ આનંદનો અનુભવ કર્યો.

જો તમે મારા જેવા છો, તો તમને એવા લોકો વિષે વાચવાનું ગમતું હશે, જેઓ બીજાઓના લાભ માટે આટલું બધું બલિદાન કરે છે, પરંતુ હું માનું છું કે દેવ તમારી અને મારી પાસેથી પણ બીજાઓ વિષે વાંચવા કરતાં વિશેષ કાર્યની અપેક્ષા રાખે છે.

બીજાઓની અનુકૂળતા માટે પ્રતિકૂળતા

દેવ કોઈ વ્યક્તિને રોકીને તેને કે તેણીને બીજા વ્યક્તિની અનુકૂળતા માટે પ્રતિકૂળતા સહન કરવાનું કહેશે. આપણે દેવના માર્ગોને સમજવા જ જોઈએ, નહિ તો આપણે જેને આલીંગન કરવાનું છે તેનો આપણે પ્રતિકાર કરીશું. સરળ સત્ય આ છે : આપણે આનંદિત રહેવા કંઈ આપવું જ પડશે, અને જો આપણે બલિદાનપૂર્વક આપીએ નહિ, તો તે સાચી રીતે આપતા નથી.

પિતર, આંદ્રિયા, યાકૂબ, યોહાન અને બીજા શિષ્યો ખૂબ માન પામ્યા હતા. તેમને બાર શિષ્યોમાં પસંદગી પ્રાપ્ત થઈ હતી, તેઓ ઈસુ પાસેથી શીખ્યા હતા અને તેઓ પૃથ્વીના છેડા સુધી સુવાર્તા લઈ ગયા હતા. જ્યારે ઈસુએ તેમને બોલાવ્યા ત્યારે તેઓ સર્વ વ્યસ્ત હતા. તેમને પણ જીવનો, કુટુંબો, અને ધંધારોજગાર હતા. કોઈપણ ચેતવણી આપ્યા વગર ઈસુએ તેમને કહ્યું, ''મારી પાછળ આવો.'' બાઈબલ જણાવે છે કે જ્યારે ઈસુએ તેમને બોલાવ્યા, ત્યારે પિતર અને આંદ્રિયા તો દરિયામાં જાળો નાખતા હતા અને તેમણે તેમની જાળો નાખી દીધી અને ઈસુની પાછળ ગયા (જુઓ માથ્થી ૪:૧૮-૨૧). હસ્તક્ષેપ કે અવરોધ વિષે વાત કરીએ! ઈસુએ તેમને એમ કહ્યું નહિ કે તેઓ તેના માટે પ્રાર્થના કરી શકે, કે વિચાર કરે અથવા ઘરે જઈને તેમની પત્ની કે બાળકોને પૂછી જુએ, તેણે ફક્ત એમ કહ્યું, ''મારી પાછળ આવો.''

તેમણે પણ પૂછ્યું નહિ કે તેમણે કેટલો સમય કામ કરવાનું છે કે તેમને શું પગાર મળશે? તેમણે લાભો, સમયનું વળતર કે મુસાફરી માટેનો ખર્ચ અથવા કેવા પ્રકારની હોટલમાં તેઓ રોકાશે એ બધું પૂછ્યું નહિ. તેમણે એમ પણ પૂછ્યું નહિ કે તેમની નોકરીની પદવી કઈ છે.

તેમણે સઘળું છોડી દીધું અને ઈસુની પાછળ ચાલ્યા. અત્યારે પણ હું તે વાંચું છું તો મને તે ખૂબ ગંભીર જ લાગે છે, પરંતુ જેટલી મોટી તક છે, તેટલું મોટું બલિદાન પણ છે જ.

મને યાદ છે એક વખત હું કેટલીક બાબતો, જેની દેવ મારી પાસેથી માગણી કરતા હતા તેના વિષે ફરિયાદ કરતી હતી, કેમ કે મને લાગ્યું કે બીજાઓ પાસેથી એવી જ બાબતો પ્રભુએ માગી નહોતી. દેવે મને કહ્યું, ''જોયસ, તેં મારી પાસેથી ઘણું બધું માંગ્યું છે. શું તે તને જોઈએ છે?'' મેં આખી પૃથ્વીના લોકોને મદદ કરવાનું માંગ્યું હતું અને હું એ શીખી રહી હતી કે તે પ્રમાણે કરવાનો લ્હાવો અગવડતા અને પ્રતિકૂળતાભરેલો હશે.

બી વાવ્યા વગર ફસલ પ્રાપ્ત કરવી અશક્ય છે. સુલેમાન રાજાએ કહ્યું કે જો આપણે અનુકૂળ પરિસ્થિતિઓ તરફ ધ્યાન રાખીને જ વાવવાની અપેક્ષા રાખીશું, તો આપણે ક્યારેય લણી શકીશું નહિ (જુઓ સભાશિક્ષક ૧૧:૪). બીજા શબ્દોમાં આપણે અનુકૂળતા ન હોય કે મૂલ્યવાન બાબતો હોય ત્યારે દેવને આપવું જ પડશે અને આધીન થવું જ પડશે. કદાચ આ બાર માણસોને પ્રથમ પસંદ એટલા માટે કરવામાં આવ્યા, કેમ કે તેઓ જે બીજા લોકો કરવાનું ઈચ્છતા નહોતા, તે કરવા ઈચ્છતા હતા. જો કે બાઈબલ એમ નથી કહેતું કે જેણે તેનો નકાર કર્યો તેને ઈસુએ બોલાવ્યા, કદાચ તેણે બોલાવ્યા. કદાચ આ બારને પ્રાપ્ત કરવા તેણે હજારો સાથે બોલવું પડ્યું હશે. હું એવું માનું છું કે આજે એ પ્રમાણે થઈ રહ્યું છે. જેઓ બલિદાન કરવા, પ્રતિકૂળતા સહન કરવા અને પોતાની યોજનાઓમાં અવરોધ અને હસ્તક્ષેપની ઈચ્છા રાખે છે, તેઓ ખૂબ થોડા લોકો છે. ઘણાં ઈસુ માટેના તેમના પ્રેમ વિષે ગાય છે અને તે સારું છે, પરંતુ આપણે એ પણ યાદ રાખવું જ જોઈએ કે ગાવું એ આનંદદાયક હોઈ શકે અને તેમાં બલિદાનની જરૂર હોતી નથી. સાચા પ્રેમમાં બલિદાન હોય છે.

હું માનું છું કે જગતમાં ખૂબ પ્રેમ બતાવવામાં આવ્યો નથી, કારણ કે તેમાં પ્રયત્નોની જરૂર પડે છે અને તેની કંઈ કિંમત હોય છે. જો આપણે ગંભીરપણે પ્રેમની ક્રાંતિનાં ભાગીદાર બનવા માગીએ છીએ, તો આપણે આ વાસ્તવિક્તાને યાદ રાખવાની જ છે. કોઈપણ પ્રકારનું સમર્પણ કરતાં પહેલાં તેની કિંમત ગણવી, એ હમેશાં જ્ઞાનસભર હોય છે નહિ તો કદાચ આપણે તેની શરૂઆત કરીએ છીએ તેને પૂર્ણ કરી શકીશું નહિ.

દેવ દ્વારા હસ્તક્ષેપ

જેમને ''મહાન'' કહેવામાં આવે છે એવા બાઈબલમાંના પુરુષ અને સ્ત્રીઓ વિષે હું જેટલો વધુ અભ્યાસ કરું છું, તેટલું વધુ હું જોઉં છું કે તે સર્વએ મોટાં બલિદાનો આપ્યાં અને તેમને દેવે જે કરવાનું કહ્યું, તેમાં કશું અનુકૂળ હતું નહિ.

ઈબ્રાહિમે તેનો દેશ, તેના સગાં અને તેનું ઘર મૂકીને જ્યાં સુધી તે દેવે ઈચ્છેલી જગ્યાએ પહોંચે નહિ, ત્યાં સુધી દેવ તેને જણાવે પણ નહિ એવી જગ્યાએ તેણે જવાનું હતું. કદાચ તેણે વિચાર્યું હશે કે તે અંતમાં કોઈ મહેલમાં રાજા તરીકે પહોંચશે, પરંતુ તેને બદલે તે એક

જગ્યાથી બીજી જગ્યાએ (ખૂબ જ દુઃખ) - દુકાળમાં હતો (ઉત્પત્તિ ૧૨:૧૦). જો કે ઈબ્રાહિમનું બલિદાન મોટું હતું, તેથી ઈબ્રાહિમને એવા માણસ થવાનો લ્હાવો પ્રાપ્ત થયો, જેની સાથે દેવે કરાર કર્યો કે તેનાં દ્વારા પૃથ્વીનાં સર્વ કુળો આશીર્વાદ પામશે (જુઓ ઉત્પત્તિ ૨૨:૧૮). અદ્ભુત!

યૂસફે એક દેશજાતિને ભૂખમરાથી બચાવી, પરંતુ દેવે તેને તેના આરામદાયક ઘર, જ્યાં તે તેના પિતાનો માનીતો હતો, ત્યાંથી તેને ઘણાં વર્ષો સુધી પ્રતિકૂળ જગ્યાએ લઈ ગયા, તે પહેલાં તે આ પ્રમાણે કરી શક્યો નહિ. દેવે આ સઘળું એટલા માટે કર્યું કે તે યૂસફને યોગ્ય સમયે, યોગ્ય જગ્યા પર મૂકી શકે. પરંયુ યૂસફ આ સઘળું બન્યા પછી તે બાબત સમજી શક્યો. આપણે ઘણીવાર સમજી શકતા નથી કે આપણે જ્યાં છીએ ત્યાં શા માટે છીએ, અને આપણે કહીએ છીએ કે, ‘‘પ્રભુ, હું અહીં શું કરી રહ્યો છું?’’ હું જાણું છું કે મેં દેવને આવું ઘણીવાર કહ્યું છે, અને હરેક સમયે ઉત્તર આપવા તે બંધાયેલા નથી, હું પાછળ જોઈને એ સમજી શકું છું કે હું જ્યાં હતી તે દરેક જગ્યા પર એટલા માટે હતી કે હું અત્યારે જે સ્થાન પર છું ત્યાં હોઈ શકું.

એસ્તેરે યહૂદીઓને નાશથી બચાવ્યા, પરંતુ દેવે ચોક્કસપણે તેની યોજના પ્રમાણે કરવામાં હસ્તક્ષેપ કર્યો. તે તો એક જુવાન કન્યા હતી અને આપણે વિનાસંદેહે કહી શકીએ કે તેના ભવિષ્ય માટે તેની યોજનાઓ હશે, જ્યારે અચાનક જ કોઈપણ ચેતવણી વગર તેને રાજાની હજૂરમાં જઈને તેની તરફેણ પ્રાપ્ત કરવાનું કહેવામાં આવ્યું, જેથી તે દુષ્ટ હામાન યહૂદીઓની કતલ કરવાની યોજના બનાવી રહ્યો હતો તે રાજાને જણાવી શકે.

તેને એવી બાબતો કરવાનું કહેવામાં આવ્યું, જેનાથી તે જીવનભર ગભરાઈ જાય, પરંતુ તેના કાકાએ જ્ઞાનથી તેને કહ્યું : ‘‘જો તું આ સમયે છેક છાનીમાની બેસી રહેશે, તો યહૂદીઓને માટે મદદ તથા બચાવ બીજી જગ્યાએથી મળશે, પણ તારો તથા તારા બાપના કુટુંબનો નાશ થઈ જશે; અને તને રાણીપદ પ્રાપ્ત થયું છે તે આવા જ સમયને સારુ નહિ હોય એ કોણ જાણે છે?’’ (એસ્તેર ૪:૧૪).

જો તેણે બલિદાન કર્યું ન હોત, તો દેવે બીજા કોઈને શોધી કાઢ્યા હોત. પરંતુ તેના લોકોને બચાવવા એ તેના માટે નિર્માણ કરેલું હતું, તેના જીવનનો આ હેતુ હતો. તમે તમારી યોજનાઓમાં દેવ હસ્તક્ષેપ કરે એમ ઈચ્છતા નથી, તેને લીધે તમારા જીવનના હેતુને મૂકી દેશો નહિ.

જેમણે બલિદાનપૂર્વક આજ્ઞાધીનતા રાખી તેમની યાદી લાંબી અને લાંબી થતી જશે. બાઈબલ તેમને માટે કહે છે કે, ‘‘જગત તેઓને યોગ્ય નહોતું.’’ (હિબ્રૂ ૧૧:૩૮).

આ લોકો, જેમના વિષે આપણે વાંચીએ છીએ તેમણે બીજા લોકોનું જીવન સરળ બનાવવા અગવડતા અને પ્રતિકૂળતા સહન કરી. ઈસુ ખ્રિસ્ત એટલા માટે મૃત્યુ પામ્યા કે આપણને ભરપૂર જીવન મળે. સૈનિકો એટલા માટે મરે છે, જેથી સામાન્ય નાગરિકો ઘરમાં શાંતિથી

રહી શકે. પિતાઓ નોકરી પર જાય છે, જેથી તેમનાં કુટુંબો સારું જીવન જીવી શકે અને માતાઓ ગરોદરપણાંનું દુઃખ સહન કરે છે, જેથી તેઓ આ જગતમાં બીજું એક જીવન લાવી શકે. કોઈએ કંઈ પ્રાપ્ત કરવું હોય તો બીજા કોઈ વ્યક્તિએ પ્રતિકૂળતા કે દુઃખ સહન કરવું પડે છે તે ખૂબ સ્પષ્ટ લાગે છે.

આ અધ્યાય ખૂબ જ અગત્યનો છે, કેમ કે પ્રેમની ક્રાંતિના ભાગ બનવાનો ખ્યાલ સારી લાગણીની અનુભૂતિ કરાવે છે, તમે તેના ભાગ તરીકે જ્યારે તમે એ જાણશો કે પ્રેમમાં ચાલવા માટે જે બાબતો કદાચ ના કરત, એવી બાબતો તમારે કરવાની જરૂર છે ત્યારે તમે તમારું મન બદલશો. તમારે કદાચ એવી વ્યક્તિ સાથે કામ કરવું પડે જેનાથી તમે દૂર જવા માગો છો, કેમ કે પ્રેમ બીજાઓની નબળાઈઓ અને હાર સહન કરે છે. તમારે કદાચ આનંદદાયક ન હોય એવી જગ્યાએ રોકાવું પડે, કેમ કે તમે જ ફક્ત તે અંધકારનો પ્રકાશ છો. તમારે કદાચ અમુક જગ્યા છોડવી પડે, કેમ કે તે તમને પાપ કરવા પરીક્ષણમાં નાખે છે. વાસ્તવમાં, ઈબ્રાહિમ તો મૂર્તિપૂજકો મધ્યે તેનાં કુટુંબસહિત રહેતો હતો, તેથી પ્રભુએ તેને તે જગ્યા અને લોકોને છોડવાનું કહ્યું તે સ્વાભાવિક છે. કેટલીકવાર દેવ આપણને આપણે જેની સાથે હળી-મળી ગયા હોઈએ તેનાથી આપણને દૂર કરે જ છે, જેથી તે આપણને જે બતાવવા માગે છે તે આપણે જોઈએ.

જો તમે એવો નિર્ણય કરો કે તમે પ્રતિકૂળતા કે હસ્તક્ષેપને ધ્યાનમાં લેશો નહિ, તો પ્રભુ તમારો ઉપયોગ કરી શકશે. તમે જગતમાં બદલાણ લાવી શકો છો.

જો તમે એવો નિર્ણય કરો કે તમે પ્રતિકૂળતા કે હસ્તક્ષેપને ધ્યાનમાં લેશો નહિ, તો પ્રભુ તમારો ઉપયોગ કરી શકશે.

સદોમ અને ગમોરાહ

તમે કદાચ સદોમ અને ગમોરાહ તેમ જ તેમાંની ભયંકર દુષ્ટતા વિષે સાંભળ્યું હશે. પરંતુ વાસ્તવમાં તેમણે એવું શું કર્યું, જેથી દેવ અપ્રસન્ન થયા? આપણે ઘણીવાર કહીએ છીએ કે તેમની જાતિય વિકૃતિના લીધે દેવે તેમનો નાશ કર્યો. પરંતુ તેમની વિરૂધ્ધના આ દેવના કાર્ય માટે બીજી જ પરિસ્થિતિ જવાબદાર હતી. જ્યારે મેં તેમના નાશ વિષેની સત્ય હકીકત જાણી ત્યારે મને આશ્ચર્ય થયું. જ્યારે હું ગરીબોને ખવડાવવાની જરૂરિયાત વિષેનાં વચનો શોધતી હતી, ત્યારે મેં તે શોધી કાઢ્યું. "જો, તારી બહેન સદોમનો દોષ આ હતો; એટલે અહંકાર, અન્નની પુષ્કળતા, ને જહોજલાલીને લીધે તેનો તથા તેની દીકરીઓનો એશઆરામ; વળી તે ગરીબ તથા કંગાળને મદદ પણ કરતી નહોતી. વળી તેઓ મગરૂર હતી; ને મારી નજર આગળ ધિક્કારપાત્ર કૃત્યો કરતી હતી; એ માટે મને યોગ્ય લાગ્યું ત્યારે મેં તેમને દૂર કરી." (હઝકિયેલ ૧૬:૪૯-૫૦).

સદોમ અને ગમોરાહની સમસ્યા એ હતી કે તેમની પાસે ઘણું બધું હતું અને જેઓ જરૂરિયાતમંદ હતા તેમને તેમણે વહેંચ્યું નહિ. તેઓ આળસુ અને ખૂબ જ અનુકૂળ જીવનશૈલી ધરાવતા હતા, જેણે તેમને ધિક્કારપાત્ર કૃત્યો તરફ દોર્યા. આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ કે આળસુપણું અને વધારે પડતી અનુકૂળતા આપણા માટે સારી નથી અને આપણને વધુને વધુ સમસ્યાઓમાં દોરે છે. આપણી પાસે જે કંઈ છે તેને આપણા કરતાં થોડું છે તેમને વહેંચીએ નહિ, તો તે આપણા માટે સારુ નથી અને એક રીતે જોઈએ તો તે ભયજનક છે. કેમ કે આવી સ્વાર્થી જીવનશૈલી શેતાનની ઉન્નતિના દ્વાર ઉઘાડે છે. આ બાબતો આપણા માટે સારી નથી, એટલું જ નહિ, પરંતુ તે દેવને પણ ગમતું નથી. તે ઈચ્છે છે કે આપણે તેમના માટે વહેતા ઝરણાસમાન બનીએ અને ફક્ત આપણાં સુધી સીમીત રાખનાર અવરોધરૂપ બનીએ નહિ.

આજે આપણા માટેની દરેક અનુકૂળ બાબતોની આપણે કદર કરીએ છીએ, પરંતુ કોઈક રીતે હું માનું છું કે શેતાન તેનો ઉપયોગ દેવને આધીન થવા, અને બીજા જરૂરિયાતમંદોને મદદ કરવા માટે પ્રતિકૂળ થવાની ઈચ્છાનો નાશ કરવા માટે કરે છે. આપણે સરળ તેમ જ અનુકૂળ બાબતોથી ટેવાઈ ગયા છીએ અને આપણે ખૂબ જ સાવધાન રહેવાની જરૂર છે. બધા લોકોની જેમ મને પણ આરામદાયક બાબતો ગમે છે. મને અનુકૂળતા ગમે છે, પરંતુ મેં જ્યારે મારી પાસે આવી બાબતો ન હોય ત્યારે ફરિયાદ ન કરવાનો પ્રયત્ન કર્યો છે. હું એ પણ શીખી છું કે પ્રતિકૂળતા મોટે ભાગે બીજાઓને મદદ કરવાનો એક ભાગ છે અને હું માનું છું કે મને દેવ દ્વારા બીજાઓને સારા વલણ સાથે મદદ કરવા માટે તેડવામાં આવી છે.

જ્યારે હું લખતી હોઉં ત્યારે મને ખલેલ પસંદ નથી. જો મને ખલેલ પડે તો ખૂબ પ્રતિકૂળતા લાગે છે, કેમ કે ત્યારપછી હું જે કાર્ય કરતી હતી તેના વહેણમાં મારે ફરી જવું પડે છે. થોડી ક્ષણો પહેલાં જ મારી પારખ થઈ. મારા ફોનની ઘંટડી વાગી અને મેં જોયું કે તે એક સ્ત્રીનો ફોન હતો, જેને વિષે હું જાણતી હતી કે તેને હું તેની લગ્નની સમસ્યા વિષે થોડો સમય સાંભળું એવી જરૂર હતી. હું તેને રોકવા માગતી હતી, પરંતુ મને લાગ્યું કે મારે તેમ કરવું જોઈએ નહિ, કેમ કે આ સ્ત્રી તો ખૂબ જાણીતી અને તેની પાસે એવું કોઈ નહોતું, જેના પર તે વિશ્વાસ કરી શકે. તેણી તો એકલી હતી, અને આંતરરાષ્ટ્રીય રીતે જાણીતી સ્ત્રી હતી અને તેને સમસ્યા હતી અને દેવ મારી પાસેથી ઈચ્છતા હતા કે હું મારું લખવાનું બંધ કરીને વાસ્તવમાં પ્રેમ પ્રદર્શિત કરું! કલ્પના કરો... દેવ ચાહે છે કે આપણે જે માનીએ છીએ અને કહીએ છીએ તેને પ્રદર્શિત કરીએ.



અધ્યાય

5

પ્રેમ માર્ગ શોધે છે

જો મારા સફળતાના ઈરાદા મજબૂત છે,
તો નિષ્ફળતા ક્યારેય મને જીતી શકશે નહિ.
ઓગ મેન્ડીનો

ઈચ્છા એ સામર્થી પ્રેરણા છે. અંતે મેં એક સત્ય શોધી કાઢ્યું છે કે જો હું ખરેખર કંઈ કરવા માગું છું, તો મને તે કરવાનો માર્ગ મળી જાય છે. લોકો મને પૂછે છે કે હું જે કરું છું તે સઘળું કેવી રીતે કરવું, અને હું કહું છું, ‘‘કેમ કે હું તે કરવા માગું છું.’’ મને એ વાતનો ખ્યાલ છે કે દેવે મને કૃપા આપી છે અને મારા હૃદયમાં ઈચ્છાઓ મૂકી છે, પરંતુ સત્ય એ છે કે હું અમુક બાબતો કરવા માગું છું, જે મને તેમ કરવા પ્રેરે છે. દેવ જે મારી પાસે કરાવવા માગે છે તે હું કરવા માગું છું; હું લોકોને મદદ કરવા માગું છું અને હું મારા નિર્માણ કરેલા કાર્યને પૂર્ણ કરવા માગું છું, અથવા જેમ પાઉલે કહ્યું તેમ ‘‘હું મારી દોડ પૂરી કરવા માગું છું.’’

તમે કદાચ પૂછો કે, ‘‘જો મને તે ઈચ્છા જ ન હોય તો શું?’’ તમારી દેવની ઈચ્છા પ્રમાણે કામ કરવાની ઈચ્છા છે જ, નહિ તો તમે આ પુસ્તકને પહેલો અધ્યાય વાંચીને મૂકી દીધું હોત. જો તમારો ઈસુ ખ્રિસ્ત સાથેનો સંબંધ છે, તો તમારી સારું કરવાની ઈચ્છા છે. કેમ કે તેણે તમને તેનું હૃદય અને આત્મા આપ્યો છે. હઝકિયેલ ૧૧:૧૯ આ વચન આપે છે કે, ‘‘હું તેઓને એક અંતઃકરણ આપીશ, ને હું તમારામાં નવો આત્મા મૂકીશ; હું તેમના દેહમાંથી પથ્થર જેવું હૃદય દૂર કરીને તેમને માંસનું હૃદય આપીશ.’’ આપણે કદાચ આળસુ, નિષ્ક્રિય અથવા સ્વાર્થી બની જઈએ અને આ બધી બાબતોને સમય અનુસાર દૂર કરવાની જરૂર છે,

પરંતુ વિશ્વાસીઓ તરીકે દેવનું હૃદય હોય અને છતાં તેમને આધીન થઈએ નહિ અને લોકોને મદદ કરીએ નહિ, એ અશક્ય છે.

હું માનું છું કે પ્રશ્ન આ છે : તમે કેટલું વિશેષ કરવા માગો છો? શું તમે તમારી ઈચ્છા કરતાં પણ વધારે તેમની ઈચ્છા પૂરી કરવા માગો છો? બીજાઓને મળી શકે એટલું બલિદાન શું તમે કરવા માગો છો?

મને હમણાં જ એક જુવાન માણસે કહ્યું કે, તે કેટલો નાખુશ હતો. તે મને કહેતો હતો કે તે જાણે કે દેવે તેને ઊંચી જગ્યા માટે તેડ્યો છે, પરંતુ તેને લાગ્યું કે તે તેના માટે જોઈતું બલિદાન કરવા ઈચ્છતો નથી. મને તેના માટે બહુ દુઃખ થયું, કેમ કે હું નહોતી ઈચ્છતી કે બલિદાનની બીજી બાજુ રહેલો આનંદ છે તેને તે છોડી દે. હું પ્રાર્થના કરું છું કે તે તેનું મન બદલે.

જો આપણે ખરેખર કંઈ કરવા માગીએ છીએ તો આપણે તે કરવાનો માર્ગ શોધી કાઢીશું. આપણે તેમ નહિ કરીએ ત્યાં સુધી આપણે આપણાં જીવનોને આપણાં બહાનાઓ દ્વારા છેતરાવા દઈશું કે શા માટે આપણે આ બાબતો કરી ન શક્યા. બહાનાઓ ખૂબ જ ભયજનક બાબત છે અને હું માનું છું કે આપણે જે ઈચ્છા રાખીએ છીએ, તેમાં વિકાસ ન પ્રાપ્ત કરવાનાં મુખ્ય કારણો તે જ છે. કદાચ તમે કસરત કરવા માગતા હોય, પણ તમે શા માટે તે કરી શકતા નથી તેનાં તમે બહાનાં કાઢો છો. કદાચ તમે વધારે સમય તમારાં કુટુંબ સાથે ગાળવા માગતા હોય, પરંતુ તમારી પાસે બહાનું છે કે શા માટે તમે તેમ કરી શકતા નથી. તમે કદાચ એ જાણતા હો કે બીજાઓને મદદ કરવા તમારે તમારી જાતને વધારે આપવાની છે અને કદાચ તમે તેમ કરવા માગતા હો, પરંતુ તમે એમ શા માટે ન કરી શકતા નથી તેના કારણો અને બહાનાઓ હમેશાં તૈયાર જ હોય છે. શેતાન આપણને બહાનાઓ આપે છે; જ્યાં સુધી આપણે એ જાણતા નથી કે બહાનાઓ આપણને અનાજ્ઞાંકિત બનાવે છે અને છેતરે છે ત્યાં સુધી આપણે આનંદ વગરનું અને ફળ વગરનું જીવન જીવીએ છીએ.

ભલો પડોશી

ઈસુએ કહ્યું, "તારા દેવ પ્રભુ પર તારા ખરા હૃદયથી તથા તારા ખરા જીવથી તથા તારા પૂરા હૃદયથી તથા તારા ખરા જીવથી તથા તારા પૂરા સામર્થ્યથી તથા તારા ખરા મનથી પ્રેમ રાખવો અને જેવો પોતા પર તેવો તારા પડોશી પર પ્રેમ રાખવો" (લૂક ૧૦:૨૭). તેણે આગળ જતાં તે જેની સાથે વાત કરતો હતો તેને કહ્યું કે, જો તે તે પ્રમાણે કરશો તો તે જીવશે, તેનો અર્થ એ કે તે કાર્યરત, આશીર્વાદિત અને દેવના રાજ્યમાં અનંતકાળનું જીવન જીવશે. પોતાને ન્યાયી ઠરાવવાની ઈચ્છાથી તે પંડીતે પૂછ્યું કે, "મારો પડોશી કોણ છે?" તે જાણવા માગતો હતો કે આવા લોકો કોણ છે, જેમને તેણે પ્રેમ કરવાનો છે, અને ઈસુએ તેને એક વાત કરીને તેનો ઉત્તર આપ્યો.

એક માણસ મુસાફરી કરતો હતો અને લૂંટારુઓએ તેના પર હુમલો કર્યો અને તેને લૂંટી લીધો અને માર માર્યો અને રસ્તા પર અધમૂઓ મૂકીને ચાલ્યા ગયા. ત્યાંથી એક યાજક (ધાર્મિક માણસ) પસાર થતો હતો, તેણે આ મદદની જરૂરિયાતવાળા માણસને જોયો અને રસ્તાની બીજી બાજુએથી ચાલ્યો ગયો. હું નથી જાણતી કે તે પહેલાથી જ રસ્તાની બીજી બાજુએ હતો કે તેણે રસ્તો બદલીને બીજી તરફ ચાલવા માડ્યું, જેથી આ ઈજાગ્રસ્ત માણસ તેને જુએ નહિ અને મદદ માટે પોકાર ન કરે, પણ એ તો ચોક્કસ હતું કે આ દુઃખી માણસની બાજુએથી થઈને તે પસાર થશે નહિ. પછી બીજો એક ધાર્મિક માણસ, એક લેવી પણ ત્યાં આવ્યો અને એ પણ રસ્તાની બીજી બાજુએથી જતો રહ્યો. કદાચ આ ધાર્મિક માણસો પ્રભુમંદિરમાં જવા ખૂબ ઉતાવળા હતા અને મંડળીમાં તેમને જે કરવાનું શીખવવામાં આવે છે તેને વાસ્તવિક રીતે કરવાનો તેમની પાસે સમય નહોતો. ધાર્મિક લોકો હમેશાં ધાર્મિક શબ્દો દ્વારા વાત કરે છે. પરંતુ કોઈ પ્રાયોગિક મદદ આપતા નથી. હું માનું છું કે ખ્રિસ્તીત્વમાં આ આજની એક મોટી સમસ્યા છે. આપણે જે ''જાણીએ'' છીએ તેના વિષે આપણે અભિમાન કરીએ છીએ, પણ ઘણા કિસ્સાઓમાં આપણે આપણી પાસે જે જ્ઞાન છે તે પ્રમાણે જે કરવું જોઈએ તે કરતા નથી. આપણે ઘણી બધી વાતો કરીએ છીએ પણ લોકો જે જોવા માગે છે તે આપણે હમેશાં તેમને બતાવતા નથી - અને આ જ કાર્યક્ષમ પ્રેમ છે.

આ બે ધાર્મિક માણસો જેને તાતી મદદની જરૂરિયાત હતી તેની પાસેથી પસાર થયા પછી, એક સમરૂની માણસ, જે ધાર્મિક વ્યક્તિ નથી, તે આ રસ્તે થઈને જતો હતો, જ્યારે તેણે આ જરૂરિયાતવાળા માણસને જોયો ત્યારે તેને દયા આવી અને તેણે તેના ઘા સાફ કર્યા. ત્યારપછી તેણે તેને પોતાના જાનવર પર બેસાડીને તેને સ્થાનિક ધર્મશાળામાં લઈ ગયો અને તે ધર્મશાળાના માણસને બે દિવસનું વેતન આપ્યું અને તેને કહ્યું કે તે પાછો આવે ત્યાં સુધી તેની કાળજી લેવી અને તે પાછો આવશે ત્યારે તેને વધારાનો જે ખર્ચ થયો હશે તે તેને આપશે. ત્યારપછી ઈસુએ તે પંડિતને પૂછ્યું કે આ ત્રણમાંથી કયા વ્યક્તિએ પોતાનો તેનો પડોશી સાબિત કર્યો? (જુઓ લૂક ૧૦:૨૭-૩૭).

આ વાર્તાની ઘણી બધી બાબતો મારું ધ્યાન ખેંચે છે. પ્રથમ બાબત જે મેં અગાઉ જણાવ્યું તેમ ધાર્મિક માણસે કંઈ કર્યું નહિ. આપણે કંઈ જ ન કરવાની બાબતને નકારવી જ જોઈએ! આપણે જે કરીએ છીએ તે જો કે નાનું હોય છતાં આપણે બીજાઓની જરૂરિયાતો પૂરી પાડવા વિષે દેવ જે આપણને બતાવે છે તે પ્રમાણે કરવાનો માર્ગ શોધવો જ જોઈએ. હું માનું છું કે એવા સમયો હોય છે જ્યારે આપણે ફક્ત પ્રાર્થના કરી શકીએ અથવા કદાચ શાબ્દિક ઉત્તેજન આપી શકીએ, પરંતુ આપણે મદદ કરવાના માર્ગ શોધવા માટે આક્રમક થવું જ જોઈએ. આપણે તેના વિષે વિચાર કરવો જોઈએ અને ફક્ત એમ માનવું જોઈએ નહિ કે આપણે કંઈ કરી શકીએ નહિ અથવા તેથી વિશેષ આપણે ત્રાસ અનુભવવા માગતા નથી, તેને લીધે કંઈ જ ન કરવા માટે બહાના કાઢવા જોઈએ નહિ.

બીજી બાબત આ વાતમાંથી મારા ધ્યાનમાં આવે છે એ તો એ છે કે સમરૂની વ્યક્તિએ પેલા માણસને મદદ કરવા પોતે મુશ્કેલી સહન કરી. હું કલ્પના કરું છું કે તેનાથી તેની

મુસાફરીમાં વિલંબ થયો હશે. તે કોઈ જગ્યાએ જતો હશે અને ત્યાં જવું તેને માટે જરૂરી હશે, કેમ કે તેણે ઈજાગ્રસ્ત માણસને તે પાછો આવે ત્યાં સુધી ધર્મશાળામાં મૂક્યો અને તેની સંભાળ લેવા કહ્યું. તેણે સમય અને નાણાંનું રોકાણ કર્યું અને તેણે કોઈ જરૂરિયાતવાળાને લીધે અગવડતા સહન કરી.

હું એ પણ જોઈ શકું છું કે સમરૂનીએ તેની તાકીદની જરૂરિયાતને તેના મૂળ હેતુથી અલગ થવા દીધી નહિ. આ પણ અગત્યનું છે, કેમ કે કેટલીકવાર લોકો તેમની દયાની લાગણીઓથી એટલા દોરાતા હોય છે કે તેઓ તેમણે જે પૂર્ણ કરવાનું છે તે હેતુ પર કેન્દ્રિત રહી શકતા નથી. મારી દીકરી સેન્ડ્રાને લોકોને મદદ કરવાનું ખૂબ, ખૂબ અને ખૂબ ગમે છે અને તે સારી બાબત છે, પરંતુ હજુ ગઈકાલે જ તેણે મને ફોન કરીને કહ્યું કે હું તેના માટે એવી પ્રાર્થના કરું કે તે સમતોલ બને અને સ્પષ્ટ બને કે તેણે કોની મદદ કરવાની છે અને કેટલી હદ સુધી મદદ કરવાની છે. તેણે તેની બે જોડકી દીકરીઓની સંભાળ લેવાની છે, તે તેના પ્રભુમંદિરમાં વાલીઓ પર શિક્ષણ આપે છે અને તેણે બીજાં પણ કેટલાંક સમર્પણ કર્યા છે, જેના વિષે તેણે વિશ્વાસુ રહેવાનું છે અને છતાં તે જરૂરિયાતો વિષે સાંભળ્યા કરે છે અને હમેશાં મદદ કરવા માગે છે! ઘણીવાર તે વિચાર્યા વગર મદદ કરવા અથવા તે તેની મુખ્ય બાબતોને અવગણ્યા વગર તે મદદ કરી શકે તે માટે સમ્મીલીત થાય છે. પરિણામે, કેટલીકવાર તે તેની મદદ કરવાની સારી ઈચ્છાઓ સાથે અંતમાં હતાશા અને મૂંઝવણોથી ભરાઈ જાય છે, જે દેવની ઈચ્છા નથી.

મેં સેન્ડ્રાને ઈસુએ કહેલી સમરૂનીની વાત દ્વારા ઉત્તેજન આપ્યું, અને તમને પણ હું એ જ પ્રમાણે ઉત્તેજન આપું છું. તમારી યોજનાને બદલવા તથા અગવડતા માટે તૈયાર રહો અને જો કોઈની જરૂરિયાત પૂરી કરવા જરૂરી હોય તો નાણાં અને સમય પણ આપવા તૈયાર રહો. પરંતુ બીજાઓ મદદ કરી શકે તેમ હોય તોપણ સઘળું જાતે જ કરવાનો પ્રયત્ન કરશો નહિ. સમરૂનીએ ધર્મશાળાના વ્યક્તિને મદદ કરવા સૂચના આપી, જેથી તેણે જે કરવાનું હતું, અને તે જ્યાં જઈ રહ્યો હતો તેના પર તે ધ્યાન કેન્દ્રિત કરી શકે.

જ્યાં સુધી આપણે રસ્તાની મધ્યમાં છીએ ત્યાં સુધી કયા ખાડામાં છીએ તેનાથી શેતાનને કંઈ ફરક પડતો નથી. બીજા શબ્દોમાં લોકો કંઈ જ કરતા નથી અથવા બધું જ કરવા માગે છે અને પછી હતાશ થાય છે અથવા અંતે એવું અનુભવે છે કે તેમનો બીજાઓએ લાભ લઈ લીધો. આપણાં જીવનની દરેક બાબતને સમતુલાની જરૂર છે, બીજાઓને મદદ કરવાના ક્ષેત્રમાં પણ. હું એક મુશ્કેલ રસ્તો શીખી છું કે હું બધું જ કરી શકતી નથી અને કંઈક કરી શકું છું, અને આ આપણા દરેક માટે સત્ય છે. હું વધારે પડતા સમ્મીલીત થવાની બીકને લીધે મને સમ્મીલીત થતા રોકી શકું નહિ.

હું એ પણ જોઉં છું કે તે સમરૂનીએ આ જરૂરિયાત માટે તેણે જે કિંમત ચૂકવવી પડશે તેની મર્યાદા બાંધી નહિ. તેણે પેલા ધર્મશાળાના માણસને કહ્યું કે તે પાછો આવશે ત્યારે તે ઘવાયેલાં વ્યક્તિની સંભાળમાં જે ખર્ચ થયો હશે તે તેને ચૂકવશે. ભાગ્યે જ આપણને એવી વ્યક્તિઓ જોવા મળે છે જેઓ જે કરવાની જરૂર છે તેને માટે ગમે તે કરવાની ઈચ્છા રાખતા હોય.

જેમ મેં કહ્યું તેમ, કેટલીકવાર આપણે આપણી પ્રાથમિક્તાઓ માટે મર્યાદાઓ બાંધવી જ પડે છે, પરંતુ આ કિસ્સામાં તો આ વ્યક્તિ પાસે ખૂબ નાણાં હતા, તેથી તેણે તેના વિષે મર્યાદા બાંધવાની જરૂર નહોતી. તેણે ઉદાર વલણથી કાર્ય કર્યું, બીકસહિત નહિ. દેવ કદાચ આપણને આપણાંમાંના કોઈને સમસ્યાનું નિરાકરણ લાવવા જેની જરૂર છે તે સઘળું કરવાનું કહેતા નથી, પરંતુ તે ઈચ્છે છે કે આપણે જે કરી શકીએ છીએ તેટલું તો આપણે કરીએ જ. અને જો કદાચ તે આપણી પાસે બધું જ કરાવવા માગે છે, તો આપણે કરવું જોઈએ! આપણું સર્વસ્વ આપી દેવુ એ પડકારમય છે અને તે આપણા વિશ્વાસને વધારે છે પરંતુ તે આપણને એ જાણવાની સ્વતંત્રતામાં પણ લાવે છે કે આ જગતમાં કશું જ આપણી પર વર્ચસ્વ ધરાવતું નથી.

મને યાદ છે એક વખત દેવે મને મારું સર્વસ્વ, જે મેં બચાવ્યું હતું તેમાંનું ભેટના પ્રમાણપત્રો સાથે આપી દેવાનું કહ્યું. આ નવા પ્રકારનું બલિદાનનું **સર્વસ્વ** આપવાનું સ્થાન મુસ્કેલ હતું, કારણ કે હું લાંબા સમયથી નાણાંની બચત કરતી હતી અને યોગ્ય સમયે તેમાંથી ખરીદી કરવા માગતી હતી. વિચિત્ર બાબત તો એ હતી કે ભેટના પ્રમાણપત્રો તો સૌથી વિશેષ મુશ્કેલ બાબત હતી. મારી પાસે ઘણાં એવા હતા જે મેં મારી વર્ષગાંઠ પર પ્રાપ્ત કર્યા હતા અને મને એ જાણીને આનંદ હતો કે તે ઉપલબ્ધ હતા, મારે તેનો ઉપયોગ કરવો જોઈએ? હું આપવા માટે ટેવાઈ ગઈ હતી, પણ **સઘળું** આપવું એ એક નવું સ્થાન હતું. થોડા સમય દેવની સાથે વિવાદ કર્યા પછી અને હું વિચારી શકું એટલા બહાનાઓ બતાવ્યા પછી અંતે હું આધીન થઈ. મારી સંપત્તિ જતી રહેવાનું દુઃખ ક્ષણિક હતું પણ આધીનતાનો આનંદ અને મારી સંપત્તિનું મારા પર વર્ચસ્વ નથી એ જ્ઞાન અનંતકાળીક હતા.

એ પ્રથમ જ વખત મારી આ રીતે પારખ થઈ પણ તે છેલ્લી નહોતી. પ્રભુ પરીક્ષા માટેના સમયની પસંદગી કરે છે અને આપણાં લાભને માટે તે જરૂરી છે. તે આપણને વસ્તુઓ સાથે વધારે પડતા જકડાઈ રહેવાની બાબતથી દૂર રાખે છે. પ્રભુ આપણને જે આપે છે તેનો આપણે આનંદ લીએ એમ ચાહે છે, પણ તે આપણી પાસેથી એમ પણ ચાહે છે કે આપણે એ યાદ રાખીએ કે આપણે તેનાં કારભારી છીએ, માલિક નહિ. તે માલિક છે અને તેમની સેવા આનંદથી, આપણા પૂરા હૃદયથી અને આપણી પાસેના દરેક સ્રોતથી કરવી એ આપણી ફરજ છે.

મારો પડોશી કોણ છે?

તમારે કોને મદદ કરવી જોઈએ અને કોણ તમારો પડોશી છે? એ તો તમારા માર્ગમાં જે કોઈ જરૂરિયાતવાળો માણસ આવે છે તે છે. કદાચ કોઈ એમ ઈચ્છે છે કે તમે તેનું સાંભળો, અથવા કદાચ કોઈ એવી વ્યક્તિ જેને ઉત્તેજન કે શુભેચ્છાની જરૂર છે. એ કોઈ એવી વ્યક્તિ હોઈ શકે, જેને તમારા થોડા સમયની જરૂર છે અથવા કોઈને તમે મળો અથવા નાણાંકીય

મદદ કરી શકો. કદાચ તમારો પડોશી જે એકલતાનો અનુભવ કરે છે અને તમે તેની સાથે મિત્રતા કરો એવી તેને જરૂર છે.

હમણાં જ ડેવે મને કહ્યું કે દેવે તેમને મિત્રતા માટે સમય કાઢવા વિષે કહ્યું. હું હમેશાં વિચારતી હતી કે ડેવ ખૂબ મિત્રતાસભર છે, પણ તેમને લાગે છે કે દેવ તેમને વધારે મિત્રતાસભર બનાવવા માગે છે. તે લોકોને તેમની દરેક જરૂરિયાતો વિષે પૂછે છે જેથી તે તેમની વ્યક્તિગત સંભાળ લઈને તેમને બતાવી શકે કે તે તેમની સંભાળ લે છે. તે જેમની સાથે સમય વિતાવે છે તેમાંના ઘણાંને તે જાણતા હોતા નથી અને કદાચ ફરી ક્યારેય મળે નહિ. ક્યારેક તેઓ વડીલ અથવા તો બીજા દેશના લોકો હોય છે, જેઓ સારી રીતે અંગ્રેજી જાણતા હોતા નથી અને કદાચ એકલતા અનુભવતા હોય છે. હમણાં જ તેમણે મને એક અપંગ વ્યક્તિ વિષે કહ્યું, જેને કૉફી શોપમાં બીજા બધા જોઈ રહ્યા હતા. ડેવે તે સદ્‌ગૃહસ્થની સાથે તેની અપંગતાને લીધે તેની સાથે વાતચીત કરવી અઘરી લાગે તોપણ તેની સાથે વાત કરવા સમય કાઢ્યો.

આપણાં કરતાં અલગ હોય એવા લોકોની આપણે ઘણીવાર અવગણના કરીએ છીએ. કેમ કે તેમના લીધે આપણને રાહત ન થતી હોય અને અયોગ્ય લાગતા હોય છે. કદાચ આપણે તેઓ શું અનુભવે છે તેના વિષે વિચારવું જોઈએ, નહિ કે આપણાં માટે સગવડભરેલું શું છે!

આપણે સારા પડોશી તરીકે આપણને દર્શાવતી યાદી વિષે વિચારીએ તો તેનો અંત નથી, પણ જો આપણે ખરેખર લોકોને મદદ કરવા માગીએ છીએ અને તેમના માટે આશીર્વાદ બનવા માગીએ છીએ, તો આપણે માર્ગ શોધી કાઢીશું. યાદ રાખો કે અલગતા બહાનાઓ બનાવે છે પણ પ્રેમ માર્ગ શોધે છે.

મોટી અસર સાથે નાની બાબતો

ઈસુએ તેમનાં સમયને વેડફયો નહિ, તેથી આપણે સમજી શકીએ કે તેમણે જે કર્યું તે ખૂબ જ અર્થસભર હતું અને તેમાં શીખવા માટેનાં મોટાં પાઠનો સમાવેશ થાય છે. ચાલો, આપણે એ સમય વિષે વિચાર કરીએ, જ્યારે તેમણે તેમનાં શિષ્યોનાં પગ ધોવાનું નક્કી કર્યું (જુઓ યોહાન ૧૩:૧-૧૭). એ સઘળું શેના વિષે હતું? તેમના મનમાં તેમનાં શિષ્યોને શીખવવા માટેની ઘણી બાબતો હતી, તેમાંની એક તો બીજાઓની સેવા કરવાની બાબત હતી. વાસ્તવમાં તો, તે ત્રિએક દેવનાં બીજા વ્યક્તિ તકીકે પ્રગટ થયા છે. તેથી એમ કહેવું યોગ્ય છે કે તે ખરેખર મહત્વના છે અને ચોક્કસપણે કોઈના પગ ધોવાની જરૂર નથી, ખાસ કરીને તો તેમનાં વિશ્વાસીઓના! પણ તેમણે એવું કર્યું, કેમ કે તે તેમને શીખવવા માગતા હતા કે તેઓ અધિકારમાં હોઈ શકે છતાં એ સમયે પણ સેવક કે ચાકર છે. આપણાંમાંના ઘણાં આ મહત્વનો પાઠ શીખ્યા નથી.

ઈસુના સમયમાં લોકોનાં પગ ખૂબ જ ગંદા રહેતા. લોકો ધૂળવાળા રસ્તાઓ પર મુસાફરી કરતા અને તળીયા સાથે થોડી પટ્ટીઓવાળા જોડાં પહેરતા. ત્યારે એક રીવાજ હતો કે મહેમાન જ્યારે ઘરમાં આવે ત્યારે તેમનાં પગ ધોવા, પણ ચાકરોએ આ કાર્ય કરવાનું હતું, ઘરધણીએ નહિ. ઈસુએ તેમનો ડગલો ઉતાર્યો અને ચાકરની જેમ રૂમાલ બાંધ્યો, તે એમ બતાવવા માગતા હતા કે આપણે બીજાઓની સેવા કરવા આપણાં ''પદને'' બાજુ પર મૂકી શકીએ છીએ અને તેને ગુમાવવાથી બીતા નથી.

પિતર, જે સૌથી વધારે ઉતાવળીયો અને બોલનારો હતો, તેણે આવેશપૂર્વક ઈસુને તેનાં પગ ધોવાની મના કરી, પણ ઈસુએ કહ્યું કે જો તે પિતરના પગ ન ધૂએ, તો તેઓ બંને સાચા મિત્રો નથી. બીજા શબ્દોમાં, તે બંનેએ એકબીજાને સારુ કંઈ કરવું જોઈએ, જેથી તેમનો સંબંધ તંદુરસ્ત અને મજબૂત બની રહે. જો દંપતિઓ આ સિધ્ધાંતને અનુસરે તો કેટલા બધા લગ્નજીવનો બચી જાય અથવા તો સુધારો પ્રાપ્ત કરે!

થોડા વર્ષો પહેલાં મેં નક્કી કર્યું કે મને એક જ બાજુના સંબંધની ઈચ્છા નહોતી - એવા સંબંધો જેમાં હું જ આપ્યા કરું અને બીજી વ્યક્તિ લીધા કરે. આવી રીતનો વ્યવહાર સાચો સંબંધ નથી અને તે હમેશાં ખીજ, રોષ અને કડવાશનું કારણ બને છે. આપણે દરેકને માટે કંઈ કરવું જોઈએ એટલું જ નહિ, પણ આપણે એકબીજાને માટે પણ કંઈ કરવાની જરૂર છે. આ તો સંબંધ જાળવવાનો એક ભાગ છે.

આપણે દરેકને માટે કંઈ કરવું જોઈએ એટલું જ નહિ, પણ આપણે એકબીજાને માટે પણ કંઈ કરવાની જરૂર છે.

આપણે આપણાં બાળકો માટે ઘણું બધું કરીએ છીએ, પરંતુ તેઓ પણ આપણે માટે કંઈ કરે છે. તેઓ જે કરે છે તે કદાચ આપણે આપણા માટે સરળતાથી કરી શકીએ પણ તેમણે આપણને આપવાની અને આપણી પાસેથી પ્રાપ્ત કરવાની જરૂર છે અને આપણને પણ તેમને તે પ્રમાણે કરવાની જરૂર છે.

તાકીદની જરૂરિયાત માટે હમેશાં કંઈ આપવું એ જ હર વખતનો પ્રતિભાવ હોતો નથી. આપણને કદાચ એવા લોકો માટે કંઈ કરવા માટે દોરવામાં આવે, જેમના વિષે એમ લાગે કે તેમને જરૂર નથી. જો જરૂર નથી તો શા માટે તેમ કરવું જોઈએ? એ સ્પષ્ટ છે કે દરેક રીતે આપવાથી લોકોને ઉત્તેજન મળે છે અને તેમને લાગે છે કે તેમને કોઈ ચાહે છે, અને આપણી પાસે ગમે તેટલી ''બાબતો કે વસ્તુઓ'' હોય, છતાં આપણ દરેકને કોઈ ચાહે એવી લાગણીની આપણને જરૂર છે. તમારી પાસે જે સ્રોતો છે તેનો આશીર્વાદ બનવા ઉપયોગ કરો અને તમને ક્યારેય સ્રોતોની અછત પડશે નહિ.

પગ ધોવાનું કાર્ય તો હલકું કાર્ય હતું અને તે ચાકર વર્ગને માટે હતું, પણ તેમાં સારો પાઠ સમાયેલો હતો. તમારી જાતને નમ્ર કરો અને નાની બાબતો જે મોટી અસરો ઉપજાવી શકે છે તે કરવા માટે તૈયાર રહો.

નાની બાબતો મોટો અર્થ ધરાવે છે

અમારી મિશન મુલાકાત વખતે અમે ડિલેરીયસ બેન્ડને અમારી સાથે ભારત લઈ ગયા અને તે સમયના તેમના ડ્રમ વગાડનાર ભાઈ સ્ટુને એક ગરીબ છોકરી દ્વારા એક ચામડાની પટ્ટી આપવામાં આવી, જેને તે બંગડી કે કડાની જેમ પહેરતી હતી. સ્ટુ માટે પ્રેમનો નાનો હાવભાવ એવી વ્યક્તિ જેની પાસે ખૂબ થોડું હતું, તેના દ્વારા થયો, જે તેના માટે જીવન બદલી નાખનાર હતો. તેણે જાહેરમાં કહ્યું કે જ્યાં સુધી પોતે જીવે છે, ત્યાં સુધી આ બીનાએ તેને જે પાઠ શીખવ્યો છે તેને તે ક્યારેય ભૂલશે નહિ. જો એવી વ્યક્તિ, જેની પાસે ખૂબ થોડું છે, તેને આપવાની તે ઈચ્છા રાખે છે, તો તેણે પોતે શું કરવું જોઈએ? હા, નાની બાબતો મોટી અસરો ઉપજાવે છે.

તમે કઈ નાની બાબત કરી શકો છો? ઈસુએ પગ ધોયા અને કહ્યું કે જો આપણે તેમના આપેલા નમૂના પ્રમાણે ચાલીશું, તો આપણે આશીર્વાદિત અને આનંદિત થઈશું. નીચે કેટલીક બાબતો જે આપણે કરી શકીએ અને એકબીજાને માટે કરવી જોઈએ તેની નાની યાદી આપેલ છે.

- એકબીજાની દેખરેખ રાખવી.
- એકબીજાને સારુ પ્રાર્થના કરવી.
- આશીર્વાદરૂપ બનવાનું યાદ રાખવું.
- બીજાઓને દર્શાવી શકાય તેવું માયાળુપણું રાખવું.
- મિત્રતાસભર રહેવું અને પરોણાગત કરવી.
- એકબીજાની સાથે ધીરજ રાખવી.
- બીજાઓની ભૂલો અને નબળાઈઓ સહન કરવી.
- એકબીજાને માફ કરવા.
- એકબીજાને દિલાસો આપવો.
- વિશ્વાસુ રહેવું.
- વફાદાર રહેવું.
- એકબીજાને ઉત્તેજન આપવું, તેમને જ્યારે નબળાઈનો અનુભવ થાય ત્યારે તેમને તેમની તાકાત વિષે યાદ કરાવવું - એકબીજાને બાંધવા.
- બીજા લોકો જ્યારે આશીર્વાદિત થાય છે ત્યારે ખુશ થવું.
- એકબીજાને માન આપવું (કોઈને આપણા કરતાં વધારે આગળ જવા દેવા અથવા તેમને સારામાં સારું આપવું).
- એકબીજાનો વિચાર કરવો.

- લોકોની ગુપ્ત બાબતો ગુપ્ત રાખવી અને તેમની ભૂલો કહેવી નહિ.
- એકબીજાની સારામાં સારી બાબતો માનવી, તે પર વિશ્વાસ કરવો.

જેમ મેં કહ્યું તેમ આ તો નાની યાદી છે. પ્રેમ પ્રદર્શિત કરવાના બીજા ઘણાં માર્ગો પણ છે. પુસ્તકમાં આપણે કેટલાક વિષે ચર્ચા કરીશું. અહીં જે ખયાલો દર્શાવવામાં આવ્યા છે, તે આપણે બધા જ જો ઈચ્છીએ તે કરી શકીએ તેવાં સરળ છે. તેમાંનાં ઘણાં બધાં ખયાલો માટે આપણે ખાસ યોજનાઓ બનાવવાની જરૂર નથી, પણ આપણે દિવસ દરમિયાન જેમ જેમ તકો મળે ત્યારે તે પ્રમાણે કરી શકીએ છીએ.

માટે જેમ પ્રસંગ મળે તેમ આપણે બધાંઓનું, અને વિશેષે કરીને
વિશ્વાસનાં કુટુંબનાં જે છે તેઓનું સારું કરીએ.
(ગલાતી ૬:૧૦)

પ્રેમે પોતાને પ્રદર્શિત કરવાનો જ છે

આપણે ઘણીવાર પ્રેમને કોઈ બાબત તરીકે વિચારીએ છીએ, પણ પ્રેમ શબ્દ એક ક્રિયાપદ પણ છે. પ્રેમે તે પોતે જે છે તે જ રહેવા માટે કંઈક કરવું જ જોઈએ. પ્રેમના સ્વભાવનો ભાગ તેને પ્રકટ કરવાની બાબતનો સમાવેશ કરે છે. બાઈબલ આપણને પૂછે છે કે જો આપણે કોઈ જરૂરિયાતને જોઈએ અને આપણું દયાનું હૃદય બંધ કરી દઈએ, તો કેવી રીતે દેવનો પ્રેમ આપણામાં રહેશે (જુઓ ૧ યોહાન ૩:૧૭). જો પ્રેમને પ્રદર્શિત કરવામાં ન આવે તો તે નબળો અને નબળો થતો જશે; કદાચ તે સંપૂર્ણપણે નિષ્ક્રિય પણ બની જાય. જ્યારે આપણે બીજાઓ માટે કંઈ કરીએ ત્યારે જો હેતુસહિત કાર્યશીલ રહીએ તો આપણે આપણી જાતને સ્વાર્થી, નિષ્ક્રિય અને ફળ ન લાવવાની બાબતથી દૂર રાખીએ છીએ. ઉત્કૃષ્ટ પ્રેમનું કાર્ય તો એ હતું કે ઈસુએ તેમનું જીવન આપણા માટે આપી દીધું. અને આપણે પણ એકબીજાને સારૂ આપણાં જીવનો આપવા જોઈએ. એ તો છેવટનું કે અંતિમ લાગે છે, નહિ? સદ્‌ભાગ્યે આપણામાંનાં સૌથી વધારે બહુમતી લોકોને ક્યારેય કોઈના માટે આપણાં શારીરિક જીવનો આપવા માટે તેડવામાં આવશે નહિ. પરંતુ આપણી પાસે દરરોજ આપણા જીવનો કોઈના માટે ''આપી દેવાની'' તકો મળે છે. હરેક વખતે, જ્યારે તમે તમારી પોતાની ઈચ્છા કે જરૂરિયાતને બાજુ પર મૂકો છો અને તેને બદલે બીજાને માટે પ્રેમનું કાર્ય કરો છો, તો તમે તે ક્ષણ માટે કે કલાક કે દિવસ માટે તમારું જીવન આપી દો છો.

જો આપણે દેવનાં પ્રેમથી ભરાયેલા છીએ, અને આપણે ભરાયેલા છીએ જ, કેમ કે પવિત્ર આત્મા નવા જન્મ સમયે આપણાં હૃદયોમાં પ્રેમ ભરે છે, તેથી આપણે તે પ્રેમને આપણાંમાંથી વહેવડાવવો જ જોઈએ. જો તે નિષ્ક્રિયતાને લીધે સ્થિર બની જાય છે, તો તે સારું નથી. દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો

(જુઓ યોહાન ૩:૧૬). તમે તે સમજો છો? દેવના પ્રેમે તેમને આપવા માટે ઉશ્કેર્યા! જો આપણે લોકોના માટે કંઈ કરતા નથી, તો એમ કહેવું અર્થ વગરનું છે કે આપણે તેમને પ્રેમ કરીએ છીએ. એક એવું મોટું ચિહ્ન તમારા ઘરમાં મૂકો, કદાચ અલગ અલગ જગ્યાએ જે એમ કહે કે, ''આજે મેં કોઈને મદદ કરવા શું કર્યું છે?'' આ બાબત તમને જ્યારે તમે નવી આદતો વિકસાવશો ત્યારે અને પ્રેમના ક્રાંતિકારી બનવા માટે તમને યાદ અપાવશે.

પ્રેમની સાથે કાર્ય હોવું જરૂરી છે. તે કોઈ શાબ્દિક બાબત કે ફક્ત શબ્દો જ નથી. શબ્દો મહત્વના છે અને આપણે લોકોને પ્રેમ કરવાની એક રીતમાં તેમનો ઉપયોગ કરી શકીએ, પરંતુ આપણે આપણામાં પ્રેમ બતાવવા માટે શક્ય એટલું સઘળું કરવું જોઈએ.

આજે તમે કોઈને પ્રેમ દર્શાવવા શું કરી શકશો? તેના વિષે વિચાર કરો અને યોજના બનાવો. કોઈના આનંદને વધાર્યા વગર દિવસ પસાર થવા દેશો નહિ.



અધ્યાય

6

સારાથી ભૂંડાનો પરાજય કર

સારા માણસોએ ભૂંડાઈ પર વિજય મેળવવા માટે
તેઓ કશું જ ન કરે, એ જરૂરી છે.
એડમન્ડ બર્ક

કશું જ ન કરવું એ સહેલી વાત છે, પણ એની સાથે એ ખૂબ જ જોખમકારક પણ છે. કારણ કે ભૂંડાઈનો જ્યારે વિરોધ કરવામાં આવતો નથી ત્યારે તેનું પ્રમાણ ખૂબ જ વધી જાય છે. આપણે બધા જ ઘણીવાર આપણા સમાજ અને જીવનની ખરાબ બાબતો સંબંધી ફરિયાદ કરવાની જાળમાં ફસાઈ જતા હોઈએ છીએ, પરંતુ ફરિયાદ કરતા રહેવાથી આપણને નિરાશા સિવાય બીજું કંઈ જ પ્રાપ્ત થતું નથી. ફરિયાદ કરવાથી પરિસ્થિતિમાં કોઈ જ ફેર પડતો નથી, કારણ કે ફરિયાદ કરતા રહેવામાં કોઈ હકારાત્મક શક્તિ રહેલી નથી.

સૃષ્ટિના સર્જનથી ઈશ્વરે ઉત્પન્ન કરેલી દરેક બાબત ખરાબ નીવડી છે, એવી ફરિયાદ ઈશ્વરે કરી હોત તો કેટલો મોટો ગોટાળો સર્જાઈ ગયો હોત, એની કલ્પના કરો. પણ ઈશ્વર ફરિયાદ કરતા નથી. તેમણે ભલાઈ દર્શાવવાનું અને ન્યાય માટે કાર્ય કરવાનું ચાલુ જ રાખ્યું છે. તે સારી રીતે જાણે છે કે તે સારાથી ભૂંડા પર વિજય મેળવી શકે તેમ છે! ભૂંડાઈમાં શક્તિ જરૂર છે, પણ ભલાઈ કરવામાં વધારે સામર્થ્ય રહેલું છે.

આપણે થોડીવાર થોભીને એ વાત સમજવાની જરૂર છે કે ઈશ્વર તેમના લોકો મારફતે કાર્ય કરે છે. હા, ઈશ્વર સર્વસમયે ભલાઈ દર્શાવે છે. પરંતુ તેમણે આ પૃથ્વી પર તેમનાં બાળકો - તમે અને હું - મારફતે કાર્ય કરવાનું પસંદ કર્યું છે. જો આપણે સર્વ સમયે પ્રેમ

દર્શાવવા તથા સારાં કાર્યો કરવા માટે સમર્પિત હોઈશું, ઈશ્વર ઘણું બધું કરી શકે તેમ છે, એ વાતનો સ્વીકાર કરવા જેટલા આપણે નમ્ર બનવું જોઈએ. માથ્થી ૫:૧૬ માં ઈસુએ આપેલા બોધને આપણે યાદ રાખવાની જરૂર છે : ‘‘તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો કે તેઓ તમારી રૂડી કરણીઓ જોઈને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે.’’

ભલમનસાઈ અસરકારક છે

આપણે ભૂંડાઈ સામે જેટલા વધારે પ્રમાણમાં ભૂંડાઈ આચરીશું, એટલા જ વધારે પ્રમાણમાં ભૂંડાઈનો વધારો થશે. એલ સીડ (El Cid) નામના એક ચલચિત્રની યાદ મને આવે છે. એ ચલચિત્રમાં સ્પેનને ભેગા કરીને એક રાજ્ય બનાવનાર માણસની વાર્તા છે. એ માણસ હું જે સિધ્ધાંત વિષેની વાત કરું છું, એ સિધ્ધાંતનો ઉપયોગ કરીને મહાન વીર પુરુષ બની ગયો હતો. ખ્રિસ્તીઓ સદીઓ સુધી મૂર જાતિના લોકો સાથે લડતા રહ્યા હતા. તેઓ એકબીજાને ધિક્કારતા હતા અને મારી નાખતા હતા. લડાઈ દરમિયાન, એલ સીડે પાંચ મૂર માણસોને પકડી લીધા હતા, પણ તેણે તેઓને મારી નાખવાનો ઈનકાર કર્યો, કારણ કે તે જાણતો હતો કે કોઈને મારી નાખવાથી ક્યારેય કોઈ સારું કાર્ય થયું નથી. તે એવું માનતો હતો કે તેના દુશ્મનો તરફ દયા દર્શાવવાથી તેઓનાં હ્રદયોમાં પરિવર્તન આવશે, અને તો જ બંને જૂથો શાંતિથી રહી શકશે. જો કે શરૂઆતમાં તેના એ વલણને કારણે તેને દેશદ્રોહી તરીકે વગોવવામાં આવ્યો હતો, પણ તેનું એ વલણ છેવટે કામ લાગ્યું અને તેને એક વીરપુરુષ તરીકે બિરદાવવામાં આવ્યો.

તેણે પકડેલા એક મૂરે કહ્યું હતું, ‘‘કોઈપણ વ્યક્તિ દુશ્મનને મારી શકે છે, પણ એકમાત્ર સાચો રાજા જ તેના દુશ્મનો પ્રત્યે દયા દર્શાવી શકે છે.’’ એલ સીડની ભલાઈના એક જ કાર્યને પરિણામે તેના દુશ્મનો તેના મિત્રો બની ગયા, અને ત્યારથી તેની સાથે સુમેળથી રહેવા લાગ્યા. ઈસુ એક સાચા રાજા છે, અને તે સર્વ લોકો પ્રત્યે ભલા અને દયાળુ છે. શું આપણે તેમના નમૂનાને અનુસરવાથી ઓછું બીજું કાંઈક કરી શકીએ તેમ છીએ?

અત્યારે જ, શું તમે એવી કોઈક વ્યક્તિ વિષે વિચાર કરી શકો કે જેની તરફ તમે દયા દર્શાવી શકો? તમારી સાથે ખરાબ વ્યવહાર કરનાર એવી કોઈક વ્યક્તિ છે કે જેના પ્રત્યે તમે ભલમનસાઈ દર્શાવી શકો? જો તમે કોઈના પ્રત્યે, અને વિશેષ કરીને તમારા દુશ્મનો પ્રત્યે દયા અને ભલાઈ દર્શાવી છે, તો તમે એક સૌથી વધારે અસરકારક બાબતોમાંની એક બાબત કરી છે, એવું કહી શકાય.

પ્રાર્થના કાર્ય કરે છે

છેલ્લાં કેટલાંક વર્ષોમાં, આપણે જોયું છે કે ટીવી પર દર્શાવવામાં આવતી અને ચલચિત્રોમાં રજૂ થતી દુષ્ટ બાબતો મારફતે ભૂંડાઈનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે. વર્ષો પહેલાં ટીવી પર

જ્યારે કુદરતી નિયમોથી વિરૂધ્ધના કાર્યક્રમો શરૂ થયા ત્યારે મને આઘાત લાગ્યો હતો. એ કાર્યક્રમો દ્વારા લોકોને તેઓના ભવિષ્ય વિષે વાત કરીને નાણાં પડાવવામાં આવતા હતા. કોઈપણ વ્યક્તિ મિનિટ દીઠ અમુક ડૉલર ચૂકવીને કહેવાતી વાત 'વાંચી' શકતો હતો. મેં આ પ્રમાણે કહીને આ બાબત વિષે ઘણીવાર ફરિયાદ કરી હતી કે, "મને લાગે છે કે ટીવી પર આવી બાબતો દર્શાવવા દઈને તેઓ લોકોને નુકસાન પહોંચાડી રહ્યા છે." મેં ઘણા બધા લોકોને આ જ વાત કહેતાં સાંભળ્યા છે. એક દિવસ ઈશ્વરે મારા મનમાં આ વિચાર મૂક્યો, *જો તેં અને ફરિયાદ કરનાર દરેક વ્યક્તિએ પોતાનો એ સમય કુદરતી નિયમોથી વિરૂધ્ધના કાર્યક્રમો વિષે ફરિયાદ કરવાને બદલે પ્રાર્થના કરવામાં વીતાવ્યો હોત, તો મેં એ બાબત સંબંધમાં જરૂર કાંઈ કર્યું હોત.* મેં પ્રાર્થના કરવાનું શરૂ કર્યું, અને બીજાઓને પણ એ પ્રમાણે કરવા માટે જણાવ્યું. બહુ સમય વીત્યો નહિ હશે, અથવા તો એમ કહીએ કે તરત જ એ પ્રકારના કાર્યક્રમો છેતરપિંડી તરીકે જાહેર થયા, અને તેનું પ્રસારણ બંધ થઈ ગયું.

"પેલા લોકો" જે કરી રહ્યા હોય છે, એ વિષે આપણે ઘણીવાર ફરિયાદ કરતા હોઈએ છીએ, ટીવી પર કુદરતી નિયમો વિરૂધ્ધના કાર્યક્રમો શરૂ થયા ત્યારે મેં પણ ફરિયાદ કરવાનું શરૂ કરી દીધું હતું, પણ પરિસ્થિતિ થાળે પાડવા માટે આપણે હજી સુધી કશું કરતા નથી. પ્રાર્થના એક સારી બાબત છે, કે જે ભૂંડાઈ પર વિજય મેળવવા માટેનું સામર્થ્ય ધરાવે છે, તેથી આપણે જ્યારે કોઈ બાબત સંબંધી ફરિયાદ કરવાના પરીક્ષણમાં આવી પડીએ છીએ ત્યારે આપણે એ બાબત વિષે પ્રાર્થના જ કરવી જોઈએ. ઈશ્વર ભૂંડાઈ વિરૂધ્ધની કચકચ અને ફરિયાદ સાંભળે છે ખરા, પરંતુ વિશ્વાસથી કરેલી પ્રાર્થનાઓ અસરકારક અને સામર્થ્યથી ભરપૂર હોય છે. પ્રાર્થના કરવાથી કાર્ય કરવા માટેનું અને કોઈક સારી બાબત કરવા માટેનું દ્વાર ઈશ્વર માટે ખુલ્લું થાય છે.

ભૂંડાઈ સામે યોગ્ય રીતે કાર્ય કરો

વચનના દેશનો કબજો લેવા માટે ઈસ્રાએલી લોકો જ્યારે અરણ્યમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેઓએ અનેક મુશ્કેલીઓ અને કસોટીઓનો સામનો કરવો પડ્યો હતો, અને તેને કારણે તેઓ દરેક બાબત સંબંધમાં કચકચ અને ફરિયાદ કરતા હતા. તેઓ સર્વ પ્રકારની અનૈતિક્તામાં સપડાયા, અને તેઓએ આચરેલાં પાપોમાંનું એક પાપ કચકચ કે ફરિયાદ કરવાનું તેઓનું વલણ હતું. તેને પરિણામે તેઓમાંના અનેકનાં જીવનોમાં અનર્થ આવ્યો અને ઘણાં બધાં લોકો મરી ગયા (૧ કરિંથી ૧૦:૮-૧૧). કસોટીઓના સમયોમાં જો તેઓએ ઈશ્વરનો આભાર માનવાનું, ઈશ્વરની સ્તુતિ અને આરાધના કરવાનું અને એકબીજા પ્રત્યે ભલાઈ દર્શાવવાનું ચાલુ રાખ્યું હોત તો હું માનું છું કે તેઓએ અરણ્યમાંથી બહુ થોડાક સમયની અંદર પસાર થવું પડ્યું હોત. ઊલટાનું, એમાંના મોટાભાગના લોકો અરણ્યમાં અધવચ્ચે જ મરી ગયા અને મંઝીલ સુધી ક્યારેય પહોંચી શક્યા નહિ. મને આશ્ચર્ય થાય છે કે આપણે કેટલી બધી વાર આપણી અપેક્ષા મુજબનાં સારાં પરિણામો જોઈ શકતા નથી, તેનું

કારણ એ છે કે ભૂંડી બાબતો ઊભી થતી હોય છે ત્યારે ઈશ્વરને પ્રાર્થના કરવાને બદલે, તેમની સ્તુતિ, આરાધના અને આભારસ્તુતિ કરવાને બદલે અને જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચવાનું ચાલુ રાખવાને બદલે આપણે ફરિયાદ જ કરતા હોઈએ છીએ.

વિશ્વાસ અને પ્રેમ

હું ઘણાં બધાં વર્ષોથી મંડળીમાં અને કૉન્ફરન્સોમાં મોટા ભાગનું શિક્ષણ વિશ્વાસ કરવા સંબંધી સાંભળતી આવી છું, વળી વિશ્વાસ કરવા સંબંધીના પુસ્તકોનું વાંચન મેં કર્યું છે. સમગ્ર ખ્રિસ્તી જગતમાં "ઈશ્વર પર વિશ્વાસ કરો અને તમારી એકેએક બાબતનો ઉકેલ આવી જશે" આ એક જ વિષય પર શિક્ષણ અપાતું હોય એવું લાગે છે.

વિશ્વાસ કર્યા વિના આપણે ઈશ્વરને પ્રસન્ન કરી શકતા નથી (જુઓ હિબ્રૂ ૧૧:૬), તેથી આપણે ઈશ્વર પર આપણો વિશ્વાસ અવશ્ય મૂકવો જોઈએ અને તેમના પર ભરોસો રાખવો જોઈએ, પરંતુ ઈશ્વરના વચનમાં બીજી એક બાબત પણ જણાવવામાં આવી છે કે આપણે જે ચિત્રને જોવાની જરૂર છે એ ચિત્રને એ બાબત પરિપૂર્ણ કરે છે, એવું હું માનું છું. હું એ બાબત વિષે વાત કરીશ, પરંતુ એ પહેલાં હું ઈશ્વર સાથેની મારી મુસાફરીના શરૂઆતનાં વર્ષોમાં મને જે અનુભવો થયા હતા, એ વિષે કંઈક કહેવા માગું છું.

હું નવ વર્ષની ઉંમરની હતી, ત્યારે મેં ઈસુનો મારા તારનાર તરીકે સ્વીકાર કર્યો હતો, પરંતુ તેમનામાં મેં શું પ્રાપ્ત કર્યું હતું અથવા તેમની સાથેનો સંબંધ મારા જીવનમાં કેવું પરિવર્તન લાવશે, એ વાત મને સમજાતી નહોતી, કારણ કે આત્મિક બાબતોમાં આગળ વધતા રહેવાનું શિક્ષણ મને આપવામાં આવ્યું નહોતું. મારા પિતાજી દારૂડિયા હતા, અનેક પરસ્ત્રીઓ સાથે સંબંધ રાખીને તે મારા માતા પ્રત્યે અવિશ્વાસુ હતા. વળી તે ખૂબ જ મારામારી અને ગુસ્સો કરનારા હતા. મેં અગાઉ જણાવ્યું તે પ્રમાણે તે નિયમિતપણે મારા પર જાતીય અત્યાચાર ગુજારતા હતા. આવી તો ઘણી બધી ખરાબ હરકતો તે કરતા હતા, પણ મને લાગે છે કે તમને સાચું ચિત્ર મળી ગયું હશે.

હવે, વર્ષો ઝડપથી વીતતાં જતાં હતાં, અને ત્રેવીસ વર્ષની ઉંમરે મેં ડેવની સાથે લગ્ન કરી લીધાં, અને મેં તેમની સાથે દેવળમાં જવાનું શરૂ કરી દીધું. હું ઈશ્વર પર પ્રેમ રાખતી હતી અને તેમના વિષે વધારે જાણવા માગતી હતી, તેથી મેં વર્ગમાં હાજર રહીને શિક્ષણ પ્રાપ્ત કર્યું, અને તેને પરિણામે હું મંડળીની કાયદેસરની સભ્ય બની શકી, અને નિયમિત દેવળમાં જવા લાગી. હું ઈશ્વરના પ્રેમ અને કૃપા વિષે જાણી શકી. વળી મારા વિશ્વાસને દઢ કરનાર મંડળીના મહત્વના સિધ્ધાંતો હું શીખી શકી.

બત્રીસ વર્ષની ઉંમરે હું ખૂબ જ હતાશ થઈ ગઈ હતી, કારણ કે મારું ખ્રિસ્તીપણું મારા વ્યવહારિક અને રોજીંદા જીવનને માટે કોઈ જ પ્રકારે મદદરૂપ થશે નહિ, એવું મને લાગ્યું હતું. હું એવું માનતી હતી કે હું જ્યારે મરી જઈશ ત્યારે હું સ્વર્ગમાં જઈશ, પરંતુ આ પૃથ્વી

પરનો એકેએક દિવસ શાંતિ અને આનંદથી પસાર થાય એ માટે કોઈક મદદ મેળવવા માટે હું તત્પર હતી. મારા બાળપણમાં સહન કરેલી પજવણીને લીધે મારો આત્મા પીડા અનુભવતો હતો, અને મારી એ પીડા અને સારા સંબંધો જાળવી રાખવાની મારી અશક્તિ મારા રોજીંદા વ્યવહારમાં પ્રગટ થતી હતી.

ઈશ્વરનું વચન આપણને જણાવે છે કે જો આપણે ખંતથી ઈશ્વરને શોધીશું, તો આપણે તેમને પ્રાપ્ત કરી શકીશું (જુઓ નીતિવચનો ૮:૧૭). મારામાં જે ખૂટતું હતું તે પ્રાપ્ત કરવા માટે મેં મારી પોતાની રીતે ઈશ્વરની શોધ કરવાનું શરૂ કર્યું, અને ઈશ્વરની સાથે મારી મુલાકાત થઈ, અને તેને કારણે હું ઈશ્વરની વધારે નજીક આવી શકી. મારા રોજીંદા જીવનમાં ઈશ્વરની હાજરીનો અનુભવ એકાએક થયો હોય એવું મને લાગ્યું, અને ઈશ્વરને વધારે નજીકથી ઓળખવા માટે મેં ખંતપૂર્વક અભ્યાસ કરવાનું શરૂ કર્યું. મને એવું લાગતું હતું કે હું જ્યાં જ્યાં ગઈ એ દરેક જગ્યાએ વિશ્વાસ કરવા સંબંધી જ સાંભળવાનું થતું હતું. મને સમજાયું કે હું ઘણી બધી પરિસ્થિતિઓમાં ઈશ્વર પર વિશ્વાસ મૂકું કે જેને પરિણામે ઈશ્વર મારા કાર્યમાં રસ લે અને મને મદદ કરે.

હું મારા પૂરેપૂરા હૃદયથી માનતી હતી કે હું જે સિધ્ધાંતો શીખતી હતી, એ બધા સિધ્ધાંતો ખરા હતા, પરંતુ હજી પણ હું હતાશાનો અનુભવ કરતી હતી; કારણ કે મને એવું લાગતું હતું કે એ સિધ્ધાંતો મારા કોઈ કામમાં આવી શકે તેમ નથી, કમ સે કમ મારે જેની તાતી જરૂર છે એવી કોઈ બાબતમાં એ સિધ્ધાંતો ઉપયોગી નથી. એ સમયે ઈશ્વર મારો સેવાકાર્યમાં ઉપયોગ કરી રહ્યા હતા, વળી બીજાઓ મધ્યેનું મારું સેવાકાર્ય ખરેખર વ્યાપક પ્રમાણમાં વિકસેલું હતું. હું સેવાકાર્યમાં ચોક્કસપણે ખૂબ જ આગળ વધી હતી, પરંતુ મારા હૃદયમાં ઊંડે ઊંડે કંઈક ખૂટતું હોય એવું મને લાગતું હતું, તેથી મેં ફરીથી એકવાર ગંભીરતાપૂર્વક ઈશ્વરની શોધ કરવાનું શરૂ કર્યું. ઈશ્વરને ખંતપૂર્વક શોધવાના મારા પ્રયત્નો અને ઊંડા અભ્યાસ મારફતે હું સમજી શકી કે ઈસુ જે પાઠ આપણને શીખવવા માટે આ પૃથ્વી પર આવ્યા હતા, એ પાઠ જ મારા જીવનમાં ખૂટતો હતો : ઈશ્વર પર પ્રેમ રાખવો, આપણી પોતાની જાત પર પ્રેમ રાખવો અને બીજાંઓ પર પ્રેમ રાખવો (જુઓ માથ્થી ૨૨:૩૬-૩૯). ઈશ્વરની સાથે ચાલવાને કારણે હું વિશ્વાસ સંબંધી ઘણું બધું શીખી હતી, પરંતુ પ્રેમના સામર્થ્ય વિષે હું શીખી નહોતી.

ઈશ્વર પર વિશ્વાસ રાખો અને ભલું કરો

આ અજાયબ વિષય સંબંધમાં શિક્ષણ પ્રાપ્ત કરવા મને કેટલાંક વર્ષો લાગ્યાં હતાં, એ દરમિયાન મને સમજાયું કે વિશ્વાસ કેવળ પ્રેમ મારફતે જ કાર્ય કરે છે. ગલાતી ૫:૬ પ્રમાણે, ‘‘વિશ્વાસ ખરેખર તો પ્રેમ દ્વારા જ સક્રિય બને છે, ઉપયોગી બને છે અને પ્રગટ થાય છે.’’

પવિત્ર આત્માએ મને ગી.શા.૩૭:૩ નો અભ્યાસ કરવાની દોરવણી આપી : ‘‘યહોવા પર ભરોસો રાખ (અઢેલ, આધાર રાખ અને વિશ્વાસ રાખ) અને ભલું કર.’’ હું એ વાત

જાણીને ચમકી ગઈ હતી કે ઈશ્વર સાથે યોગ્ય સંબંધ રાખવા માટે મારે જે જાણવું જોઈએ તેના કરતાં અડધું જ હું જાણતી હતી. હું વિશ્વાસ તો કરતી જ હતી, પણ ભલું કરતી નહોતી. મારા જીવનમાં સારી બાબતો બને એવું હું ઈચ્છતી હતી, પણ બીજાઓ પ્રત્યે ભલાઈથી વર્તવાની પરવા હું બહુ કરતી નથી, અને વિશેષ કરીને હું જ્યારે દુઃખી હોઉં કે કસોટીના સમયમાંથી પસાર થતી હોઉં ત્યારે તો ખાસ.

ગી.શા.૩૭ઃ૩ મારી આંખો એ જોવા માટે ખોલી કે હું ઈશ્વર પર વિશ્વાસ તો કરતી જ હતી, પણ ભલું કરવાની બાબતને ખાસ મહત્વ આપતી નહોતી. આ બાબતમાં હું અધૂરી તો હતી જ, પરંતુ મને સમજાયું કે હું જે જે ખ્રિસ્તી વ્યક્તિઓને ઓળખતી હતી, એમાંની મોટાભાગની વ્યક્તિઓની પરિસ્થિતિ લગભગ આવી જ હતી. અમે બધા જ અમારે જોઈતી બાબતો મેળવવા માટે ઈશ્વર પર ભરોસો તો રાખતા જ હતા. અમે સાથે મળીને પ્રાર્થના તો કરતા હતા, અને કરારયુક્ત પ્રાર્થના મારફતે અમે અમારો વિશ્વાસ જાહેર પણ કરતા હતા, પણ અમે એકઠા મળીને અમારી જરૂરિયાતો પૂરી થાય તેની રાહ જોતા હોઈએ એવા સમયે બીજાઓ માટે અમે શું કરી શકીએ, એ વિષેની ચર્ચા નહોતા કરતા. અમે વિશ્વાસ તો કરતા હતા, પરંતુ એ વિશ્વાસમાં પ્રેમનું સામર્થ્ય નહોતું!

હું એવું જાહેર કરવા માગતી નથી કે હું જાણે કે મારા પોતાનામાં જ ડૂબી ગઈ હતી, ખરેખર એવું નહોતું. હું સેવાકાર્યમાં સક્રિય હતી અને લોકોને મદદરૂપ થવા માગતી હતી, પરંતુ મદદ કરવાની બાબત સાથે મારા કેટલાક મલિન ઈરાદાઓ પણ જોડાયેલા હતા. સેવાકાર્યમાં જોડાવાને પરિણામે મને મારી જાતનું મહત્વ અને મૂલ્ય સમજાયું. સેવા કરવાને કારણે સમાજમાં મને એક સ્થાન પ્રાપ્ત થયું અને મારી વગમાં વધારો થયો, પણ ઈશ્વર ઈચ્છતા હતા કે હું જે કંઈ પણ કરતી હતી એ દરેક પાછળ એક સ્પષ્ટ અને ઉમદા ઈરાદો હોય, અને હજી પણ મારે ઘણું બધું શીખવાનું બાકી હતું. લોકોને મદદરૂપ થવા માટે મેં અનેકવાર ભલાઈનાં કાર્યો કર્યાં હતાં, પરંતુ એ કાર્યો પાછળ બીજાઓને મદદરૂપ થવા માટેનો એકમાત્ર ઈરાદો નહોતો. બીજાઓ પર પ્રેમ દર્શાવવા માટે મારે વધારે અસરકારક અને સહેતુક બનવાની જરૂર હતી, અને મારા જીવનમાં એ બાબત ગૌણ નહિ, પણ મુખ્ય બાબત બને, એ જરૂરી હતું.

તમારી જાતને પૂછી જુઓ કે બીજી કોઈપણ બાબત કરતાં કઈ બાબત તમને પ્રેરણા અને ઉત્તેજન આપે છે અને તેનો પ્રામાણિકપણે જવાબ આપો. શું એ બાબત પ્રેમ છે? જો એ પ્રેમ નથી, તો ઈશ્વરની દૃષ્ટિમાં જે બાબત મહત્વની છે, એ બાબત તરફ તમારું ધ્યાન કેન્દ્રિત કરવા તમે રાજી છો?

હું મારા પૂરા હૃદયથી પ્રાર્થના કરું છું કે ઈશ્વર આ શબ્દોને આ પાનાં પરથી ઉઠાવીને તમારા હૃદયમાં સ્થાપિત કરે. પ્રેમના સામર્થ્ય સંબંધીનું સત્ય શીખવાથી મારા જીવનમાં એટલું બધું પરિવર્તન આવ્યું કે દરેક જણ આ સત્યને જાણે એવી મારી ઈચ્છા હતી. હું એવું નથી કહેતી કે તમે એ સત્યને જાણતા નથી, પણ વાસ્તવિક્તા એ છે કે બીજાઓ પર જે પ્રેમ

હું રાખું છું, એના કરતાં પણ વધારે પ્રેમ તમે રાખો, એ બાબત તમે વધુ સારી રીતે સમજો. પરંતુ જો વાત એમ નથી, તો મારી પ્રાર્થના છે કે મેં જે વાત તમને કહી છે તે તમારામાં અગ્નિ પ્રજ્વલિત કરે, અને તે તમને પ્રેમની ક્રાંતિમાં એક હિસ્સો બનવાનું ઉત્તેજન પૂરું પાડે, અને પ્રેમની એ ક્રાંતિમાં જગતમાં પરિવર્તન લાવવાનું સામર્થ્ય રહેલું છે એવું હું માનું છું.

તમારી જાત અને બીજાઓને પ્રવૃત્ત રાખો

ખ્રિસ્તને ઓળખતા હોવાનો દાવો કરનાર આપણામાંની દરેક વ્યક્તિ જો દરરોજ કોઈકના માટે ભલાઈનું એક કાર્ય કરે, તો આપણું જગત કેટલું જુદું જ હોત, એ વાતની કલ્પના કરો. આ બાબતનાં પરિણામો આશ્ચર્ય પમાડે એવાં હોત. હવે કલ્પના કરો કે આપણે બધા જ દરરોજ કોઈને લાભ થાય એવા પ્રેમસભર અને ભલાઈનાં બે જ કામો કરીએ, તો શું થાય? મને ખબર છે કે તમને ચિત્રની ખબર પડી ગઈ છે. પરિણામો આશ્ચર્ય પમાડનારાં જ આવે. ઈસુ આપણને જે રીતે જીવન જીવવા માટે કહે છે, એ રીતે જીવન જીવવાનો આપણે બધા નિર્ણય કરીએ, તો જગતમાં ખૂબ જ ઝડપથી પરિવર્તન આવી જાય, કારણ કે આપણે સારી બાબતો કરીને ભૂંડાઈ પર વિજય મેળવ્યો છે.

તમને કદાચ આ પ્રશ્ન પૂછવાની લાલચ થાય કે, “એવું ક્યારેય બનવાનું નથી, તો પછી પ્રયત્ન કરવાની શી જરૂર છે?” તમે શરૂઆત કરો, એ પહેલાં નકારાત્મક વિચારો કરીને તમારી જાતને પરાજીત થવા ન દો. મેં તો ક્યારનુંયે નક્કી કરી લીધું છે કે હું મારા ભાગે આવતી જવાબદારી પૂરી કરીશ અને બીજાઓ પણ પોતાની જવાબદારી પૂરી કરે એ માટે પ્રાર્થના કરીશ. હું બીજા લોકોને પણ વાત કરીને તેઓને ઉત્તેજન આપીશ કે તેઓ પણ બીજાઓને માટે પોતાનાથી થઈ શકે એટલું કાર્ય કરે. બીજાઓને આપણે કેવી રીતે મદદરૂપ બની શકીએ, અને એ લોકો માટે કરી શકાય એવી બાબતોને લગતા રચનાત્મક વિચારો આપણી વાતચીતોના કેન્દ્રસ્થાને હશે, તો પરિણામો આપણી કલ્પના બહારનાં આવી શકે છે.

મારે ત્રણ મિત્રો છે, અને એ ત્રણેય મિત્રો પણ આ પ્રકારનું અજાયબ જીવન જીવે છે, અને અમે જ્યારે સાથે મળીને બપોરે જમવા માટે કે કૉફી પીવા માટે જઈએ છીએ ત્યારે અમે ઘણીવાર અમારા સમયનો ઉપયોગ ઈશ્વરે અમારાં હૃદયોમાં બીજાઓ માટે કાર્ય કરવાના બોજ વિષે કે આશીર્વાદરૂપ બનવા માટેની નવી રીતોને લગતા રચનાત્મક વિચારો સંબંધી વાતચીત કરીએ છીએ. હું માનું છું કે આ પ્રકારની વાતચીતોથી ઈશ્વર ખૂબ જ પ્રસન્ન થાય છે, અને આવી વાતચીતો તો, ખરેખર ટોળે વળીને જગતની અંદરની દરેક ખોટી બાબત સંબંધી ફરિયાદ કરવા કરતાં વધારે સારી છે. હું તમને પ્રેમની ક્રાંતિમાં આગળ પડતી ભૂમિકા ભજવવા માટેનો પડકાર આપવા માગું છું. તમે ઓળખો છો એવા લોકોની એક યાદી તૈયાર કરો અને એ લોકોને વ્યવહારિક રીતે જરૂરિયાતો પૂરી પાડવા વિષેની એક આયોજન સભામાં આવવાનું આમંત્રણ આપો. એ લોકો સાથે આ પુસ્તકમાં લખેલા સિધ્ધાંતો

વિષે વાત કરો અને એક લક્ષ્યાંક નક્કી કરો. જેને મદદની જરૂર હોય એવી કોઈએક વ્યક્તિને શોધી કાઢો, અને તેને મદદરૂપ થવા માટે સામૂહિક પ્રયત્ન કરો.

ભલાઈનાં કાર્યો કરવા માટે તત્પર બનવા બીજાઓને ઉત્તેજન આપવાનો વિચાર નવો નથી. હિબ્રૂઓને પત્રનો લેખક આ બાબત સંબંધી જણાવે છે : "પ્રેમ રાખવાને તથા સારાં કામ કરવા અરસપરસ ઉત્તેજન મળે માટે આપણે એકબીજાનો વિચાર કરીએ." (હિબ્રૂ ૧૦:૨૪)

અહીં જુઓ કે આ કલમ એવું જણાવે છે કે આપણે સતત એકબીજાનો વિચાર કરવાનો છે, અને સારાં કાર્યો તથા પ્રેમસભર અને ઉપયોગી કામો કરવા માટે આપણે બીજાંઓને કેવી રીતે તત્પર બનાવી શકીએ, એ વિષે ખરેખર અભ્યાસ કરીને વિચાર કરવાની જરૂર છે. હિબ્રૂઓને પત્રના લેખકે જેઓને ઉદ્દેશીને આ પત્ર લખ્યો હતો, એ લોકોને એ બાબતો કરવા માટે ઉત્તેજન આપ્યું હતું, અને હું પણ તમને એ બાબતો કરવા માટે આજે ઉત્તેજન આપું છું. શું તમે આ બાબતની કલ્પના કરી શકો કે એકબીજા પ્રત્યે ભલાઈનાં કાર્યો કરવાની રચનાત્મક રીતો શોધી કાઢવા માટે આપણે જ્યારે એકઠા મળીશું, તો શેતાન આપણી એ ભેગા મળવાની બાબતનો કેટલો બધો તિરસ્કાર કરશે? તે ઈચ્છશે કે આપણે એકબીજાનો વાંક કાઢીએ, એકબીજાની ટીકાઓ કરીએ, નિંદા કરીએ, એકબીજાની વિરૂધ્ધ કચકચ અને ફરિયાદ કરીએ. હું માનું છું કે યોગ્ય બાબત કરવા માટે નવી ટેવો પાડવી પડશે, અને પ્રેમસભર કાર્યો કરવા માટે તત્પર બનવું પડશે, પરંતુ તેનાં પરિણામો તો સારાં આવશે જ.

ભલાઈનાં કાર્યો કરવામાં ધનવાન બનો

પાઉલે જુવાન ઉપદેશક તિમોથીને લોકોને આ પ્રમાણે ભારપૂર્વક કહેવાનું જણાવ્યું, "તમે ભલું કરો, ઉત્તમ કામોરૂપી સમૃધ્ધિ મેળવો, અને ઉદાર તથા પરોપકારી બનો." (૧ તિમોથી ૬:૧૮). આ કલમ પરથી સ્પષ્ટપણે સમજાય છે કે પાઉલને સમજાયું હતું કે લોકોએ આ બધી બાબતો કરવી જરૂરી હતી. ભલાઈનાં કાર્યો કરવા માટે તત્પર રહેવા સંબંધીનો બોધ આજના લોકોને પણ યાદ કરાવવો જરૂરી છે. તમે બીજાઓને એ બાબત યાદ કરાવો, એટલું જ હું તમને કહેતી નથી, પરંતુ તમારી જાતને પણ યાદ કરાવવા માટેની રીતો શોધવા માટે હું તમને ઉત્તેજન આપું છું. પ્રેમ વિષય પરનાં સારાં પુસ્તકો અને સંદેશાઓ વસાવો, અને એ પુસ્તકો અવારનવાર વાંચો અથવા સાંભળો. ઈશ્વરની દૃષ્ટિમાં જે બાબત મહત્વની છે, એ તમે ભૂલી ન જાઓ એ માટે જરૂરી એવી કોઈપણ બાબત તમે કરો.

હું માનું છું કે જગત ખ્રિસ્તીઓને ધ્યાનથી નિહાળી રહ્યું છે, અને તેઓ આપણને જે કરતાં જુએ છે તે ખૂબ જ મહત્વનું છે. પિતરે વિશ્વાસીઓને વિદેશીઓ એટલે કે એ સમયના અવિશ્વાસીઓ મધ્યે સારાં આચરણ રાખીને શોભે એ રીતે જીવવાનું કહ્યું હતું. તેણે કહ્યું હતું કે, જો અવિશ્વાસીઓ વિશ્વાસીઓને દુષ્ટ સમજીને તેઓની વિરૂધ્ધ બોલે ત્યારે તેઓ પણ

વિશ્વાસીઓનાં સારાં કામો જોઈને ન્યાયકરણના દિવસે ઈશ્વરની સ્તુતિ કરવા લાગશે. (જુઓ ૧ પિતર ૨:૧૨).

જો તમારા પડોશીઓને ખબર હોય કે તમે દર રવિવારે દેવળમાં જાઓ છો, તો હું તમને ખાતરી સાથે કહી શકું છું કે તેઓ પણ તમારાં આચરણો પર નજર રાખતાં હોય છે. હું જ્યારે મોટી થઈ રહી હતી ત્યારે અમારા પડોશીઓ અચૂક દેવળમાં જતા હતા. ખરેખર તો, અઠવાડિયામાં તેઓ બેત્રણ વાર જતા હતા, પરંતુ તેઓએ કરવી ન જોઈએ એવી ઘણી બધી બાબતો તેઓ કરતા હતા. મને યાદ છે કે મારા પિતાજી ઘણીવાર આ પ્રમાણે કહેતા હતા, "તેઓ મારા કરતાં વધારે સારા નથી; તેઓ દારૂ પીએ છે, ગાળો બોલે છે, બીભત્સ જોક્સ કહે છે અને ખરાબ ચારિત્ર્ય ધરાવે છે, તેથી તેઓ ઢોંગીઓના એક ટોળા સમાન જ છે." મારા પિતા કોઈપણ રીતે પોતાનો બચાવ કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, અને પડોશીઓના આચરણ અને વર્તને બળતામાં ઘી હોમ્યું હતું.

હું ચોક્કસપણે સમજું છું કે ખ્રિસ્તીઓ તરીકે આપણે જે રીતે વર્તવું જોઈએ, એ રીતે આપણે વર્તતા નથી અને જે લોકો ઈસુ પર વિશ્વાસ ન કરવાનું કે ખ્રિસ્તી ધર્મ ન સ્વીકારવા માટેના બહાનાં કાઢતા હોય છે, એ લોકો હમેશાં આપણા પર નજર રાખતા હોય છે અને આપણી ટીકા કરતા હોય છે, પણ આપણો વાંક કાઢવા માટેનું બહાનું તેઓને મળી ન રહે એ માટે આપણે આપણાથી થઈ શકે એ બધું જ કરવું જોઈએ.

આશીર્વાદરૂપ બનવા માટેની રીતો શોધી કાઢો

બીજાઓની આગળ સાક્ષીરૂપ બનવા કે કોઈકને માટે આશીર્વાદરૂપ બનવા માટે ઈશ્વર મને જે કાંઈપણ કરવા માટે જણાવે, એ કરવા માટે હું ઈશ્વરને માટે હમેશાં ઉપલબ્ધ રહું છું. થોડાક દિવસો પહેલાં જ, હું એક બ્યુટી પાર્લરમાં મારા નખ સરખા કરાવી રહી હતી. એ દુકાનમાં એક જુવાન છોકરી હતી, અને તેની પ્રથમ પ્રસુતિકાળના છેલ્લા દિવસો ચાલતા હતા. તે છેલ્લા બે મહિનાથી પથારીમાં જ હતી, કારણ કે તેની પ્રસુતિની વેદના નિયત સમય કરતાં થોડી વધારે વહેલી શરૂ થઈ હતી, અને તે પહેલી જ વાર થોડીવાર માટે પોતાના ઘરેથી આ દુકાનમાં આવી હતી. અઠવાડિયામાં તો તે બાળકને જન્મ આપવાની હતી, અને તે હાથ અને પગના નખ સરખા કરાવવા માટે આવી હતી. અમે થોડીઘણી વાતચીત કરી, અને મને લાગ્યું કે બ્યુટી પાર્લરમાં તેણે એ દિવસે જે સેવાનો લાભ લીધો હતો, એનો ચાર્જ હું ભરી દઉં, તો એ તેને માટે આશીર્વાદરૂપ ગણાશે. મારો વિચાર યોગ્ય છે કે નહિ, એ જોવા માટે મેં થોડીવાર રાહ જોઈ. અને મેં જ્યારે મારો ચાર્જ આપ્યો ત્યારે એ છોકરીનો ચાર્જ પણ મેં ભરી દીધો. અલબત્ત, એ છોકરીને આશ્ચર્ય થયું હતું, પણ તે આશીર્વાદિત થઈ હતી. મેં એમાં કંઈ બહુ મોટું કામ કરી નાખ્યું નહોતું, પણ મેં કર્યું તો હતું જ. કદાચ કોઈક દિવસે તે મને ટીવી પર જોશે અથવા મારા એકાદ પુસ્તક પર મારો ચહેરો જોશે, ત્યારે મેં જે કાંઈ કહ્યું હતું કે મેં કર્યું હતું, એવું તેને યાદ આવશે, એવું હું માનું છું.

લોકો જુએ એ રીતે હું કાર્ય કરતી નથી, પણ લોકો જે જુએ છે એ બાબત જ તેઓની સમક્ષ મોટા અવાજે કેવળ શબ્દોમાં બોલતી હોય છે. બ્યુટી પાર્લરમાંની દરેક વ્યક્તિને ખબર છે કે હું બાઈબલનું શિક્ષણ આપનાર એક સેવિકા છું. જો કે મેં પેલી જુવાન છોકરીને મારા પોતાના વિષે કશું જ કહ્યું નહોતું, પણ મને ખાતરી છે કે મારા ગયા પછીથી બીજી બહેનોએ તેને મારા વિષે કંઈક કહ્યું હતું. આમ, ભલાઈના એક નાના અમથા કાર્ય દ્વારા કેટલાક હેતુઓ સિધ્ધ થઈ શક્યા. તેનાથી મને ખુશી થઈ; તે પણ ખુશ થઈ; બીજાઓને નિહાળવાનું એ એક ઉદાહરણ હતું; અને ઈશ્વરને મહિમા આપનારી એ એક સાક્ષી હતી. મારી પાસે બીજો એક વિકલ્પ હતો. એ જો કે સહેલો હતો, પણ તે મારા આત્માને આટલો બધો સંતોષ આપનારો ન હોત.

લોકો શું વિચારશે, તેની ચિંતા ન કરો

તમે કદાચ વિચારતા હશો, *જોઈસ, જેને હું ઓળખતી પણ નથી એવી કોઈક વ્યક્તિનું બિલ ચૂકવી દેવાની બાબત મને થોડી વિચિત્ર લાગે છે.* જો તમને એવું લાગતું હોય, તો હું પૂરેપૂરી તમારી વાત સમજું છું. મને પણ એવું લાગે જ છે. મને નવાઈ લાગે છે કે તેઓ શું વિચારતા હશે અથવા તો તેઓ કેવો પ્રતિભાવ આપશે, પણ એ પછી મને યાદ આવે છે કે મારે એમાંથી કોઈપણ બાબતની ચિંતા કરવાની જરૂર નથી. મારે તો ફક્ત એક જ બાબત કરવાની હતી કે હું ખ્રિસ્તની એલચી બનું.

એક દિવસ એક મોટી દુકાનમાં લાઈનમાં મારી પાછળ ઊભેલી એક બહેન માટે મેં કૉફીનો કપ ખરીદવાનો પ્રયત્ન કર્યો, એ બહેને ચોખ્ખેચોખ્ખી ના પાડી દીધી. ખરેખર તો, તેણે એક એવું ચિત્ર ઊભું કર્યું હતું કે હું મૂંઝાઈ ગઈ હતી અને પહેલાં તો મને એવો વિચાર આવ્યો કે, *કંઈ વાંધો નહિ, ફરીથી હું આવું કરીશ નહિ.* ડેવ મારી સાથે જ હતા, અને શેતાન જે ઈચ્છતો હતો એ જ બાબત ડેવે મને યાદ કરાવી, તેથી મેં મારો વિચાર બદલી નાખ્યો. આ પ્રકારના સમયો સરળ હોતા નથી, પણ દુઃખદ વાત એ છે કે એ ઘટનાએ મને એ બાબત જણાવી કે કેટલા બધા લોકોને આશીર્વાદ પ્રાપ્ત કરતા આવડતું હોતું નથી - કારણ કે એવી કોઈ બાબત તેમના જીવનમાં કદાચ આવી હોતી નથી.

કેટલીકવાર હું અજાણતાં જ અમુક બાબતો કરતી હોઉં છું, પણ હું જે કંઈ કરતી હોઉં છું તે વારંવાર છુપાવી શકતી નથી, તેથી મેં નક્કી કર્યું છે કે જ્યાં સુધી મારું મન કહેતું હોય એ વાત જ હું કરું છું. ભલાઈનું દરેક કાર્ય કરીને હું ઈશ્વરની આજ્ઞા પાળું છું અને જગતમાંની ભૂંડાઈ પર વિજય મેળવું છું. મને ખબર નથી કે કયા પ્રકારની ભૂંડી બાબતોનો લોકોએ સામનો કરવો પડતો હોય છે, અને મારા દ્વારા કરવામાં આવેલાં ભલાઈનાં કામો તેઓના આત્માઓના ઘાને રુઝવવાના કામમાં કદાચ મદદરૂપ બની શકશે. હું પણ માનું છું કે બીજાઓ પ્રત્યે દર્શાવેલી ભલાઈ મારા જીવનમાં પીડા ઊભી કરનાર શેતાનને પાછો હઠાવવાનો મારા માટેનો એક માર્ગ છે. શેતાન સૌથી વધારે ભૂંડાઈ આચરે છે, આ જગતમાં

આપણને જેનો અનુભવ થાય છે એ તમામ ભૂંડાઈનો કર્તા શેતાન છે, તેથી પ્રેમ, ભલાઈ અને ભલમનસાઈનું દરેક કાર્ય શેતાનનાં દુષ્ટ હૃદયને વીંધી નાખવા સમાન છે.

જો તમારી સાથે ખરાબ વ્યવહાર કરવામાં આવ્યો હોય અને તમને દુઃખ પહોંચાડવાને કારણે તમે શેતાનને મારી હઠાવવાનો માર્ગ ઈચ્છો છો, તો તમારાથી બની શકે એટલા લોકો પ્રત્યે ભલાઈથી વર્તો. ઈશ્વર એ રીતે કાર્ય કરે છે, અને એ રીતે કાર્ય થશે જ, કારણ કે પ્રેમ ક્યારેય નિષ્ફળ જતો નથી!

મેં પ્રેમથી એક આત્માને ખરીદ્યો

બાઈબલ આપણને જણાવે છે કે ઈશ્વરે આપણને મૂલ્યવાન કિંમત - તેમના પુત્ર ઈસુ ખ્રિસ્તનું રક્ત - ચૂકવીને ખરીદી લીધાં છે (જુઓ ૧ કરિંથી ૬:૨૦; ૧ પિતર ૧:૧૯; પ્રકટીકરણ ૫:૯). ભલાઈના આ અજાયબ કાર્યને લીધે શેતાનની ભૂંડી યોજનાને ઊંધી વાળી દીધી અને સર્વ માણસોનાં પાપોની માફીનો માર્ગ ખુલ્લો થઈ ગયો કે જેથી કરીને તેઓ ઈશ્વર સાથેનો વ્યક્તિગત સંબંધ માણી શકે.

અગાઉ મેં જણાવ્યું છે કે મારા પિતાજીએ ઘણાં વર્ષો સુધી મારા પર જાતીય અત્યાચાર ગુજાર્યો હતો, અને તેમના ભૂંડાં કાર્યોએ મારા આત્માને નુકશાન પહોંચાડ્યું હતું, અને મને ઘાયલ હાલતમાં છોડી દીધી હતી, અને ઈસુએ જ્યાં સુધી મને સાજાપણું આપ્યું નહોતું ત્યાં સુધી હું મારું સામાન્ય જીવન જીવી શકતી નહોતી. મારા પિતાએ મને જે પીડા આપી હતી એમાંથી સાજા થવાની અને તેમને સંપૂર્ણપણે માફ કરવાની બાબત એક પ્રક્રિયા સમાન હતી. સૌ પ્રથમ તો, મેં તેમનો હવેથી ધિક્કાર ન કરવાનો નિર્ણય લીધો, કારણ કે ઈશ્વરે મને એક બાબત સંબંધી સભાન બનાવી કે ઈશ્વર પ્રત્યેનો પ્રેમ અને મારા કુદરતી પિતા પ્રત્યેના ધિક્કારની મારી લાગણી એક જ હૃદયમાં સાથે રહી શકે નહિ. મેં મને મદદરૂપ થવા માટે ઈશ્વરને વિનંતી કરી, અને ઈશ્વરે મારા હૃદયમાંથી ધિક્કારની લાગણી દૂર કરી. જો કે, હજી પણ હું મારા પિતાના સંબંધમાં કંઈક કરવા માગતી હતી, હું તેમનાથી બની શકે એટલી દૂર રહેવા માગતી હતી.

મારી માતાનું માનસિક સ્વાસ્થ્ય વર્ષોથી નબળું પડતું જતું હતું, અને જે વર્ષે મેં ડેવ સાથે લગ્ન કર્યા, એ જ વર્ષે જ્યારે તેમને ખબર પડી કે મારા પિતાએ મારી સાથે જે વ્યવહાર કર્યો હતો, અને એ બાબતનો ઉકેલ ન જણાતાં તેમને ભારે માનસિક આઘાત લાગ્યો. હું જ્યારે ચૌદ વર્ષની હતી ત્યારે મારી માતાએ મારા પિતાને મારા પર બળાત્કાર કરતાં પકડી પાડ્યા હતા, પણ મેં જણાવ્યું તે પ્રમાણે, તેમને ખબર પડતી નહોતી કે શું કરવું, તેથી તે કશું કરી શક્યા નહિ. કોઈ જ પગલાં ન લઈ શકવાને પરિણામે અમારા બધા માટે એક ખૂબ જ ખરાબ નિર્ણય લેવો પડ્યો. બે વર્ષ સુધી તેમને વીજળીના કરંટની સારવાર લેવી પડી, અને તેને પરિણામે જાતીય અત્યાચારની યાદ તેમના મગજમાં પાછી આવી, અને ફરીથી તેમને

બધું યાદ આવે એવી કોઈ બાબત કરવા હું ઈચ્છતી નહોતી, જો કે મારા પિતાની સાથે ઘરમાં રહેવું અઘરું હતું, તેમ છતાં મારું કુટુંબ રજાઓ માણવા બહાર જતું અને બીજી કેટલીક વાર તો અમારે ઘરે જ રહેવું પડતું હતું.

છેવટે, મારા માતાપિતા શહેર છોડીને તેઓ જે નાના ગામમાં મોટા થયાં હતાં, એ ગામમાં પાછા જઈને રહેવા લાગ્યા. અમે જ્યાં રહેતા હતા ત્યાંથી એ ગામ બસો માઈલ દૂર હતું, વળી મને એ વાતનો આનંદ હતો કે તેઓના ત્યાં જવાથી મારે તેઓને મળવાનું ઓછું થઈ ગયું હતું. એ વર્ષો દરમિયાન મેં મારા પિતાજીને અમુક અંશ સુધી માફ કરી દીધા હતા, પણ મેં તેમને સંપૂર્ણપણે માફી આપી નહોતી.

મારા માતાપિતા વૃધ્ધ થઈ ગયાં હતાં અને તેઓના પૈસા ઓછા થઈ ગયા અને તેઓનું સ્વાસ્થ્ય પણ બગડવા લાગ્યું ત્યારે અમે જ્યાં રહેતાં હતાં તે સેન્ટ લૂઈસ, મિસૂરીમાં તેઓને પાછા લઈ આવવા તથા તેઓ મૃત્યુ પામે ત્યાં સુધી તેઓની સંભાળ લેવા સંબંધમાં ઈશ્વરે મારી સાથે વાત કરવાનું શરૂ કર્યું. એનો અર્થ એ થતો હતો કે તેઓને માટે એક ઘર ખરીદવું, ફર્નીચર અને કાર વસાવી આપવાં, તેઓના ઘરને સાફ રાખવા માટે માણસની વ્યવસ્થા કરવી, તેઓને કરિયાણું લઈ આપવું, કંપાઉન્ડમાંનું ઘાસ કાપવું, ઘરની અંદર નાનુંમોટું કામ કરવું વગેરે બાબતોનો તેમાં સમાવેશ થતો હતો. પહેલાં તો મને એવું લાગ્યું કે આ વિચાર દ્વારા શેતાન મને હેરાન કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે, પણ છેવટે મને સમજાયું કે એ તો ઈશ્વરની જ યોજના હતી, અને હું પ્રામાણિકપણે કહી શકું છું કે એ બાબત મેં મારા જીવનમાં એકલે હાથે કરેલી સૌથી અઘરી બાબતોમાંની એક બાબત હતી.

સૌ પ્રથમ તો, અમારી પાસે ડેવ અને મેં બચત કરેલી ખૂબ જ નાની રકમ હતી, અને મારા માતાપિતાને ઘર લઈ આપવામાં અમારી આખી બચત વપરાઈ જાય તેમ હતું. બીજું એ કે, હું તેઓને કોઈપણ પ્રકારની મદદ કરું એ માટે તેઓ બિલકુલ લાયક નહોતા એવું હું માનતી હતી, કારણ કે તેઓએ મને ત્રાસ આપવા અને મને તરછોડી દેવા સિવાય મારે માટે બીજું કશું જ કર્યું ન હતું. ડેવ અને મેં એ વિષે ચર્ચા કરીને પ્રાર્થના કરી, અને એ પછીથી મને વધારે ને વધારે એવું સમજાવા લાગ્યું કે ઈશ્વર મને અઘરામાં અઘરી બાબત જ કરવાનું કહેતા નથી કે જે તેમણે મને ક્યારેય કરવાનું કહ્યું હોય, પરંતુ મેં કરેલી સૌથી વધારે અસરકારક બાબતોમાંની એક બાબત પણ હોઈ શકે.

દુશ્મનો પર પ્રેમ રાખવા સંબંધી, તેઓનું ભલું કરવા સંબંધી અને તેઓના પ્રત્યે દયા દર્શાવવા વિષેની દરેક કલમ મેં વાંચી જોઈ. આ કલમે મારા પર જોરદાર અસર કરી:

> ''પણ તમે તમારા વૈરીઓ પર પ્રીતિ રાખો, તેઓનું ભલું કરો, અને કચવાયા વગર ઉછીનું આપો; એથી તમને ઘણું પ્રતિફળ (બદલો) મળશે, અને તમે પરાત્પરના દીકરાઓ થશો; કેમ કે અનુપકારીઓ પર તથા ભૂંડાઓ પર તે માયાળુ છે.''
>
> (લૂક ૬:૩૫)

આ કલમ એવું જણાવે છે કે આપણે કોઈપણ બાબતને ખોવાયેલી કે ગુમાવેલી માની લેવી ન જોઈએ અને એના માટે કોઈ પ્રકારનું દુઃખ વ્યક્ત ન કરવું જોઈએ. હું આ સિધ્ધાંત સમજું એ પહેલાં હું મારા બાળપણને ગુમાવેલાં વર્ષો તરીકે જોતી હતી, પણ હવે ઈશ્વર મને એ વર્ષોને બીજાઓને મદદ કરવા માટેના અનુભવ તરીકે જોવાનું કહી રહ્યા હતા. લૂકે પણ કહ્યું હતું કે આપણે તો આપણને ગાળો આપનાર અને આપણી સાથે દુર્વ્યવહાર કરનાર લોકોને આશીર્વાદો જ આપવાના છે અને તેઓને માટે પ્રાર્થના કરવાની છે (જુઓ લૂક ૬:૨૮). આ બાબત જો કે બરાબર લાગતી નથી, પણ મેં માફી આપી છે એવી જ્યારથી મને ખબર પડી ત્યારથી હું મારી જાતની તરફેણ કરતી રહી છું. હું જ્યારે માફી આપું છું ત્યારે મારા પ્રત્યે કરવામાં આવેલ દુર્વ્યવહારનાં તમામ પરિણામોમાંથી હું મારી જાતને મુક્ત કરું છું અને એ પછીથી જ ઈશ્વર મારી આખી પરિસ્થિતિ હાથમાં લઈ શકે છે. જો મારો દુશ્મન તારણ પામ્યો ન હોય, તો જ હું એક આત્માને ખરીદી શકું છું.

મેં અને ડેવે દર્શાવેલી ઈચ્છાનો સ્વીકાર કરવાની મારા પિતાજીએ ધરાર ના પાડી દીધી, જો કે તે એવું કશું જ બોલ્યા નહોતા, પણ મને ખબર છે કે તેમણે મારા પ્રત્યે દુર્વ્યવહાર કર્યો હતો તેમ છતાં આ જગતમાં અમે આટલું બધું કરવાના હતા, તેથી તે નવાઈ પામ્યા હતા.

ત્રણ વર્ષ વીતી ગયાં, અને મેં તેમનામાં કોઈ પરિવર્તન જોયું નહિ. તે હજી પણ હલકટ સ્વભાવ ધરાવતા હતા, જલદીથી ગુસ્સે થઈ જતા હતા, અને ખૂબ જ સ્વાર્થી હતા. વાસ્તવમાં તો, કેટલીકવાર તે એટલા બધા ગુસ્સે થઈ જતા હતા કે તેમનું વર્તન બેકાબૂ બની જતું હતું. હવે મને સમજાય છે કે ઈશ્વર એ દરેક સમયે તેમની સાથે વ્યવહાર કરી રહ્યા હતા. ત્રણ વર્ષ પછી ઈશ્વરે અમને જે બાબત કરવાની કહી હતી તે અમે કરી, મારા પિતાજીએ રડીને પસ્તાવો કર્યો અને ઈસુનો પોતાના તારનાર તરીકે સ્વીકાર કર્યો. એ એક અજાયબ અનુભવ હતો. સમગ્ર બાબતની શરૂઆત તેમણે કરી. તેમણે અમને તેમના ઘરે આવવાનું કહ્યું અને તેમણે માફી માગી. તેમણે ડેવ અને મને બંને જણાને માફી આપવા માટે વિનંતી કરી અને તેમણે કબૂલ કર્યું કે અમે બંને જણા તેમના પ્રત્યે કેવી સારી રીતે વર્ત્યા હતા. અમે તેમને પૂછ્યું કે શું તેઓ પોતાના જીવનમાં ઈસુને આવવા માટેનું આમંત્રણ આપવા માગે છે કે નહિ, પણ તેમણે એ બાબતનો કેવળ સ્વીકાર જ ન કર્યો, પરંતુ તેમણે પૂછ્યું પણ ખરું કે ડેવ અને હું તેમને બાપ્તિસ્મા આપીશું કે કેમ. મને ત્રાસ આપનાર મારા પિતાને પ્રભુની ઓળખ પ્રાપ્ત કરતાં જોવાની મને તક મળી. એ પછીથી મને સમજાયું કે અગાઉ મેં એક ઘર, કેટલુંક ફર્નીચર અને એક કાર ખરીદવાનો વિચાર કર્યો હતો, પરંતુ વાસ્તવમાં તો, મેં અસામાન્ય એવી ભલાઈનું એક કાર્ય કરીને એક આત્મા ખરીદ્યો હતો.

આ સમયગાળા દરમિયાન ડેવ અને મેં જોયું કે અમારું સેવાકાર્ય પણ અજાયબ રીતે વૃધ્ધિ પામતું હતું, અને અમે બીજા વધારે લોકોને મદદરૂપ બની શકતા હતા. હું માનું છું કે આ વૃધ્ધિ તો આજ્ઞાપાલનનું જે બીજ અમે રોપ્યું હતું, તેની ફસલનો એક ભાગ જ હતો. ઈશ્વર આપણને જ્યારે અઘરી બાબતો કરવાનું કહે છે, ત્યારે તે હમેશાં આપણા લાભ માટે

અને તેમના રાજ્યના લાભાર્થે કાર્ય કરે છે. તમે જુઓ કે આપણે ખરેખર સારાથી ભૂંડાનો પરાજય કરી શકીએ છીએ. જોન વેસ્લીએ કહ્યું છે તેમ : "તમારાથી થઈ શકે ત્યાં સુધી, તમારાથી થઈ શકે એટલા લોકોનું, તમારાથી થઈ શકે એટલી વાર, તમારાથી થઈ શકે એ બધી જ જગ્યાઓએ, તમારાથી થઈ શકે એટલી બધી રીતે, તમારાથી થઈ શકે એ બધા સ્વરૂપે તમે ભલું કરો."

યુધ્ધની વિધવાઓ

બાળકોની ચીસો સાંભળીને જેનીફર તેઓની છાવણીમાં દોડતી દોડતી આવે છે. અગાઉ તેણે અનેક વાર કહ્યું હતું તે રીતે તે તેઓને જણાવે છે કે પરિસ્થિતિ થાળે પડી જશે. તેઓની માતા તરીકે બાળકોને ભરોસો ન બેસે ત્યાં સુધી તે તેઓને એની એ જ વાત કહેતી રહેશે.

ગભરાવું, અપહરણ થવું અને અત્યાચારના ભોગ બનવું એટલે શું, તે તે સારી રીતે જાણે છે. તે જ્યારે માત્ર બાર વર્ષની ઉંમરની હતી ત્યારે તેને તેના ઘરમાંથી બળજબરીપૂર્વક ઉપાડી જવામાં આવી હતી, આફ્રિકામાં લાંબા સમયથી ચાલી રહેલા યુધ્ધમાં સંડોવાયેલા બળવાખોર સૈનિકોએ તેને તેનાં કુટુંબીજનો અને ગામથી અલગ કરી દીધી હતી. સતત માર, બળાત્કાર અને કાળી મજૂરીના ભોગ બન્યા પછી પણ જીવવા માટેના મનોબળને કારણે જેનીફરમાં નાસી છૂટવાની હિંમત આવી અને તે પોતાની સાથે બીજાઓને સલામત સ્થળે દોરી ગઈ.

પણ તે જ્યારે ઘરે પાછી ફરી ત્યારે તેનું કુટુંબ ત્યાંથી બીજે સ્થળે સ્થળાંતર કરી ગયું હતું. એકલા પડી જવાને કારણે તથા પોતાનું કોઈક હોય એવી તમન્નાને કારણે તે એક પુરુષને પરણી ગઈ. એ પુરુષ પહેલેથી જ એક પત્ની ધરાવતો હતો. લગ્નના દિવસે જ તેના પતિએ તેને ખૂબ જ માર માર્યો, અને તેણીના મિત્રોની હાજરીમાં જ તેનું ભારે અપમાન કર્યું. પરંતુ સૌથી વધારે ક્રૂર બાબત તો બનવાની હજી બાકી હતી. એક ખાસ દિવસે જ્યારે બધા લોકો તેને રાણીની જેમ માન આપે, એ દિવસે જ તેના પતિએ ત્યાં હાજર રહેલી દરેક વ્યક્તિની સામે જાહેર કર્યું કે જેનીફર નકામી અને બદનામ સ્ત્રી છે. એ શબ્દોથી તેને શારીરિક ત્રાસ કરતાં પણ વધારે પીડા થઈ.

છેવટે તેનો પતિ એઈડ્સથી મૃત્યુ પામ્યો, અને ફરીથી તે એકલી પડી ગઈ. તેના પોતાનાં બે બાળકો હતાં, એક વિધવા તરીકે તેણે ઈશ્વરને પૂછ્યું, *"શું તમે છો? શું મારું જીવન યાતના, દુઃખ અને શરમ સિવાય બીજું કંઈ જ નથી?"* ઈશ્વરે જેનીફર પ્રત્યેનું તેમનું વિશ્વાસુપણું પુરવાર કર્યું, અને જેનીફર ધીમે ધીમે જીવનમાં સ્થિરતા પ્રાપ્ત કરી રહી છે.

આજે, જેનીફર જોઈસ મેયર મિનિસ્ટ્રીઝની સાથે કાર્ય કરતી વોટોટો મિનિસ્ટ્રીઝ નામની સંસ્થા દ્વારા વસાવવામાં આવેલા એક નવા ગામમાં શાંતિથી જીવી રહી છે. જીવનમાં પુનઃસ્થાપિત થવાને લીધે તે અત્યારે યુધ્ધને કારણે અનાથ બનેલાં બાળકોની સંભાળ લઈ રહી છે. દુઃખદ વાત એ છે કે બીજા ઘણા એવા લોકો છે કે જેઓને સાજાપણાની અને પુનઃસ્થાપિત થવાની તાતી જરૂર છે.

ઈશ્વરનું વચન આપણને વારંવાર જણાવે છે કે આપણે વિધવાઓ અને અનાથોની સંભાળ લેવી જોઈએ. ઈશ્વરના હૃદયમાં વિધવાઓ અને અનાથો માટે એક વિશેષ સ્થાન છે, એવું લાગે છે; અને આપણાં હૃદયોમાં પણ વિધવાઓ અને અનાથો માટે વિશેષ સ્થાન હોવું જોઈએ.

આંકડાઓ જણાવે છે :

- ઘણા દેશોમાં જે વિધવાઓના પતિઓ એઈડ્સને કારણે મૃત્યુ પામ્યા છે, એ વિધવાઓને ઘરમાંથી તગેડી મૂકવામાં આવે છે, અને એ વિધવાઓ પર જોરજુલમ ગુજારવામાં આવે છે.
- આફ્રિકામાં અત્યંત ગરીબ અને કંગાળ કુટુંબોના જીવનનિર્વાહની જવાબદારી વિધવાઓને શિરે છે.



અધ્યાય

7

કચડાયેલા લોકોને ન્યાય

ન્યાય ખરા અને ખોટા વચ્ચે તટસ્થ માધ્યમ તરીકે કાર્ય કરતો નથી, પરંતુ જ્યાં પણ ખરું મળે, ત્યાં ખોટાની વિરૂધ્ધ ખરું શોધી કાઢીને તેને સમર્થન આપે છે.
થિયોડોર રૂઝવેલ્ટ

ઈશ્વર તો, ન્યાય કરનાર ઈશ્વર છે. ખરેખર તો, મને ઈશ્વરનો એ ગુણ બહુ ગમે છે. આમ જોઈએ તો, ઈશ્વર ખોટી બાબતોને ખરી બનાવે છે. બાઈબલ જણાવે છે કે ન્યાયીપણું તથા ઈનસાફ ઈશ્વરના રાજ્યાસનનો પાયો છે (જુઓ ગી.શા.૮૯:૧૪). પાયો એટલે જેના પર મકાન ઊભેલું છે તે, તેથી આપણે એવું કહી શકીએ કે ઈશ્વર આ પૃથ્વી પર જે કંઈ કરે છે તેનો પાયો આ સત્ય પર રચાયેલો છે કે ઈશ્વર ન્યાયી છે. ઈશ્વરના સેવકો તરીકે આપણને આજ્ઞા આપવામાં આવી છે કે આપણે ન્યાયીપણા અને ઈનસાફ પર પ્રેમ રાખીએ અને આ પૃથ્વી પર ન્યાયીપણું તથા ઈનસાફ સ્થાપવા માટે આપણે કાર્ય કરીએ.

જે સમાજમાં ન્યાય જેવી કોઈ બાબત હોતી નથી, ત્યાં હમેશાં મુશ્કેલી સર્જાતી હોય છે. ફ્રાન્સે ૧૭૮૯ થી ૧૭૯૯ સુધી એક ક્રાંતિનો અનુભવ કર્યો હતો. એ એક લોહિયાળ જંગ હતો કે જેમાં ખેતમજૂરો એ સમયના અમીરઉમરાવ વર્ગ અને ધાર્મિક આગેવાનોની સામે પડ્યા હતા. જ્યાં સુધી ફ્રાન્સના રાજા અને રાણી પ્રજા સાથે યોગ્ય અને ન્યાયી રીતે વ્યવહાર કરતાં હતાં, ત્યાં સુધી તેમનું રાજ્ય સમૃધ્ધ થતું ગયું; જો કે, રાજા અને રાણીએ જ્યારે પ્રજા પર ભારે કરવેરા નાખ્યા અને પોતે એશઆરામભર્યું જીવન જીવવાનું ચાલુ રાખ્યું ત્યારે

આખા રાજ્યમાં વિશાળ પાયે ભૂખમરો, અપૂરતું પોષણ અને રોગચાળો વ્યાપી ગયા, અને તેને પરિણામે પ્રજાએ તેઓની સામે બળવો પોકાર્યો. રાજા અને રાણી નાગરિકો સાથે અન્યાયથી વર્તવા લાગ્યા ત્યારે તેઓના રાજ્યાસનનો પાયો પડી ભાંગ્યો અને છેવટે એ રાજ્ય નાશ પામ્યું.

સત્ય માત્ર એટલું જ છે કે ન્યાય વિના કોઈપણ બાબત યોગ્ય રીતે થઈ શકતી નથી. આજે આપણો સમાજ અન્યાયથી ભરેલો છે, અને કેટલાક લોકો અન્યાય સામે માથું ઊંચકવા ભારે પરિશ્રમ કરે છે, ત્યારે મોટાભાગના લોકો એ બાબતની ક્યાં તો પરવા કરતા નથી, અથવા તો જો તેઓ પરવા કરે છે તો તેઓએ એ બાબત સંબંધી શું કરવું જોઈએ, તેની તેઓને ખબર હોતી નથી.

એ આપણી ફરજ છે

અનાથોની, વિધવાઓની, ગરીબોની અને કચડાયેલા લોકોની ચિંતા કોને છે? ઈશ્વર એ લોકોની ચિંતા કરે છે, પણ આપણે કરીએ છીએ? લોકો પર જ્યારે જોરજુલમ ગુજારવામાં આવતો હોય છે, ત્યારે તેઓનું જે વલણ હોય છે, તે વલણ જ ગેરવાજબી હોય છે; એ વલણ જ તેઓને કચડી નાખે છે, એ વલણ તેઓને સત્તાની સામે દબાવી દે છે અને તેઓને નમાવી દે છે. તેઓનું વલણ જ તેઓને ઘણીવાર આશા વિનાના બનાવી દે છે. ઈશ્વર અનાથોના પિતા અને વિધવાઓના રક્ષક છે (જુઓ ગી.શા.૬૮:૫). ઈશ્વરના હૃદયમાં એકલાઅટૂલા અને જેઓની સંભાળ લેનાર કોઈ નથી એવા લોકો માટે એક ખાસ સ્થાન છે. ઈશ્વર આવા દુઃખી અને લાચાર લોકોને મદદ કરે છે એ વાતથી તમને આનંદ થાય છે, એની મને ખબર છે; પણ હું તમને એ વાત યાદ રાખવા વિનંતી કરું છું કે ઈશ્વર તેમને સમર્પિત હોય એવા લોકો દ્વારા તેમનું કાર્ય કરે છે. હવે તમે તમારી જાતને પૂછો કે તમે વ્યક્તિગત રીતે એવા લોકો માટે શું કરો છો.

અનાથોની, વિધવાઓની, ગરીબોની અને
કચડાયેલા લોકોની ચિંતા કોને છે?

અગાઉ મેં જણાવ્યું છે એ પ્રમાણે ગરીબો અને જરૂરિયાતમંદ લોકો પ્રત્યેની આપણી ફરજ વિષે વાત કરતી બે હજાર કરતાં પણ વધારે કલમો બાઈબલમાં છે. ઈશ્વરે એટલી બધી કલમો મારફતે પ્રેરણા આપી છે, તેથી એ એક સંદેશ જ હોવો જોઈએ અને આપણે એ બાબત સમજ્યા છે કે નહિ તે જાણવા ઈશ્વર પ્રયત્ન કરી રહ્યા છે. આપણામાંનું દરેક જણ દુઃખી લોકોને કોઈકને કોઈક રીતે મદદરૂપ થવાના કાર્યમાં સામેલ થાય એ કેટલું બધું મહત્વનું છે? આપણામાંના ઘણા બધા લોકો એ વાત સમજે તેના કરતાં પણ આ બાબત વધારે મહત્વની કદાચ હોઈ શકે.

સાચી ધાર્મિક્તા

પ્રેરિત યાકૂબે કહ્યું છે કે સાચી ધાર્મિક્તા બાહ્ય કૃત્યોમાં પ્રગટ થાય છે, જેમ કે, "વિધવાઓની અને અનાથોની તેઓનાં દુઃખના સમયે મુલાકાત લઈને તેઓને મદદ કરવી અને તેઓની સંભાળ લેવી." (યાકૂબ ૧:૨૭). એનો અર્થ એ થાય છે કે જો આપણી ધાર્મિક્તા સાચી છે, તો આપણે કચડાયેલા અને દુઃખી લોકોને તેઓના દુઃખના સમયે મદદ કરવામાં સામેલ થઈશું. આ કલમ દ્વારા હું એટલું જ કહેવા માગું છું કે જો હું આવા લોકોને મદદ કરતો નથી, તો મારી ધાર્મિક્તા સાચી હોઈ શકે જ નહિ. એ ધાર્મિક્તાનું એક સ્વરૂપ હોઈ શકે, પણ ઈશ્વર જે ઈચ્છે છે તે તો નથી જ.

મને ખબર છે કે જ્યાં સુધી ઈશ્વરને લાગેવળગે છે ત્યાં સુધી રવિવારે દેવળમાં બેસનાર દરેક વ્યક્તિ સાચો ખ્રિસ્તી વ્યક્તિ નથી. નીતિનિયમો અને સિધ્ધાંતોનું પાલન વ્યક્તિને ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરનાર સાચો વિશ્વાસી બનાવતી નથી. હું એ વાત કેવી રીતે કહી શકું? કારણ કે આપણે જ્યારે ખ્રિસ્તનો આપણા તારનાર તરીકે સ્વીકાર કરીએ છીએ ત્યારે આપણને ઈશ્વરનું હૃદય પ્રાપ્ત થાય છે, અને આપણને તેમનો આત્મા આપવામાં આવે છે (જુઓ હઝકિયેલ ૧૧:૧૯); જો એવું હોય તો, ઈશ્વર જે બાબતની ચિંતા રાખે છે, એ બાબતની ચિંતા રાખવાનું આપણે પણ શીખવું જોઈએ - ઈશ્વર દુઃખી લોકોને મદદરૂપ થવાની ચિંતા રાખે છે.

કપરી પરિસ્થિતિમાં મેં જે બાબત કરી હતી, એ બાબત જોઈસ મેયર મિનિસ્ટ્રીઝમાં મોટા ભાગનું રોજીંદું કામકાજ સંભાળનાર મારા દીકરાઓ કરવાના ન હોય, તો તેઓના સંબંધમાં આ પ્રમાણે કહેવું કેટલે અંશે સારું ગણાશે, કે મારા દીકરાઓ મારા જેવું હૃદય ધરાવે છે? અમારા દીકરાઓ પોતાનું સ્થાન શોભાવી રહ્યા છે તેનું મુખ્ય કારણ એ છે કે તેઓ અમને ખૂબ જ નજીકથી ઓળખે છે, અને લોકોને મદદરૂપ થવાની બાબતમાં અમે જે વિચારીએ છીએ, એ જ બાબત તેઓ પણ વિચારે છે.

એકબીજા પર પ્રેમ રાખો

હું ખૂબ જ દૃઢપણે માનું છું કે આપણે એકબીજા પર, એટલે કે આપણાં વ્યક્તિગત જીવનોમાં આપણી સાથે સંપર્કમાં રહે છે એ લોકો અને દૂર દૂરના સ્થળે રહેનારા લોકો કે જેઓને આપણે ક્યારેય મળી શકીએ તેમ નથી, એ લોકો પર આપણે પ્રેમ રાખવાની જરૂર છે (જુઓ પ્રે.કૃ.૨:૪૪-૪૫; ૪:૩૧-૩૨; ૨ કરિંથી ૮:૧-૪). આપણે જ્યારે આ પુસ્તક વાંચીએ છીએ ત્યારે હું ઈચ્છું છું કે તમે બંને જૂથના લોકોને યાદ રાખો. દા.ત. તમે અનાથોની સંભાળ રાખનાર કોઈએક સંસ્થા મારફતે ત્રીજા વિશ્વના કોઈએક દેશના એકાદ અનાથ બાળકને આર્થિક ટેકો પૂરો પાડી શકો છો અને તમે તમારી મંડળીમાં કોઈએક વિધવાને પણ જમવા માટે બોલાવી શકો, અને તમે જ્યારે તેની સાથે જમો છો ત્યારે તેની જરૂરિયાતો પૂરી

થાય છે કે નહિ, એ જાણવા માટે પૂરતા પ્રમાણમાં પ્રશ્નો પણ પૂછી શકો છો. જો તે એવું જણાવે કે તેને એવી કોઈ બાબતની જરૂર છે કે જે તમે પૂરી કરી શકો તેમ છો, તો ખુશીથી તમે તેની એ જરૂરિયાત પૂરી કરો, કારણ કે ખુશીથી આપનારને ઈશ્વર ચાહે છે (૧ કરિંથી ૯:૭).

આપણામાંના મોટાભાગના લોકો આપણાં કુટુંબીજનો અથવા જેઓને આપણે નજીકથી ઓળખતા હોઈએ છીએ એવા લોકોને જો કોઈ બાબતની જરૂરિયાત હોય તો આપણે તેઓને મદદ કરીશું, પણ આપણા અંગત વર્તુળમાંથી દૂર ચાલ્યા ગયેલા લોકોની ચિંતા આપણે ઓછી કરતા હોઈએ છીએ અથવા તો તેઓને મદદ કરવાની બાબતમાં આપણે ઓછા રાજી હોઈએ છીએ. હું માનું છું કે ઈશ્વર એ પ્રકારનું વલણ બદલવા માગે છે. મને સમજાયું છે કે એક વ્યક્તિ તરીકે મારા સાંભળવામાં આવતી દરેક જરૂરિયાત હું સંપૂર્ણપણે પૂરી કરી શકું તેમ નથી, પણ હું ચોક્કસપણે કહી શકીશ કે ઈશ્વર મને મારાથી થઈ શકે એવી કોઈપણ બાબત કરવા હું ઉપલબ્ધ રહીશ. મને ખબર હોય એવી જરૂરિયાતો સંબંધમાં હું કંઈ કરી શકું તેમ નથી, એવું હવે પછી હું માની લેવાની નથી. મને સમજાઈ ગયું છે કે જરૂરિયાતો તરફ દૃષ્ટિ કરવાની એ રીત નિષ્ક્રિય છે, અને હું એ જરૂરિયાતો તરફ એ રીતે જોઉં એવું ઈશ્વર પણ ઈચ્છતા નથી.

ઈસુએ પિતરને ત્રણ વખત પૂછ્યું કે શું તું મારા પર પ્રેમ રાખે છે, અને એ ત્રણેયવાર પિતરે કહ્યું, ''હા, પ્રભુ.'' તેથી ઈસુએ તેને કહ્યું, ''તો પછી મારાં હલવાનોને પાળ'' અથવા ''મારાં ઘેટાંને સાચવ'' (જુઓ યોહાન ૨૧:૧૫-૧૭). ઈસુ પ્રાણીઓને ચરાવવા સંબંધી નહોતા કહેતા, પણ તે તેમના લોકોને મદદ કરવા સંબંધી કહી રહ્યા હતા. તેમણે જુદા જુદા પ્રસંગોએ પોતાનો એક ઘેટાંપાળક તરીકે અને તેમના લોકોનો ઘેટાં તરીકે ઉલ્લેખ કર્યો છે, તેથી ઈસુ જે કંઈ કહી રહ્યા હતા એ પિતર સારી રીતે જાણતો હતો.

મને એવું લાગે છે કે ઈસુ આ કલમોમાં એવું કહી રહ્યા છે કે જો આપણે ખરેખર તેમના પર પ્રેમ રાખીએ છીએ, તો આપણે રવિવારની સવારે દેવળોમાં ભેગા મળીને કેવળ ધાર્મિક વિધિઓ જ કરવાની નથી, પણ બીજા લોકોને મદદ કરવી જોઈએ. અલબત્ત, આપણે સંગતમાં ભાગ લેવા, ઈશ્વરનું ભજન કરવા તથા તેમના સંબંધી શિક્ષણ પ્રાપ્ત કરવા દેવળમાં જવું જોઈએ, પણ દેવળ પણ એક એવી જગ્યા હોવી જોઈએ કે જ્યાંથી આપણે બીજાઓને મદદ કરી શકીએ. જો મંડળીને જગતભરના ખોવાયેલાઓને સુવાર્તા આપવામાં અને વિધવાઓ, અનાથ, ગરીબ અને જરૂરિયાતમંદ સહિતના કચડાયેલા લોકોને મદદ કરવામાં રસ ન હોય, તો તેને મંડળી તરીકે કહેવડાવવાનો કોઈ જ હક્ક નથી, એવું હું સ્પષ્ટપણે માનું છું.

લાખો લોકોએ દેવળમાં જવાનું બંધ કરી દીધું છે અને દુનિયાભરના આત્મિક આગેવાનો દેવળમાં ઘટતી જઈ રહેલી હાજરીથી ચિંતિત છે. ઘટી રહેલી હાજરી પાછળનું મુખ્ય કારણ મારી દૃષ્ટિએ તો એ છે કે ઘણી મંડળીઓ નિર્જીવ ધાર્મિક કેન્દ્રો બની ગઈ છે. પ્રેરિત યોહાને કહ્યું હતું કે આપણે ભાઈઓ પર પ્રીતિ રાખીએ છીએ, એથી આપણે જાણીએ છીએ કે

મરણમાંથી નીકળીને આપણે જીવનમાં આવ્યા છીએ, અને જે પ્રેમ રાખતો નથી તે આત્મિક મરણમાં રહે છે (જુઓ ૧ યોહાન ૩:૧૪). જો મંડળી ઈશ્વરના સાચા પ્રેમથી ઊભરાતી ન હોય, તો તે જીવનથી ભરપૂર કેવી રીતે બની શકે?

મેં સાંભળ્યું છે કે યુરોપમાં લગભગ દર અઠવાડિયે એક દેવળ બંધ થાય છે અને એમાંના ઘણાં બધાં દેવળો તો મુસ્લિમ જૂથો દ્વારા ખરીદીને તેઓને મસ્જિદમાં ફેરવી નાખવામાં આવી રહ્યાં છે. ઈસુ ખ્રિસ્તની મંડળી માટે ઈશ્વરનો ઈરાદો એવો છે જ નહિ. અનેક મોટી મંડળીઓ તેઓએ જે રીતે કાર્ય કરવું જોઈએ, બિલકુલ એ રીતે જ કાર્ય કરી રહી છે, અને એ મંડળીઓ વૃધ્ધિ પામી રહી છે, અને તેને કારણે તે જીવંત રહી છે. પરંતુ એમ કહેવામાં કશું ખોટું નથી કે એ મંડળીઓ અપવાદરૂપ છે, મોટા ભાગની મંડળીઓની સ્થિતિ એવી નથી.

પ્રેરિતોનાં કૃત્યોના પુસ્તકમાં શરૂઆતની જે મંડળી વિષે આપણે વાંચીએ છીએ, એ મંડળી ખૂબ જ અસરકારક અને મજબૂત મંડળી હતી. એ મંડળીએ એ સમયના જગતમાં ઊથલપાથલ મચાવી હતી, અને તેની અસરકારકતાનો પ્રભાવ આજે પણ આખી દુનિયામાં જોઈ શકાય છે. એ મંડળીના લોકો સંપીને રહેતા હતા, અને તેઓ જરૂરિયાતમંદ લોકોને મદદ કરવા માટે તત્પર રહેતા હતા. જેઓને તેઓ વ્યક્તિગત રીતે ઓળખતા હતા તેઓને તથા પ્રેરિતો જ્યારે ઉપદેશ કરવા માટે અન્ય શહેરોની મુલાકાત લેતા ત્યારે તેઓ જે જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાનું કહેતા એવા લોકોને શરૂઆતની મંડળી મદદ કરતી હતી.

શરૂઆતની મંડળી ઝડપથી વૃધ્ધિ પામી, અને તેણે એક અજાયબ જેવો દરજ્જો પ્રાપ્ત કર્યો, તેનું કારણ એ છે કે એ મંડળી એકબીજા પર સાચો પ્રેમ રાખનાર લોકોથી ભરેલી મંડળી હતી. જગતને ધર્મની નહિ, પણ પ્રેમની જરૂર છે! તેને ઈશ્વરની જરૂર છે; અને ઈશ્વર પ્રેમ છે. જો આપણે બધા સહમત થઈને અને સામેલ થઈએ તો આપણે પ્રેમની એક ક્રાંતિની શરૂઆત કરી શકીએ તેમ છીએ, એક એવી ચળવળ કે જે ઈશ્વરને મહિમા આપવા માટે ફરીથી એકવાર જગતને હચમચાવી દે!

સારું કરતાં શીખો

કોઈક જરૂરિયાતમંદ માણસને જુઓ કે તેના વિષે સાંભળો અને તેને માટે કશું જ કરવામાં ન આવે, તો એ બાબત સ્વાભાવિક રીતે જ ખોટી છે. યશાયા પ્રબોધકે કહ્યું હતું કે, "સારું કરતાં શીખો; ન્યાય શોધો, જુલમીથી દુ:ખી થતાં માણસોનું રક્ષણ કરો, અનાથને ઈનસાફ આપો, વિધવાની હિમાયત કરો." (યશાયા ૧:૧૭)

શિક્ષણ અને ઉપદેશ આપવાનો હેતુ સારું શું છે, એ જાણવામાં આપણને મદદ કરવાનો અને સારું કરવા માટે આપણને પ્રોત્સાહિત કરવાનો છે. થોડાંક વર્ષો પહેલાં જ, કચડાયેલા લોકોને ન્યાય અપાવવા માટે મારે જે કરવું જોઈએ, એ વિષે ઈશ્વર શું વિચારે છે એનો

વિચાર સુધ્ધાં મને આવતો નહોતો, પણ એક વાર મને ખબર પડી એટલે મેં એ કામ શરૂ કરી દીધું.

અનાથો, વિધવાઓ, કચડાયેલા અને ગરીબ લોકો માટે આપણે શું કરવું જોઈએ એ વિષેની સૂચનાઓ ઈશ્વર લોકોને આપતા રહ્યા છે, અને તેથી જ તેમણે જૂના કરારના નિયમશાસ્ત્ર આપ્યું હતું. મૂસાના મુખ મારફતે ઈશ્વરે કહ્યું, ''તમે કોઈ વિધવાને કે અનાથ છોકરાને દુઃખ ન દો'' (નિર્ગમન ૨૨:૨૨). ઈશ્વર પક્ષપાત કે અન્યાય કરતા નથી. ''તે અનાથની તથા વિધવાની દાદ સાંભળે છે, અને પરદેશીને અન્ન તથા વસ્ત્ર આપીને તેના પર પ્રીતિ રાખે છે'' (પુનર્નિયમ ૧૦:૧૮). વળી ઈશ્વરે લોકોને કહ્યું હતું કે જો તેઓ કોઈ પરદેશી, વિધવા અને અનાથને ખવડાવીને તૃપ્ત કરશે, તો તે તેઓના હાથે કરેલાં કાર્યોને આશીર્વાદ આપશે (જુઓ પુનર્નિયમ ૧૪:૨૯). એ વાત યાદ રાખો કે આ જૂથમાં આવતા બધા લોકો-વિધવાઓ, પરદેશીઓ, અનાથો-મોટેભાગે એકલવાયાપણાનો અનુભવ કરતા હોય છે. ઈશ્વર એકલવાયાપણાનો અનુભવ કરનારા લોકોની ચિંતા રાખે છે!

એકલવાયા અને ભૂલાઈ ગયેલા

જીવનનિર્વાહ માટે બળજબરીપૂર્વક વેશ્યાવૃત્તિ તરફ ધકેલી દેવામાં આવેલ એકલવાયી અને ભૂલાઈ ગયેલી અનાથ છોકરીની લાગણીઓ કેવી હશે તેની કલ્પના હું કરી શકતી નથી.

આંકડાઓ જણાવે છે કે :

- દર વર્ષે પાંચથી પંદર વર્ષ વચ્ચેની ઉંમર ધરાવતી છોકરીઓ ધંધાદારી જાતીય વ્યવહારના બજારમાં ઉમેરાય છે.
- ૮૯ ટકા જેટલી વેશ્યાઓ છૂટવા માગતી હોય છે.
- થાઈલેન્ડમાં ઓછામાં ઓછી બે લાખ સ્ત્રીઓ અને બાળકો વેશ્યાવૃત્તિના ધંધામાં પડેલાં છે, અને એમાંના ૧/૩ ભાગ તો અઢાર વર્ષથી નીચેનાં છે. છ વર્ષની છોકરીઓ પણ વેશ્યા તરીકે કામ કરે છે.
- એકવાર એક ડૉકટરે જોયું કે એક કલાકમાં પાંત્રીસ માણસોએ એક છોકરી સાથે જાતીય વ્યવહાર કર્યો હતો.

શું આ બધી છોકરીઓ અનાથ છે? ના, તેઓના માતાપિતા નથી એ અર્થમાં જોતાં એમાંની બધી જ છોકરીઓ કાયદેસર રીતે અનાથ નથી. પરંતુ, ઈશ્વરની દૃષ્ટિમાં તેઓ અનાથ છે, કારણ કે ક્યાં તો તેઓના માતાપિતા નથી અથવા તો તેઓના માતાપિતાઓ તેઓની સંભાળ લઈ શકતા નથી અથવા સંભાળ લેવા માગતા નથી.

તરૂણ વયમાં વેશ્યાવૃત્તિ

ખરાબ માણસોને ખુશ કરવા માટે તમારું શરીર વેચી દો અથવા ભૂખે મરો. કોઈ પણ વ્યક્તિ ક્યારેય ન કરે એવી આ પસંદગી છે. જો કે બિર્ટુકન હજી ઓગણીસ વર્ષની જ છે, પણ તે ચૌદ વર્ષની હતી ત્યારે જ તેણે આ પસંદગી કરી હતી. અને દરેક પસંદગી સાથે તેનું હૃદય વધારે ને વધારે ભાંગી પડતું હોય છે અને તેનો આત્મા ખિન્ન થતો જાય છે. તેણે જે જે સહન કરવું પડ્યું છે, એ બધી બાબતોમાં તેને આ એક ચમત્કાર લાગે છે.

તે જ્યારે તેની સાત જ મહિનાની દીકરી આમીનાની આંખમાં એકધારું જુએ છે ત્યારે તે બળ અનુભવે છે. ‘‘મારી દીકરીને આવું કરવું ન પડે એ માટે મેં આ બાબત પસંદ કરી છે.’’ તેના એ ઈથોપિયન નામ ‘‘આમીના’’ નો અર્થ ‘‘સલામત’’ થાય છે, અને પોતાની દીકરીને સલામત રાખવા માટે તેણે જે નિર્ણય લીધો છે, એ નિર્ણયને પાળવા માટે બિર્ટુકન કંઈપણ કરવા માટે તૈયાર છે.

તે લોભ કે પોતાના સંતોષ માટે પોતાનું શરીર વેચતી નથી. તે જીવન ટકાવી રાખવા માટે તેનું શરીર વેચે છે. તે ૪ x ૯ ફૂટની એક ઓરડીમાં રહે છે અને પોતાનો દેહવ્યાપારનો ધંધો કરે છે. છેલ્લાં પાંચ વર્ષથી એકપણ દિવસની રજા... વેકેશન... આરામ કર્યા વિના તે આ પ્રમાણે કરતી આવી છે. રોજના પંદરેક જેટલા વાસનાભૂખ્યા માણસોની શારીરિક ભૂખ સંતોષવા માટે તેના શરીરને ચૂંથાવા દીધા પછીથી તે ઊંઘે છે અને તેની દીકરી આમીના વિષે વિચાર કરી શકે છે. તેનું દર્દ કલ્પના થઈ ન શકે એટલું બધું છે, પણ ખોરાક પ્રાપ્ત કરવા તથા સૂવા માટેની એ જગ્યા માટે તેણે એ પીડા સહન કર્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી. તે પોતાની દીકરી આમીના પર કેટલો બધો પ્રેમ રાખે છે, એ વિષે જ્યારે તેને વિચાર આવે છે ત્યારે તે વિચારી પણ શકતી નથી કે તે પોતે જ્યારે પાંચ વર્ષની હતી ત્યારે તેની પોતાની માતાએ તેને ત્યજી દીધી હતી.

એડીસ અબાબાના એ કૂટણખાના વિસ્તારમાં આવી એ પહેલાં તે ભૂખે મરતી હતી. ‘‘મારી પાસે આશા હતી, પણ એ આશા હવે ઘણી દૂર ચાલી ગઈ હોય એવું લાગે છે. જીવવા માટેનો બીજો કોઈ જ માર્ગ મને સૂઝતો નથી.’’

જીવનનિર્વાહ માટે તેણે તેના હૃદયના ટુકડા, તેના આત્મા અને તેના નંખાઈ ગયેલા શરીરનો ભોગ આપવો ન પડે એવા એકાદ દિવસની ધૂંધળી આશા પણ દેખાતી નથી.

આજે, એ આશાએ રાહ જોવી પડશે. તેનો હવે પછીનો ગ્રાહક આવી પહોંચ્યો છે.

આંકડાઓ જણાવે છે કે :

- દુનિયાભરમાં ચાલી રહેલા વેશ્યાવૃત્તિના ધંધામાં પ્રવેશવા માટેની ઉંમર સામાન્ય રીતે તેરથી ચૌદ વર્ષની છે.[૧]
- ૭૫ ટકા વેશ્યાઓ પચ્ચીસ કરતાં પણ ઓછી ઉંમરની છે.[૧]

અધઃપતનના નવા સ્તર તરફ દૃષ્ટિ કરવી, અને એ સંબંધી કાર્ય કરવું

હું જ્યારે ભારત ગઈ હતી ત્યારે ત્યાંના ઝૂપડપટ્ટી વિસ્તારમાં ચાલતા એક રેડ-લાઈટ વિસ્તારની મુલાકાત મેં લીધી હતી, ત્યાં મને અધઃપતનના એક સ્તરની ખબર પડી. એ આખો વિસ્તાર એકલી ગંદકીથી જ ભરેલો નહોતો, પરંતુ ત્યાં વેશ્યાગીરીની પ્રવૃત્તિ ધમધોકાર ચાલી રહી હતી. મને ત્યાં ત્રણ પથારીવાળા ત્રણ રૂમોવાળા એક મકાનમાં લઈ જવામાં આવી હતી. બહારથી બધું જોઈ શકાય એ રીતે એ પથારીઓ ગોઠવવામાં આવી હતી. આ નાની રૂમોમાં માણસોને ખુશ કરતી છોકરીઓ અને સ્ત્રીઓ પોતાને તેમ જ પોતાનાં બાળકોને ખાવાનું મળી રહે એટલા પૈસા કમાવાની આશા સાથે મોટેભાગે રાત્રે ત્યાં આવતી હતી, એમાંની મોટાભાગની છોકરીઓ અને સ્ત્રીઓ એ વેશ્યાવૃત્તિના ધંધા પર જ નભતી હતી. તેઓ જ્યારે વેશ્યા તરીકે ફરજ બજાવતી ત્યારે તેઓના બાળકો ક્યાં રહેતા હતા? એ બાળકો ક્યાં તો તેઓની માતાઓ જે રૂમોમાં પરપુરુષોને ખુશ કરી રહી હોય એ રૂમોની નજીકમાં રમતા હોય અથવા તો તેઓને દારૂ પીવડાવીને સૂવડાવી દેવામાં આવતા હતાં કે જેથી કરીને પોતાની માતા જે કરી રહી છે તેની પરવા તેઓ ન કરે. એમાંના થોડાંક બાળકોને અમારા પોષણ અને સ્કૂલને લગતા કાર્યક્રમની ખબર હતી, અને એ સમય દરમિયાન અમે એ બાળકોની સંભાળ લઈ શક્યા, તેથી ઘરે જે કંઈ થઈ રહ્યું હતું તેના સાક્ષી તેઓને બનવું ન પડે! આ નાનાં બાળકો વેશ્યાગીરી કરવામાં જીવતાં હોય છે!

મોટાભાગની નાની છોકરીઓ થોડીક મોટી થતાંની સાથે જ નાછૂટકે વેશ્યાગીરીના ધંધામાં જોડાઈ જતી હોય છે. આ સ્ત્રીઓને ના છૂટકે આ ધંધામાં જોડાઈ જવાની ફરજ પડતી હોય છે. એ સ્ત્રીઓ અભણ હોય છે. આપણામાંના મોટાભાગના લોકો સમજી પણ ન શકે એવી દારૂણ ગરીબીમાં તેઓનો ઉછેર થયેલો હોય છે. એમાંની કેટલીક સ્ત્રીઓને તો વેશ્યાગીરીનો ધંધો ચલાવતાં અનિષ્ટ તત્વો દ્વારા ગુલામની જેમ રાખવામાં આવતી હોય છે, અને એ સ્ત્રીઓ વેશ્યાગીરી મારફતે પૂરતા પ્રમાણમાં પૈસા કમાવીને ન આપે તો તેઓને મારવામાં પણ આવે છે.

મને એ વાત કહેતા ખુશી થાય છે કે એવી સ્ત્રીઓને ઉગારી લેવા માટે અમે એક કાર્યક્રમ શરૂ કર્યો છે. સૌ પ્રથમ તો, અમે ઓછામાં ઓછા ત્રણ વર્ષથી સ્થાનિક સંસ્થાઓના સહકારમાં સેવા કરી રહ્યા છીએ, અને વેશ્યાઓની સંખ્યા ત્રણ હજારથી ઘટીને ત્રણસો સુધી પહોંચી ગઈ છે. કેટલાક લોકોને કેવળ થોડીક આશા કે મદદની જ જરૂર હોય છે, અને તેઓને કોઈક એવી વ્યક્તિની જરૂર હોય છે કે જે તેઓને એમ કહી શકે કે તેઓના જીવનમાં પરિવર્તન આવી શકે છે અને એ પરિવર્તન કેવી રીતે લાવવું એવું બતાવનાર વ્યક્તિની પણ તેઓને જરૂર હોય છે.

અમારી સંસ્થાએ રેડ લાઈટ વિસ્તારથી ત્રણ કલાકના અંતરે કેટલાક એકર જમીન ખરીદી છે, અને અમે ત્યાં તાલીમ કેન્દ્ર સાથેનું એક સંપૂર્ણ ગામ ઊભું કર્યું છે, અને વેશ્યાગીરીનો

ધંધો કર્યા વિના પણ તેઓ અને તેઓનાં કુટુંબીજનો સ્વનિર્ભર થઈ શકે એવી રીતે તેઓને તાલીમ આપવામાં આવે છે. ફેબ્રુઆરી ૨૦૦૮ માં અમે પ્રથમ એકસો સ્ત્રીઓ અને બાળકોને પુનઃસ્થાપન કેન્દ્રમાં ખસેડ્યાં હતાં અને જીવનમાં પરિવર્તન ઝંખતી એ વિસ્તારની તમામ સ્ત્રીઓને ત્યાં લઈ જવાનો ઈરાદો અમે રાખીએ છીએ.

મેં જ્યારે એ નાની છોકરીઓ અને વિશેષ કરીને હા..હા..હી..હી.. કરતી તરૂણીઓને સંડાશ અને બાથરૂમની સગવડ આપવાની વાતો કરી ત્યારે તેઓનો પ્રતિભાવ જાણીને હું ખૂબ જ ખુશ થઈ હતી. તમે જુઓ કે, કોઈક મકાનની પાછળ શરીર પર એકાદ ડોલ પાણી રેડીને ઊભા થઈ જવા સિવાય બીજી કોઈ રીતે તેઓ ક્યારેય નાહી નથી. તેઓના ચહેરા પર સ્મિત લાવવાના અને તેઓને આશા આપવાના એક ભાગ રૂપે કાર્ય કરી શકવાને લીધે અમને એક અજાયબ લાગણીનો અનુભવ થાય છે. એક સમયે હું જે રીતે સ્વાર્થી અને સ્વકેન્દ્રી જીવન જીવતી હતી તેના કરતાં પણ વધારે આનંદ મને આ કાર્ય કરવાને લીધે થાય છે. ભારત દેશમાં સુવાર્તાપ્રચાર કરવાના આ કાર્યમાં અમારી સંસ્થા સાથે કાર્ય કરનાર અમારી સહભાગી સંસ્થાઓનો ફાળો આ સેવાકાર્યમાં મોટો છે, કારણ કે તેઓએ વિશ્વાસુપણે એ કાર્ય માટે ઉદારતાપૂર્વક નાણાં આપ્યાં છે, અને એ ઉદાર દાનોનો સારો એવો બદલો મળ્યો છે, અને અમે એ લોકોની હૃદયના ઊંડાણથી કદર કરીએ છીએ.

મને એ પણ કહેવા દો કે વેશ્યાગીરીના ધંધામાં ફસાઈ ગયેલી કેટલીક મોટી ઉંમરની સ્ત્રીઓ વિધવાઓ છે. કેટલીક સ્ત્રીઓના પતિઓ મૃત્યુ પામેલા હોય છે અથવા તો કેટલીક સ્ત્રીઓના પતિઓને કોઈક કારણોસર મારી નાખવામાં આવ્યા હોય છે, અને તેઓને નિઃસહાય હાલતમાં ત્યજી દેવામાં આવી હોય છે, તેથી પૈસા કમાવા માટે તેઓએ ફરીથી પાછા એ જ ધંધામાં જોડાવું પડતું હોય છે.

જગતના કચડાયેલા લોકોને મદદરૂપ થવા માટે કઈ સારી બાબત થઈ શકે તે આપણે શીખી શક્યા છીએ. આપણે માહિતી પ્રાપ્ત કરીને નિર્ણય કરીશું, તો ઘણા લોકોના જીવનોમાં આપણે હકારાત્મક પરિવર્તન લાવી શકીશું. જો આપણામાંનો દરેક જણ આપણો ફાળો આપીશું, તો આપણે પ્રેમની ક્રાંતિની શરૂઆત કરી શકીશું.

દરેક જગ્યાએ અન્યાય થતો હોય છે

અન્યાયનું પ્રમાણ ફક્ત ત્રીજા વિશ્વના દેશોમાં જ પુષ્કળ પ્રમાણમાં વ્યાપેલું નથી, પરંતુ આપણા પાડોશમાં અને દરેક શહેરમાં પણ વ્યાપેલું જોવા મળે છે. આપણી સાથે કાર્ય કરનારા લોકોની અનેક અનિવાર્ય જરૂરિયાતો હોય છે : આપણે તેઓની સાથે રસ્તા પર ચાલીએ છીએ અને તેઓને આપણે જાહેર સ્થળોએ મળતા હોઈએ છીએ. અન્યાયને અનેક ચહેરાઓ હોય છે. જેનો પતિ ત્રણ નાનાં બાળકોને પત્નીને ભરોસે છોડીને બીજી સ્ત્રી સાથે રહેવા ચાલ્યો ગયો હોય છે એવી સ્ત્રીના ચહેરા પર અન્યાય જોઈ શકાય છે. અન્યાય કોઈ છોકરી

કે છોકરાના ચહેરા પર પણ જોઈ શકાય છે કે તે જ્યારે મોટો/મોટી થઈ રહ્યો હતો ત્યારે તેના પર તેના માતાપિતા કે અન્ય મોટી ઉંમરની વ્યક્તિ દ્વારા જાતીય કે શારીરિક અત્યાચાર ગુજારવામાં આવ્યો હોય. અન્યાય વૃધ્ધાશ્રમમાં રહેતા કોઈ પિતાના ચહેરા પર જોઈ શકાય છે કે જેને ત્રીજી પેઢીના કુટુંબના કોઈ સભ્યના સહારે જીવવું પડતું હોય. તે શાંતિભર્યું જીવન જીવવાની ઈચ્છા રાખતા હશે, પણ પ્રામાણિકપણે કહીએ તો શું કરવું તેની કોઈ સમજ તેનામાં હોતી નથી. તે ખૂબ જ ઓછું ભણેલો હોય છે અને તે જે રીતે જીવતો હોય છે તેનાથી જુદી રીતે જીવતી કોઈ વ્યક્તિને તેણે ટીવી સિવાય બીજી કોઈ જગ્યાએ ક્યારેય જોઈ હોતી નથી.

કેટલાક લોકો અન્યાયરૂપી કરૂણતાનો સામનો કરીને ઊભા થઈ જતા હોય છે, પણ ઘણા લોકો એમ કરવામાં નિષ્ફળ જતા હોય છે. એવા લોકોને કદાચ તમારી કે મારી કે કોઈક વ્યક્તિની જરૂર હોય છે કે જે તેઓમાં રસ લે. શહેરની મધ્યમાં સેવા આપતી અમારી સંસ્થા સરકારી સ્કૂલોમાં ભણતાં બાળકોને વાંચતા-લખતાં શીખવામાં મદદરૂપ બને છે. બાળકોને ભણાવનાર શિક્ષકોને મદદરૂપ થવા માટે સ્વયંસેવકોની માગણી અમે કરી છે, અને બહુ જ થોડા લોકો આ પ્રકારની સેવા આપવા માટે કલાક જેટલો સમય ફાળવવા તૈયાર થયા છે, એ વાત નિરાશાજનક છે. અલબત્ત, અમે એવું માનીએ છીએ કે "કોઈકે" તો આ બાળકોને અવશ્ય મદદ કરવી જોઈએ, પણ અમે કેવળ દેખાડો જ કરતા નથી, પણ મદદ કરીએ છીએ! આપણે આપણી રીતે બહાનાં બતાવીએ છીએ, અને એ બહાનાં આપણા અંતરાત્માને સંતોષ આપે છે, પણ એ બહાનાંઓનો સ્વીકાર ઈશ્વર કરે છે, ખરા? જે બાબત કરવાની હું ઈચ્છા રાખતી નહોતી, એ દરેક બાબત માટે હું વર્ષો સુધી બહાનાં કાઢતી હતી; પણ મેં એક સત્ય શોધી કાઢ્યું છે કે જે મારું એક પ્રિય વાક્ય બની ગયું છે : "ઉદાસીનતા બહાનાં બનાવે છે, જ્યારે પ્રેમ માર્ગ શોધી કાઢે છે."

ઉદાસીનતા બહાનાં બનાવે છે, જ્યારે પ્રેમ માર્ગ શોધી કાઢે છે.

ન્યાયીપણા માટેનું ધોરણ

ગરીબો અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરનાર લોકોનાં ઉદાહરણો આપણે એક પછી એક બાઈબલની અંદર જૂના કરારથી શરૂ કરીને જોઈ શકીએ છીએ. એ લોકોમાંનો એક માણસ અયૂબ હતો. તેણે કહ્યું હતું કે તેણે આંધળાની આંખો બનીને, પાંગળાના પગ બનીને, કંગાળ અને જરૂરિયાતમંદોના પિતા બનીને ન્યાયીપણું પહેર્યું હતું (જુઓ અયૂબ ૨૯:૧૪-૧૬). "પહેરવું" શબ્દનો એક ચોક્કસ અર્થ થાય છે કે જે આપણે ગુમાવવા માગતા નથી. એ બાબતનો આ રીતે વિચાર કરો : હું જ્યારે મારાં વસ્ત્રો પહેરું છું ત્યારે હું એક ખાસ હેતુસર એ પ્રમાણે કરું છું. હું કબાટ આગળ કંઈપણ કર્યા વિના ઊભી રહું અને હેંગરમાં લટકાવેલાં

વસ્ત્રો પોતાની જાતે મારા શરીર પર કૂદકો મારીને મારા પર આવી જાય તેની હું રાહ જોતી નથી. હું દરેક વસ્ત્રની કાળજીપૂર્વક પસંદગી કરું છું, અને કેવળ પહેરવાં ખાતર પહેરી લેતી નથી, પણ એ વસ્ત્રો મને શોભે છે કે નહિ, તેની ખાતરી પણ હું કરી લેતી હોઉં છું.

ઈશ્વરે કહ્યું હતું કે અયૂબ એક ન્યાયી માણસ હતો અને અયૂબે કહ્યું કે તેણે ન્યાયીપણું ''પહેરી લીધું હતું.'' બીજા શબ્દોમાં કહીએ તો તેણે ખાસ હેતુસર એ બાબત કરી હતી. અયૂબના જમાનામાં ન્યાયીપણાનું ધોરણ વિધવાઓ, અનાથો, ગરીબ તથા જરૂરિયાતમંદ લોકો અને કચડાયેલા તમામ લોકોને મદદ કરવામાં રહેલું હતું.

આજના આપણા સમાજમાં આપણી પાસે ઘણાં બધાં ધોરણો બચ્યાં નથી. એવું લાગે છે કે મોટાભાગના લોકો કરવા ખાતર અને સ્વાર્થી હેતુ ખાતર જ જરૂરિયાતમંદ લોકોને મદદ કરતા હોય છે. આપણને એવા ધોરણોની જરૂર છે કે જેની મારફતે પ્રામાણિક, નિષ્ઠાવાન, વિશ્વાસુ અને સાચા અર્થમાં દુઃખી લોકોની સંભાળ લેનારા પુરુષો અને સ્ત્રીઓ તૈયાર થાય. જો ઉપરોક્ત સદ્‌ગુણો ધરાવતા વધારે લોકો આ જગતમાં હોત, તો આ જગત સંપૂર્ણપણે જુદા જ પ્રકારની એક જગ્યા હોત. તમારો પ્રતિભાવ કદાચ આવો હોઈ શકે કે, ''હા, મને લાગે છે આજે અમે એ બાબત કરી છે.'' પણ એક વાત ભૂલશો નહિ કે માત્ર ઈચ્છા રાખવાથી બધું સારું થઈ જતું નથી. આપણે કાર્ય તો કરવું જ જોઈએ. જો જગતના લોકોનાં જીવનોમાં પરિવર્તન આવશે, તો જ જગતમાં પરિવર્તન આવશે - અને એ પરિવર્તનની શરૂઆત તો આપણામાંની દરેક વ્યક્તિથી જ થવી જોઈએ. આપણે બધાએ મશાલ લઈને ચાલતાં ચાલતાં પોકાર કરવો જોઈએ કે ''હું પ્રેમની ક્રાંતિ છું!''

એસ્તેરના પુસ્તકના દશમા અધ્યાયમાં તમે વાંચ્યું હશે કે એસ્તેર નામની એક યહૂદી કુમારિકા છેવટે રાણી બની ગઈ હતી અને જ્યારે તે અને તેના યહૂદી ભાઈઓ અને બહેનો તેઓના છૂટકારા નિમિત્તે આનંદોત્સવ કરી રહ્યા હતા ત્યારે તેણે ગરીબ લોકોને ભેટો મોકલી આપવાનો હુકમ કર્યો હતો. ઈશ્વરે આપણા માટે જે સારી બાબતો કરી છે ત્યારે તેની ઉજવણીના એક ભાગ તરીકે હજી પણ જેઓ જરૂરિયાતમંદ લોકો છે એવા લોકોને આપણે આપણા આનંદમાં ભાગીદાર બનાવવાની જરૂર છે. મારી એક બહેનપણી તેની મંડળીની એક કમિટીમાં સભ્ય તરીકે સેવા આપે છે. તેની મંડળી નાતાલે ઘર વિનાનાં બાળકોને સુવાર્તા આપે છે. મંડળી અમુક વિસ્તારના આશ્રયસ્થાનમાં રહેતાં તમામ બાળકોનાં નામની યાદી તૈયાર કરે છે, એ યાદીમાં દરેક બાળકની ઉંમર અને તેના કપડાંની સાઈઝનો ઉલ્લેખ કરવામાં આવે છે. જે સભ્યો આ કાર્યક્રમમાં મદદરૂપ થવા માગતા હોય છે તેઓ એક બાળકનું નામ પસંદ કરે છે, અને એ બાળક માટે નાતાલની ભેટ ખરીદે છે. ડિસેમ્બર મહિનામાં આશ્રયસ્થાનમાં નાતાલની ઉજવણીનું આયોજન કરવામાં આવે છે, જ્યાં પુષ્કળ પ્રમાણમાં ખાદ્ય ચીજો મૂકવામાં આવે છે, ખ્રિસ્તી ગીતો ગાવામાં આવે છે, ઈસુના જન્મ તથા દરેક બાળક પ્રત્યેના તેમના પ્રેમ વિષેની વાર્તાઓ કહેવામાં આવતી હોય છે, અને અલબત્ત, દરેક બાળકોને ભેટો પણ આપવામાં આવતી હોય છે.

ઉજવણી પૂરી થયા પછીથી બેઘર બાળકોને મદદ કરવા બદલ મંડળીના સભ્યોને સારું લાગે છે, પણ ઘણા સભ્યો એવું પણ કહેતાં હોય છે કે તેઓ જ્યારે ઉજવણીમાંથી ઘરે આવ્યા ત્યારે ઉજવણી પહેલાં પોતાનાં ઘરો અને આશીર્વાદો સંબંધી તેઓ જેટલા ખુશ નહોતાં થતાં એટલા ઉજવણીમાંથી આવ્યા પછી ખુશ થયા હતા.

બીજાઓની જરૂરિયાતો પ્રત્યક્ષ જોવી અને અનુભવવી એ આપણા માટે એક ખૂબ જ સારી બાબત છે, કારણ કે આપણે કેટલા બધા આશીર્વાદિત છીએ તેની સભાનતા આપણને ફરીથી થાય છે. આપણે આશા રાખીએ કે જો આપણે પણ પ્રયત્ન કરીએ, તો આપણે પણ એ બાબત કરી શકીએ તેમ છીએ. નાતાલના દિવસોમાં લોકો વધારે ઉદારતાપૂર્વક દાન આપતા હોય છે, અને ઘણા લોકો કોઈકને મદદરૂપ થવાનો પ્રયત્ન કરતા હોય છે, પરંતુ આપણે એક બાબત સમજવાની જરૂર છે કે ગરીબ અને કંગાળ લોકો વર્ષમાં એક જ વાર નાતાલના સમયે જ જરૂરિયાતમંદ હોતા નથી, પરંતુ હમેશાં તેઓ જરૂરિયાતમંદ સ્થિતિમાં જ જીવતા હોય છે.

અત્યારે જ્યારે હું આ લખી રહી છું ત્યારે હું અને ડેવ એક હોટેલમાં ઊતર્યા છીએ, આ હોટેલનું બાથરૂમ અતિશય નાનું અને સાંકડું છે. એ બાથરૂમ એટલું બધું નાનું છે કે ડેવનું માથું બાથરૂમની છતને અડકે છે. પહેલાં તો ડેવે એ અગવડ બદલ કચકચ કરી, પણ એ પછીથી તેમને યાદ આવ્યું કે આપણે જે જે લોકોને મળ્યા હતા, એ લોકો પાસે પૂરતા પ્રમાણમાં પાણી પણ નહોતું, અને તેઓના કુટુંબીજનો માટે પાણી લાવવા માટે તેઓએ કલાકોના કલાકો સુધી ચાલીને જવું પડતું હતું, અને તેમ છતાં તેઓને જે પાણી મળતું હતું એ પાણી તો ગંદું હતું. આ લોકો ભાગ્યે જ નહાય છે, અને નહાવા માટે બાથરૂમની વ્યવસ્થા પણ હોતી નથી. અમે બંને જણા સમજી શક્યા છીએ કે જરૂરિયાતમંદ લોકોની પાસે પહોંચી જવાથી અમને આશીર્વાદો પ્રાપ્ત થયા છે, કારણ કે એમ કરવાથી અમે કચકચ કે ફરિયાદ કરતા અટકી જઈએ છીએ, અને ઈશ્વર જે રીતે ઈચ્છે છે એ રીતે સર્વ બાબતો માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ.

ધનવાન અને પોતાના સમાજના આગળ પડતા વ્યક્તિ બોઆઝે તેના ચાકરોને તેના ખેતરમાંથી રૂથને માટે કેટલુંક ખેંચી કાઢીને પડતું મૂકવા તથા રૂથને સળો કરવા દેવા માટેની સૂચના આપી હતી (રૂથ ૨:૧૬), કે જેથી કરીને એ ભેગા કરેલા પાકમાંથી રૂથ પોતાનું તેમ જ તેની સાસુનું પોષણ કરી શકે. રૂથ અને નાઓમી બંને જણાં ગરીબ વિધવાઓ હતી. એ સમયે એક એવો નિયમ હતો કે ખેતરમાં પાકેલા પાકમાંથી બધા જ પાકની લણણી કરવામાં ન આવે. લોકોએ પોતાના ખેતરમાંનો અમુક પાક ગરીબો માટે લણ્યા વિનાનો રાખવો પડતો હતો, અને ગરીબ લોકો કાપણી થઈ ગયા પછીથી બાકી રહેલા કણસલાં વીણીને પોતાનો ગુજારો કરતા હતા. આપણે એક પછી એક ઉદાહરણો જોઈ શકીએ છીએ કે ઈશ્વર હમેશાં ગરીબ લોકોની ચિંતા રાખીને તેઓનું પૂરું કરે છે. પણ ઈશ્વર ગરીબ લોકોની જરૂરિયાતો આકાશમાંથી વરસાવતા નથી કે એ જરૂરિયાતો ચમત્કાર દ્વારા પૂરી પાડતા નથી; પણ તે લોકો મારફતે જરૂરિયાતો પૂરી કરે છે.

કાર્ય દ્વારા પ્રેમ દર્શાવો

જોઈસ મેયર મિનિસ્ટ્રીઝમાં અમે "લવ ઈન એક્શન" નામનું એક ખાતું ખોલ્યું છે. સંસ્થા અને કર્મચારીઓ આ ખાતામાં નાણાં જમા કરાવી શકે છે, અને એ નાણાંનો ઉપયોગ કોઈક કારણસર આર્થિક સમસ્યાનો સામનો કરી રહેલ સાથી કર્મચારી માટે કરવામાં આવે છે. કદાચ માંદગીને કારણે અથવા તો બાળકને લગતી કોઈ તાતી જરૂરિયાત માટે એ નાણાંનો ઉપયોગ કરવામાં આવે છે. તાતી જરૂરિયાત ધરાવનાર અને પોતાની રીતે આર્થિક સમસ્યાનો ઉકેલ લાવવા માટે અસમર્થ એવા અમારા સાથી કર્મચારીને મદદરૂપ થવા માટે અમે નક્કી કર્યું છે.

જો તમે કોઈક બાઈબલ અભ્યાસ જૂથમાં જાઓ છો અથવા તો મિત્રમંડળ ધરાવો છો અને પ્રેમની ક્રાંતિમાં સહભાગી બનવામાં તમને રસ હોય, તો તમે એક બાબત કરી શકો છો કે તમે એક વ્યક્તિને ખજાનચી તરીકેની જવાબદારી સોંપો અથવા બેંકમાં એક અલગ ખાતું ખોલાવો, અને એ ખાસ ભંડોળમાં દરેક જણને દર અઠવાડિયે અથવા દર મહિને દાન આપવા દો. જો તમે ઈચ્છો તો એ કાર્યને તમે "લવ ઈન એક્શન" એવું નામ આપી શકો છો, અથવા તો તમારી પસંદગી મુજબનું નામ આપી શકો છો. પણ જ્યારે કોઈને જરૂર પડે ત્યારે જ એ ભંડોળનો ઉપયોગ કરો. ઘણીવાર અમે લોકોની જરૂરિયાતો વિષે સાંભળતા હોઈએ છીએ, અને અમને લાગતું હોય છે કે અમારી પાસે વધારાનાં નાણાં છે, એ સમયો માટે બચત કરવાનું શરૂ કેમ કરી દેતા નથી કે જેથી કરીને તમે તૈયાર થઈ શકો? જેને આ બાબતમાં રસ હોય એવા લોકોનું જૂથ શોધવામાં તમને મુશ્કેલી પડતી હોય તો એક-બે એવી વ્યક્તિઓને શોધી કાઢો, અને જો તમે એ બાબત પણ કરી શકો તેમ નથી તો તમે એકલા પણ એ કરો, પણ કંઈ ન કરવાનો ઈનકાર કરો!

જો બીજાને મદદ કરવા માટે હું મારા હથિયારનો ઉપયોગ કરતી ન હોઉં, તો તે રાખવાનો શો અર્થ?

અયૂબ ગરીબોને જે રીતે મદદ કરતો હતો, એનો અભ્યાસ કરતી વખતે તેના મુખમાંથી નીકળેલ આ વાક્યથી મેં આંચકો અનુભવ્યો હતો કે, "જો હું ગરીબ અને દુઃખી લોકોને મદદ કરવા માટે મારો હાથ લંબાવતો નથી તો કોઈક મારો હાથ મારા ખભામાંથી ખેંચી કાઢો." (જુઓ અયૂબ ૩૧:૨૧-૨૨). લોકોને મદદ કરવાની બાબતમાં અયૂબ કેટલો ગંભીર હતો, એ વાત મને આ વાક્ય દ્વારા સમજાઈ હતી. શું હું ગરીબોને મદદ કરવાની બાબતમાં અયૂબ જેટલી ગંભીર બનવા માગું છું? તમે?

જો આપણામાંની દરેક વ્યક્તિ રોજ સવારે ઊઠીને કેવળ આપણા પોતાના માટે જ જીવન જીવવાની હોય તો જીવતા રહેવામાં કોઈ સાચો ઉદ્દેશ ખરો? મેં એ પ્રમાણે કરવાનો પ્રયત્ન કરી જોયો છે, અને મેં જોયું છે કે એ પ્રમાણે કરવાથી હું ખાલી અને અસંતોષી જ રહી છું. આ

પૃથ્વી પર ઈશ્વરના પ્રતિનિધિઓ તરીકે આપણે એ રીતે જીવન જીવીએ, એવું ઈશ્વર ઈચ્છતા હોય એવું માની શકતી નથી.

બીજાઓ પર પ્રેમ રાખવા સંબંધીની કલમો ફરીથી વાંચી જવા માટે મેં આ લખાણ લખવાનું થોડીવાર માટે બંધ કરી દીધું હતું. હું હવે પહેલાં કરતાં વધારે ખાતરીપૂર્વક કહી શકું છું કે જીવન જીવવા માટેનો સાચો ઉદ્દેશ ખરેખર આ જ છે. હું તમને વિશેષ વિનંતી કરું છું કે સારું કરવા માટે તમે તમારી આખી જાતનું સમર્પણ કરી દો. તમે તમારા હાથ, મુખ, પગ, આંખો અને કાન ઈશ્વરને સોંપી દો, અને તેમને વિનંતી કરો કે તે એ બધા અવયવોનો ઉપયોગ કોઈકના જીવનના કલ્યાણ અર્થે કરે. તમારા હાથનો ઉપયોગ કોઈક ભૂખ્યા, દુઃખી કે એકલવાયાપણાનો અનુભવ કરી રહેલી વ્યક્તિને માટે આશાના હાથ તરીકે કરો.

પ્રેમની ફસલ

નિઃસ્વાર્થપણે આપવાથી અને જીવન જીવવાથી આપણાં જીવનોમાં ફસલ તૈયાર થાય છે. ફસલની ઈચ્છા રાખવી એમાં કશું ખોટું નથી. આપણને કંઈક લાભ થશે એવા ઈરાદા સાથે કોઈને મદદ કરવી ઉચિત નથી, પરંતુ ઈશ્વર આપણને સ્પષ્ટપણે જણાવે છે કે આપણે જેવું વાવીશું, તેવું જ લણીશું, અને આપણે એ લાભને જ ધ્યાનમાં રાખીને વાવવું જોઈએ. લૂક ૬:૩૮ આ સત્યને ખૂબ જ સારી રીતે રજૂ કરે છે : ‘‘આપો અને તમને અપાશે; સારું માપ દાબેલું અને હલાવેલું તથા ઊભરાતું તમારા ખોળામાં તેઓ ઠાલવી દેશે. કેમ કે જે માપથી તમે માપી આપો છો, તેથી તમને પાછું માપી આપવામાં આવશે.’’

જેઓ ઈશ્વરને ખંતથી શોધે છે તેઓને ફળ આપવાની ખાતરી ઈશ્વર આપે છે (જુઓ હિબ્રૂ ૧૧:૬). નવા કરારના મૂળભુત ગ્રીક લખાણમાં ‘ફળ’ શબ્દનો અર્થ ‘‘આ જીવનમાં મળેલો બદલો’’ કે ‘‘મહેનતાણું’’ થાય છે. જૂનો કરાર જે ભાષામાં લખાયો છે, તે હિબ્રૂ ભાષામાં ‘‘ફળ’’ શબ્દનો અર્થ ‘‘બદલો, કમાણી, કિંમત કે પરિણામ’’ થાય છે. ઈશ્વર ઈચ્છે છે કે આપણે આપણા આજ્ઞાપાલન અને યોગ્ય પસંદગીનાં ફળ તરફ દૃષ્ટિ રાખીએ.

જો આપણે ગરીબ અને કચડાયેલા લોકોની ચિંતા કરીએ, તો ઈશ્વર વચન આપે છે કે આપણને કશી જ ખોટ પડશે નહિ, પરંતુ જો આપણે ગરીબ અને કચડાયેલા લોકોની જરૂરિયાતો તરફ આપણી આંખો બંધ કરી દઈશું, તો આપણાં જીવનોમાં આપણને ‘‘ઘણા બધા શાપ’’ મળશે (નીતિવચનો ૨૮:૧૭). નીતિવચનોનો લેખક તો એવું પણ જણાવે છે કે આપણે જ્યારે ગરીબોને આપીએ છીએ ત્યારે આપણે ઈશ્વરને ઉછીનું આપીએ છીએ (જુઓ નીતિવચનો ૧૯:૧૭). હું કલ્પના કરી શકતી નથી કે ઈશ્વરને ઉછીનું આપેલા પર ઈશ્વર ભારે વ્યાજ ચૂકવતા નથી.

કચડાયેલા લોકોને ન્યાય અપાવવા માટે કાર્ય કરવા હું તમને ભારપૂર્વક વિનંતી કરું છું. એનો સીધેસાદો અર્થ એ થાય છે કે તમને અયોગ્ય લાગે એવી કોઈક બાબત તમારી નજરે પડે ત્યારે એ બાબતને યોગ્ય બનાવવા માટે તમે કાર્ય કરો.

પ્રકાશમાં જીવવું

આપણે બધા આપણાં જીવનો વધારે પ્રકાશમય બને એવું ઈચ્છતા હોઈએ છીએ. એનો અર્થ એ થાય છે કે આપણાં જીવનો વધુ સ્પષ્ટ બને, આપણે સારી સમજશક્તિ પ્રાપ્ત કરીએ અને મૂંઝવણો ઓછી થાય. યશાયા પ્રબોધકે જાહેર કર્યું હતું કે જો આપણે આપણી રોટલીમાંથી ભૂખ્યાઓને થોડુંક ખવડાવીશું, અને ઘરવિહોણાં ગરીબ લોકોને આપણાં ઘરોમાં લાવીશું, નિર્વસ્ત્ર લોકોને ઢાંકીશું, અને આપણી આસપાસના લોકોની જરૂરિયાતો તરફ આંખો મીંચવાનું બંધ કરીશું તો આપણો પ્રકાશ ઝળકી ઊઠશે (જુઓ યશાયા ૫૮:૭-૮). યશાયા પ્રબોધકે એ પણ કહ્યું છે કે આપણને ઝડપથી સાજાપણું, નવું જીવન જીવવા માટેનું બળ પ્રાપ્ત થશે અને આપણે સ્થિર થઈ શકીશું. મને એ વાત સારી લાગે છે, અને મને ખાતરી છે કે તમને પણ એ બાબત કરવી યોગ્ય જણાશે.

યશાયા પ્રબોધકે ન્યાય સંબંધમાં લખ્યું, અને કહ્યું છે કે ન્યાય આપણી આગળ આગળ ચાલશે અને તે આપણને શાંતિ અને સમૃધ્ધિ આપશે, અને પ્રભુનું ગૌરવ આપણો પીઠરક્ષક બનશે. જો આપણે કચડાયેલા લોકોને ખરેખર મદદ કરીએ છીએ તો ઈશ્વર આપણી આગળ આગળ જાય છે અને તે પાછળ રહીને આપણું રક્ષણ પણ કરે છે! મને એ સલામતી અને ખાતરીની લાગણી ગમે છે.

યશાયાએ આગળ વધીને એવું પણ કહ્યું છે કે જે ઈષ્ટ વસ્તુઓથી આપણાં પોતાનાં જીવનો ટકી રહ્યાં છે, એ ઈષ્ટ વસ્તુઓ જો આપણે ભૂખ્યાઓને આપી દઈએ અને દુઃખી લોકોની જરૂરિયાતોને સંતોષીએ તો આપણો પ્રકાશ અંધકારમાંથી ઝળકી ઊઠશે અને આપણે અનુભવેલો કોઈપણ ગાઢ અંધકાર બપોરના જેવો થઈ જશે (જુઓ યશાયા ૫૮:૧૦). બપોરના સમયે સૂર્યનો પ્રકાશ ખૂબ જ તેજ આપતો હોય છે, તેથી મને એવું લાગે છે કે લોકોને મદદ કરવી એ પ્રકાશમાં જીવન જીવવાનો એક માર્ગ છે.

પ્રભુ આપણને સતત દોરવણી આપતા રહેશે, વળી સુકવણાના સમયોમાં તે આપણને તૃપ્ત કરશે. તે આપણાં હાડકાંને મજબૂત બનાવશે અને આપણાં જીવનો પાણી પાયેલી વાડીના જેવાં થશે (જુઓ યશાયા ૫૮:૧૧). આ બધી બાબતો કચડાયેલા લોકોને ન્યાય અપાવવાને પરિણામે બને છે.

આ ખાતરીઓ મારફતે જે બાબતો હું જોઈ રહી છું, એ જ બાબતો તમે પણ જોઈ રહ્યા હશો એવી હું આશા રાખું છું. ઈશ્વર આપણને જે બાબત કરવાની કહે છે, એ બાબત જો આપણે કરીએ, તો ઈશ્વર આપણને જે કંઈ ફળ રાજીખુશીથી આપનાર છે, એ ફળ મેળવવાના પ્રયત્નોમાં આપણામાંના મોટાભાગના લોકો આપણાં જીવનો વેડફી નાખે છે, એવું હું માનું છું. ગરીબ, ભૂખ્યા, અનાથ, વિધવાઓ, કચડાયેલા, જરૂરિયાતમંદ અને કંગાળ લોકોની ચિંતા રાખો. બીજાઓને મદદ કરવા માટે તમારું જીવન જીવો, અને ઈશ્વર તમને દરેક રીતે તૃપ્ત કરશે.

ક્રાંતિકારી પ્રેમ

માર્ટીન સ્મીથ

આપણો પ્રેમ કઈ બાબતની આસપાસ ઘુમરાયા કરે છે?

મને એ બધી વાત યાદ છે. એ ૧૦ મી જાન્યુઆરી, ૨૦૦૮ નો દિવસ હતો. અમારી બસ પસાર થઈ શકે એટલો જ પહોળો એ રસ્તો હતો. અમે ગીચ વસતિવાળા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. અમે બસમાંથી ઊતરીને તડકામાં અને કોલાહલભર્યા વાતાવરણમાં ચાલતાં ચાલતાં આગળ વધ્યાં. અમે પસાર થઈ રહ્યા હતા ત્યારે ત્યાંથી ટાયરો અને કચરો બાળવાની દુર્ગંધ આવી રહી હતી. એ વિસ્તારમાં દુકાનો, ખોલીઓ, ઘરો, રીપેરીંગના વર્કશોપ વગેરે આવેલાં હતાં. ચારેય બાજુ ઘોંઘાટ અનુભવાતો હતો.

પણ હવે પછી જે આવવાનું હતું તેની સરખામણીએ આ તો કશું જ નહોતું...

આ તો ભારતનું મુંબઈ શહેર હતું. અમે એક ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આવી પહોંચ્યા હતા, ટૂંકમાં કહું તો જ્યાં વિશાળ પ્રમાણમાં ઝૂંપડા હતાં, એવા રેડલાઈટ વિસ્તારમાં અમે આવી ગયા હતા. ત્યાં કોઈ પ્રકારનું બંધન નહોતું, દરેક જણ પોતાની રીતે જ જીવતું હોય એવું લાગતું હતું.

અમે અહીં પ્રેમકિરણ યોજના હેઠળ થઈ રહેલા કાર્યને જોવા માટે આવ્યા હતા - અહીં વેશ્યાઓના બાળકો અને તેઓના કુટુંબીજનો માટે એક પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. ડેવ અને જોઈસે અમને ત્યાં આવવા માટેનું આમંત્રણ આપ્યું હતું. તેઓએ અમને એ પ્રોજેક્ટની જાતમાહિતી મેળવવા માટે રૂબરૂ આવવા માટે જણાવ્યું હતું.

લોકો એક રૂમમાં કેવી રીતે રહેતા હશે, એ અત્યાર સુધી મારા માનવામાં આવતું નહોતું. એ રૂમની દિવાલો પણ જાણે કે માંડમાંડ ઊભેલી હતી. જેમ સૂરજમુખીનું ફૂલ સાંજના સમયે સૂર્યની તરફ નમેલું હોય એમ ત્યાંની સિત્તેર વ્યક્તિઓના ચહેરા મુલાકાતીઓ તરફ મંડાયેલા હતા. એ ગલીઓ, ઝૂંપડા, પરસાળોમાં મેં જોયું તો નરી પીડા, યાતના અને મરણ જાણે કે ડોકિયાં કરી રહ્યાં હતાં. પણ આ રૂમની અંદર જવાથી મને જે અનુભવ થયો હતો એ ક્યારેય ભૂલી શકાય તેમ નથી.

ત્યાં મેં એક બાળકીને જોઈ. તેનું નામ ફરીના હતું, પણ એ બાળકી વિષે મને જે કંઈ કહેવામાં આવ્યું હતું તેથી હું ડઘાઈ ગયો.

એ પછીના કલાકમાં મને વધારે જાણવા મળ્યું. અન્ય બાળકોની જેમ ફરીનાની માતા પણ એક વેશ્યા જ હતી. પ્રેમ કિરણ યોજના મારફતે પ્રેમાળ, સમર્પિત ખ્રિસ્તી વ્યક્તિઓએ

ખોરાક, વસ્ત્રો, શિક્ષણ અને અન્ય ટેકો પૂરો પાડીને તેના જીવનને સુવ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેમ છતાં મારા મનમાં અનેક પ્રશ્નો ઊઠ્યા હતા.

જ્યારે તેની મમ્મી વેશ્યા તકીકેની ફરજ અદા કરતી હતી, ત્યારે આ ફરીનાને કેટલીવાર ખાટલા નીચે સંતાવું પડ્યું હતું?

અંધારું થયા પછી આ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ફરીનાને માટે કેટલું જોખમ ઊભું થતું હશે?

જો અત્યારે જ તે એ વાતાવરણમાંથી બહાર આવી ન જાય તો, જીવન જીવવાની તેની આશાનું શું થશે?

હું કેવી રીતે એ વાતાવરણમાંથી બહાર આવી જાઉં?

કેવી રીતે?

મુંબઈ શહેરના એ બપોર પછીના સમયે આખું ચિત્ર બદલી નાખ્યું.

બીજા દિવસની સાંજે અમે શહેરમાં એક જાહેર કાર્યક્રમ રાખ્યો હતો. બાળકોને તથા તેઓની માતાઓને મંચ ઉપર આવીને અમારી સાથે જોડાવા સિવાય અમે બીજું શું કરી શકીએ તેમ હતા? તેથી તેઓ મંચ ઉપર આવ્યાં, અમારી સાથે મંચ ઉપર આવવાથી તેઓ ખૂબ જ ખુશ થયાં હતાં. બધી જ શરમ દૂર થઈ ગઈ, તેઓ કૂદવા લાગ્યા. અને એ પછી કોઈક મોટી બાબત બની. લાલ લિપસ્ટીક લગાડેલી રંગીન સાડીઓમાં સજ્જ વેશ્યાઓ હજારો પ્રેક્ષકોની સામે ખુલ્લા મનથી નાચી. એ વેશ્યાઓ જે રીતે નાચતી હતી એવું દૃશ્ય અગાઉ મેં ક્યારેય જોયું નથી.

અને ત્યારે જ મને થયું : ન્યાયનું સ્થાન ક્યાં હોવું જોઈએ? સમાજથી બહિષ્કૃત થયેલી વ્યક્તિનો આવકાર ક્યાં થવો જોઈએ? ગરીબીને કારણે જેઓનાં જીવનો ભારરૂપ બની ગયાં છે એ લોકો ક્યાંથી સ્વાતંત્ર્ય અને આશા શોધી શકે? આપણો પ્રેમ કઈ જગ્યાએ નિઃશંકપણે ખર્ચાવો જોઈએ?

મારો ઉછેર એક મંડળીમાં થયો હતો, પરંતુ માર્ગમાં કોઈક જગ્યાએ હું કેટલાક પાઠ ચૂકી ગયો હતો. ગરીબી અને અન્યાયની વાત આવે છે ત્યારે ખ્રિસ્તી ભજનિકો તરીકે આપણે શું કરવું જોઈએ તેની મને ખબર ન હતી. અમે જ્યારે આરાધના કરતા હતા ત્યારે બળજબરીપૂર્વક વેશ્યાલયમાં ધકેલી દેવામાં આવેલી સ્ત્રીઓનું એક જૂથ બનાવવું જોઈએ એ સૂચનથી હું વર્ષો પહેલાં દૂર ચાલી ગયો હતો. અત્યારે તે છેલ્લા સમયની એક નિશાની હોય એવું લાગે છે. એવું લાગે છે કે ઈશ્વર અગાઉ ક્યારેય ન કરી હોય એવી ઊથલપાથલ મંડળીમાં કરી રહ્યા છે અને આપણને ખબર પડવા દે છે કે આ એ જ લોકો છે કે જેઓને આવકારવાની જરૂર છે.

તેથી આપણને પ્રેમની ક્રાંતિની કેટલી જરૂર છે, એ વિચાર જ્યારે આપણી સમક્ષ આવે છે ત્યારે મારા મનમાં એક પ્રશ્ન ઊભો થાય છે? આપણો પ્રેમ કઈ બાબતની આજુબાજુ ઘુમતો રહે છે?

મુંબઈની સફર કરીને હું ઘરે પાછો આવ્યો હતો અને દરેક બાબતે મૂંઝવણ ઊભી થઈ હતી. અગાઉની જેમ હું વિચારી શકતો નહોતો અને હું ખૂબ જ ગૂંચવાઈ ગયો હતો. ફરીનાની વાતથી હું ચિંતિત હતો કે જો અમે અમારી જાતે કશું જ કર્યું ન હોત તો તેનું જીવન દુઃખ, ગરીબી, અત્યાચાર અને રોગથી ભરેલા ભાવિ તરફ ઢસડાઈ ગયું હોત. મને લાગ્યું કે એ યોજના જાણે કે બીજી દીકરી બની હતી, અને તેના વિના અમારું કુટુંબ અધૂરું હતું.

ઈશ્વરની ઈચ્છાઓ મારી ઈચ્છાઓ કરતાં જુદી સાબિત થઈ હતી.

એક વર્ષ અને થોડાક મહિનાઓ વીત્યા પછી હું જે રીતે માનતો હતો એ રીતે બનતું નહોતું. ફરીના શહેર છોડીને ગઈ નથી. તે હજી પણ તેના કુટુંબ સાથે રહે છે, પણ તેની માતાએ વેશ્યાનો ધંધો કરવાનું પડતું મૂક્યું છે. વેશ્યા તરીકેનો પોતાનો જૂનો વ્યવસાય છોડીને નવું જીવન શરૂ કરવા માગતી તેના જેવી બીજી બહેનો જ્યાં રહે છે ત્યાં રહેવા જવા માટે મુંબઈથી થોડાક કલાકનો સમય લાગે છે. ફરીનાનું જીવન હું જે રીતે ધારતી હતી તેના કરતાં વધારે સારું છે.

અને મારું?

આમ જોઈએ તો, હું ફરીથી પિતા બની રહ્યો હતો. પણ ફરીનાનો નહિ. આ વર્ષે મારી પત્ની આન્ના અને મેં બીજા એક બાળક - કંપેશન આર્ટ નામના પરોપકારની પ્રવૃત્તિને જન્મ આપ્યો.

કંપેશન આર્ટના શીર્ષક હેઠળ કલા સંબંધીના પ્રોજેક્ટ્સ મારફતે નાણાં ઊભાં કરવામાં આવે છે, અને એ નાણાં તમામ પ્રકારની ગરીબાઈનો સામનો કરવા, લોકોના જીવનોમાં આશા પૂરવા માટે વાપરવામાં આવે છે. જોયસ અને ડેવ સાથે એ પ્રોજેક્ટ સંબંધી અમે જે વાત કરી હતી એ અમને યાદ છે, અમે જોયસ અને ડેવને કંપેશન આર્ટના દાદા-દાદી તરીકે સન્માન આપીએ છીએ. તેમના એ બોજ અને સમજણ તથા ઉત્સાહે અમને આ પ્રોજેક્ટ હાથ ધરવામાં મદદ કરી હતી.

આપણો પ્રેમ જ્યારે આપણા ધારવા કરતાં વધારે પ્રગટ થાય છે ત્યારે ઈશ્વરની સાથેનો આપણો સંબંધ વધુ ગાઢ બનેલો આપણે જોઈ શકીએ છીએ.

એ પછીથી જ્યારે જ્યારે હું મંચ ઉપર પ્રેક્ષકોની સામે માઈકની સામે ઊભો હોઉં છું ત્યારે લોકો મારી સામે આતુરતાપૂર્વક જોતા હોય છે કે હવે પછી શું આવશે. યશાયાના પુસ્તકનો ૫૮ મો અધ્યાય વાંચવાની જરૂર મને જણાઈ. કોઈક રીતે એ વચનોમાં રહેલી સ્પષ્ટતા અને સામર્થ્ય હું રોકી શકું તેમ નહોતો. જો કે એ વચનો ત્રણ હજાર વર્ષ પૂર્વે ઈસ્રાએલી લોકોને ધ્યાનમાં રાખીને કહેવામાં આવ્યા હતા, તોપણ તે આજના સમયની જેમ અનંતકાલિક બાબતો સાથે સુસંગત છે.

શરૂઆતની કલમો વાંચીને મારા મનમાં ઉત્સાહ પેદા થાય છે : "તું તાણીને પોકાર, કંઈપણ બાકી ન રાખ, રણશિંગડાની પેઠે તારો સાદ ઊંચો કર" (યશાયા ૫૮:૧).

એ પછીના શબ્દો મોટેથી પોકારવા લાયક છે, કાનમાં કહેવા માટે નથી. આ એક ચોક્કસ સમયની વાત છે કે જેના પર દરેક જણનું ધ્યાન જવું જોઈએ : "તેઓ જાણે ન્યાયીપણું કરનારી પ્રજા હોય, અને પોતાના દેવના ન્યાયચુકાદાને તજનારા ન હોય તે પ્રમાણે, તેઓ રોજે રોજ મને શોધે છે, અને મારા માર્ગોને જાણવા ચાહે છે; તેઓ મારી પાસે ધર્મના વિધિઓ માગે છે, તેઓ દેવની પાસે આવવા ચાહે છે." (કલમ ૨). આ એ જ શબ્દો લાગે છે અને સમસ્યા એ જ છે. મન શુધ્ધ નથી, અને તેઓ પતન તરફ આગળ વધી રહ્યા છે.

ઈશ્વર શા માટે તેઓની ધાર્મિક વિધિઓની અવગણના કરતા હોય એવું લાગે છે, તેઓની શંકાનો જવાબ ઈશ્વર આ રીતે આપે છે : "તમારા ઉપવાસ કરવાને દિવસે તમે તમારાં કામકાજ કરો છો, અને તમારા સર્વ મજૂરો પર જુલમ ગુજારો છો... તમારી વાણી આકાશમાં સંભળાય એ માટે તમે ઉપવાસ કરતા નથી." (કલમ ૩-૪)

એ પછીથી ફરીથી પાછા એકવાર એ બોધપાઠ આપવામાં આવ્યો છે કે જેથી કરીને પાછળ બેસીને ઝોકાં ખાનારા આપણામાં કેટલાક લોકોને જગાડવામાં આવે : "દુષ્ટતાનાં બંધનો છોડવાં, ઝૂંસરીના જોતર છોડવાં, દબાયેલાને મોકળા કરીને વિદાય કરવા, અને વળી સર્વ ઝૂંસરીને ભાંગી નાખવી - જે ઉપવાસ હું પસંદ કરું છું, તે શું એ નથી? ભૂખ્યાઓને તારી રોટલી વહેંચી આપવી, અને ભટકતા ગરીબોને ઘેર લાવવા... નાગાને જોઈને તેને તારે વસ્ત્ર પહેરાવવું, અને તારા બંધુઓથી મોં સંતાડવું નહિ." (કલમ ૬-૭). ખરેખર એ બાબત વધારે સ્પષ્ટ થતી નથી, ખરું ને? આપણો પ્રેમ આપણી આસપાસના સતાવણી પામેલા, અત્યાચારનો ભોગ બનેલા, ભૂખ્યા, બેઘર, ગરીબો પ્રત્યે પ્રગટ થવો જોઈએ, આપણે આપણી જાત કે આપણી નિષ્ફળ ગયેલી ધાર્મિક વિચારધારાઓને મહત્વ આપવું ન જોઈએ.

આ બધી બાબતના પરિણામો વિષે ઈશ્વર ખૂબ જ સ્પષ્ટ વાત જણાવે છે : "ત્યારે જ તારો પ્રકાશ પ્રભાતના જેવો થશે, અને તારું આરોગ્ય જલદી થશે, તારું ન્યાયીપણું તારી આગળ ચાલશે; અને યહોવાનું ગૌરવ તારો પીઠરક્ષક થશે. તું હાંક મારશે, ત્યારે યહોવા તને ઉત્તર આપશે; તું બૂમ પાડશે એટલે તે કહેશે, હું આ રહ્યો." (કલમો ૮-૯).

વર્ષોથી આપણી આરાધના સંગતમાં આપણે એકબીજાની નિકટતા શોધવાનો પ્રયત્ન કરતા આવ્યા છીએ. ઈશ્વર નજીક છે, એ વાતની જાણ આપણને થઈ હતી એ પળોને આપણે વાગોળીએ છીએ; આપણે તેમની વાણી સાંભળવા તથા ઈશ્વરની ઈચ્છા શોધવાનો પ્રયત્ન કર્યો છે. અને તેમ છતાં આપણે સાચી નિકટતાની ચાવી ખોઈ કાઢી છેઃ "જો તું જુલમની ઝૂંસરીને તથા ચેષ્ટા કરવાનું તથા ભૂંડું બોલવાનું તારામાંથી દૂર કરે; અને તારી ઈષ્ટ વસ્તુઓ જો ભૂખ્યાઓને આપી દે, અને દુઃખી માણસના જીવને તૃપ્ત કરે, તો તારો પ્રકાશ અંધકારમાંથી ઝળકી ઊઠશે, અને તારો ગાઢ અંધકાર બપોરના જેવો થઈ જશે. યહોવા તને નિત્ય દોરશે, અને સુકવણાની વેળાએ તારો જીવ તૃપ્ત કરશે, અને તને નવું બળ આપશે; તું સારી રીતે પાણી પાયેલી વાડીના જેવો, અને ઝરાના અખૂટ પાણીના જેવો થઈશ." (કલમો ૯-૧૧).

જો આપણે ઈશ્વરની વાણી સાંભળીશું, અને જરૂરિયાતમંદ લોકો સુધી ઈશ્વરનો પ્રેમ પહોંચાડીશું, તો આપણે સારી રીતે પાણી પાયેલી વાડીના જેવા થઈશું. યશાયા સ્પષ્ટપણે જણાવે છે કે ઈશ્વરના લોકો ઈતિહાસમાં પોતાનું સ્થાન લેવા એ પ્રમાણે કરવાનું શરૂ કરી દે. "જેઓ તારાથી ઉત્પન્ન થશે તેઓ પુરાતન કાળનાં ખંડિયેરોને બાંધશે; ઘણી પેઢીઓના પાયા પર તું ચણતર કરીશ; તું ફાટોને સમારનાર, અને ધોરીમાર્ગોને મરામત કરનાર કહેવાઈશ." (કલમ ૧૨)

વળી એથી પણ વિશેષ તો, : "તો તું યહોવામાં આનંદ પામીશ; અને હું પૃથ્વીનાં ઉચ્ચસ્થાનો પર તને સવારી કરાવીશ; અને તારા પિતા યાકૂબના વારસાથી હું તારું પોષણ કરીશ." (કલમ ૧૪)

આ બધું "આત્મિક" બનવાના આપણા પ્રયત્નોથી ઈશ્વરને પ્રભાવિત કરવાનું બંધ કરવાથી અને સારાં કાર્યો કરીને આપણી આસપાસના લોકોને પ્રભાવિત કરવાનું બંધ કરવાથી થઈ શકે છે. આ બધું ભૂખ્યાઓને ખવડાવવાથી, વસ્ત્રવિહિન લોકોને વસ્ત્રો આપવાથી, નિર્બળોનો બચાવ કરવાથી અને નબળા લોકો માટે અવાજ ઉઠાવવાથી થઈ શકે છે. આ બધું - આ બધો ઈતિહાસ સીધાંસાદાં કાર્યો કરવાથી થઈ શકે છે. જો આપણે આપણા પોતાના કરતાં અન્ય લોકો પર વિશેષ પ્રેમ દર્શાવીશું તો જ આ બાબત શક્ય બનશે.

આ સમગ્ર બાબત પાછળ બીજું એક સત્ય પણ છુપાયેલું છે. વાસ્તવમાં તો, સાવધાની રાખીને પ્રયત્ન કરવો અને બીજાઓ પ્રત્યે પ્રેમ દર્શાવવો એ બાબત અઘરી હોઈ શકે છે. જો આ બધું આપણને લાગતું વળગતું હોય તો એ વાત સરળ છે, શા માટે? કારણ કે અમુક અંશે તો હમેશાં એ રીતે બનતું હોય છે - કેવળ પોતાના લોકો પ્રત્યે જ નહિ, પણ કોઈપણ વ્યક્તિ પ્રત્યે ઈશ્વર તેમની દયા દર્શાવે છે, આ બાબત ખરાબ વલણ ધરાવતા પ્રબોધકો સાંખી શકતા નથી. આપણી સાથે પણ હમેશાં આ રીતે બનતું હોય છે, આપણે ઈશ્વર તથા જીવન પ્રત્યેના તેમના સ્પષ્ટ અભિગમને બદલે રાજ્યાસન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરતા હોઈએ છીએ.

આ બાબત આજે કદાચ થોડીક વધારે અઘરી લાગે છે, આપણી આજુબાજુનાં પરિબળો આપણને આપણી તરસ છીપાવવા માટે, આપણા આવેગની આગળ નમતું જોખવા દબાણ કરી રહ્યા છે, કારણ કે જીવન પર અંકુશ મેળવવા અને જીવનને આપણી પોતાની રીતે ઘડવા માટે આપણે લાયક છીએ એવું ઠસાવવા માટે એ પરિબળો પ્રયત્નો કરી રહ્યા છે. આપણે આ બધી બાબતો પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવાનો છે : દેખાવ, વસ્ત્રો, આવક, ઘર, સંબંધો, કારકીર્દિ. આ દરેક બાબત આપણને ઉજ્જવળ બનાવવા અને આપણા જીવનને વધુ સારું બનાવવા માટે છે.

પણ જીવન સંબંધીના સત્યને આપણે જાણીએ છીએ, ખરું ને? આપણને ખબર છે કે દબાણને વશ થયા પછી પણ આપણને પ્રાપ્ત થયેલું જીવન આપણને સાચા સુખ તરફ દોરી શકવાનું નથી.

અમે જ્યારે હોડી હોડી રમતા અને ઈતિહાસ સર્જનાર બનવા સંબંધીનું અમારું ગીત ગાતા ત્યારે મને ખૂબ જ મઝા પડતી હતી. વર્ષો સુધી અમે એ ગીત ગાયકવૃંદમાં ગાતા હતા, અમે એ ગીતને કમસે કમ એકસો વાર ગાયું હતું, અમે એવું માનીને એ ગીત ગાતા હતા કે એ ગીતના શબ્દો સાંભળીને લોકો પ્રેરણા, પ્રોત્સાહન પ્રાપ્ત કરશે અને ઈતિહાસ સર્જનાર એક નોંધપાત્ર જીવન જીવવાનું શરૂ કરશે. પણ એથી વિશેષ એક બાબત છે, અને એ હોવી જ જોઈએ.

જો આપણે ઈતિહાસ રચવાના હોઈએ અને ગીતના શબ્દો પ્રમાણે કરવા માટે લાખો જીવનો તૈયાર થશે, તો આપણામાંના મોટાભાગના લોકો પાસે ઈતિહાસ સર્જવાના ચોક્કસ કારણો હશે. નાનાં નાનાં કાર્યો દ્વારા નિઃસ્વાર્થ જીવન જીવવાનું પસંદ કરીને આપણે ઈતિહાસ સર્જીશું. મધર ટેરેસ્સાએ જણાવ્યું છે તેમ, ‘‘મોટી બાબતો તો છે જ નહિ, પણ પ્રેમસભર નાની નાની બાબતો જ છે.’’ જો આપણા શરીરના બંધારણમાં આ બાબતનું તત્વ આપણે પ્રાપ્ત કરીશું, તો જગતના બે અબજ લોકો થોડાક અઠવાડિયામાં જ ગરીબી નાબૂદ કરી શકે તેમ છે. હું એ જોવા માગું છું કે આપણે એ પ્રકારનો ઈતિહાસ સર્જીએ. કેવળ પોતાનો જ વિચાર કરવાનું ભૂલી જાઓ, અને આપણાં સ્વાર્થ ખાતર આ બધું કરવાનું બંધ કરી દઈને આપણી આસપાસના લોકોની સમસ્યાઓ અને જરૂરિયાતો જાણીને તેઓની જરૂરિયાતો પૂરી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીશું, તો આપણે ઈશ્વરના સામર્થ્ય અને તેમના ઈરાદાઓને આપણે વધુ સારી રીતે સમજી શકીશું. આ બાબત પેલી બાબત જેટલી જ સહેલી છે.

હું આટલું તો જાણું છું કે : મોટી બાબત હમેશાં સામર્થ્યવાન હશે, પણ નાની બાબત અત્યંત સુંદર હોય છે. પ્રેમની ક્રાંતિ પ્રચંડ બનવાનું સામર્થ્ય તો ધરાવે જ છે, પણ એ બાબત તો નાનાં નાનાં નિઃસ્વાર્થી કાર્યો અને બલિદાનયુક્ત પ્રેમ થકી જ શક્ય બનશે. તેથી આપણા મોટા મોટા સ્ટેજ પ્રોગ્રામનું આયોજન અને મોટા મોટા આલબમોનું વેચાણ એ બધી બાબતો તેમની રીતે સારી છે, પરંતુ પ્રવાહની સામે જીવન જીવવાના સામર્થ્ય જેટલો પ્રભાવ એ બાબતો પાડી શકતી નથી.

છેલ્લો એક મુદ્દો. આ સમગ્ર બાબતમાં સંગીત કેવી રીતે સુસંગત બને છે? દરેક રચનાત્મક બાબતનો ત્યાગ કરીને પૂંઠાના બોક્સમાં જઈને રહેવાની લાલચ મજબૂત બની છે. એવું લાગે છે કે આ આખી બાબત છેવટે તો આપણાં જીવનો દ્વારા કોઈક ‘‘વાસ્તવિક’’ કાર્ય કરવાની એક રીત છે. પણ અહીંથી વાર્તાનો અંત આવી જતો નથી. માનવીય અસ્તિત્વ પ્રાણ, શરીર અને આત્મા સાથે સીધો સંબંધ ધરાવે છે. મેં સંગીતના સામર્થ્યને પ્રત્યક્ષ નિહાળ્યું છે, અને હું દૃઢતાપૂર્વક માનું છું કે સંગીત ઈશ્વરનું એક છૂપું શસ્ત્ર છે. જ્યાં યુધ્ધ ચાલતું હોય ત્યાં સંગીત બે પક્ષોને એકતામાં લાવી શકે છે, સંગીત ભગ્નપણાની પીડાને રુઝાવી શકે છે, સંગીત કઠણમાં કઠણ બાબતને ભાંગી શકે છે - અને રવાન્ડાના ભાંગી પડેલા લોકોના હૃદયોથી શરૂ કરીને ન્યૂયોર્ક શહેરમાં બનેલા આતંકવાદી હુમલાનો ભોગ બનનારાનાં કુટુંબીજનો તેમ જ જેઓની નફરતને લીધે ઘણા બધાએ સહન કરવું પડ્યું છે, એ લોકોનાં હૃદયોને શાંતિ આપે છે.

ઈશ્વરને સમીકરણમાં મૂકો - તમે તેમને ક્યારેય પડતા મૂકી શકો નહિ, પણ હું જે કહું છું તે તમે સમજો છો, ખરા? અને ભારતીય આકાશ તળે તમને દૂતોની સાથે સર્વશક્તિમાન ઈશ્વરની આરાધના કરનારા ટોળા જોવા મળશે. તમારી આંખો ખોલો અને તમે સાજાપણું આવતું જોઈ શકશો. કંગાળ અને ભૂખ્યા બાળકોનાં મોંમાં કોળિયો કદાચ તરત જ મૂકવામાં ન પણ આવે, પણ આ એક એવી પળ છે કે જ્યારે આકાશ પૃથ્વીને સ્પર્શતું હોય, અને એ પળે પુનઃસ્થાપનની પ્રક્રિયા થતી હોય. અને એ પછીથી જ આપણને એવું લાગે છે કે આપણે કોઈકના છીએ, અને આપણને થાય છે કે આપણે એકલા નથી. આપણને વર્ણવી ન શકાય એવી લાગણી થાય છે કે ઈશ્વરે આપણને તરછોડી દીધા નથી.

સંગીત આ બાબત કરી શકે છે અને ઈશ્વર એ બાબત બાજુ પર મૂકી દઈને પૂંઠાના બોક્સમાં રહેવા જવા માટે અમને બોલાવતા નથી. તે અમને અમારા સંગીતનો ઉપયોગ કરવા માટે અમને બોલાવી રહ્યા છે, અને કંગાળ પરિસ્થિતિમાં જીવતાં ગરીબ લોકોને મદદ કરવા માટે તેમણે એ કૃપાદાન અમારામાં મૂકયું છે. યશાયાના પુસ્તકમાં સ્પષ્ટપણે શીખવવામાં આવેલા શિક્ષણનો જો આપણે સ્વીકાર કરીએ, તો હું માનું છું કે આપણે આવનાર દિવસોમાં ગીતની એક લીટી ગવાય એ પહેલાં જ મોટા ચમત્કારો થતાં જોઈ શકીશું.

આ સંગીત અને પ્રેમની ક્રાંતિ છે.

ગીતકાર અને ક્વાયરના આગેવાન તથા જેમના શ્વાસોચ્છ્વાસમાં વિનમ્રતા અને કૃપા સ્પષ્ટપણે નજરે પડે છે, એ સ્ટીવન કર્ટીસ ચેપમેને આ બાબતોને એકવાર મારી આગળ ખૂબ જ સારી રીતે રજૂ કરી હતી. લાખોની સંખ્યામાં તેમના સંગીતના આલબમો વેચાયાં હશે, અને તેમને અગણિત સંખ્યામાં પુરસ્કારો આપીને બિરદાવવામાં આવ્યા હશે, પણ તેમને પૂછી જુઓ કે તેમને કઈ બાબતમાં સૌથી વધારે ગર્વ થાય છે અથવા તો કઈ બાબતે તેમને આટલી હદે નમ્ર બનાવ્યા છે, તો તે તમને આવો જ જવાબ આપશે કે તેમનાં કુટુંબીજનોએ જે રીતે જરૂરિયાતમંદ બાળકોને ઘરમાં આશરો આપ્યો હતો એવું જ કાર્ય તેમણે કર્યું છે. તે જણાવે છે કે “ઈશ્વર મારા જીવનમાં આ રીતે કાર્ય કરે છે, તેની આ સ્પષ્ટ નિશાની છે.”

આપણે જ્યારે આપણી પોતાની જાતને બાજુ પર રાખીને દૃષ્ટિ કરીએ છીએ, બીજાઓ માટેનો આપણો પ્રેમ આપણને જ્યારે આપણી સગવડોનો ત્યાગ કરવા માટે દબાણ કરતો હોય છે, આપણે જ્યારે આપણો ખજાનો જીવનોને પુનઃસ્થાપિત કરવા માટે ખુલ્લો મૂકી દઈએ છીએ, એ પછીથી જ આપણે ઈશ્વર આપણાં જીવનોમાં કાર્ય કરે છે, એ બાબતની સ્પષ્ટ નિશાની આપણે આપણા જીવનમાં જોઈ શકીએ છીએ.

તેથી, આ એક એવી ક્રાંતિ છે કે જેનું ટીવી પર પ્રસારણ કરવામાં આવશે નહિ. જો આપણે યોગ્ય રીતે ચાલીશું, તો તેની જરૂર નથી; કાર્યમાં પ્રગટ થતા પ્રેમનો પુરાવો આપણી પાડોશમાં પરિવર્તન લાવીને અને વાતાવરણમાં આશાનો સંચાર કરીને આપણાં આખા જીવનોમાં જોઈ શકાશે.



અધ્યાય

8

પ્રેમ હૃદયની બાબત છે, પ્રદર્શન નહિ

જો તમે લોકોનો ન્યાય કરશો,
તો તમને તેમને પ્રેમ કરવાનો સમય મળશે નહિ.
મધર ટેરેસ્સા

જેમી સ્પ્રુસ એવન્યુના ખૂણામાં હાર્બર ઈલીનોઈસની ત્રેવીસમી શેરીમાં આવેલા પ્રભુમંદિરમાં આવી. તેને તાતી મદદની જરૂર હતી. તે ઘણાં લાંબા સમયથી આ પ્રભુમંદિરને અને અઠવાડિયામાં ત્રણ વખત લોકોને અંદર આવતાં અને બહાર જતાં જોયા હતા. જેમી ઘણીવાર પ્રભુમંદિરની શેરીની સામે આવેલા કૉફી શૉપમાં કૉફી પીવા માટે બેઠી હતી અને વિચાર કરતી હતી કે તેણી ક્યારે પ્રભુમંદિરની સભાઓમાં જશે, તો તેનો કેવી રીતે સ્વીકાર થશે!

જેમી બાળક તરીકે ખૂબ ઓછી વખત સાબ્બાથશાળામાં તેના પડોશી સાથે ગઈ હતી, પણ તે પ્રભુમંદિરમાં ભાગ લેવાની રીત વિષે ચોક્કસપણે ખૂબ ઓછું જાણતી હતી. તેનો સ્વીકાર થશે કે નહિ, એ બાબતે તે અચોક્કસ હતી, તેથી તે કૉફી પીતી અને ત્યાં જોયા કરતી. તે પ્રભુમંદિરમાં આવતાં-જતાં લોકો ખુશ દેખાય છે કે નહિ એ જોવાનો પ્રયત્ન કર્યા કરતી, પરંતુ તેઓ એટલાં ઉતાવળા હતા કે તે ખરેખર તેમને સ્પષ્ટપણે જોઈ શકતી ન હતી. પ્રસંગોપાત કોઈ પ્રભુમંદિરની સેવા બાદ કૉફી શૉપમાં આવતું. તેમાંના કેટલાક એકલા બેસતા અને પ્રામાણિકપણે તે કેવો અનુભવ કરતી હતી અને તેને લાગતું હતું કે તેઓ એકલા છે. કેટલાક બીજા લોકોની સાથે આવતા અને તેઓ હસતા અને આનંદિત દેખાતા હતા, જેનાથી તેને આશા મળતી કે તે પણ ક્યારેક પ્રભુમંદિરમાં જવાની હિંમત કરી શકશે.

જેમી એવા કુટુંબમાં મોટી થઈ હતી, જ્યાં તેણે ખૂબ ઓછી લાગણીનો અનુભવ કર્યો હતો. તેણીના માતાપિતા બંને દારૂડીયા હતા અને જો કે તેઓ તેનો દુરૂપયોગ કરતા નહોતા, પણ તેમણે તેનામાં ભૂલો શોધ્યા કરીને અને તેની ટીકાઓ કરીને તેના સ્વાભિમાનને ઠેસ પહોંચાડી હતી. તેઓ હમેશાં તેણીને તેના ભાઈની સાથે સરખાવતા, જે ખૂબ ચાલાક હતો અને તેણીના કરતાં દરેક બાબતમાં તાલંત ધરાવતો હતો. તેણીને હમેશાં એવો અનુભવ થતો કે તે વિકૃત છે, તેને કોઈ પ્રેમ કરતું નથી, તે મૂર્ખ છે અને તેની કોઈ કિંમત નથી.

જ્યારે તે તેર વર્ષની થઈ ત્યારે તે ખોટા ટોળામાં ફસાઈ અને દારૂ પીવા તથા ડ્રગ્સ લેવા લાગી. તેનું લાગણીઓનું દુઃખ એટલું ઊંડું હતું કે તેણે તેને ધનસંપતિના દુરૂપયોગથી જડ કરી દીધું. તેણી જમવામાં પણ કાળજી રાખતી નહોતી અને ખાવાનો રોગ, જેને બુલેમીના કહે છે, તે પણ લાગુ પડ્યો હતો. તે સામાન્ય ભોજન લેતી, પરંતુ હમેશાં જમ્યા પછી ઉલટી કરી નાખતી જેથી તે જાડી ન થઈ જાય.

તેણી ક્યારેય તેનો બારમો જન્મદિવસ ભૂલી નહોતી, જ્યારે તેની મતાએ તેના તરફ ધિક્કારભરેલી નજરે જોઈને કહ્યું, ‘‘મારી પાસે તારા જન્મદિવસ માટે કેક બનાવવાનો સમય નહોતો પણ તારે તેની જરૂર નહોતી. તું તો પહેલાથી જ જાડી છું!’’ તેણે ક્યારેય તે જાડી છે એવું વિચાર્યું નહોતું, પણ તે દિવસથી દરરોજ તેણી પોતાને અરીસામાં જોતી અને એવી છોકરી તેને દેખાતી જે સામાન્ય રીતે હોવું જોઈએ, તેના કરતાં ૩૦ પાઉન્ડ વધારે વજન ધરાવતી હતી. તેની માતાએ તેને વારંવાર મહેણાંટોણાં માર્યા કરતી હતી, તેથી તે બેડોળ બની ગઈ હતી.

જેમીને શાળામાં જે ગુણ મળતા તે ખૂબ સારા નહોતા અને તેને થતું કે તે, ‘‘કોલેજમાં જઈ શકે નહિ’’ તેથી જ્યારે તે માધ્યમિક શાળામાંથી સ્નાતક થયા, પછી તેણે એક સ્થાનિક કરિયાણાંની દુકાનમાં અભરાઈઓ પર ચડવાનું અને તેના પર કરિયાણું ગોઠવવાની નોકરી સ્વીકારી લીધી. તે ક્યારેય ઘર છોડીને એકલા રહેવા જેટલા નાણાં કમાઈ શકશે નહિ, પરંતુ તેણી તેનાં કપડાં, દારૂ અને નશામાં ખોવાઈ જવા ડ્રગ્સ (નશીલી દવાઓ) ખરીદી શકે એટલી સક્ષમ હતી. તેનાં ફાજલ સમયે તે કૉફી શૉપમાં બેસતી, અથવા આજુબાજુમાં લટાર મારતી અને ઘરે જવાની અવગણના કરતી અને વિચારો કરતી કે, ત્યાં જે કુટુંબો રહે છે તેઓ કેવા છે. તેણીને કોઈ સારા મિત્રો નહોતા, જેમની પર તે ભરોસો કરી શકે અને તેમને નજીકના ગણી શકે. તેણીના જીવનમાં લોકો ઉપયોગ કરનારા જ હતા, આપનારા નહિ અને તેણી તેમાંના મોટા ભાગના મિત્રોથી ડરતી હતી.

એક દિવસે જ્યારે બીજા લોકોનું પ્રભુમંદિરમાં ટોળું હતું ત્યારે તેણે પ્રભુમંદિરમાં જવાની હિંમત કરી. તે ટોળામાં સમાવિષ્ટ થઈ ગઈ અને એમ વિચારતી હતી કે તેના પર કોઈનું ધ્યાન જશે નહિ, પણ તેને એમ પણ થતું હતું કે કોઈ તેનો આવકાર કરે અને કહે કે, ‘‘તમે આજે અહીં ઉપસ્થિત છો તેનો અમને આનંદ છે.’’ તેણે જોયું કે લોકો તેને જોઈ રહ્યા હતા અને ગુપસુપ કરી રહ્યા હતા, જેમીએ બીજા લોકોની દષ્ટિમાં અલગ અને વિચિત્ર કપડાં

પહેર્યા હતા અને તેના વાળ પણ ત્રણ અલગ રંગોમાં રંગાયેલા હતા. વાળનો મૂળ રંગ કાળો હતો પરંતુ લાલ અને ભૂરા રંગની લટો પણ હતી. તેણીએ ખુલતું જીન્સ અને ખુલ્લું ખમીસ પહેર્યું હતું. તેણે આરામદાયક અનુભવ માટે એવું પહેર્યું નહોતું; પણ તેની દૃષ્ટિમાં વધારે પડતા વજન ધરાવતા શરીરને છૂપાવવા એમ કરતી હતી. તેણીએ એવું પહેર્યું હતું જે કોઈ પ્રભુમંદિરમાં પહેરે નહિ - ખાસ કરીને તે પ્રભુમંદિરમાં તો નહિ જ!

જેમી છેલ્લી હરોળમાં બેઠી અને જે કંઈ થઈ રહ્યું હતું તેને તે સમજી નહોતી. લોકો ઊભા રહીને એક પુસ્તક જ્યાં તેઓ બેઠા હતા તેની આગળના બાંકડાની પાછળ નાની અભરાઈ બનાવેલ હતી ત્યાં સ્વચ્છતાથી મૂકેલું હતું, તેમાંથી કંઈ વાંચતાં હતા, પછી તેઓ ફરી બેસી ગયા. ત્યાં થોડા ગીતો ગાવામાં આવ્યા, વાજિંત્ર વગાડવામાં આવ્યું અને પ્રાર્થના કરવામાં આવી અને દાનની થેલી ફેરવવામાં આવી અને તેમાં દાન નાખવામાં આવ્યું. એક માણસ જે નાખુશ દેખાતો હતો અને થોડો ગુસ્સામાં હતો તેણે વીસ મિનિટનું ભાષણ કર્યું, જેને તે ખરેખર સમજી શકી નહિ. તેણીને લાગ્યું કે તે પાળક હશે, પણ તે ચોક્કસ હતી નહિ. છેલ્લે, તે સભાનો અંત આવતો હોય એમ લાગ્યું, કેમ કે તેઓ બધા ઊભા થયા અને બીજું એક ગીત ગાયું.

તેણીએ વિચાર્યું કે કદાચ કોઈ વ્યક્તિ જ્યારે તે બહાર નીકળશે ત્યારે તેને કંઈ કહેશે. ચોક્કસ, કોઈ તો કંઈ કહેશે જ! પાળક સાહેબ બારણા આગળ ઊભા રહ્યા અને બહાર જતાં લોકો સાથે હસ્તધૂનન કરવા લાગ્યા અને જ્યારે જેમી ત્યાં પહોંચી ત્યારે તેમણે સ્મિત પણ ન કર્યું અને તેની સામુ જોયું પણ નહિ. તેણી કહી શકે તે એ ફક્ત તેમની ફરજ બજાવતા હતા અને તે પૂરી થાય ત્યાં સુધી રાહ જોઈ શકતા નહોતા.

જ્યારે જેમી સીડીઓ પરથી નીચે આવતી હતી ત્યારે તેણે જોયું કે એક સ્ત્રી છેલ્લા પગથિયાં પર તેણીની રાહ જોતી ઊભી હતી. તેમે એ વિચારીને ઉત્તેજન મળ્યું કે કોઈએ તો તેની નોંધ લીધી છે. પેલી સ્ત્રીએ જેમીની નોંધ લીધી હતી એ તો સાચું જ હતું, પરંતુ જેમી કેવી ખરાબ લાગતી હતી એવા વિચાર સાથે તેની નોંધ લેતી ઊભી હતી, તેથી તેણીએ કહ્યું, "મારું નામ માર્ગારેટ બ્રાઉન છે. તમારું નામ શું છે?" જેમીએ તેનું નામ જણાવ્યું અને માર્ગારેટે આગળ કહ્યું, "તમારું અહીં હમેશાં સ્વાગત છે, પરંતુ હું માનું છું કે મારે તમને એ જણાવવું જોઈએ કે જ્યારે આપણે પ્રભુમંદિરમાં આવીએ છીએ ત્યારે વ્યવસ્થિત કપડાં પહેરવાં જોઈએ. જીન્સ અને બીજી એવી ઠાઠમાઠની બાબતો ન હોવી જોઈએ અને તમારે તમારા વાળ એવા રાખવા જોઈએ જેની લોકો ઓછી નોંધ લે, તમે જાણો છો કે ઈસુ આપણને નમ્ર બનવાનું અને આપણી જાત પર ઓછું ધ્યાન આપવાનું શીખવે છે." તેણીએ જેમી સામે સ્મિત કર્યું અને કહ્યું, "ગમે ત્યારે તમારું અહીં સ્વાગત છે."

જેમી તે દિવસે કૉફી શૉપમાં જઈ શકી નહિ, તેણીએ ક્યાંક એકાંતમાં જઈને રડવું હતું. તેણીને લાગ્યું કે હવે દેવે પણ તેને નકારી કાઢી છે અને આખો દિવસ આત્મહત્યાના જ વિચારો કર્યા. તેણી તો ખાડાના તળીયામાં હતી અને તેણીને લાગ્યું કે જીવવાનો કોઈ અર્થ રહ્યો નથી.

આ નામો બદલવામાં આવ્યા છે. પરંતુ જગત આવી જેમીઓથી, પવિત્ર માંડવાઓથી અને ધાર્મિક સ્ત્રીઓ જેવી કે શ્રીમતિ બ્રાઉનથી ભરેલું છે. જગત એવા ખ્રિસ્તીઓથી ભરેલું છે જેઓ પ્રભુમંદિરમાં આવે છે અને બહાર જાય છે. તેઓમાંના ઘણા ત્યાં ડરસહિત જાય છે અને સભા પૂરી થાય નહિ ત્યાં સુધી રાહ જોઈ શકતા નથી. તેઓ ટીકાત્મક, ન્યાય કરનારા અને બીજાઓને બહાર કાઢી નાખનારા છે.

પ્રભુ સર્વને એકસરખો પ્રેમ કરે છે

ઈસુ કદાચ તે દિવસે જેમી જ્યાં ગઈ હતી તે પવિત્ર માંડવામાં નહોતા, કેમ કે તેમને પણ ત્યાં આરામદાયક લાગત નહિ. પરંતુ જો તે ત્યાં હોત તો દિવસે આવનારી આ જેમીની તરફ દૃષ્ટિ કરત, તેણીની બાજુમાં બેસીને અથવા તો તેણીને પોતાની સાથે આગળ બેસવા માટે તેની નજીક જઈને કહેત અને તેણીને પૂછત કે શું તે મુલાકાતી છે? જ્યારે ઈસુ જાણતા કે તેણી પહેલી વખત મુલાકાત લેનાર છે તો તેણી કદાચ સમજી ન શકે એવી બાબત સમજાવત. જેટલીવાર તેણી તેમની સામે જુએ તેટલીવાર તેની સામે સ્મિત કરીને તેને જાણીને તેના વાળની નવી રીતની શુભેચ્છા આપત! તે કદાચ તેણીને શેરીમાં પોતે જે જૂથની સાથે બહાર કૉફી માટે જાય છે, તે જૂથની સાથે કૉફી માટે આમંત્રણ આપતા અને જેમી ત્યાંથી વિદાય લેત ત્યારે ફરીવાર આવતા અઠવાડિયે પાછા આવવાનો વિચાર કરત. પણ ત્યાં તે દિવસે ઈસુ નહોતા, કેમ કે તે પોતે જે રીતે કાર્ય કરે એ રીતે કાર્ય કરનાર કોઈ નહોતું. ઈસુનું પ્રતિનિધિત્વ કોઈએ કર્યું નહિ અને કોઈ ઈસુનું અનુકરણ કરનાર નહોતું.

કોઈના પક્ષપાતી ન બનવું

બાઈબલ કેટલીક જગ્યાએ જણાવે છે કે દેવ પક્ષપાતી નથી (જુઓ પ્રે.કૃ.૧૦:૩૪, રોમનો ૨:૧૧, એફેસી ૬:૯). બીજા શબ્દોમાં કહીએ તો, તે કેટલાક લોકોને બીજાઓ કરતાં તેમનાં વસ્ત્રોમાં, તેમની આવકના ક્ષેત્રમાં, તેમની પદવીમાં કે તેઓ કોને જાણે છે એવી બાબતોમાં સારા ગણતા નથી. તે બધાઓને સરખું પ્રાધાન્ય આપે છે એટલું જ નહિ, એમ લાગે છે કે તે તેમનાં માર્ગે બહાર નીકળીને જેઓ દુઃખી છે તેમની સાથે સારો વ્યવહાર કરે છે. દેવે મૂસાને ઈસ્રાએલીઓમાં અજાણ્યા વ્યક્તિની સાથે કેવો વ્યવહાર કરવો એ વિષે સૂચનાઓ આપી અને તેમની દોરવણી હંમેશને માટે પાયાની હતી કે, “તું પરદેશીને હેરાન ન કર, ને તેના પર જુલમ ન કર.” (જુઓ નિર્ગમન ૨૨:૨૧, નિર્ગમન ૨૩:૯, લેવીય ૧૯:૩૩). સંત પિતરે આ પ્રમાણે જણાવ્યું :

જીવ કચવાયા વગર એકબીજાને (જેઓ વિશ્વાસના ઘરનાં છે) (પરોણા રાખો, અજાણ્યા લોકો માટે પ્રેમાળ થાઓ, અજાણ્યા મહેમાનો, વિદેશીઓ, ગરીબો અને જેઓ ખ્રિસ્તના શરીરના છે તેઓ આપે છે તેમને માટે ભાઈ તરીકેનો પ્રેમ રાખો) અને (દરેક રીતે) જીવ કચવાયા વગર આમ કરો.

૧ પિતર ૪:૯

તમે આ ભાગના ભૂતકાળ વિષે વિચારો ત્યારે તમે જેમને જાણતા નથી અને ખાસ કરીને તમારા માટે સંપૂર્ણ રીતે અલગ છે, તેમની સાથે કેવો મિત્રતાસભર વ્યવહાર કરો છો, એ વિષે વિચારો. કેટલાક લોકો સાહજિક રીતે મિત્રતાસભર હોય છે, પરંતુ આપણાંમાંના કેટલાક જેઓ ‘‘મિત્રતાના ગુણો’’ ધરાવતા નથી, તેમણે એવું કરવાની જરૂર છે. કેમ કે બાઈબલ આપણને એવું કરવા જણાવે છે.

સંત યાકૂબે મંડળીને સલાહ આપી છે કે એવા લોકો પર ખાસ ધ્યાન આપવું નહિ, જેઓ સભાસ્થાનમાં ભપકાદાર વસ્ત્રો પહેરે છે અને ઉત્તમ સ્થાન પર જ બેસે છે. તેણે કહ્યું કે જો લોકો આવી રીતે કાર્ય કરે છે અને ખાસ રીતની અપેક્ષા રાખે છે, તો તેઓ પક્ષપાત કરે છે અને ખોટા હેતુ ધરાવે છે. તેણે કહ્યું કે આપણે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના વિશ્વાસને આવા મિથ્યાભિમાની લોકો સાથે વહેંચવો જોઈએ નહિ (જુઓ યાકૂબ ૨:૧-૪). બીજા શબ્દોમાં આપણે બધા જ લોકોની સાથે માનપૂર્વક વ્યવહાર કરવો જોઈએ.

ઈસુએ લોકો વચ્ચેની અલગતાનો અંત લાવીને કહ્યું કે આપણે સર્વ તેનામાં એક છીએ (જુઓ ગલાતી ૩:૨૮). આપણે લોકોને મૂલ્યવાન જોવાની જરૂર નથી કે કાળા, લાલ કે ધોળા, એવા લોકો પણ નહિ જેમનાં વસ્ત્રો પર ચિહ્નો હોય અથવા અલગ વાળની રીત. જે કાર હંકારે છે કે તેમની સંપત્તિ કે તેમને મળેલી પદવીઓ તરફ જોવાની જરૂર નથી - ફક્ત એવા લોકોને જોવાનાં છે, જેમને માટે ઈસુ મરણ પામ્યા.

કૉફી શૉપમાંથી મળેલો પાઠ

હું માનું છું કે આપણે સર્વએ આપણા સમાવેશના વર્તુળ વિષે અને કેવી રીતે તેને મોટું કરી શકીએ તેના વિષે વિચારવાનું છે. આપણે આ વર્તુળને એટલું મોટું કરવાનું છે કે દરેક લોકોનો તેમાં સમાવેશ થાય. હમણાં હું પૉલ સ્કેન્લન જે બર્મીંગહામ, ઈંગ્લેન્ડમાં પાળક છે, તેમની સાથે હતી અને અમે એક કૉફી શૉપમાં કેટલાક લોકો સાથે કૉફી પી રહ્યા હતા. મને યાદ છે એક છોકરી જે અમારી સરભરા કરતી હતી તેનાં વાળની ફેશન મેં જોઈ અને પ્રામાણિકપણે, મેં અત્યાર સુધીમાં જોઈ હોય તેમાંની સૌથી વિચિત્ર બાબત તે હતી. તેના માથામાં અમુક જગ્યાએથી વાળ કાઢી નાખવામાં આવ્યા હતા અને વાળને એકદમ ઊભા, કાળા, વાદળી, લાલ અને સફેદ રંગથી રંગવામાં આવ્યા હતા. તેણે તેનું નાક, જીભ, હોઠ અને તેના કાન કેટલીક જગ્યાએ વીંધાવ્યા હતા. મને યાદ છે કે મને તે અજુગતું લાગ્યું, કેમ

કે તેણી મારા જેવી નહોતી. અમે એટલા અલગ હતા કે હું તેણીને કંઈ જ કહેવાનું વિચારી શકતી નહોતી. હું ફક્ત મારી કૉફીનો ઓર્ડર આપીને તેની સામે ન જોવાનો પ્રયત્ન કરવા માગતી હતી.

બીજી તરફ પૉલે તેણીની સાથે વાતચીત શરૂ કરી અને તેમણે તેને કહ્યું કે, ''મને તમારા વાળ ગમ્યા. તમે તેને કેવી રીતે આમ ઊભા રાખી શકો છો?'' તેમણે તેણીની સાથે વાતચીત ચાલુ રાખી અને ભારે લાગતું વાતાવરણ હળવું લાગવા લાગ્યું. ઝડપથી અમને ખૂબ હળવાશનો અનુભવ થયો અને મને લાગ્યું કે અમે બધા પણ તેમની વાતચીતમાં ભાગીદાર બનવા માગતા હતા અને તેણીને અમારા વર્તુળમાં સામેલ કરવા માગતા હતા. એ દિવસે હું એક મોટો પાઠ શીખી કે હું મારી જાતને જેટલી ''આધુનિક'' સમજું છું, એટલી હું નથી. દરેક લોકોને સમાવેશ કરવાના નવા સ્થાન સુધી પહોંચવાનું હતું, જેઓ અલગ છે તેમનો સમાવેશ કરવાનો છે, જેથી તેમને આરામ અને સમાવેશ થવાનો આનંદ પ્રાપ્ત થાય.

કદાચ કૉફી શૉપમાં તે છોકરી માટે હું અલગ અને વિચિત્ર હતી. શા માટે આપણે હમેશાં આપણા માટે એક ધોરણ નક્કી કરીએ છીએ અને એમ માની લઈએ છીએ કે જે અલગ છે તેને કંઈક સમસ્યા છે? વાળ ઓળવવાની કઈ યોગ્ય ફેશન છે અથવા કપડાંની સાચી ફેશન કઈ છે? એક દિવસ મેં એવો વિચાર કરવાની શરૂઆત કરી કે મૂસા જ્યારે સિનાઈ પર્વત પરથી પાછો આવ્યો ત્યારે કેવો લાગતો હશે, ત્યાં તેણે ચાળીસ દિવસ અને રાત દેવ પાસેથી દશ આજ્ઞાઓ પ્રાપ્ત કરવામાં વિતાવ્યા હશે. હું શરત લગાવવા તૈયાર છું કે તેનાં વાળ વિખેરાઈ ગયા હશે, તેની દાઢી વધી ગઈ હશે અને વ્યવસ્થિત કાપવાની જરૂર હશે અને તેનો ઝભ્ભો તથા જોડાં ગંદા થઈ ગયા હશે.

હું જાણું છું કે યોહાન બાપ્તિસ્મા કરનાર થોડો વિચિત્ર હતો. એ તો અરણ્યમાં એકલો રહેતો હતો અને પ્રાણીના ચામડાં પહેરતો તથા મધ અને તીડ ખાતો હતો. જ્યારે તે બહાર આવ્યો ત્યારે તેણે જોરથી ઘાંટો પાડીને કહ્યું, ''પસ્તાવો કરો, કેમ કે દેવનું રાજ્ય પાસે આવ્યું છે.''

બાઈબલ આપણને શીખવે છે કે આપણે અજાણ્યા અને વિદેશી સાથે કાળજીપૂર્વક વ્યવહાર કરવો જોઈએ, કેમ કે કદાચ આપણે દૂતોને અજાણતામાં પરોણા રાખતા હોય (જુઓ હિબ્રૂ ૧૩:૨). તે કહે છે કે આપણે તેમના પ્રત્યે માયાળુ, ઉષ્માભર્યા, મિત્રતાસભર અને કૃપાળુ થવું જોઈએ અને આપણાં ઘરની આરામદાયક વસ્તુઓ વહેંચવી જોઈએ. આજના સમાજમાં મોટા ભાગના લોકો અજાણ્યા વ્યક્તિઓ સાથે વાત પણ કરતાં નથી.

હું જાણું છું, હું જાણું છું, જોયસ તમે કદાચ એવું કહી રહ્યા છો કે, ''આપણે આજે અલગ જગતમાં જીવી રહ્યાં છીએ! તમે જાણતા નથી કે તમે કોની સાથે વાત કરી રહ્યા છો!'' હું માનું છું કે તમારે જ્ઞાનનો ઉપયોગ કરવો જોઈએ, પરંતુ એ બીક તમને મિત્રતાસભર બનતાં રોકે નહિ અને ઠંડા ન કરી દે. ચોક્કસપણે તમે પ્રભુમંદિરમાં, કાર્યસ્થળે, શાળામાં કે પડોશમાં નવા વ્યક્તિને જોઈને 'કેમ છો' એમ કહી શકો!

ચોક્કસપણે તમે જ્યારે ડૉકટરની ઑફિસ બહાર તમારા વારાની રાહ જોતા બેઠા હોય ત્યારે ત્યાં ઉપસ્થિત મોટી ઉંમરની સ્ત્રી સાથે વાત કરી શકો. તેણી તો ખૂબ જ એકલતાનો અનુભવ કરતી હોય, તો શા માટે તમે તેને દશ મિનિટ આપી ન શકો, જેવી તે તેના વિષે તમને બધું કહી શકે. તમે કદાચ તેને ક્યારેય જોશો નહિ, પરંતુ તે તમને યાદ રાખશે. અને હા, પ્રભુ, તમે તે સ્ત્રી માટે જે કર્યું છે તેની કદર કરશે, હા, એ નાની બાબત હતી, પણ તમે તેણીને સામેલ કરી!

આ અધ્યાય વાંચતાં તમે એક મહેમાન પૉલ સ્કેન્લન દ્વારા લખાયેલ અનુભવ વિષે વાંચશો, જે તેમના મૃતપ્રાય પ્રભુમંદિરને ધાર્મિક જાગૃતિ તરફ આગળ વધતી અને પ્રેમથી ભરપૂર થતી મંડળીના અનુભવોની વાત કરે છે. તેમની વાત આપણને ઘણું બધું શીખવી શકે છે અને આપણને કેટલાંક મુશ્કેલ પ્રશ્નો પોતાની જાતને પૂછવા ઉત્તેજન આપી શકે છે. જો તમારા પ્રભુમંદિરમાં સાચી જાગૃતિ આવી છે, તો શું તમે ખરેખર ઉત્તેજીત છો કે તમે જેમી કે તેના કરતાં ખરાબ લોકોને લીધે ત્યાં જવાનું છોડી દેશો? તેઓ કદાચ ઝૂપડાંમાંથી આવતાં હોય અને તેમની ગંધ સારી ન હોય, અથવા તેઓ દારૂ કે બીજી અયોગ્ય બાબતો સાથે આવ્યા હોય. જગતમાંના દુઃખી લોકો હમેશાં સારામાં સારી રજૂઆત કરતાં નથી અને તેમની ગંધ સારી નથી હોતી. ક્યારેક તેઓ કરી શકે છે પણ હમેશાં નહિ અને આપણે મુખપૃષ્ઠ પરથી જ ન્યાય કરવાને બદલે આખું પુસ્તક વાંચવાની ઈચ્છા રાખવી જોઈએ. લોકોના દેખાવ કરતાં વિશેષ દૃષ્ટિ કરવાની અને તેઓ વાસ્તવમાં કોણ છે એ શોધવાની ઈચ્છા રાખવી જોઈએ.

તમારા આરામદાયક સ્થાનમાંથી બહાર નીકળો

તમારા આરામદાયક સ્થાનમાંથી બહાર નીકળીને બીજા કોઈને આરામનો અનુભવ કરાવવો એ લોકોને દેવનો પ્રેમ બતાવવાનો એક માર્ગ છે. ઘણાં ખ્રિસ્તીઓ જાગૃતિ માટે પ્રાર્થના કરે છે; તેઓ જ્યારે "જગતનાં બધાં આત્માઓ" માટે પ્રાર્થના કરે છે ત્યારે રૂદન પણ કરે છે.

તમારા આરામદાયક સ્થાનમાંથી બહાર નીકળીને બીજા કોઈને અનુભવ કરાવવો એ દેવનો પ્રેમ બતાવવાનો એક માર્ગ છે.

વાત પ્રામાણિકપણે કહીએ તો એ જ લોકો જો વાસ્તવમાં તેમના પ્રભુમંદિરમાં જાગૃતિ આવશે, તો છોડીને જતાં રહેશે. કેમ કે તે તેમની રોજીંદી સામાન્ય જીવનશૈલીને અસર કરશે અને એ તેમને ગમશે નહિ.

મેં હમણાં એક પ્રભુમંદિરમાં પ્રચાર કર્યો, જ્યાં શરૂઆતની હરોળમાં સ્થાનિક નર્સીંગ હોમમાંથી (પૈડાંવાળી ખુરશી) વ્હીલચેરમાં દર્દીઓ બેઠા હતા. પ્રચારક તરીકે, મને પહેલી

હરોળમાં બેસાડવામાં આવી, પરંતુ પહેલી હરોળની આગળ વ્હીલચેરો ગોઠવવામાં આવી હતી. જે માણસ મારી આગળ બેઠો હતો તે ખરેખર ખરાબ ગંધાતો હતો, અને જ્યારે ખરાબ ગંધની વાત આવે ત્યારે હું કહી દઉં કે એ બાબત માટે મારું પેટ ખરેખર નબળું છે. (જ્યારે અમારાં બાળકો નાના હતા ત્યારે જો ડેવ ઘરે હોય તો હું તેમને જ દુર્ગંધ મારતા બાળોતિયાં બદલવાનું કહેતી).

ત્યાં બેઠી હતી ત્યારે મને દેવની મનોવૃત્તિની જાણ થઈ. તે મને જ્યાં મૂકવા માગતા હતા ત્યાં જ મૂકી હતી... હું મંડળીને પ્રેમ અને સમાવેશ કરવાની વૃત્તિ પર પ્રચાર કરવા માટે તૈયારી કરી રહી હતી, જ્યારે હું બોલવા માટે રાહ જોતી હતી, ત્યારે મારે ઘણી પ્રાર્થના કરવાની હતી અને હું વધારે પડતી આત્મિક દેખાતી જ હોઈશ. કેમ કે મેં મારાથી બની શકે એટલું મારું નાક ઊંચું રાખ્યું હતું. જેથી કદાચ એમ લાગે કે હું સ્વર્ગ તરફ દૃષ્ટિ કરી રહી છું. હું જાણતી હતી કે દેવે મારા માટે ત્યાં બેસવાની વ્યવસ્થા કરી હતી અને ખરેખર મારે ત્યાં હોવાની "જરૂર" હતી. મારા માટે આ અનુભવ ખૂબ સારો હતો, કેમ કે હું બીજાઓને જે કરવાનું કહેવાની હતી એ કરવાનું હતું. આપણે દરેક જગ્યાએ હમેશાં આરામનો જ અનુભવ કરતા નથી! એ માણસને કદાચ નિયમિતપણે કોઈ નવડાવતું નહિ હોય અને તે જાતે એમ કરી શકતો નહિ હોય એવું તેનામાંથી આવતી દુર્ગંધમાંથી લાગ્યું. જો કે, કોઈ વ્યક્તિ માટે આ કદાચ સારી સેવા હોઈ શકે. સ્થાનિક નર્સીંગ હોમમાં જઈને દર્દીઓને સ્વચ્છ રાખવાની સેવા બજાવવી.

જેમી ફરીથી પ્રયત્ન કરે છે

આ અધ્યાયનો અંત કરતાં પહેલાં મને જેમીની વાત તમારી સાથે પૂરી કરવા દો. તેણીના પ્રભુમંદિરના ખરાબ અનુભવ પછી તેણે પ્રતિજ્ઞા લીધી કે તે ફરી ક્યારેય દેવળમાં જશે નહિ. તે સોમવારે નોકરી પર ગઈ, તે ચોક્કસપણે નિરાશ હતી. જ્યારે તેનાં સહકાર્યકરોએ તેની નોંધ લીધી અને તેને પૂછ્યું કે શું થયું છે? ત્યારે સામાન્ય રીતે તો જેમી કોઈને કંઈ કહેતી નહિ, પરંતુ તે એટલી દુઃખી હતી કે તે રડવા લાગી. તેની સહકાર્યકર સામંથાએ મેનેજરને થોડો જલદી વિરામ લેવાની અનુમતિ લઈને તેણી જેમીને સારું લાગે માટે કર્મચારીઓની આરામ કરવાની જગ્યાએ લઈ ગઈ. જેમીએ તેનું હૃદય સામંથા આગળ રેડી દીધું અને દેવળમાં જવાના પ્રયત્નનો વિચિત્ર અનુભવ પણ તેણીને જણાવ્યો, પછી સામંથાએ તેણીને પોતાના ઘરે સાંજનું ભોજન લેવા માટે આમંત્રણ આપ્યું, જેથી તેઓ આગળ વાત કરી શકે. એ સાંજ જેમી માટે જીવન બદલી નાખનાર સાબિત થઈ.

સામંથા સાચી ખ્રિસ્તી હતી - મારો અર્થ એ છે કે તે એવી ખ્રિસ્તી હતી, જે ખરેખર કાળજી રાખે છે અને મદદ કરવા માગે છે. તેણે જેમીને અઠવાડિયામાં બે વખત મળવાની શરૂઆત કરી અને ફક્ત તેની સંભાળ અને કાળજી લેવાની શરૂઆત કરી એટલું જ નહિ, પરંતુ ધીમે ધીમે તેને ઈસુ અને ઈસુએ તેને કેટલો પ્રેમ કર્યો એ શીખવવાની શરૂઆત કરી.

લગભગ ત્રણ મહિના પછી સામંથાએ જેમીને પૂછ્યું કે શું તે ફરી એકવાર પ્રભુમંદિરમાં તેની સાથે ભાગ લેવાનો પ્રયત્ન કરશે? જેમી ખૂબ ઉત્તેજીત નહોતી, પણ તેને લાગ્યું કે સામંથાએ તેની સાથે આટલો સમય ગાળ્યો છે, તેથી તેણે પણ તેના માટે આટલું કરવું જોઈએ.

પુનરુત્થાનની મંડળીમાં જેમીની મુલાકાત તેણે અગાઉ જે પ્રભુમંદિરની મુલાકાત લીધી હતી, તેના અનુભવ કરતાં અલગ હતી. તેણીને ઉષ્માભરી શુભેચ્છા આપવામાં આવી અને તેને પ્રથમ હરોળની નજીકની જગ્યા આપવામાં આવી. કેમ કે તેણી મહેમાન હતી. તે સભાની સઘળી બાબતો જાણે તેના જ માટે હોય તેવું તેને લાગ્યું. એ સઘળું તે સમજી, કેમ કે એ તેનાં વાસ્તવિક જીવન સાથે સુસંગત હતું. તેઓએ જે ગીત ગાયા તેનો અર્થ હતો અને દરેક ગીતથી તેને સારું લાગ્યું. આ સભાના અંત પછી આ વખતે તેને કૉફી માટે આમંત્રણ આપવામાં આવ્યું અને સભાનો અંત કેટલાક લોકોને મળવા દ્વારા થયો, જેઓ તેનાં નજીકનાં મિત્રો બની ગયા. આ દેવળમાં દરેક ઉંમર અને સંસ્કૃતિનાં ઘણાં લોકો હતા. કેટલાકે સૂટ અને ટાઈ પહેર્યા હતા, જ્યારે કેટલાકે જીન્સ અને ટીશર્ટ પહેર્યા હતા. બધા પોતાપણા સંબંધી મુક્ત હતા.

જેમીએ તેનું જીવન ઈસુને સોંપ્યું અને હવે તે દેવળમાં જવાનું ક્યારેય ચૂકશે નહિ. તેણી પરણિત છે, તેને બે બાળકો છે અને તેનું આખું કુટુંબ શહેરની અંદર થતા બાહ્ય કાર્યક્રમોનો એક ભાગ છે, જેઓ શેરીમાં રહેતા લોકો મધ્યે સેવા કરે છે. જેમીને આવું કરવાનું ગમે છે, કેમ કે તેને એવું લાગે છે કે તેણી તેઓમાં ભળી શકશે.

જો જેમીએ એ દિવસે દેવળના ખરાબ અનુભવ પછી જેમ વિચાર્યું તેમ તેના જીવનનો અંત લાવી દીધો હોત, તો એ કેટલું દુઃખદ હોત? જ્યારે લોકો દેવળનો વિચાર કરીને એમ સમજે છે કે તેમણે દેવના માટે પ્રયત્ન કર્યો છે અને જે દેવળના માટે તેમણે પ્રયત્ન કર્યો હોય છે, તે દેવનું યોગ્ય પ્રતિનિધિત્વ કરી શકતું નથી, ત્યારે સઘળું મૂકી દે છે, એનાથી મને ધૃણા ઉપજે છે. ચાલો, આપણે ચોક્કસ બનીએ કે આપણા વર્તુળમાં દરેક પ્રકારના લોકોનો સમાવેશ કરીશું. કોઈ વ્યક્તિને એટલા માટે તમારા વર્તુળની બહાર કરશો નહિ, કેમ કે તે તમારા જેવા નથી. આપણે દરેક આપણા નજીકના મિત્રો વિષે વિચારીએ છીએ તે ખોટું છે, ઈસુને પણ બાર શિષ્યોમાંથી ત્રણ એવા હતા, જેમની સાથે તેમણે બીજાઓ કરતાં વધારે સમય વીતાવ્યો હતો. પણ તેમણે ક્યારેય બીજાઓને ઓછું મહત્વ આપ્યું નથી.

પ્રેમના ક્રાંતિકારી

પાસ્ટર પૉલ સ્કેન્લોન

દેવે દર્શાવેલો સારામાં સારો ખ્યાલ તો સ્થાનિક મંડળી છે! આપણે દેવનો ''આગળ ધપાવનાર'' સમાજ, તેમનું ભરપૂરીપણું, તેમની લાગણી, સ્મિત અને શહેર માટેનું સરનામું છીએ. દુઃખદ વાત એ છે કે ઘણી મંડળીઓ આ બાબત સમજતી નથી અને પરિણામે દેવની પહોંચના ઘરમાં લાખો લોકો તેમનાં પોતાના ઘરના દુઃખમાં ક્યારેય વેશપલટાને લીધે અને અચોક્કસતા જે ઘણી મંડળીઓ પહેરી લે છે, તેના લીધે ઈસુને ઓળખી શકતા નથી અને મૃત્યુ પામે છે.

ઉપરથી પસાર થવું

દસ વર્ષ પહેલાં અમારી મંડળી વધારે પડતાં દુઃખમાંથી પસાર થતી હતી. અમે તેને ''ઉપરથી પસાર થવું'' એમ કહીએ છીએ અને આ પ્રક્રિયાની વાત હવે આ જ નામના પુસ્તક જેમાં અમારી વાત વિસ્તારથી જણાવવામાં આવી છે, તેમાં પરિવર્તિત થઈ ગઈ છે. અમારો જે વિસ્તાર છે તે યુનાઈટેડ કિંગ્ડમમાં મંડળીમાં સરેરાશ સંખ્યા ૨૦ વ્યક્તિની છે અને કુલ વસ્તીના ૯૮ ટકા લોકો દેવળમાં ભાગ લેતા નથી, એટલું જ નહિ પણ ''મંડળી વિરોધી'' છે. તેથી બ્રિટીશ ધારાધોરણ મુજબ એ સમયે અમારા દેવળમાં ૪૫૦ લોકોની સંખ્યા ધરાવતું અમારું દેવળ મોટું હતું, અને તેની ઈમારતની પણ લગભગ ચૂકવણી કરવામાં આવી હતી. અમે એકબીજાની નજીક, આનંદિત અને સમૃધ્ધ હતા. અમે સારા પ્રચારનો આનંદ માણતા અને અમારી મંડળી સંગીત અને સર્જનાત્મક રીતે દાનોથી ભરપૂર હતી. આ સઘળું હોવા છતાં કંઈ મોટી ખામી હતી. જે પાયાની બાબત હતી તેનો અભાવ હતો અને કોઈએ તેની નોંધ લીધી નહિ.

અમે ''મોટા નિભાવ, વધારે પડતું પોષણ અને ઓછી કસરત કરનારા ખ્રિસ્તીઓ'' તરીકે વર્ણવી શકાય એવા અંત વગરના ચક્રના સકંજામાં સપડાઈ ગયા હતા. વધારે પડતો નિભાવ કરનારા ખ્રિસ્તીઓ શેતાનની યોજનામાં ગુપ્ત રાખેલી સારામાં સારી યોજના છે, જેથી તે મંડળીને બિનઅસરકારક બનાવી શકે. આ લોકો તમે ક્યારેય મળ્યા ન હોય એવાં સારામાં સારા લોકો છે, અને અહીં જ સમસ્યા રહેલી છે! આ લોકોમાંનું કોઈ નાખુશ કે ''ખરાબ હૃદયવાળું'' અથવા ઓછા વલણો ધરાવતું નથી. પાછળ જોતાં, મેં તેને પ્રાધાન્ય આપ્યું હોત, કેમ કે તેણે અમારી ફરીથી કરેલી શોધખોળની જરૂરિયાતને વેચવા માટે સરળ બનાવી હતી.

આખા જગતમાં પાળકો તેમનાં દેવળોમાં અને સેવાઓમાં જે ખૂટી રહ્યું છે તે સમજાવી શકતા નથી, અને તેઓ એવું કહીને નકારાત્મક કે આરામવિહોણા દેખાતા ઈચ્છતા નથી, જેમ પેલી વાર્તા "સમ્રાટના નવા કપડાં" માં જે છોકરા વિષેની વાત છે, જે સમ્રાટની આસપાસના દરેક માટેની જે સ્પષ્ટ દેખીતી બાબત તરફ આંગળી ચીંધે છે. તેની પાસે પહેરવા માટે કપડાં નહોતા.

જ્યારે બધા ખૂબ જ આનંદિત, પ્રેમાળ, મિત્રતાસભર અને આશીર્વાદિત છે ત્યારે કોણ એવી જાહેરાત કરશે કે આપણે મરી રહ્યા છીએ? પણ ૧૯૮૮ માં હું એ છોકરો બન્યો, અને વીસ વર્ષમાં પ્રથમ જ વાર મેં મંડળી તરફ આંગળી ચીંધી અને કહ્યું, "આપણે મગ્ન, આરામદાયક, સલામત અને અસંબધ્ધ છીએ" - અને તેમાં મારો પણ સમાવેશ થાય છે. આપણા માટે આ જોવું સરળ નથી, કેમ કે ઘણાં પ્રભુમંદિરોની જેમ આપણી પાસે ખોવાયેલાંઓને પહોંચવાની ઈશ્વરવિદ્યા અને ભાષા છે. પરંતુ આપણે વાસ્તવિક રીતે કોઈ સુધી પહોંચતા નથી. આપણે ખોવાયેલા માટે પ્રાર્થના કરી, પ્રચારો કર્યા અને ગીતો ગાયા અને આપણે તેમના માટે રડ્યા, પરંતુ કોઈ ખોવાયેલું બચ્યું નહિ. આપણે આંતરિક રીતે જ જોનારી ધાર્મિક ક્લબ જેવાં બની ગયા અને આપણા આરામ અને આશીર્વાદમાં બીજાઓ, જેઓ દુઃખી છે અને તેમને કંઈ ખૂટે છે એ જોવા માટેના દેવના હૃદયની દૃષ્ટિ ગુમાવી છે.

જાન્યુઆરી ૧૯૯૯ માં મેં એક સંદેશ આપ્યો, જેનું શીર્ષક "આપણે ૯૯ ને ૯૯ માં છોડી રહ્યા છીએ" હતું. ઈસુ વિષે જણાવતાં મેં કહ્યું કે તેણે પોતાને એક ઘેટાંપાળક સાથે સરખાવ્યો, જે બહુમતી - ૯૯ ને - એક જે ખોવાયેલું છે તેના માટે છોડી દે છે. મેં તેનો અર્થ સમજાવ્યો કે જેઓ પહેલાથી મંડળીમાં છે, તેઓ આપણી પ્રથમ અગ્રીમતા ન હોઈ શકે, પરંતુ આપણી અગ્રીમતા બીજાઓ જ હોવાં જોઈએ. આ ત્યારે હતું જ્યારે મેં શોધ્યું કે નકારાયેલા ખ્રિસ્તી માટે નરકને કોઈ ક્રોધ નથી! મને આત્માથી ભરપૂર અને સારા લોકો જ્યારે ગંદા પાપીઓથી આપણું સુંદર પ્રભુમંદિર ભરાઈ જાય એવા ખ્યાલને સહન કરી શકતા નથી, એ જાણીને આશ્ચર્ય થયું.

આપણા આરામદાયક અને બહાર હોય તેવાં લોકોની ક્લબને જીવન બચાવવાના કાર્યોમાં પાછા લાવવાના મારા અવિરત પ્રયત્નોમાં મેં ૧૯૯૯ માં એક બસ સેવાની શરૂઆત કરી. પ્રભુએ કેવી રીતે મને આ શરૂ કરવાનું કહ્યું એ એક અલગ વાત છે. પરંતુ એમ કહેવું પૂરતું છે કે મને આ "દેવનો ખ્યાલ છે" એ બાબત માટે રાજી કરવું પૂરતું હતું, કેમ કે મારે જે જોઈતું હતું એ તો ફક્ત એક સારો ખ્યાલ હતો!

વારૂ, અમે અઠવાડિયાઓમાં પેલા ગંદા પાપીઓ મધ્યે બસ ફેરવતા હતા. આ મંડળીની બહારના, ઘણીવાર કડક, કઠોર અને કળી ન શકાય એવાં લોકોએ અમારી સુંદર ક્લબને બગાડી નાખી. અમારાં માનવંતા સભ્યો, જેઓ તેમને અમારી સલામતી અને સ્થિરતા માટેની ધમકી તરીકે જોતા તેમનાં દ્વારા તેમને "બસનાં લોકો" તરીકે ઓળખાવવામાં આવતા. દરરોજ મને નાખુશ કરનારા, ઘણીવાર મલીન અને ધમકી આપતા પત્રો અને

ફોન એવા લોકો તરફથી પ્રાપ્ત થવા લાગ્યા. જેમને હું પ્રેમ કરતો હતો અને તેઓ વિષે પણ હું ચોક્કસ છું કે તેઓ પણ મને પ્રેમ કરતા હતા, પરંતુ તે ખ્યાલને સમજ્યા નહોતા. જે બાળકો બસોમાં આવતા તેમના પર અમારી સાબ્બાથશાળાને બગાડવાનો આરોપ મૂકવામાં આવ્યો અને તેમનાં વાલીઓ પર મુખ્ય સભાને ધુમ્રપાન, સમ ખાવા તથા સૌથી ખરાબ તો, રાહ જોવડાવવાનો, વાસ્તવમાં જ્યાં અમારા લાંબો સમય ઊભા રહેનારા સભ્યો બેસે, એ જગ્યા પર બેસવાનો આરોપ મૂકવામાં આવ્યો.

આગેવાનો એક પછી એક મારી પાસે આવતા અને આ સઘળું બંધ કરવાની હિમાયત તથા આગ્રહ કરતા, પરંતુ ખૂબ મોડું થઈ ચૂક્યું હતું. દેવના ખોવાયેલાઓ પ્રત્યેના હૃદયે મારું હૃદય શોધી કાઢ્યું હતું અને હું અનુભવ્યા હોય એવા વ્યક્તિગત હુમલાઓ સહન કર્યા. અને તેને સહન કરવાનું વધારે કઠણ ત્યારે બન્યું, ત્યારે આ સઘળું એવા લોકોની મિત્રતાની આગ હતી, જેઓ સંપૂર્ણપણે ભૂલી ગયા હતા કે તેઓ પણ આવી જ રીતે દરિયામાં ડૂબી રહ્યા હતા અને છતાં તેમને શોધવા કોઈ આવ્યું હતું.

જ્યારે મને વિમુખ કરી શક્યું નહિ, ત્યારે ''પ્રબોધ કરનારું ટોળું'' આવ્યું. અમારામાં આ લોકો કહેવાતા પ્રબોધકો જેવા હતા. તેમણે મને મળવાનો વારો લીધો અને ઘણીવાર જૂથમાં આવીને દેવે તેમને મને જે કહેવાનું કહ્યું હોય તે વહેંચવા લાગતા. તેમનો સંદેશ આવો હતો : ''જો તમે આ બંધ નહિ કરો, તો આપણા દેવળના ભાગલા પડી જશે, તમે અને તમારા કુટુંબે સહન કરવું પડશે, આગેવાનો છોડીને જતા રહેશે, દાન આપતા બંધ થશે અને દેશમાં આપણી સાક્ષીને હાનિ પહોંચશે.'' પરંતુ મારા માટે આવું કરવાની કિંમત મોટી હતી, તેનો અર્થ એ નહોતો કે દેવ એમ કહી રહ્યા છે કે ''આવું કરીશ નહિ.'' જો પ્રભુ સંદેશ મોકલતા હોત તો તે એમ કહેત કે જો હું તે કરું તો તે કિંમતને માટે અહીં માથાં ઊંચા છે. મારો ઉત્તર ફક્ત એટલો હોઈ શકે કે હું સંમત છું. કેમ કે તેમાંનું ઘણું ખરું તો થવાની શરૂઆત પણ થઈ ચૂકી હતી. ઘણાં છોડીને જઈ રહ્યા હતા અને તેમણે દાન આપવાનું બંધ કર્યું, તેથી અમને હજારો ડૉલરનું નુકશાન થયું. અમે ધીમે ધીમે એવાં લોકોને વધારતા હતા જેઓ ગરીબ લોકોને માટે છોડી રહ્યા હતા - અને ગરીબ એટલે નાણાં વગરના નહિ, પરંતુ જેમને પહોંચવું ખર્ચાળ હોય અને નિભાવવું પણ ખર્ચાળ હોય.

સ્થાનિક મંડળીઓ તેમનાં સમાજો સુધી પહોંચે એ માટે તેમને પ્રાપ્ત કરવી એ મારા માટે મોટામાં મોટું યુદ્ધ સમાન હતું. જેનો સામનો આજે આખા જગતમાં થઈ રહ્યો છે. અને જો આ સાચું છે તો મંડળીને હચમચાવી નાખનાર બાબત હજુ આવી રહી છે. કદાચ પાળકો તરીકે આપણે હજારો પ્રાપ્ત કરવા સૌને છોડવા પડશે અને લાખોને પ્રાપ્ત કરવા હજારોને છોડવા પડશે.

હું સ્થાનિક મંડળીને ચાહું છું. હું ત્રીસ વર્ષથી વધારે તેમાં રહ્યો છું, તેમાંના છવ્વીસ વર્ષો તો પૂર્ણ સમયની સેવામાં મેં ત્યાં ગાળ્યા છે. પણ હું મંડળીને એટલો પ્રેમ કરું છું કે ભ્રામક

ખ્રિસ્તી વિશ્વાસમાં મરવાનો હું નકાર કરું છું. મેં ભરપૂરીપણામાં જીવવાનો અને ખાલીપણામાં મરવાનો ઈરાદો કર્યો છે. હું સ્થાનિક મંડળીની દિવાલોમાં એવું કરી શકું નહિ, અને તમે પણ કરી શકો નહિ.

ઈસુની સેવાના શરૂઆતના દિવસોમાં તે કાપરનાહૂમ નામના એક ગામમાં ગયો. લોકોએ તેના પર પ્રેમ કર્યો; તેઓ બધા તેનાં શિક્ષણથી અને બિમારી તથા અશુધ્ધ આત્માઓ પરનાં તેનાં સામર્થ્યથી આશ્ચર્ય પામ્યા. તેમણે તેને એટલો બધો પ્રેમ કર્યો કે જ્યારે તે ગામ છોડીને ઈસુ જતો હતો ત્યારે લૂક આપણને જણાવે છે કે લોકોએ તેની પાસે આવીને તેને ત્યાં જ રહેવાનું કહ્યું (જુઓ લૂક ૪:૪૨).

તેમનાં આગ્રહ કરવાના પ્રયત્નોનો તેનો પ્રતિભાવ આશ્ચર્યજનક અને મનનીય હતો. તેની સરળતાને લીધે આશ્ચર્ય પમાડનારું કહી શકાય અને મનનીય એટલા માટે, કેમ કે તે તેની અગ્રીમતામાં જે ઊંડી સમજ આપે છે. ઈસુએ આ સર્વ આશીર્વાદિત લોકોની આંખોમાં જોયું અને સરળતાથી કહ્યું, ‘‘મારે બીજાં શહેરોમાં પણ દેવના રાજ્યની સુવાર્તા પ્રગટ કરવી જોઈએ, કેમ કે એ સારું મને મોકલવામાં આવ્યો છે.’’ (જુઓ લૂક ૪:૪૩). તમને સમજ પડી? મને બીજાઓને માટે મોકલવામાં આવ્યો છે, બીજાઓ, બીજાઓ, બીજાઓ. આ સઘળું બીજાઓ માટે છે.

જો તમે દેવને કાપી શકો તો તે બીજાઓનું લોહી કાઢશે. પણ જો આપણે મંડળીને કાપી શકીએ તો આપણે આપણું જ લોહી કાઢીશું. આપણે આપણા આશીર્વાદો, આપણો આરામ, અને ખુશીનું લોહી કાઢીશું. ચોક્કસ તેમાં કેટલાક અપવાદો છે, પરંતુ આ અપવાદો એ માનવા માટે ઘણાં દૂર છે કે આપણે બીજાઓની તરફેણ માટે ત્રાજવાંને નમાવી રહ્યા છીએ. પેઢીઓથી મંડળી, કાપરનાહૂમના લોકોની જેમ ઈસુને પોતાના સુધી જ સિમિત રાખવા માગે છે અને પેઢીઓથી ઈસુ બીજાઓ સુધી પહોંચવા આરામદાયક ખ્રિસ્તીપણાને છોડવાનો પ્રયત્ન કરી રહ્યા છે. દેવના માટે સૌથી વધારે અગત્યનું શું છે તે વિષેની પાયાની ગેરસમજ મંડળીની નિષ્ફળતાનું હૃદય છે, જે દુ-ખી જગતને અસર કરે છે.

આપણને આશીર્વાદ બનવા માટે આશીર્વાદિત કરવામાં આવ્યા છે; આપણને શોધવા અને બીજાઓને બચાવવા માટે તારણ આપવામાં આવ્યું છે. આપણને સાજા કરવા માટે સાજા કરવામાં આવ્યા છે, માફી આપવા માફી મળી છે અને આપણને દેવની મહાન પ્રેમની ક્રાંતિમાં જોડાવા માટે પ્રેમ કરવામાં આવ્યો છે. આ સઘળું મારા, કે આપણા માટે નથી. આ તો હમેશાં બીજાઓ માટે છે.

પાઉલ પ્રેરિત જણાવે છે કે આપણે દેવ પાસેથી જે આરામ પ્રાપ્ત કરીએ છીએ, તે આપણા એકલા માટે નથી : ‘‘આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનો દેવ તથા બાપ, જે કરૂણાનો પિતા તથા સર્વ દિલાસાનો દેવ છે, તેની સ્તુતિ થાઓ, તે અમારી સર્વ વિપત્તિમાં અમને દિલાસો આપે છે, જેથી અમને પોતાને દેવ તરફથી જે દિલાસો મળે છે, તે વડે જેઓ ગમે તેવી વિપત્તિમાં હોય તેઓને અમે દિલાસો આપવાને શક્તિમાન થઈએ.’’ (૨ કરિંથી ૧:૩-૫).

આપણી વિપત્તિઓ પણ આપણા માટે નથી, તેમાં પણ બીજાઓના આરામ, આશા અને પ્રેરણાનું બી રહેલું છે. મારો આશીર્વાદ મારો આશીર્વાદ નથી, મારી દયા એ મારી દયા નથી, મારી કૃપા એ મારી કૃપા નથી, અને મારું જીવન એ મારું જીવન નથી. એ સઘળું બીજાઓનું છે એ બીજાઓ તમે અને હું હતા.

તમે જેમને પ્રેમ કરો છો, એવા સારાં લોકો જેમની સાથે તમે વીસ વર્ષ સુધી "જીવન વિતાવ્યું" છે તેઓ જો પ્રભુમંદિરને છોડીને જતાં રહે, તો તે ખૂબ જ દુઃખદાયક છે. ક્યારેક એવા લોકોથી અલગ થવાનું દુઃખ, જેમના માટે આપણે એમ વિચાર્યું હતું કે આપણે તેમની સાથે વૃધ્ધત્વ સુધી વધીશું એ પ્રસુતાની વેદના જેવું હોય છે. આટલા ખરાબમાંથી કંઈ સારું જોવું ચોક્કસપણે મુશ્કેલ હોય છે, પરંતુ જે આપણે છોડી શકતા નથી, ત્યાં આપણે રોકાઈ જઈએ છીએ અને જો આપણે રોકાઈ જઈએ તો આપણું શું થઈ શક્યું હોત એ ક્યારેય જાણીશું નહિ. પ્રભુ ક્યારેય આનાકાની કરનારા લોકોને આગળ જવાનું કહેશે નહિ, આપણે આગળ જવાનો નિર્ણય કરવાનો છે. દરેક દુઃખમાં બી હોય છે અને મારું બી તો નવી મંડળી હતું, જે જીવન બચાવનાર મંડળી બની રહી હતી.

૧૯૯૮ માં મેં મંડળીને મોટામાં મોટી ઈમારતના કાર્યમાં દોરવણી આપી, જેના વિષે અમે અને કદાચ અમારા શહેરમાં તાજેતરના ઈતિહાસમાં ક્યારેય પ્રયત્ન કર્યો નહિ હોય, એવી બે હજાર બેઠકો ધરાવતી ઈમારત વિશેની આ વાત છે. મેં આ મારી અટલ શ્રદ્ધાથી કર્યું કે જો હું તે બાંધીશ તો ખોવાયેલા આવશે. મેં ફક્ત એવી ઈચ્છા રાખી કે તેઓ જલદી આવે, કેમ કે એ સમયે જ્યારે અમે એ પ્રભુમંદિરની નવી ઈમારતમાં પ્રથમ સભા ભરી ત્યારે અમારી સંખ્યા ઘટીને લગભગ ૩૦૦ લોકોની હતી. તમે ખુરશીઓ વિષે કેટલા સર્જનાત્મક છો, તેનાથી કંઈ ફરક પડતો નથી. હું તમને કહેવા માગું છું કે તેની વચ્ચે એટલી જગ્યા રાખી શકો જેથી લોકોને એમ લાગે કે તેઓ એક જ ખંડમાં નથી! બે હજારની બેઠકોવાળા ખંડમાં ૩૦૦ લોકો, વિચિત્ર લાગતું હતું, ખાસ કરીને જ્યારે અમારી છસો બેઠકોની વ્યવસ્થા પાર્કીંગની જગ્યાની બાજુમાં હતી.

આ તો જન્યુઆરી ૨૦૦૦ હતી અને તે દિવસે દેવે મને ઈસ્હાકની વાતમાંથી વચન આપ્યું કે ઈસ્હાકે તેના બાપના કૂવાઓ ફરી ખોદી કાઢ્યા (જુઓ ઉત્પત્તિ ૨૬). ઈસ્હાક તેણે ખોદેલા પહેલા બે કૂવાઓથી આગળ વધ્યો, કેમ કે પલિસ્તીઓએ તેને પૂરી દીધા હતા. તેણે તેમને એસેક અને સિટનાહ નામ આપ્યાં, જેનો અર્થ "વિવાદાસ્પદ" અને "પ્રતિકાર" એવો થાય છે. તે આગળ ગયો અને ત્રીજો કૂવો ખોદ્યો, પણ આ સમયે કોઈ ઝઘડો થયો નહિ કે તે કૂવાને પૂરી દેવામાં આવ્યો નહિ. તેણે આ ત્રીજા કૂવાને "રહોબોથ" જેનો અર્થ "પુષ્કળ જગા" એવો થાય છે એવું નામ આપતાં કહ્યું કે, "હવે દેવે અમને પુષ્કળ જગા આપી છે." આ પ્રથમ રવિવારની સભામાં અમારા બે હજાર બેઠકો ધરાવતા હૉલમાં મેં ત્રણસો થાકેલાં સંપૂર્ણપણે માર ખાધો હોય એવાં લોકોની તરફ જોઈને સંદેશો આપ્યો, જેનું શીર્ષક "ત્રીજો ક્રમ આપમેળે ઊભરાતા ખનિજતેલના કૂવા જેવો છે" હતું. લગભગ બે વર્ષના વિવાદ અને

પ્રતિકાર પછી હું માનું છું કે આપણા રહોબોથનો સમય આવી ગયો છે. હવે, વર્ષો પછી હજારોની મંડળી સાથે આપણે રહોબોથ ખરેખર આવ્યો છે.

ઈસુના જીવનનાં છેલ્લાં કલાકો દરમિયાન પિલાતની સભામાં તેને મુક્ત થવાની તક આપવા ટોળાને બારાબ્બાસનું નામ કહેવામાં આવ્યું. એ સમયની આ રીત હતી કે જેને ચાહે તે બંદીવાનને છોડવામાં આવતો. બારાબ્બાસે તો ખૂન કર્યું હતું અને બળવાખોરોનો આગેવાન હતો. ઈસુ પર કશો દોષ નહોતો અને તેણે તો લોકોને મદદ કરી હતી. છતાં આસ્ચર્યજનક રીતે બારાબ્બાસની માંગણી કરી અને ઈસુને વધસ્તંભે જડાવવા કહ્યું. સત્ય એ છે કે જગત હમેશાં ક્રાંતિકારીને બદલે બળવાખોરની માગણી કરશે. શબ્દકોષ "બળવાખોર" શબ્દ વિષે જણાવે છે કે "કોઈ એવી વ્યક્તિ જે વિરોધ કરે છે અથવા તો સરકાર કે અધિકારીની વિરૂધ્ધમાં વિરોધ કરે છે." પરંતુ ક્રાંતિકારી એ છે જે "સરકાર અને સમાજના ધોરણોને નવી પધ્ધતિની તરફેણ કરવાની હિમાયત કરે છે."

આ પુસ્તક પ્રેમની ક્રાંતિ માટેનું છે, નહિ કે પ્રેમનો બળવો પોકારવા માટે. આપણે જગતની વિરૂધ્ધ બળવો કરતા નથી; આપણે તો તેમાં ક્રાંતિ લાવવા માગીએ છીએ. દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે એક પ્રતિનિધિ મોકલી આપ્યો, નહિ કે અંતિમ પ્રસ્તાવ. આપણો આગેવાન ઈસુ ખ્રિસ્ત ક્રાંતિકારી છે, બળવાખોર નહિ, તે આપણું સ્થાન લઈને વિજય મેળવે છે, નહિ કે આપણને દોષિત ઠરાવીને. આ આપણા માટે પડકાર બને છે. જો મંડળીએ જગતને પ્રેમ કરવાનો છે તો આપણે જેમને પ્રેમ કરવામાં આવતો નથી, એવાંઓને પ્રેમ કરવાના અને ન્યાય કર્યા વગર જેઓ બહાર છે તેમને સામેલ કરવાના નવા માર્ગો શોધવા જોઈએ. આપણે "શત્રુની સીમારેખા પાછળ" જીવવું જોઈએ. ચળવળનો પ્રતિકાર નહિ પણ ચળવળનાં ભાગીદાર બનવું જોઈએ. આપણે દેવનો પસંદગી પામેલ સમાજ છીએ.

યુનાઈટેડ સ્ટેટ્સમાં એક એરપોર્ટ પરથી હું મુસાફરી માટે હમણાં જતો હતો, ત્યારે મેં એક વૃધ્ધ સ્ત્રીને હાથમાં લાકડી સાથે જોઈ છે, તેનો માલસામાન સલામતીની તપાસ કરવાના પટ્ટા પર મૂકવા સંઘર્ષ કરી રહી હતી. સલામતી એજન્ટ તેણી પ્રત્યે કઠોર હતા અને તેને સંઘર્ષ કરતા અને ચિંતાગ્રસ્ત જોયા છતાં તેને મદદ કરવા કઈ કર્યું નહિ. મેં તરત જ તેની વસ્તુઓ લઈને સલામતીની તપાસ કરવાના ફરતા પટ્ટા પર મૂકી. બીજી તરફ જઈને એ સઘળું પેલા પટ્ટા પરથી ઊતારવા માટેની હું રાહ જોતો તેણીની સાથે ઊભો રહ્યો. તેણે કેવી રીતે મારી સામે જોયું અને સ્મિત સહિત કહ્યું કે, "તમારો પુષ્કળ આભાર; તમારા માયાળુપણાએ પેલા વ્યક્તિની કઠોરતાનો બદલો વાળી દીધો છે" એ હું ક્યારેય ભૂલી શકીશ નહિ. તે સ્ત્રીએ મંડળી માટેની મારી દૃઢ માન્યતાના ઊંડાણને શબ્દોમાં બયાન કરી દીધું; મંડળી આ દુઃખી જગતમાં દેવનું વળતર છે.

વળતર ચૂકવવું એ તો "પાછું આપવું, ગુમાવેલી બાબતોની ખરાબ અસરોને ઘટાડવી અથવા સમતોલ કરવી, સહન કરવું અને વિરોધી અસર કે બળ વાપરવું એ છે." આપણે

દેવની વિરોધી અસર છીએ; આપણે આપણાં સમાજમાં દુઃખ અને પીડાઓને સમતોલ કરીએ છીએ. પ્રેમ અને આશાના એલચી અને વેપારી હોવાને લીધે આપણે નિરાશ અને સંઘર્ષ કરતાં જગતના મુખ પર હાસ્ય લાવીએ છીએ. જે કંઈ બન્યું છે તેનું વળતર ચૂકવવાથી કંઈ બદલાતું નથી, પરંતુ જે થયું છે તેની અસરને તે ઘટાડી શકે છે. પ્રેમની ક્રાંતિ તો હાસ્યને વિસરી ચૂકેલા જગત માટે મહાન વળતરની દેવની યોજના છે.

આપણું દેશી વાતાવરણ તો મંડળી નથી; એ તો જગત છે - આરામદાયક ક્લબ નહિ, પણ ભયાનક દરિયો છે. આ તૂટેલા જગતની એકલતા અને વિરોધનો સામનો કરવા માટે આપણો જન્મ થયો છે. માછલીની જેમ, જે પાણીમાં સારું કાર્ય કરી શકે છે તેમ આપણે ખોવાયેલા જગતમાં સારું કરી શકીએ છીએ, કેમ કે માછલીની જેમ આપણને એ વાતાવરણમાં રહેવા માટે બનાવવામાં આવ્યા છે. માછલીને પાણીમાંથી કાઢી નાખો, તો તે મરી જશે. ફૂલને છોડ પરથી તોડી નાખો તો તે ચીમળાઈ જશે. મંડળીને જગતમાંથી દૂર કરો તો આપણે મરી જઈશું. માછલીને ભીનું લાગતું નથી, કેમ કે પાણી તેનું ઘર છે અને છતાં ઘણાં ખ્રિસ્તીઓને તેમનાં સ્થાનિક વાતાવરણ માટે મોટા એલર્જીના પ્રતિભાવો હોય છે. આપણે એવી માછલી જેવાં છીએ, જે દરિયાકિનારે પોતાને સૂકવે છે! એક મૂર્ખતાભરેલી છાપ!

બાઈબલ ઘણીવાર મંડળીને વિરોધી વાતાવરણમાં દર્શાવે છે. આપણને આ સડી ગયેલા જગતમાં મીઠા સમાન, અંધારામાં અજવાળા સમાન, વરૂઓમાં ઘેટાં સમાન, આપણા દેશથી અલગ વિદેશી તરીકે દર્શાવવામાં આવ્યા છે. આપણને વિરોધમાં આબાદી લાવવા માટે બનાવવામાં આવ્યા છે. આપણે મંડળી છીએ, નરક દ્વારા ઝેરી બનાવવામાં આવેલા જગતમાં ઉન્નતિ લાવવા માટેનો સ્વર્ગનો ભાગ છીએ. આપણને દેવના ક્રાંતિકારી લશ્કર તરીકે પ્રેમની ક્રાંતિની શરૂઆત કરવા મોકલવામાં આવ્યા છે, અને એ ક્રાંતિ આજે તમારામાં અને મારામાં શરૂ થવી જોઈએ.



અધ્યાય

9

લોકોને તેઓ મૂલ્યવાન છે એવી અનુભૂતિ કરાવો

તેથી જે બાબતો શાંતિકારક છે તથા જે વડે આપણે એકબીજામાં
સુધારોવધારો કરી શકીએ એવી બાબતોની પાછળ આપણે લાગુ રહેવું.
રોમનો ૧૪:૧૯

પ્રેમની ક્રાંતિને આગળ ધપાવવાનો એક સરળ માર્ગ છે અને એ તો એ માર્ગ છે કે લોકોને તેઓ મૂલ્યવાન છે એવી અનુભૂતિ કરાવવી. મધર ટેરેસાએ કહ્યું, ''કોઈના દ્વારા સ્વીકૃત ન હોવું, પ્રેમ ન મળવો, સંભાળ ન મળે અને દરેક દ્વારા ભુલાઈ જવું, હું માનું છું કે એ જેની પાસે ખાવા માટે કંઈ જ નથી અને ખૂબ ગરીબીમાં છે તેના કરતાં પણ મોટી ભૂખ અને ગરીબી છે.'' અને મેં એ શોધ્યું છે કે આપણે દરરોજ જે વ્યક્તિઓને મળીએ છીએ કે સંપર્કમાં આવીએ છીએ, તેમને તેઓ દેવના મૂલ્યવાન બાળકો છે એવો ખ્યાલ હોતો નથી. હું માનું છું કે શેતાન લોકોને તેઓ અયોગ્ય છે કે કંઈ મૂલ્ય ધરાવતા નથી તેવી અનુભૂતિ કરાવવા ખૂબ મહેનત કરે છે, પણ આપણે તેના જુઠ્ઠાણાની અસરોને અને પ્રભાવને, લોકોને ઉત્તેજન આપીને, તેમનું ઘડતર કરીએ અને તેમને સલાહ આપીને દૂર કરી શકીએ છીએ. આ કરવાનો એક જ માર્ગ છે કે ગંભીરતાથી સાચી શુભેચ્છા આપવી, જે આ જગતની સૌથી મૂલ્યવાન ભેટ છે.

> પ્રેમની ક્રાંતિને આગળ ધપાવવાનો એક સરળ માર્ગ છે અને એ તો એ માર્ગ છે કે લોકોને તેઓ મૂલ્યવાન છે એવી અનુભૂતિ કરાવવી.

મોટા ભાગનાં લોકો પોતાની જાતને બીજાઓ સાથે સરખાવવા ઉતાવળા હોય છે, અને એ પ્રમાણે કરવાથી તેઓ ઘણીવાર તેમની યોગ્યતાઓને અને તાકાતને જોવામાં નિષ્ફળ નીવડે છે. બીજા વ્યક્તિને તે મૂલ્યવાન છે એવી અનુભૂતિ કરાવવી ખર્ચાળ નથી, અને તેમાં વધારે પડતો સમય જતો નથી. આપણે જે કરવાનું છે એ તો આપણે બીજા વ્યક્તિ માટે વિચારવા આપણા મનને આપણા માટે વિચારતું રોકવાનું છે અને તેને કંઈ ઉત્તેજનદાયક કહેવાનું છે. લોકોને, તેઓ મૂલ્યવાન છે એવી અનુભૂતિ કરાવવામાં કંઈ ખર્ચ થતો નથી, પણ એમ કરવાથી તેમને એવી મૂલ્યવાન બાબત મળે છે, જેને નાણાં દ્વારા ખરીદી શકાતી નથી. યોગ્ય શુભેચ્છા આપવી કદાચ નાની બાબત લાગે, પરંતુ તેનાથી અદ્‌ભુત તાકાત મળે છે.

હું ધ્યેય રાખવામાં માનું છું, અને હું દેવની સાથે કામ કરવા માટે બીજાઓને ઉત્તેજન આપવાના ક્ષેત્રમાં સારી આદતો વિકસાવું છું, ત્યારે હું મારી જાતને ઓછામાં ઓછા ત્રણ વ્યક્તિને એક દિવસમાં સારી શુભેચ્છા આપવાનો પડકાર આપું છું. હું તમને પણ અગ્રતાથી ઉત્તેજન આપનાર વ્યક્તિ બનવામાં મદદરૂપ થાય, માટે આવું જ કંઈક કરવાની સલાહ આપું છું.

ભૂલાઈ ગયેલાંઓને ભૂલી જશો નહિ

લોકોને ઘણીવાર એકલતા અને પોતે ભૂલાઈ ગયા છે એવો અનુભવ થાય છે. તેમને કદાચ એમ લાગે કે તેઓ ખૂબ મહેનત કરે છે, પણ કોઈ તેની નોંધ લેતું નથી કે સંભાળ લેતું નથી. મને યાદ છે એક સ્ત્રીએ મને કહ્યું હતું કે તેનાં જીવનનાં મોટા ભાગમાં તેને એવો અનુભવ થાય છે કે તે જાણે અદૃશ્ય છે. મને યાદ છે કે તેના ચહેરા પર દુઃખ હતું અને તેણે એમ પણ કહ્યું કે તેના માતાપિતાએ પણ તેની અવગણના કરી હતી. તેને એકલવાયું લાગતું હતું, જેનાથી તેને તેની કોઈને જરૂર નથી એવું લાગવા માડ્યું. જ્યારે તેનો જન્મ થયો ત્યારે તેનાં માતાપિતા ખૂબ નાની ઉંમરના હતા અને તેઓ માબાપ બનવા માટે ખરેખર તૈયાર નહોતા અને તેઓ ખૂબ સ્વાર્થી અને સ્વકેન્દ્રીત હતા. તેમણે તેને કોઈ લાગણી કે મદદ કરી નહિ. તેણે કહ્યું કે તેણે તેનાં બાળપણનો અને તરૂણાવસ્થાના વર્ષો એકલા એક ઓરડામાં વાંચતા વાંચતા ગાળ્યા હતા.

તે સ્ત્રીના બાળપણની આ બાબતો અને તે અદૃશ્ય હોવાની લાગણીનો અનુભવ કરતી હતી એ ખૂબ ઉદાસીનતાભર્યું હતું અને તેનાથી મને આંચકો લાગ્યો કે કેટલી બધી વાર મેં લોકોને, તેઓ અદૃશ્ય છે એવો અનુભવ કરાવ્યો છે અને હું જે કરતી હતી અને મારા જે

હેતુઓ હતા તેને પૂર્ણ કરવાના જે પ્રયત્નો હતા તેમાં મેં કોઈની હાજરીની નોંધ લીધી નહિ. હું એવા પ્રકારની વ્યક્તિ છું, જે તેના જીવનનાં હેતુઓ પૂરા કરવા માટે કેન્દ્રિત છે અને ઈરાદા ધરાવે છે. હું ઘણું કરું છું, પરંતુ મારે વૃધ્ધિ પ્રાપ્ત કરતા લોકોને દુઃખી ન કરવાનું શીખવાનું હતું. કોઈપણ વ્યક્તિ બીજા સમર્પિત વ્યક્તિઓની મદદ વગર સફળતા પ્રાપ્ત કરતી નથી અને તેમની કદર કરવાની લાગણી ન દર્શાવવી અને જ્યાં જરૂરી છે ત્યાં તેમને માન ન આપવું, એ ખૂબ દુઃખદ બાબત છે અને આવા વર્તનથી પ્રભુ રાજી થતા નથી.

સામાન્ય બાબતો મોટી બાબતો હોઈ શકે છે

પ્રભુ બાઈબલમાં વારંવાર દબાયેલાઓ, વિધવાઓ, અનાથો અને પરદેશીઓ માટેની આપણી જવાબદારીઓ વિષે કહે છે. તે જેઓ એકલા છે, અને ભૂલાઈ ગયા છે કે જેમની કોઈ કિંમત કરવામાં આવતી નથી અને નકારનો અનુભવ કરે છે, તેમના વિષે જણાવે છે. તે દબાયેલાઓ અને ભૂખ્યાંની ખૂબ કાળજી લે છે. લોકો અલગ અલગ રીતે ભૂખ્યા હોઈ શકે છે. તેમની પાસે ખાવા માટે પૂરતું ભોજન અને ખોરાક હોય, પણ તેઓ ઉત્તેજન માટે કે એવા શબ્દ માટે જે તેમને એવો અનુભવ કરાવે કે તેઓ મૂલ્યવાન છે, તેના માટે ભૂખ્યા હોઈ શકે છે. જેઓ દુઃખથી દબાઈ ગયા હોય છે, તેમને પ્રભુ ઉઠાવે છે, તે પરદેશીઓનું રક્ષણ કરે છે, તે અનાથોને તથા વિધવાઓને સંભાળે છે (જુઓ ગી.શા.૧૪૬ઃ૭-૯). તે કેવી રીતે આવું કરે છે? તે લોકો દ્વારા કામ કરે છે! તેમને સમર્પિત આધીન લોકોની જરૂર છે, જેઓ બીજાઓને પોતે મૂલ્યવાન છે એવી અનુભૂતિ કરાવે. મધર ટેરેસાએ તેમનું જીવન બહારના લોકોને પ્રેમની અને મૂલ્યવાન હોવાની અનુભૂતિ કરાવવા માટે આપી દીધું. તેમણે જે બાબતો કરી તે સામાન્ય બાબતો હતી, તે નાની બાબતો હતી છતાં તે મોટી હતી. તેમણે કહ્યું, ‘‘પ્રામાણિક બનવા માટે પ્રેમ ન કરો, પ્રેમ તો સૌથી અલગ હોવો જોઈએ. આપણે થાક્યા વગર પ્રેમ કરવાની જરૂર છે.’’

આપણને દત્તક લેવામાં આવ્યા છે

ગી.શા.૨૭ઃ૧૦ માં વચને મને સૌથી વધારે ઉત્તેજન આપ્યું છે : ‘‘મારા બાપે તથા મારી માએ મને તજી દીધો છે, પણ યહોવાહ મને સંભાળશે.’’

મારી માતા મારા પિતાથી ખૂબ જ ડરતા હતા, તેથી તે મને તેમના દ્વારા કરવામાં આવતા અત્યાચારોથી છોડાવવા સક્ષમ નહોતા. મને ખૂબ જ એકલતા, હું ભૂલાઈ ગઈ છું અને મને ત્યજી દેવામાં આવી છે એવી બિહામણા સ્વપ્નોમાં લાગણી થતી. અંતે મેં નિર્ણય કર્યો કે મને કોઈ મદદ કરતું નથી તેથી મેં જ્યાં સુધી હું છટકી શકું ત્યાં સુધી મારી પરિસ્થિતિઓથી ‘‘બચવાનો’’ નિર્ણય કર્યો. હું એ સમજી શકી છું કે લોકોની ભીડ દરરોજ તેમને કોઈ છોડાવે નહિ, ત્યાં સુધી બચવાનો પ્રયત્ન કરે છે - અને તે કોઈ વ્યક્તિ તમે અથવા હું હોઈ શકીએ છીએ.

બાઈબલ કહે છે કે દેવે તેમના પ્રેમમાં ‘‘તેણે પોતાની ઈચ્છા તથા પ્રસન્નતા પ્રમાણે, પોતાને સારૂ, આપણને ઈસુ ખ્રિસ્ત દ્વારા પુત્રો તરીકે ગણાવાને અગાઉથી નિર્માણ કર્યા.’’ (એફેસી ૧:૪). દેવે તેમની પ્રેમની યોજનામાં આપણને તેમનાં પોતાનાં બાળકો તરીકે દત્તક લીધા. આ સુંદર શબ્દો મારા ઘાયલ પ્રાણને માટે સાજાપણું લાવ્યા. દેવ ત્યજી દેવાયેલાઓને અને અનાથોને દત્તક લે છે અને તેમને ઊંચા ઉઠાવે છે અને તેમને મૂલ્ય આપે છે. તે તેમના વચન દ્વારા કાર્ય કરે છે, તેમના પવિત્ર આત્મા દ્વારા અને આત્મા દ્વારા દોરવાતા લોકો, જેઓ બીજાઓને મદદ કરવા જીવે છે, તેમના દ્વારા કામ કરે છે.

મધર ટેરેસાને લાગ્યું કે જે દરેક વ્યક્તિને તે મળ્યા, તેઓ ‘‘બીજા રૂપમાં ઈસુ’’ હતા. જરા કલ્પના કરો કે જો આપણે પણ તેમની જેમ લોકો તરફ જોઈએ, તો આપણે તેમની સાથે કેવો અલગ વ્યવહાર કરીશું. ઈસુએ કહ્યું કે જો આપણે ‘‘થોડા અને નાના’’ લોકોને સારું કે ખરાબ કરીએ છીએ, તો તે ઈસુને કરીએ છીએ (જુઓ માથ્થી ૨૫:૪૫). બીજા શબ્દોમાં, તે બીજાઓ માટેના આપણા કાર્યને કે વ્યવહારને વ્યક્તિગત રીતે લે છે. જો કોઈ મારા બાળકોમાંના એકનું અપમાન કરશે, અવગણના કરશે કે માનહાનિ કરશે, તો તેને હું વ્યક્તિગત અપમાન ગણીશ, તો શા માટે એ સમજવું એટલું મુશ્કેલ છે કે દેવ આવું જ અનુભવે છે? ચાલો, આપણે લોકોને બાંધવા તૈયાર થઈએ, જેને આપણે મળીએ તે દરેકને સારું લાગે અને આપણે તેમનાં જીવનને મૂલ્ય આપીએ.

સ્મિત સહિત શરૂઆત કરો

સ્મિત પ્રેમની શરૂઆત છે. તેના દ્વારા સ્વીકાર અને સંમતિ દર્શાવે છે. આપણે દરેકની સામે સ્મિત કરવાનું શીખવું જોઈએ અને જ્યારે આપણે તેમ કરીએ છીએ ત્યારે ફક્ત તેમને જ સારું લાગે છે તેમ નહિ, પણ આપણને પણ સારું લાગે છે.

સામાન્ય રીતે હું ઊંડા વિચારોમાં હોઉં છું અને તેને લીધે હું વધારે પડતું જોઉં છું. હું વધારે પડતી જવાબદારી લઉં છું અને જો હું કાળજી ન લઉં તો તેનાથી હું નિસ્તેજ કે ખિન્ન દેખાઉં છું. હું લોકોની સામે સ્મિત કરવાનું શીખી રહી છું, તેમને પૂછું છું કે તેઓ કેમ છે અને તેમને મિત્રતાસભર કંઈ કહેવા માટે વિચારું છું. ચોક્કસપણે જો આપણે મિત્રતાસભર બનવા માટે ખૂબ વ્યસ્ત છીએ, તો આપણે સમતુલા ગુમાવીએ છીએ અને સંબંધોમાં તિરાડ પડે છે. સંબંધો જીવનનો મોટો ભાગ છે અને વાસ્તવમાં મને બાઈબલ સંબંધોનું પુસ્તક દેખાય છે. એ તો આપણા દેવ સાથેના, આપણી સાથેના, અને બીજા લોકોના સંબંધ વિષે જણાવે છે.

સ્મિત અને મિત્રતાસભર શુભેચ્છા લોકોને મુક્ત કરે છે, એ કેવું અદ્ભુત છે. આપણે જ્યાં જઈએ ત્યાં ઘણા માર્ગોમાંના આ બે માર્ગો દ્વારા આપણે બીજાઓને કંઈ આપી શકીએ છીએ. તમે કદાચ એમ વિચાર કરો કે, ‘‘વારુ, એ હું તો નથી. હું તો વધારે પડતો અંતર્મુખી છું. હું લોકો સાથે એટલો બધો હળીમળી જતો નથી, ખાસ કરીને જેમને હું જાણતો નથી

તેમની સાથે તો નહિ જ.'' જો તમે એવું માનો છો તો હું સમજી શકું છું, કેમ કે હું પણ જ્યાં સુધી બાઈબલ ઉત્તેજન, સલાહ, ઉન્નતિ અને લોકોને મૂલ્યવાન હોવા વિષે જે કહે છે તે જોયું નહિ, ત્યાં સુધી એવી જ હતી. હું એક સત્ય શીખી છું કે જો મને કોઈ બાબત વિષે કુદરતી દાન નથી, તો તેનો અર્થ એ નથી કે હું તેને કેવી રીતે કરવું એ શીખી ન શકું.

વર્ષો સુધી મેં મારી જાતને એમ કહીને બહાનાં બતાવ્યા કે, ''હું એ વ્યક્તિ નથી, હું તો એકલતાવાળી છું,'' પણ મને ખબર પડી કે એકલતા બાઈબલના દાનોની યાદીમાં નથી. આપણી જાતને ''એકલા'' તરીકે વિચારવું, તે વારંવારના અવ્યવસ્થિત આલોચનાત્મક વ્યાપારને અવગણવાનું બહાનું છે. કેમ કે આપણે વિચારીએ છીએ કે, ''જો હું લોકો સામે સ્મિત કરું અને તેઓ સામે સ્મિત ન કરે તો મને કેવું લાગશે?'' મને નકારની લાગણી થશે અને તે ક્યારેય સારું નહિ લાગે. આપણાંમાંના મોટા ભાગના લોકો સારા, તંદુરસ્ત સંબંધો વિકસાવવા કરતાં નકારની લાગણીને દૂર રાખવાના પ્રયત્નમાં જીવનનો મોટા ભાગનો સમય આપી દઈએ છીએ. ડૉકટરની ઑફિસમાં રાહ જોઈને બહાર બેસી રહેતી વખતે કોઈ અજાણ્યા વ્યક્તિની સાથે જો હું મિત્રતાસભર વાત કરવાનો પ્રયત્ન કરું અને એ ખાતરીપૂર્વકનું છે કે તે અથવા તેણીને એકલા રહેવાનું ગમે છે, તો શું? અચાનક જ મને નિરાશા લાગશે અને અજૂગતું લાગશે, તેથી એવો ''પ્રયત્ન કરવાને'' બદલે હું મારા રક્ષણ ખાતર ચૂપ રહીશ. જ્યારે આવું થાય છે ત્યારે દેવના પ્રેમની સ્મિત અને મિત્રતાસભર શબ્દથી આપણે લોકોને સ્પર્શ કરવાની તક ગુમાવીએ છીએ. જ્યારે આપણે સ્મિત કરીએ છીએ ત્યારે આપણે બીજા કોઈને પણ સ્મિત કરાવીએ છીએ અને આપણે તેને સારામાં સારી ભેટ આપીએ છીએ.

પ્રેમની ક્રાંતિના ભાગ બનવા માટે પ્રયત્નો અને મહાવરો કરવાની જરૂર છે. તે આપણી પાસે માગણી કરે છે કે આપણે આપણા કેટલાક માર્ગોને બદલવાની ઈચ્છા કરીએ અને દેવને પ્રાર્થના કરીએ કે તે આપણને તેમનાં માર્ગો બતાવે. તમે કલ્પના કરી શકો છો કે ઈસુએ લોકોની અવગણના કરી હોય કે મિત્રતાથી વાત ન કરી હોય અને એટલા માટે એમ કર્યું હોય કે જેથી તેમને પોતાને નકારનો અનુભવ ન થાય અથવા તો તે ખૂબ વ્યસ્ત હતા અને બીજાઓની નોંધ ન લીધી? ચોક્કસ, આપણે જાણીએ છીએ કે ઈસુ ક્યારેય એ રીતે કામ કરી શકે નહિ અને આપણે નિર્ણય કરવો જોઈએ કે આપણે પણ તેમ નહિ કરીએ. વધારે સ્મિત કરવાની શરૂઆત કરો, તમે જ્યારે એકલા હોય ત્યારે પણ સ્મિત કરવાનો પ્રયત્ન કરી શકો અને તમે અનુભવ કરશો કે તે તમને હળવા અને આનંદિત કરે છે. પાઉલે જેમને સારુ સેવા કરી તેમને એકબીજાને પવિત્ર ચુંબન કરીને શુભેચ્છા પાઠવવાનું કહ્યું (જુઓ રોમનો ૧૬:૧૬), જે તે સમયની સંસ્કૃતિ હતી. હું તો ફક્ત સ્મિતની વાત કરું છું.

જો તે સાહજિક રીતે ન થાય, તો ચિંતા કરશો નહિ

આ અધ્યાયના અંતમાં તમે આ પુસ્તકમાં જહોન સી. મેક્સવેલ દ્વારા કરેલું પ્રદાન વાંચી શકશો, જે એક આંતરરાષ્ટ્રીય વક્તા અને આગેવાનીના વિષય પર લખનાર લેખક અને

અમારા મિત્ર છે. જહોનની હાજરીની થોડી મિનિટોમાં જ દરેકને પોતે મૂલ્યવાન હોવાનો અદ્‌ભુત અનુભવ થાય છે. મેં અને તેમણે આ ક્ષેત્રની તેમની મહાન યોગ્યતા વિષે વાતો કરી છે અને તે જણાવે છે કે તેમના પિતાએ પણ તેમની પર એવી જ છાપ પાડી હતી. જહોન જ્યારે મોટાં થતાં હતાં ત્યારે તે સારું ઉદાહરણ હતા એટલું જ નહિ, પરંતુ તેમની પાસે ઉત્તેજન આપવાનું દેવ તરફથી મળેલું દાન (તાલંત, યોગ્યતા) હતા.

બાઈબલ ઉત્તેજન આપવાના દાન વિષે જણાવે છે (જુઓ રોમનો ૧૨:૮) અને કહે છે કે જેમને આ દાન આપવામાં આવ્યું છે, તેમણે ખંતથી અને આનંદથી તથા આતુરતાથી તે કામ કરવું. જેમ મારી પાસે વાતચીત કરવાનું દાન છે, જે મને અસરકારક રીતે વધારે પડતા પ્રયત્નો વગર બોલવા માટે સક્ષમ બનાવે છે. તેમ કેટલાક લોકો પાસે ઉત્તેજન આપવાનું દાન હોય છે. તેઓ બીજાઓને વધારે પડતા પ્રયત્નો વિના ઉત્તેજન આપે છે, તેમના માટે તે સાહજિક બાબત હોય છે. જો કે, કેટલાક લોકો આ ઉત્તેજન આપવાના દાનને ઓછું આંકે છે, હું માનું છું કે તે આ જગતમાં જોઈતા દાનોમાંનું સારામાં સારું એક દાન છે.

આવા લોકોને જાણવું અદ્‌ભુત બાબત છે અને તેમની સાથે રહેવું પણ અદ્‌ભુત છે, પરંતુ ફરી એક વાર હું તમને વિનંતી કરું છું કે જો બીજાઓને ઉત્તેજન આપવાની બાબત સાહજિક રીતે તમારાથી નથી થતી, તો તમારી જાતનું અવમૂલ્યન કરશો નહિ. મારી પાસે આપવાનું દાન છે અને હું યાદ કરી શકું છું કે હું નાની હતી ત્યારે કોઈને એવી ભેટ આપવાનું મને ગમતું હતું, જે તેમને આનંદિત કરે.

દરેકની પાસે આપવાનું આત્મિક દાન કદાચ ન હોય (જેના વિષે રોમનો ૧૨ માં બીજાઓને સુબોધ કે ઉત્તેજન આપવાના દાન વિષે કહેવામાં આવ્યું છે) પરંતુ દરેકને આપવા માટે કહેવામાં આવ્યું છે અને તે એક હેતુસહિત કરવાનું છે.

આગળ જાઓ અને હસો

આપણાંમાંના મોટા ભાગના વ્યક્તિઓએ આપણી શારીરિક અને માનસિક તંદુરસ્તી વિષે હસવાના મૂલ્ય વિષે થોડું તો સાંભળ્યું જ હશે. સ્મિત તો હસવાનું દ્વાર છે, જેની આપણને તાતી જરૂર છે અને હેતુસહિત તે હોવું જોઈએ.

બાઈબલ એમ કહે છે કે આનંદી હૃદય એક ઉત્તમ ઔષધ છે (જુઓ નીતિવચનો ૧૭:૨૨). મેં મારી શિક્ષણસેવા વિષે એક અદ્‌ભુત બાબતની નોંધ લીધી છે, તે તો એ છે કે હું ખૂબ જ રમુજી છું. હું તેને અદ્‌ભુત કહું છું, કેમ કે જેને હું ‘‘સામાન્ય જીવન’’ કહું છું તે રીતે લોકો મારી ઓળખ આપતા નથી. મેં એ બાબત અનુભવી છે કે પવિત્ર આત્મા મારા દ્વારા બોલે છે અને તે વિનોદ અને તેના દ્વારા આવતી સાજાપણાની અસરોનું મૂલ્ય જાણે છે.

દેવ ચાહે છે કે આપણે હસીએ, અને એમ પણ ચાહે છે કે આપણે લોકોને પણ હસાવીએ. તેનો અર્થ એ નથી કે આપણે ગાંડાની જેમ અયોગ્ય સમયે પણ હસ્યા કરીએ, પણ આપણે

ચોક્કસપણે એકબીજાને હળવા જીવનના દૃષ્ટિકોણ તરફ લઈ જઈએ. જો આપણે ગંભીર રહેવાને બદલે આપણા પોતાના પર હસવાનું શીખીશું, તો આપણા માટે ઘણું સારું થશે.

છેલ્લે, ત્રણ વખત મેં સફેદ પેન્ટ પહેર્યું હતું અને મારાથી તેના પર કૉફી ઢળી ગઈ. હું એમ વિચારી શકું કે હું કંઈપણ વ્યવસ્થિત રીતે પકડી શકતી નથી અને મારી જાતને ઓછી આંકવાની શરૂઆત કરું અથવા હું તેને ટુચકા જેવું બનાવી દઉં અને ફરીવાર ચોખ્ખા રહેવા ખૂબ પ્રયત્ન કરું. વર્ષો સુધી મેં લોકોને શાબ્દિક રીતે પોતાને તેઓ જે કંઈ ભૂલો કરે છે તેના માટે પોતાની જાતનું અવમૂલ્યન કરતાં જોયા છે અને હું માનું છું કે તે દેવને દુઃખી કરે છે.

જો આપણે આપણું ખ્રિસ્તમાં જે મૂલ્ય છે તેને જાણતા હોઈએ, તો આપણે ક્યારેય આપણા માટે એવી બાબતો કહેવી જોઈએ નહિ, જેને દેવે સર્જી છે, અને આપણે તેનું અવમૂલ્યન કરવું જોઈએ નહિ.

શા માટે લોકોને એ જોવાની મદદ કરવાની ટેવ ન પાડવી જોઈએ કે આપણે સર્વ ક્યારેક ભૂલો કરીએ છીએ અને આપણે હસવાનું પસંદ કરી શકીએ અથવા તેના માટે નિરાશ થઈ શકીએ? લોકોને સંપૂર્ણ ન બનવાની અનુમતિ આપો! જગત સારું પ્રદર્શન કરવાના દબાણથી ભરપૂર છે, પણ જ્યારે આપણે તેમ કરી શકતા નથી, ત્યારે આપણને માયાળુપણાના શબ્દોની જરૂર પડે છે, જેનાથી આપણે જાણી શકીએ કે હજુ આપણને સ્વીકારવામાં આવે છે અને આપણે મૂલ્યવાન છીએ.

જ્યારે તમે એવા લોકોની સાથે હો છો, જેઓ ભૂલો કરે છે તો તરત જ તેમને તેમની તાકાત વિષે યાદ કરાવો અથવા એવી કોઈ બાબત યાદ કરાવો, જે તમે હમણાં જ તેઓમાં જોઈ હોય. મારી બંને દીકરીઓ અદ્‌ભુત છે અને સમર્પિત માતાઓ છે. તેમણે કંઈક બરાબર રીતે કર્યું ન હોય અને તેઓ તેના વિષે નિરાશા અનુભવતા હોય ત્યારે હું તેમને યાદ દેવડાવું છું કે તેઓ સારામાં સારી માતા છે અને તે કેટલું અગત્યનું છે તેને વિસ્તારીને જણાવું છું. લોકો કંઈ સારું કરે છે તેને આપણે સંમતિ આપીને નિયમ સાથે ન લઈ શકીએ. શેતાન લોકોને નિષ્ફળતાનો અનુભવ કરાવવા વધારે કામ કરે છે અને આપણે પણ તેમને સફળતાનો અનુભવ કરાવવા એ જ રીતે કામ કરવું જોઈએ.

હાસ્ય વગર બીજી કોઈ બાબત કોઈ ખરાબ પરિસ્થિતિને ઝડપથી બદલી શકતી નથી. આપણે આપણાં જીવનની શરૂઆતમાં આપણામાં રહેતા "નાના બાળકનું" ગળુ દાબી દઈએ છીએ. બાળકો કંઈ પડી જાય, કે કપડાં અસ્તવ્યસ્ત પડ્યાં રહે, પડી જવાય કે કંઈ ભૂલ થાય તો, ખૂબ જ નિરાશ કે હતાશ થતા નથી. તેઓ સામાન્ય રીતે જ્યાં સુધી પુખ્ત વ્યક્તિઓ તેમને દોરે છે ત્યાં સુધી હસવાનો અને આનંદ કરવાનો માર્ગ શોધી કાઢે છે. ઈસુએ કહ્યું કે જો આપણે બાળકો જેવાં બનીશું નહિ તો આપણે અદ્‌ભુત જીવનમાં પ્રવેશ કરી શકીશું નહિ (જુઓ લૂક ૧૮:૧૭), તેથી હું તમને ઉત્તેજન આપું છું કે આપણે આ ક્ષેત્રમાં એકબીજાની મદદ કરીએ.

મને એવા લોકોની સાથે રહેવાનું ગમે છે, જેઓ મને સંપૂર્ણ બનવા દબાણ કરતા નથી. પ્રભુ આપણને બિનશરતી પ્રેમ કરે છે અને તેનો અર્થ એ છે કે આપણે જેવા છીએ તેવા જ તે આપણને સ્વીકારે છે અને પછી આપણે અલગ બની શકીએ તે માટે આપણને મદદ કરે છે. સ્મિત તો સ્વીકારનું ચિહ્ન છે. લોકોને તેમના પોતાના પર હસવા માટે મદદ કરવી એટલે એમ કહેવું કે, "હું તમારી ભૂલો સાથે તમારો સ્વીકાર કરું છું."

એકબીજાની નબળાઈઓને સહન કરવી એ પ્રેમ બતાવવાનો એક સરળ માર્ગ છે. પાઉલ પ્રેરિતે લોકોને ઉત્તેજન આપવાનું અને એકબીજાને બાંધવાનું શીખવ્યું અને તેણે તેમને તે પ્રમાણે કરવાનું ચાલુ રાખવાનું યાદ કરાવ્યું. "તેથી, તમે હમણાં કરો છો તેમ જ અરસપરસ સુબોધ કરો, અને એકબીજાને દૃઢ કરો" (૧ થેસ્સા.૫:૧૧). પવિત્ર આત્મા જાતે આપણામાં રહે છે અને જીવનમાં આપણી સાથે ચાલે છે અને દિલાસો, ઉત્તેજન અને શિક્ષણ આપે છે. આપણે જે બની શકીએ છીએ તે બનવા માટે પવિત્ર આત્મા આપણને શિક્ષણ આપે છે. જ્યારે આપણે ભૂલો કરીએ છીએ ત્યારે તે આપણને દોષિત ઠરાવતા નથી, પણ આપણને આગળ વધવા ઉત્તેજન આપે છે.

ઉત્તેજનના અભાવે નિરાશા, હતાશા, નિષ્ફળતા અને છૂટાછેડા જેવી બાબતો કારણરૂપ બને છે અને તે લોકોને તેમના જીવનમાં તેમની ક્ષમતા સુધી પહોંચતા રોકે છે. આપણ દરેકને ઉત્તેજનની જરૂર છે અને ફરી એક વાર હું એક બાબત કહેવા માગું છું કે આપણા સમાજમાં પ્રેમની ક્રાંતિ લાવવા માટે સામાન્ય ઉત્તેજન એ પ્રાથમિક માર્ગ સમાન બની રહે છે.

હકારાત્મકતા પર ખાસ ભાર આપવો

પ્રભુએ મને મારા પતિને હું પ્રેમ કરી શકું એ માટેનો એક માર્ગ બતાવ્યો અને એ તો એ છે કે હું તેમની ભૂલોને કહ્યા કરું નહિ - એવી ભૂલો કે બાબતો કે તેમના ઓરડાની લાઈટ બંધ ન કરવી, અથવા ટૉઈલેટ પેપર બદલવા નહિ વગેરે., કદાચ મેં તેમને જે કહ્યું હતું એ કરવાનું તે ભૂલી ગયા છે - જેમ કે મારી બ્રીફકેસને ઉપર મારી ઑફિસમાં લઈ જવી, જેથી બીજી સવારે હું કૉફી લઈને સમતુલા જાળવતી તેને લઈ જઈ શકું નહિ. હજારો નાની નાની બાબતો એવી છે જે આપણે કરીએ છીએ અને જેનાથી એકબીજાને ખીજવીએ છીએ, પરંતુ આપણે તે બધું જતું કરવાની પસંદગી કરી શકીએ અને એ યાદ રાખીએ કે આપણે સર્વ ભૂલો કરીએ છીએ અને કદાચ લોકો તે આપણને યાદ કરાવ્યા કરે તે આપણને ગમતું નથી.

જો તમે ખરેખર કોઈ બાબતને જવા દેવા કે છોડી દેવા માગો છો, તો દરેક રીતે તે પ્રમાણે કરો, પણ મોટા ભાગના સંબંધો જે તૂટી જાય છે, કેમ કે કોઈ વ્યક્તિ એક નાની ભૂલને મોટું સ્વરૂપ આપી દે છે, જે કદાચ ખૂબ અગત્યની હોતી નથી. લોકોએ જે વ્યવસ્થિત રીતે કર્યું નથી તેની તેમને સતત યાદ અપાવ્યા કરવાથી લોકો નિરાશ અને હતાશ થઈ જાય છે. મેં

ઘણાં બધાં વર્ષો એવી બાબતો જેની મને ખીજ ચડે તેને "કહેવામાં" ગાળ્યા છે અને એવી આશા હું રાખતી કે લોકો તેમ કરવાનું બંધ કરશે, પણ મને ખ્યાલ આવ્યો કે મારી આવી રજૂઆતો તેમને દબાણ અને હતાશાનો અનુભવ કરાવતી. મેં પ્રાર્થના અને હકારાત્મક્તા પર ખાસ ભાર આપવાની શોધ કરી છે જે ખૂબ જ અસરકારક છે.

જ્યારે આપણે લોકોની તાકાત વિષે મોટી બાબતો કહીએ છીએ અને તેમણે જે સારું કર્યું છે, તેના વિષે સારી બાબતો કહીએ છીએ, ત્યારે તેમને તેમની નબળાઈઓ અને ભૂલો પર વિજય પ્રાપ્ત કરવામાં મદદ મળે છે. મારી શરૂઆતની એ શોધખોળ જેમાં મારે જે કંઈ બાબત મને ખીજવે છે તેને જવા દેવાની અને વારંવાર તેની રજૂઆત ન કરવાનો નિર્ણય કર્યો ત્યારે તે મારા માટે ખૂબ જ મોટો પડકાર હતો, તેનાથી મને આશ્ચર્ય થયું. હવે હું એ સ્થાન પર આવી છું જ્યાં હું સમજી શકું છું કે નાની બાબતો માટે મારા ખીજાવાથી મોટી સમસ્યાઓ સર્જાઈ શકે છે. શા માટે ઓરડાની લાઈટ ચાલુ રહી જાય તો મને ખીજ ચડે છે? શું હું ક્યારેય લાઈટ ચાલુ રાખું છું? હા, ચોક્કસ, હું પણ એવું કરું છું.

મેં હમણાં જ જે પલંગ વ્યવસ્થિત કર્યો હતો તેના પર બેસીને તેને વ્યવસ્થિત કર્યા વગર બહાર જતા રહેવાને લીધે ડેવને કહ્યું. તેમણે મારી સામે જોયું અને આશ્ચર્યસહિત મને ધ્યાન કરાવ્યું કે તે પલંગ પર બેસનાર ડેવ નહિ, પણ હું હતી, આશ્ચર્ય! હું ડેવ માટે એટલી ચોક્કસ હતી કે હું સંપૂર્ણપણે ભૂલી ગઈ કે હું દોષિત હતી. આ ઉદાહરણ આપણને બતાવે છે કે કેવી રીતે ભૂલો શોધનાર આત્મા આપણને આપણી ભૂલો વિષે આંધળા કરી નાખે છે, જેથી આપણે બીજાઓની જ ભૂલો જોઈ શકીએ.

લોકોમાં હકારાત્મકતા પર ભાર આપવા દ્વારા પ્રેમ દર્શાવો. વિચિત્ર રીતે, આપણે તેઓ જે નકારાત્મક બાબતો કરે છે તેને શોધવાનો પ્રયત્ન કરવાનો નથી. તે જાણે લાલબત્તી સમાન બની જાય છે. પણ આપણે હેતુસહિત હકારાત્મક બાબતો જોવાની છે - અથવા આપણે નવી બાબતોની ટેવ પાડીએ ત્યાં સુધી તેમ કરવાનું છે.

જેમ મેં અગાઉ સૂચવ્યું તે પ્રમાણે દરેક દિવસની શરૂઆત ત્રણ વ્યક્તિઓને ઉત્તેજન કે શુભેચ્છા આપવાના હેતુસહિત કરો. દિવસના અંતે તમારી જાતને પૂછો કે તેઓ કોણ હતા. જો ત્રણની સંખ્યા સામાન્ય બની જાય, તો તેને છ કે દસ સુધી વધારો અને પછી દરરોજના જીવનમાં દરેકને ઉત્તેજન આપવાનું સાહજિક અને સામાન્ય બની જશે.

તમારી શુભેચ્છા મોટી જ હોય એવું નથી. નાની બાબતો જેમ કે, "આ રંગ તમને સારો લાગે છે", "તમારા વાળ આ રીતે સારા લાગે છે", "તમારું ખમીસ સારું છે", "તમે મને સુરક્ષિત અનુભવ કરાવો છો", "તમે ખૂબ કામ કરો છો", "હું તમારી કદર કરું છું", અથવા "હું આનંદિત છું કે તમે મારા મિત્ર છો." આ બધું ખૂબ અસરકારક અને અર્થસભર બની રહેશે. જેમ તમે હકારાત્મકતા પર ભાર આપતા જશો, તેમ તેમ તમને આનંદનો અનુભવ થશે. તો તમે ફક્ત આપો છો એમ નહિ, પણ તમે એ જ સમયે લાભ પણ પ્રાપ્ત કરો છો.

પ્રેમના ક્રાંતિકારી

જ્હોન સી. મેક્સવેલ

ઉત્તેજન સઘળું બદલી નાખે છે.

ઉત્તેજન આશ્ચર્ય પમાડે તેવું હોય છે. તેની અસર ચમત્કારિક હોય છે. શિક્ષકનાં ઉત્તેજન આપનાર શબ્દો બાળકનું જીવન બદલી શકે છે. પતિ કે પત્નીના ઉત્તેજનના શબ્દો લગ્નજીવનને બચાવી શકે છે. આગેવાનના ઉત્તેજનાત્મક શબ્દો કોઈ વ્યક્તિને તેની ક્ષમતા સુધી પહોંચવા માટે પ્રેરણા આપે છે. જેમ ઝીગ ઝીગ્લર કહે છે તેમ "તમે ક્યારેય નથી જાણતા કે એક ક્ષણ અને થોડા યથાર્થ શબ્દો જીવન પર અસર પાડી શકે છે." લોકોને ઉત્તેજન આપવું એટલે તેઓ કદાચ ન પ્રાપ્ત કરી શકે એવી હિંમત પ્રાપ્ત કરવા મદદ કરવી - દિવસનો સામનો કરવાની હિંમત, જે યથાર્થ છે તે કરવાની હિંમત, જોખમ ઉઠાવવાની હિંમત, અલગ કરી દેખાડવાની હિંમત અને ઉત્તેજન આપનારું હૃદય વ્યક્તિના મૂલ્યને વધારવાની વાત કરે છે. જ્યારે લોકોને આપણે મૂલ્યવાન હોવાનો અનુભવ કરાવીએ છીએ, યોગ્ય, સક્ષમ હોવાનો અનુભવ કરાવીએ છીએ અને હેતુ પ્રદાન કરીએ છીએ ત્યારે ઘણીવાર આપણે હંમેશ માટે તેમનાં જીવન બદલાતાં જોઈએ છીએ અને કેટલીકવાર તેમને જગતને બદલતાં પણ જોઈએ છીએ.

જો તમે માતા કે પિતા છો, તો તમારી તમારા કુટુંબને ઉત્તેજન આપવાની ફરજ છે. જો તમે કોઈ સંસ્થાના આગેવાન છો, તો તમે ઉત્તેજન આપીને તમારા જૂથની અસરકારકતાને વધારી શકો છો. એક મિત્ર તરીકે તમને કોઈ એવા વ્યક્તિને ઉત્તેજનના શબ્દો કહેવાનો લહાવો મળે છે. જેનાથી તે ખરાબ સમયમાં ધીરજ પ્રાપ્ત કરી શકે. ખ્રિસ્તી તરીકે તમારી પાસે બીજાઓને પ્રેમ કરીને અને તેમને ઉત્તેજનના શબ્દો દ્વારા ઊંચા ઉઠાવીને ઈસુને પ્રકટ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થઈ શકે છે.

ક્લબમાં જોડાઓ

ક્યારેય ઉત્તેજનના સામર્થ્યને ઓછું આંકશો નહિ. ૧૯૨૦ માં સર્જન, નિષ્ણાત ડૉકટર અને માનસશાસ્ત્રી જ્યોર્જ ડબલ્યુ. ક્રેને સામાજિક મનોવિજ્ઞાન વિષે નોર્થ-વેસ્ટર્ન યુનિવર્સીટી, શિકાગોમાં શીખવવાનું શરૂ કર્યું, તેઓ શિક્ષણ આપવા માટે જો કે નવા હતા, પરંતુ તેઓ માનવ સ્વભાવના હોશિયાર વિદ્યાર્થી હતા અને તે તેમનાં વિદ્યાર્થીઓ માટેના મનોવિજ્ઞાનના શિક્ષણને દઢપણે વ્યવહારું બનાવવાનું ઈચ્છતા હતા.

તેઓ જે વર્ગમાં શીખવતા હતા તેમાંના એક સાંજના વર્ગમાં સામાન્ય વિદ્યાર્થીઓની ઉંમર કરતાં મોટી ઉંમરના વિદ્યાર્થીઓ હતા. જુવાન પુરુષો અને સ્ત્રીઓ અલગ અલગ

વિભાગ ધરાવતા સ્ટોર્સમાં, ઑફિસોમાં અને શિકાગોની ફેક્ટરીઓમાં દિવસે કામ કરતા અને રાત્રે વર્ગોમાં ભાગ લઈને પોતાને વધારવાનો પ્રયત્ન કરતા.

એક સાંજે એક સ્ત્રી, જેનું નામ લૉઈસ હતું અને જે વિસ્કાન્સીનમાંના એક નાના શહેરમાંથી મુલકી સેવાકીય નોકરી અર્થે શિકાગો આવી હતી, તેણે પોતાની એક ખાનગી વાત કહી કે તેને એકલી મૂકી દેવાઈ છે એવો અને એકલતાનો અનુભવ થાય છે.

''હું ઑફિસની થોડી છોકરીઓ સિવાય બીજા કોઈને જાણતી નથી'', એવું તેણે રડતાં રડતાં કહ્યું. ''રાત્રે હું મારા કક્ષમાં જઈને ઘરે પત્રો લખું છું. એક જ બાબત મને જીવંત રાખે છે, એ તો દરરોજ એક આશામાં જીવું છું કે હું વિસ્કાન્સીનમાંથી મારા મિત્રો પાસેથી પત્રો પ્રાપ્ત કરું.''

લૉઈસની સમસ્યાને લીધે ક્રેને એક શુભેચ્છા ક્લબ બનાવી, અને તેના વિષે તે પછીના અઠવાડિયામાં તેમણે તેમના વર્ગમાં જાહેરાત કરી. એ તો તેમણે તેમના વિદ્યાર્થીઓને આપેલાં પ્રથમ કેટલાંક ખાસ કાર્યો હતા.

''તમારે દરરોજ તમારા મનોવિજ્ઞાનનો ઘરે કે કાર્યક્ષેત્રના સ્થળે અથવા રસ્તા પરની કાર કે બસોમાં ઉપયોગ કરવો.'' ક્રેને તેમને કહ્યું. ''પ્રથમ મહિના માટે તમારું લેખિત ખાસ કાર્યનું અર્પણપત્ર શુભેચ્છા ક્લબ હશે. દરરોજ તમારે ત્રણ અલગ વ્યક્તિઓને પ્રામાણિક શુભેચ્છા પાઠવવી. જો તમે ઈચ્છો તો તમે તે સંખ્યાને વધારી શકો, પરંતુ વર્ગની ચોક્કસ કક્ષા માટે લાયક ઠરવા માટે તમારે ઓછામાં ઓછા ત્રણ વ્યક્તિઓને ત્રીસ દિવસ સુધી દરરોજ શુભેચ્છા પાઠવવાની જ છે. ત્યારપછી ત્રીસ દિવસના આ પ્રયોગ પછી અંતે હું ઈચ્છું છું કે તમે એક કાગળ પર તમારો અનુભવ લખો.'' તેમણે ઉમેર્યું કે, ''તમારી આસપાસનાં લોકોમાં આવેલા બદલાવનો તથા તમારા પોતાના જીવનમાં આવેલા બદલાવનો તેમાં સમાવેશ કરો.''

ક્રેનના કેટલાક વિદ્યાર્થીઓએ આ કાર્યનો વિરોધ કર્યો. કેટલાકે ફરિયાદ કરી કે, શું કહેવું એ તેઓ જાણતા નથી. બીજાઓને નકારાત્મક પ્રતિસાદ સાંપડવાની બીક હતી અને બીજા ક્ટલાકે વિચાર્યું કે જો કોઈને ન ગમે તો તે શુભેચ્છા અપ્રામાણિક હશે. એક માણસે પૂછ્યું, ''કદાચ તમે એવા વ્યક્તિને મળો, જેને તમે પસંદ કરતા નથી.'' ''શું તમારા શત્રુના વખાણ કરવા પ્રમાણિક હશે?''

ક્રેને કહ્યું કે, ''ના, તમારા શત્રુને શુભેચ્છા આપવી અપ્રમાણિક નહીં હોય, કેમ કે તેઓ જે બાબત માટે યોગ્યતા ધરાવે છે અને સદ્‌ગુણપાત્ર છે, તેમના માટે કોઈ વિધાન કરવું એ પ્રામાણિક શુભેચ્છા હશે. તમને ખ્યાલ આવશે કે કોઈપણ વ્યક્તિ સદ્‌ગુણ વગરનો નથી.''

તમારા વખાણ કરવાથી એકલા વ્યક્તિઓ જેઓ ખૂબ મહેનત કરવી છોડી દેવા માટે તૈયાર જ હશે, તેમનામાં સારા કાર્યો કરવા માટે આત્મશ્રધ્ધા અને આત્મસંયમ વધશે. તમે ક્યારેય એ જાણતા નથી કે તમારી સામાન્ય શુભેચ્છા પાઠવવાથી તમે કદાચ એવા કોઈ

છોકરા કે છોકરી અથવા પુરુષ કે સ્ત્રીને જ્યારે તે વિપરીત સંજોગોમાં હશે ત્યારે નાસીપાસ થતાં બચાવશે.

ક્રેનના વિદ્યાર્થીઓએ શોધી કાઢ્યું કે તેમની નિખાલસ શુભેચ્છા દ્વારા તેમની આજુબાજુના લોકો પર હકારાત્મક અસર પડી હતી, અને આ અનુભવે વિદ્યાર્થીઓ ઉપર પણ મોટી અસર કરી હતી. લૉઈસ વાસ્તવિક લોકો જેવી ખીલી ઊઠી અને જ્યારે તે ઓરડામાં પ્રવેશતી ત્યારે તેને પ્રકાશિત કરી દેતી. બીજી એક વિદ્યાર્થીની જે લીગલ સેક્રેટરી તરીકેની તેની નોકરી છોડવા માટે તૈયાર થઈ ગઈ હતી, કેમ કે ખાસ તો એક મુશ્કેલી કે સાહેબ તેને શુભેચ્છા આપવા લાગ્યા. જો કે, તે શરૂઆતમાં દાંત કચકચાવીને શુભેચ્છા આપવાની શરૂઆત કરી ચૂકી હતી. તેના સાહેબની તેણી પ્રત્યેની ચોક્કસતા જ બદલાઈ હતી એટલું જ નહિ, પણ તેણીનો તેના સાહેબ પ્રત્યેનો સંતાપ વધી ગયો હતો. તેઓ એકબીજાને એટલા પસંદ કરવા લાગ્યા કે અંતે બંને પરણી ગયા.

જ્યોર્જ ક્રેનની શુભેચ્છા ક્લબ કદાચ આજે આપણને વિચિત્ર લાગે. પરંતુ તેની પાછળના સિધ્ધાંતો ૧૯૨૦ માં જેટલા યોગ્ય હતા, એટલાં જ આજે પણ છે. હું જેને ઊંચે લઈ જવાનો સિધ્ધાંત કહું છું, તેને ક્રેન શીખવી રહ્યા હતા : આપણે આપણાં સંબંધોમાં લોકોને ઊંચે ઉઠાવી શકીએ અને નીચે પણ પાડી શકીએ. તેઓ તેમનાં વિદ્યાર્થીઓને પૂર્વકાર્યશીલ બનવાનું શીખવવાનો પ્રયત્ન કરતા હતા. ક્રેને કહ્યું કે, ‘‘જગત તેમની કોઈ કદર કરે માટે રાહ જોઈ રહ્યું છે. તે શુભેચ્છા માટે ભૂખ્યું છે. પરંતુ કોઈને બોલ ફેંકવાની શરૂઆત કરવી જોઈએ, એટલે કે તેનાં સાથીને માટે સારી બાબત બોલવાની શરૂઆત કરવી જોઈએ.’’ તેઓ બેન્જામીન ફ્રેન્કલીનના મનોભાવને વળગી રહ્યા હતા, જે માનતા હતા કે, ‘‘જેમ આપણે દરેક અયોગ્ય શબ્દનો હિસાબ આપવાનો જ છે - તેમ આપણે દરેક અયોગ્ય રીતે ચૂપ રહેવાનો પણ હિસાબ આપવાનો છે.’’

પાંચ એવી બાબતો જે દરેક ઉત્તેજન આપનારે લોકો વિષે જાણવાની જરૂર છે.

તમારી આસપાસના લોકોનાં જીવનોને અસર કરવા તમારી પાસે અદ્દ્ભુત સામર્થ્ય છે. કોઈના દિવસ, અઠવાડિયા કે જીવનમાં તમારા દ્વારા આપેલું ઉત્તેજન બદલાણ લાવનારું હોઈ શકે, અને તે વ્યક્તિને સંપૂર્ણ નવી દિશા આપી શકે.

જો તમે લોકોને કઈ બાબત ઉત્તેજન આપે છે એ જાણતા નથી, તો તેમને ઉત્તેજન આપવું મુશ્કેલ બની જાય છે. તેથી લોકોનાં વિદ્યાર્થી બનો અને તેમને કઈ બાબત કાર્યરત કરે છે તે શીખો. એ જાણો કે કઈ બાબત તેમને ઊંચે ઉઠાવે છે. શરૂઆત કરવા માટે હું જે પાંચ બાબતો જાણું છું એ બાબતો દ્વારા શરૂઆત કરો.

૧. દરેકને કંઈક બનવું છે.

દરેક વ્યક્તિને સ્વીકૃતિની જરૂર છે. દરેક ઈચ્છે છે કે તેમને કોઈ પ્રેમ કરે. દરેક ઈચ્છે છે કે તેમના વિષે કોઈ વિચારે. દરેકને કંઈક બનવું છે. નાના બાળકથી માંડીને મોટામાં મોટા વ્યક્તિ માટેનું આ સત્ય છે.

કેવી રીતે તમે બીજા વ્યક્તિઓને એવો અનુભવ કરાવી શકો કે તેઓ કંઈક છે? તેમને "૧૦" જેવાં જોઈને. હું માનું છું કે મોટા ભાગના લોકો આપણી તેમના પ્રત્યેની અપેક્ષાઓનો પ્રતિભાવ આપે છે. જો તમે તેમના વિષે સારામાં સારું વિચારો છો, તો તે તમને સારામાં સારો પ્રતિભાવ આપશે. જો તમે લોકોની સાથે "૧૦" જેવો વ્યવહાર કરશો, તો તેઓ "૧૦" જેવો ઉત્તર આપશે. જો તમે કોઈની સાથે "૨" જેવો વ્યવહાર કરશો, તો તે "૨" જેવો પ્રતિભાવ આપશે. લોકોને સ્વીકૃતિ અને હકારની જરૂર છે. આ એક ઊંડી માનવીય ઈચ્છા છે અને આપણે લોકોમાં કેવો વિશ્વાસ કરીએ છીએ તે બતાવીને તેમને મોટાં બનવા મદદ કરી શકીએ છીએ.

૨. જ્યાં સુધી તમે કેટલી કાળજી રાખો છો એ નહિ જાણો ત્યાં સુધી લોકો તમે કેટલી કાળજી રાખો છો તે જાણશે નહિ.

લોકો એ જાણવા માગતા નથી કે, આપણે કેટલા ચતુર છીએ. તેઓ જાણવા માગતા નથી કે આપણે કેટલા આત્મિક છીએ. તેઓ જાણવા માગતા નથી કે આપણી પાસે કેટલી સંપત્તિ છે. તેઓ એક જ બાબત જાણવા માગે છે કે આપણે તેમની કેટલી કાળજી રાખીએ છીએ. આપણે બીજાઓને આપણાં જીવનો દ્વારા દેવનો પ્રેમ બતાવવાની જરૂર છે.

હું આ બાબત મારા બીજા વર્ગના સાબ્બાથશાળા શિક્ષક કેટી હચીસન પાસેથી શીખ્યો. તે ખૂબ આશ્ચર્યજનક હતા. તે મને પ્રેમ કરતા હતા અને હું તે જાણતો હતો. જ્યારે હું બિમાર હોઉં અને પ્રભુમંદિરમાં ન જઈ શકું, તો તે અઠવાડિયે તે મારા ઘરે આવીને મારી મુલાકાત લેતા.

તે કહેતા "ઓહ, જ્હોની, ગયા રવિવારે મને પ્રભુમંદિરમાં તારી ગેરહાજરીનું દુઃખ થયું. હું જાણવા માગતી હતી કે તું કેમ છે." તે મને પાંચ પૈસાનો સિક્કો આપતા અને તે મારા માટે લાખો ડૉલર જેવું લાગતું અને તે કહેતા, "હું આશા રાખું છું કે તું આવતા રવિવારે સાબ્બાથશાળામાં આવીશ, કેમ કે અમને બધાને તારી ગેરહાજરીનો રંજ હતો. અને જ્યારે તું વર્ગમાં આવે ત્યારે હું તને ચોક્કસપણે જોવા માગું છું, તેથી જ્યારે હું શીખવવા માટે ઉભી થાઉં, ત્યારે શું તું તારો હાથ ઊંચો કરીને મારી તરફ હલાવીશ? (તેમના વર્ગમાં લગભગ પચાસ બાળકો હતા!) ત્યારે હું તને જોઈશ અને સ્મિત કરીશ અને મને સારું લાગશે અને હું સારું શીખવીશ."

જ્યારે રવિવાર આવતો ત્યારે હું મને સારું હોય કે ન હોય, પણ ત્યાં જતો. હું હાથ હલાવતો, તે સ્મિત કરતાં અને હકારમાં માથું ધુણાવીને શીખવતા. મને ખબર હતી કે તે મારી કેટલી કાળજી રાખે છે અને તેનાથી મને ખૂબ સારું લાગતું.

૩. ખ્રિસ્તના શરીરમાં કોઈપણ વ્યક્તિ દરેક વ્યક્તિને માટે છે.

ખ્રિસ્તીઓ તરીકે ઘણા બધા લોકો તેમની જાતે જ કંઈ કાર્ય કરવા માગે છે અને તેઓ બીજાઓ માટે અલગ બને છે અને તેમના માટે એવી અપેક્ષા રાખે છે કે તેઓ પણ તેમની જાતે કામ કરે. પરંતુ ખ્રિસ્તનું શરીર આ રીતે કામ કરતું નથી.

જ્યારે ખ્રિસ્તી વ્યક્તિ એકલા એકલા જાતે જ કામ કરવાનો પ્રયત્ન કરે છે, તો તે મેં એક વખત એક કડીયા વિષેની વાર્તા સાંભળી હતી તેના જેવું છે. તેણે લગભગ ૫૦૦૦ ઈંટોને ચાર માળની ઈમારતના ધાબા પરથી નીચે લાવવાની હતી. ઈન્શ્યોરન્સના દાવાના ફોર્મમાંથી તેણે કહેલા કેટલાક શબ્દો નીચે પ્રમાણે છે :

હાથથી આટલી બધી ઈંટો નીચે લાવવામાં ઘણો સમય લાગ્યો હોત, તેથી મેં તેને લાકડાના એક પીપમાં મૂકી અને ઈમારતની ટોચ પર બાંધેલી એક ગરગડી દ્વારા તેને નીચે ઉતાર્યું. દોરડાને નીચે જમીન પર બરાબર બાંધ્યા પછી હું ઈમારતની ટોચ પર ગયો, દોરડાને પેલા પીપની સાથે બરાબર બાધ્યું, તે પીપમાં ઈંટો ભરી અને તેને ઢોળાવ તરફ ફંગોળ્યું.

પછી હું નીચે ગયો અને દોરડું છોડ્યું અને ધીમે ધીમે સંભાળપૂર્વક પીપને નીચે આવે તેમ દોરી છોડવા લાગ્યો. પણ હું ૧૪૦ પાઉન્ડનો છું તેથી પાંચસો પાઉન્ડના વજનને લીધે હું દોરડા સાથે ઊંચકાયો, મારી પાસે વિચાર કરવાનો સમય પણ નહોતો.

જ્યારે હું બીજા અને ત્રીજા માળેથી ઉપર ઊંચકાતો હતો ત્યારે મેં પીપને નીચે આવતાં જોયું. આ સમયે મારા શરીરના ઉપરના ભાગે ઉઝરડા પડ્યા અને શરીર છોલાયું.

હું જ્યાં સુધી ટોચ પર પહોંચ્યું નહિ ત્યાં સુધી મેં દોરડું મજબૂતાઈથી પકડી રાખ્યું અને ત્યાં ટોચ પર મારો હાથ ગરગડીમાં ફસાઈ ગયો. તેના લીધે મારો અંગૂઠો તૂટી ગયો.

એ જ વખતે પેલું પીપ નીચે પટકાયું અને ફાટી ગયું અને ઈંટો વેરાઈ ગઈ. હવે ઈંટો નહોતી અને પીપનું વજન લગભગ ૪૦ પાઉન્ડનું હશે તેથી મારું ૧૪૦ પાઉન્ડનું શરીર નીચે આવવા લાગ્યું. મેં ખાલી પીપને ઉપર આવતા જોયું, ત્યારે મારી ઘૂંટી તૂટી ગઈ.

હું નીચે આવતો હતો ત્યારે ઈંટોના ઢગલા પર પટકાયો. તેનાથી મારું શરીર મરડાઈ ગયું હતું અને મારી હાંસડી ભાંગી ગઈ. આ સમયે હું મારા મગજ પરનો કાબૂ સંપૂર્ણ રીતે ગુમાવી ચૂક્યો હતો અને મેં દોરડું છોડી દીધું અને પેલું ખાલી પીપ મારી પર જોસભેર પડ્યું. તેના લીધે મને માથમાં ઈજાઓ થઈ.

અને તમારા ઈન્શ્યોરન્સના ફોર્મનો છેલ્લો પ્રશ્ન છે - જો આવી પરિસ્થિતિ ફરી ઉદ્‌ભવશે તો તમે શું કરશો? મહેરબાની કરીને મારી એ સલાહ છે કે બધું મારી જાતે કરવાના પ્રયત્નને લીધે હું તૂટી ગયો છું.

આત્મિક રીતે જોઈએ તો, જ્યારે લોકો ખ્રિસ્તના શરીરથી વિખૂટા પડે છે ત્યારે પણ આવું જ થાય છે. દેવે આપણને એકલા જવા માટે કે એકલા જ કાર્ય કરવા માટે તેડ્યા નથી. આપણે એકબીજાને ઉત્તેજન આપવાનું છે અને મદદ કરવાની છે. ભાઈઓ અને બહેનો તરીકે, આપણે સાથે મુસાફરી કરવાની છે.

૪. કોઈ વ્યક્તિ બીજા કોઈને ઉત્તેજન આપે છે, તો તે ઘણાં શરીરો પર પ્રભાવ પાડે છે.

મારા જીવનમાં ઘણાં લોકોએ મને મદદ કરી છે. અત્યારે હું એકસઠ વર્ષની ઉંમરે જ્યારે ભૂતકાળ તરફ દૃષ્ટિ કરું છું ત્યારે મને આશ્ચર્ય થાય છે કે બીજાઓ કેટલા ઉદાર અને માયાળુ થઈ શકે છે.

એક વ્યક્તિ જેણે આવું કર્યું એ તો જ્યારે હું સાબ્બાથશાળાના સાતમા વર્ગમાં હતો, ત્યારે મારા શિક્ષક હતા અને તેમનું નામ ગ્લેન લેધરવુડ હતું. અમે એક જૂથમાં હતા ત્યાં અમે હમેશાં મસ્તી કરતા, જમીન પર ઘસડાતા, વાતો કરતા, ઝઘડતા અને આવું ઘણું કરતા, પણ ગ્લેનને સાંભળતા. અમે તેમને એટલા માટે સાંભળતા હતા, કેમ કે તે અમને પ્રેમ કરતા અને ઉત્તેજન આપતા.

એક વખત તેમનો અવાજ તૂટતો હોય એમ લાગ્યું અને દરેક બાળક ગ્લેનની સામે જોવા લાગ્યું અને તેમણે અમારી સામે જોયું અને, આંસુ વહેવા લાગ્યા.

વર્ગ પૂરો થયા બાદ, તેમણે કહ્યું, "હું સ્ટીવ બેન્નર, ફીલ કોન્રાડ, જુનિયર ફોલર અને જ્હોન મેક્સવેલને થોડો સમય મળવા માગું છું. મારે તમને કંઈ જોરદાર વાત કહેવી છે."

વર્ગ પૂરો થયા બાદ અમે મળ્યા, તેમણે કહ્યું, "દરેક શનિવારે રાત્રે હું મારા સાતમા વર્ગના દરેક છોકરાને માટે પ્રાર્થના કરું છું. ગઈકાલે રાત્રે મને લાગ્યું કે દેવે મને કહ્યું કે તમે ચાર છોકરાંઓ સેવા માટે તેડવામાં આવેલા છો, અને તમને આ વાત કહેનાર પ્રથમ વ્યક્તિ હું બનવા માગતો હતો. હું એ પ્રથમ વ્યક્તિ બનવા માગું છું, જે તમારા માથા પર હાથ મૂકીને પ્રાર્થના કરે."

ગ્લેને અમારા માથા પર હાથ મૂક્યા અને જેના વિષે હું હમેશાં વિચારતો હતો એવી સેવા માટેની કાયદેસરની દીક્ષા આપી. અને તે સાચા હતા. અમે ચારેય સેવામાં આવ્યા અને પાળકો બન્યા.

ઘણાં વર્ષો પછી હું ગ્લેનની મુલાકાતે ગયો અને મેં તેમને પૂછ્યું કે સાબ્બાથશાળાના તેમના વર્ગમાંથી કેટલા લોકો સેવામાં છે? તેમણે કહ્યું કે તે બધા માટે ચોક્કસ નથી, પણ ત્રીસ તો ચોક્કસપણે સેવામાં છે જ.

મને એમ થાય છે કે કેટલા બધા પ્રભુમંદિરોને તેમણે તેમના સાતમા વર્ગના બાળકોને દરેક વર્ષે જે પ્રેમ અને ઉત્તેજન આપ્યું તેનાથી ફાયદો થયો હશે. તેમનાં ઉત્તેજનાત્મક શબ્દોએ કેટલાં બધાં જીવનોને અસર કરી હશે? હું કદાચ સ્વર્ગે ન જાઉં ત્યાં સુધી તે જાણી શકવાનો નથી. પણ હું તમને એક વાત કહી શકું છું : જે કોઈ બીજા કોઈને ઉત્તેજન આપે છે, તે ઘણાં બધાં શરીરોને પ્રભાવિત કરે છે.

૫. દેવ સર્વને પ્રેમ કરે છે.

ઘણાં ખ્રિસ્તીઓ એટલાં સંકુચિત અને પસંદગી કરતાં થઈ જાય છે કે કોને તેઓ મદદ કરશે અને ઉત્તેજન આપશે. તેઓ તેમનાં જેવાં લોકોને જુએ છે. કેટલાક લોકો એમ પણ માને છે કે તેમણે ફક્ત એવા લોકોને જ મદદ કરવી જોઈએ, જેઓ તેમના જેવું જ વિચારે છે અને માને છે. આવી રીતે થવું જોઈએ નહિ. ઈસુએ આ રીતે કાર્ય કર્યું નહોતું.

વર્ષો પહેલાં મેં એક બાબત વાંચી, જેમાં એક વ્યક્તિ ખાડામાં પડી ગયો હતો અને બહાર આવી શકતો નહોતો - અને બીજાઓએ તેની સાથે કેવો વ્યવહાર કર્યો, તેના વિષેની વાત હતી.

એક હેતુલક્ષી વ્યક્તિએ ત્યાં આવીને કહ્યું, ‘‘હું જોઉં છું કે તું ત્યાં નીચે પડી ગયો છે.’’

એક વસ્તુલક્ષી અને વિરોધ કરનાર વ્યક્તિએ કહ્યું, ‘‘વારૂ, કોઈ ત્યાં પડી જાય એ તાર્કિક છે.’’

એક ફરોશીએ કહ્યું, ‘‘ફક્ત ખરાબ લોકો જ ખાડાઓમાં પડે છે.’’

એક ગણિતશાસ્ત્રીએ ગણતરી કરી કે કેવી રીતે તે વ્યક્તિ ખાડામાં પડી ગયો હશે.

સમાચારપત્રના પત્રકારને ખાડામાં પડેલા વ્યક્તિની મસાલેદાર ખબર બનાવવી હતી.

એક સિધ્ધાંતવાદીએ કહ્યું કે, ‘‘તું ખાડામાં જ હોવો જોઈએ.’’

એક કેલ્વીન વિચારધારામાં માનનારે કહ્યું કે, ‘‘જો તું તારણ પામ્યો હોત, તો તું ક્યારેય એ ખાડામાં પડ્યો ન હોત.’’

એક આર્મેનીયન વિચારધારામાં માનનારે કહ્યું કે, ‘‘તું તારણ પામ્યો છતાં તે ખાડામાં પડ્યો.’’

એક કેરસ્મેટીક વિચારધારા ધરાવનારે કહ્યું, ‘‘ફક્ત વિશ્વાસ કર કે તું ખાડામાં નથી.’’

એક વાસ્તવિકવાદ વાળા વ્યક્તિએ પૂછ્યું, "હવે તું એ ખાડામાં છે."

એક ભૂસ્તરશાસ્ત્રીએ કહ્યું કે, "ખાડામાં જે ખડકનો ભાગ છે તેની કદર કર."

ઈન્કમટેક્ષવાળાએ કહ્યું કે, "તે આ ખાડામાં ટેક્સ ચૂકવશે?"

ઈન્સ્પેક્ટરે પૂછ્યું કે, "તેની પાસે ખાડો ખોદવાની અનુમતિ છે કે નહિ."

સ્વદયાવાળા એક વ્યક્તિએ પૂછ્યું કે, "જો તેં મારો ખાડો જોયો નથી, તો તેં કંઈ જોયું નથી."

એક હકારાત્મક વ્યક્તિએ પૂછ્યું, "આના કરતાં પણ ખરાબ થઈ શકત."

એક નકારાત્મક વ્યક્તિએ કહ્યું, "પરિસ્થિતિ વધારે ખરાબ થઈ જશે."

ઈસુએ આ વ્યક્તિને જોયો, ત્યાં ગયા અને તેને હાથ પકડીને તે ખાડામાંથી બહાર કાઢ્યો.

ઈસુ લોકોને માટે મરણ પામવા માટે આવ્યા હતા. તે લોકોના કાર્યો માટે હતા અને છે. અને મારે અને તમારે પણ એ જ કાર્ય કરવાનું છે. આપણે હમેશાં એ યાદ રાખવાનું છે કે દેવ સર્વને પ્રેમ કરે છે અને આપણે જેમ ઈસુએ બીજાઓ સાથે વ્યવહાર કર્યો તેવો વ્યવહાર કરવાનો છે. દેવે તમને જે બનવા સર્જ્યા છે, તે પ્રમાણે બનવાનું ઉત્તેજન આપવાનું છે.

હું માનું છું કે ઊંડે ઊંડે દરેક વ્યક્તિને ઉત્તેજન આપવાનું મન થાય છે અને જે કોઈ ઈસુને જાણે છે તેઓ વધારે ઈસુ જેવા બનવા માગે છે - ખૂબ જ નકારાત્મક વ્યક્તિ પણ એવી બનવા માગે છે. હું શા માટે આવું કહું છું? કેમ કે હું માનું છું કે આપણે સર્વ બીજાઓના જીવન પર હકારાત્મક અસરો પાડવા માગીએ છીએ. આપણે લોકોનું મૂલ્ય વધારવા માગીએ છીએ, તેમની પાસેથી લઈ લેવા માગતા નથી.

તેથી મહેરબાની કરીને મને તમને ઉત્તેજન આપનાર બનવાની અનુમતિ આપો. તમે બદલાવ લાવી શકો છો. તમે બીજાઓનું મૂલ્ય વધારી શકો છો. તમે ઈસુને સારી રીતે પ્રદર્શિત કરી શકો છો અને એક દિવસ શબ્દો સાંભળશો કે, "સાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર." દરેક વ્યક્તિ ઉત્તેજન આપનાર બની શકે છે. તમારે ધનવાન થવાની જરૂર નથી. તમારે ચતુર થવાની જરૂર નથી. તમારી પાસે અદ્ભુત બાબતો હોવાની જરૂર નથી અને તમારી પાસે આ સઘળું એકસાથે હોવાની જરૂર નથી. તમારે જરૂર છે લોકોની કાળજી લેવાની અને શરૂઆત કરવાની ઈચ્છાની. તમારે કંઈ મોટું કે અદ્ભુત કરવાનું નથી. તમે દરરોજ જે નાની નાની બાબતો કરો છો, તેમાં તમે કલ્પના પણ ન કરી શકો એવી અસર કરવાની ક્ષમતા તમારામાં રહેલી છે.

- કંઈ સારુ કરનાર કોઈને પકડો.
- કોઈને સારી પ્રમાણિક શુભેચ્છા આપો.
- જરૂરિયાતમંદને મદદ કરો.
- કોઈને રડવા માટે ખભ્ભો પૂરો પાડો.
- જે સફળતા પામે છે તેની સાથે ઉજવણી કરો.
- કોઈને આશા આપો.

તમે આવું કરી શકો છો. અત્યારે જ કામ કરો. મને જે ગમે છે તે વિધાનને હમેશાં મનમાં રાખો : ‘‘હું આ જગતમાંથી ફક્ત એકવાર પસાર થવાની આશા રાખું છું. તેથી હું કંઈપણ સારું કરી શકું, અથવા સાથી વ્યક્તિને કંઈ માયાળુપણું દર્શાવી શકું. મને અત્યારે જ આ કરવા દો. હું તેને અલગ ન કરું કે તેનો નકાર ન કરું, કેમ કે મારે ફરીવાર આ રસ્તા પરથી પસાર થવાનું નથી.’’



અધ્યાય

10

માયાળુપણાનાં અસરકારક કાર્યો

અને પ્રેમ રાખવાને તથા સારા કામ કરવા અરસપરસ ઉત્તેજન મળે
માટે આપણે એકબીજાનો વિચાર કરીએ.
હિબ્રૂ. ૧૦:૨૪

તમે ક્યારેય તમારા પતિ કે પત્નિ કુટુંબીજનો કે મિત્ર સાથે બેસીને બીજાઓને આશીર્વાદિત કઈ રીતે કરી શકાય એવી ચર્ચા કરી છે ? હું હિંમતથી કહી શકું કે તમારામાંથી મોટા ભાગનાએ એમ કર્યું નથી, એને મેં પણ ત્રણ વર્ષો પહેલા કર્યું તે પહેલાં ક્યારેય એમ કર્યું નહોતું, હવે જેમ મેં છઠ્ઠા અધ્યાયમાં જણાવ્યું તેમ મને આવી વાતો આનંદસભર અને ખૂબ મદદરૂપ હોય છે તેમ શોધી કાઢ્યું. આપણે બધા જ્યારે હેતુપૂર્વક બીજાઓને મદદ કરવાનું વિચારીએ છીએ અને તે વિષે વાતો કરીએ છીએ ત્યારે ખૂબ ઉત્તેજીત થઈએ છીએ. જો આપણે બીજાઓને મદદ કરી શકે એવી બાબતો હેતુપૂર્વક નહિ કરીએ, તો કોઈ પ્રેમની ક્રાંતિ આવશે નહિ. આપણી પાસે ધ્યેયો હોવા જ જોઈએ અને તેને પૂરા કરવા આગળ વધવું જ જોઈએ.

એકવાર જ્યારે મેં બીજાઓને પ્રેમ કરવાનો ઈરાદાપૂર્વક નિશ્ચય કર્યો ત્યારથી હું અલગ અલગ પ્રકારનો પ્રેમ બતાવવાની ભૂખનો અનુભવ કરૂં છું. પ્રેમ ફક્ત કોઈ શાબ્દિક બાબત કે વાત નથી; એ તો કાર્ય છે (જુઓ ૧ યોહાન ૩:૧૮). આપણે ચોક્કસપણે લોકોને પ્રેમાળ શબ્દોથી જે તેમને ઉત્તેજન આપે અને તેમને એવો અનુભવ કરાવે કે તેઓ કેટલા મૂલ્યવાન છે તેનાથી લોકોને જેમ મેં અગાઉના અધ્યાયમાં જણાવ્યું તેમ પ્રેમ કરી શકીએ, પરંતુ આપણે

આપણા સમયના સ્રોત, તાકાત, સંપત્તિ અને નાણાંકીય બાબતોનો લોકોને પ્રેમ કરવા માટે ઉપયોગ કરવો જોઈએ.

તમે કદાચ એ વાત સાથે સંમત થાઓ કે તમારી પાસે આપવા માટે કાંઈ નથી. કદાચ તમે દેવામાં હો અને તમારા બીલો ચૂકવવા માટે બનતા બધા જ પ્રયત્નો કરતા હો - અને બીજાઓને આપવાનો વિચાર તમને શેષ ઉપજાવે એવો હોય અથવા કદાચ તમને ઉદાસ કરે કેમકે તમારી પાસે આપવા માટે કઈ જ નથી, પરંતુ તમે કેવી રીતે કરી શકો, એ ન જોઈ શકતા હોય એવાં હજારો માર્ગો છે જેના દ્વારા તમે આપી શકો અને પ્રેમ કરી શકો. જો તમે અસરકારક રીતે તે શોધશો તો તમને મળશે.

જે પ્રમાણે બોલો છો એવું કરો

હું માનુ છું કે શું કરવું જોઈએ, તે લોકોને કહેવું અને તેને કેવી રીતે કરવું તેની કોઈ જ માહિતી ન આપો તો એ મોટી ભૂલ છે. ઘણાં લોકો પ્રેમ વિષે કહે છે, વાતો કરે છે, પણ ફક્ત પ્રેમ વિષે વાત કરવાથી લોકોને એને કેવી રીતે પ્રેમ પ્રદર્શિત કરવો, તેના વ્યવહારિક માર્ગો બતાવ્યા વગર તેમને કોઈ ચોક્કસ ખ્યાલ આવશે નહિ. મેં હમણાં જ એક પ્રેમના આખા પુસ્તક પર નજર ફેરવી, એ પુસ્તક તો ૨૧૦ પૃષ્ઠનું હતું અને ઈસુએ આપણને કેવી રીતે કહ્યું કે આપણે એક નવી આજ્ઞા પાળવાની છે, એ તો જેમ તેમણે આપણને પ્રેમ કર્યો તેમ આપણે એકબીજાને પ્રેમ કરવો જોઈએ અને તેનાથી જગત તેમને જાણશે (જુઓ યોહાન ૧૩:૩૪-૩૫). આ બાબત વિષેનું શિક્ષણ હતું, પરંતુ મને એકપણ વ્યવહારું ખ્યાલ કે સર્જનાત્મક વિચાર મળ્યો નહિ, જેથી તેને કેવી રીતે પ્રદર્શિત કરી શકાય. લેખકે વારંવાર એકબીજાને પ્રેમ કરવા વિશેના મુદ્દાઓ આપ્યા હતા અને તે ખૂબ જ મહત્વની બાબતો આપણે કરી શકીએ, પરંતુ હું પ્રામાણિકપણે કહી શકું છું કે તે પુસ્તકમાં જે પ્રેમ વિષેનું જ્ઞાન હતું તે મારામાં હતું, પરંતુ તેને કેવી રીતે કરવું એ બાબત વિષે તેમાં કોઈ ખ્યાલ નહોતો. હું માનું છું કે લોકો જે સારૂં છે તે કરવા માગે છે, પણ તેમને સાચી દિશામાં દોરનાર કોઈ વ્યક્તિની જરૂર છે.

ઈસુએ ફક્ત પ્રેમ વિષે વાત કરી, પરંતુ એ યાદ રાખો કે પ્રેરિતોના કૃત્યો ૧૦:૩૮ કહે છે કે તે ભલું કરતો તથા શેતાનથી જેઓ પીડાતા, તેઓ સર્વેને સાજાં કરતો ફર્યો. તેમનાં શિષ્યો દરરોજ તે લોકોને મદદ કરતાં, તેમનું સાંભળતા અને જેઓ તેમની જરૂરિયાતો લઈને તેમની પાસે આવતાં ત્યારે તેમને મદદ કરવા પોતાની યોજનાઓમાં લોકોને દરમિયાનગીરી કરવા દેતો. તેઓએ ઈસુને હમેશાં લોકોને મદદ કરવા નાણાં અલગ કરતાં જોયાં. તેમણે ઈસુને તરત માફ કરતાં અને નબળાંઓની સાથે ધીરજથી વર્તતા જોયા. તે માયાળુ, નમ્ર અને ઉત્તેજન આપનાર હતા અને ક્યારેય કોઈને મુકી દીધા નહિ. ઈસુએ ફક્ત લોકોને પ્રેમની વાત જ કરી નહિ, પરંતુ આસપાસના દરેકને કેવી રીતે પ્રેમ કરવો એ પણ શીખવ્યું. આપણાં શબ્દો અગત્યના છે પરંતુ શબ્દો કરતાં વધારે કાર્યોનું વજન પડે છે.

આપણાં શબ્દો અગત્યના છે પરંતુ
શબ્દો કરતાં વધારે કાર્યોનું વજન પડે છે.

આપણી મોટામાં મોટી સમસ્યા

ખ્રિસ્તીપણાની એક મોટી સમસ્યા એ છે કે આપણે લોકોને એમ કહેતાં સાંભળીએ છીએ કે આપણે શું કરવું જોઈએ - અને આપણે પણ લોકોને કહીએ છીએ કે શું કરવું જોઈએ - અને પછી આપણે પ્રભુમંદિરની ઈમારત કે બાઈબલ અભ્યાસના સ્થળની બહાર નીકળીએ છીએ અને કંઈ જ કરતા નથી. આપણે શું વિચારીએ છીએ અને જાણીએ છીએ તેનાથી કોઈ ફરક પડતો નથી. આપણે જાણીએ છીએ તેની સાબિતી તો આપણે જે કઈ કરીએ છીએ તે છે. ઈસુએ કહ્યું કે આપણે આપણાં ફળોથી ઓળખાઈશું (જુઓ માથ્થી ૧૨:૩૩), તેનો અર્થ એ છે કે આપણે આપણાં જીવનો કે વલણો દ્વારા જે ઉપજાવીએ છીએ તેનાથી આપણે અંદરથી કેવા છીએ તે લોકો કહી શકે છે.

મારે અવિરતપણે મારી જાતને આ પ્રશ્ન પૂછવાનો છે : "હું વાસ્તવિક પ્રેમ બતાવવા માટે શું કરૂં છું?" પાઉલ પ્રેરિતના કહેવા મુજબ આપણે જ્ઞાન દ્વારા છેતરાઈ શકીએ છીએ. આપણે જે જાણીએ છીએ અને વ્યવહારિક રીતે તેને કરતા નથી ત્યારે એ જાણવાના અભિમાનને કારણે આપણે આંધળા થઈ શકીએ છીએ. પાઉલે કોરીંથીઓને કહ્યું કે જ્ઞાન માણસને ગર્વિષ્ઠ કરે છે પણ પ્રીતિ તેની ઉન્નતિ કરે છે (જુઓ ૧ કરિંથી ૮:૧). આપણે જે કહીએ છીએ અને જે કરીએ છીએ તેની વચ્ચે કોઈ જગ્યા નથી એ વિષે આપણે ચોક્કસ થવું જ જોઈએ. જગત ઘણાં ખ્રિસ્તીઓને ઢોંગી થવાનું તહોમત મૂકે છે અને એમાં કોઈ આશ્ચર્ય નથી કે તેઓ ખરેખર ઢોંગી છે.

મેં ઘણાં વર્ષો સુધી એક પ્રભુમંદિરમાં ભાગ લીધો હતો, જે વર્ષમાં એકવાર ફક્ત "મિશન રવિવારે" જ મિશન વિષે વાત કરે. મને યાદ નથી કે મેં ક્યારેય ગરીબો અને દબાયેલાઓને મદદ કરવા વિષે અમારા પોતાના શહેરમાં સાંભળ્યું હોય. મેં જેટલાં ભાષણો સાંભળ્યાં તેમાંના મોટા ભાગનાં એ વ્યવહારું ખ્રિસ્તીપણું કે મારે મારા સમાજમાં કેવી રીતે વર્તવું જોઈએ એ વિષયોને બદલે ફક્ત સિધ્ધાંતોને લગતી માન્યતાઓ પર જ આધારિત હતા. દૃઢ સિધ્ધાંતો મહત્વના છે, પરંતુ મારે મારૂં જીવન કેવી રીતે જીવવું જોઈએ, એ તેનાથી વિશેષ મહત્વનું છે. પ્રભુમંદિર તો નિંદા, ભાગલા પાડવાની બાબતો અને લોકો પ્રભુમંદિરમાં પોતાનું સ્થાન લેવા ઝગડતા હોય અને રાજકારણ રમતાં હોય એવી બાબતોથી ભરપૂર છે. ઘણી બધી બાબતોમાં આપણે બાકીના જગતના લોકો કરતાં અલગ રીતે વર્તતા નથી, આપણે ફક્ત પ્રભુમંદિરમાં જઈએ છીએ અને મને તે પ્રભુમંદિર છોડવાનું કહેવામાં આવ્યું કેમકે હું દેવનાં અલૌકિક દાનો માટે એટલી દૃઢ અને ઉત્તેજીત અને ઉત્કંઠિત હતી, જે ખ્રિસ્તીઓ માટે ઉપલબ્ધ હતા. હું ઉત્તેજીત, ઉત્કંઠિત હતી જેથી ખ્રિસ્તી બની હતી, અને મને કહેવામાં આવ્યું કે હું વધારે પડતી લાગણીશીલ છું અને મારે શાંત રહેવાની જરૂર છે.

ત્યારબાદ હું એવા એક પ્રભુમંદિરમાં ગઈ, જ્યાં લોકો મારી જેમ જ ઉત્કંઠા ધરાવતા હતા. તેઓ બીજાઓની સાથે ઈસુ ખ્રિસ્તના તારણની સાક્ષી માટે ખૂબ ઉત્સાહિત અને સમ્મીલીત હતા. હું ખૂબ ઉત્તેજીત હતી કે હું દેવની સેવા કરું, તેથી મેં સ્ત્રીઓનું એક જૂથ બનાવ્યું અને અમે સુવાર્તાની ટ્રાક્ટ લઈને દર શુક્રવારે બહાર જતા. અમે આ ટ્રાક્ટ લોકોને કરિયાણાંની દુકાનમાં આપતા અથવા કાર મૂકવાની જગ્યાએ જઈને લોકોની કારમાં તે મૂકતા. થોડા જ અઠવાડીયામાં અમે લગભગ દસ હજાર સુવાર્તાની નાની પુસ્તિકાઓ વહેંચી. મેં દર મંગળવારે સાંજે મારા ઘરમાં બાઈબલ અભ્યાસની શરૂઆત કરી.

હું પ્રભુમાં વૃધ્ધિ પામતી હતી અને તેમની સેવા કરવા ખૂબ જ ઉત્સાહિત હતી, પરંતુ ત્યારે પ્રભુમંદિરના વડિલોએ મને એક સભામાં બોલાવી અને કહ્યું કે હું બળવાખોર બની રહી છું, કેમકે મેં સ્ત્રીઓનું જૂથ બનાવ્યું અને તેમની અનુમતી વગર ટ્રાક્ટ વહેંચી. તેમણે મને અને ડેવને એમ પણ કહ્યું કે મારા બદલે ડેવે બાઈબલ આભ્યાસમાં શિક્ષણ આપવું જોઈએ. એ પ્રભુમંદિરનું જાણે કે અસ્તિત્વ ન રહ્યું અને કદાચ હાલમાં છે પણ નહિ, કેમકે તેમણે લોકોને અંકુશમાં રાખવાનો પ્રયત્ન કર્યો, અને આવું કરવાથી તેમણે ઘણીવાર દેવે આપેલાં દાનોને હોલવી નાખ્યા.

વધારે વર્ષો સુધી મને યાદ છે મેં એક પ્રભુમંદિરમાં ભાગ લીધો જેમાં સારી બાબતો શીખી, પરંતુ પ્રામાણિકપણે કહું તો જો હું પાછું વળીને જોઉં તો મને ત્યાં વાસ્તવિક પ્રેમ ઓછો દેખાયો. તે પ્રભુમંદિર દ્વારા બહારના કાર્યક્રમો ખૂબ ઓછા થતા અને તેમનું બજેટ પણ નાનું રહેતું અને સમયાનુસાર તે કાઢી નાખવામાં આવ્યું. અમારા આગેવાનો પણ સ્વાર્થી, આભિમાની, ઈર્ષાળુ અને બીજાઓની સફળતાથી ડરનારા હતા, કેટલાક તો લોકોને અંકુશમાં રાખવા માગતા અને ખૂબ જ અપરિપક્વ હતા. જ્યારે હું એ વિચારૂં છું ત્યારે ખૂબ ખીજવાઈ જાઉં છું કે મેં મારા જીવનનો ઘણો બધો સમય એવી જગ્યાએ ગાળ્યો, જે ખૂબ જ સ્વકેન્દ્રિત હતું. પ્રભુમંદિરો અને સ્થાનિક મંડળીઓને ચોક્કસપણે બહારના કાર્યક્રમો માટે તેડવામાં આવ્યાં છે, આંતરિક કાર્યો માટે નહિ. મંડળીનું કાર્ય અથવા મિશન તો સમાજોમાં, શહેરોમાં, રાષ્ટ્રોમાં અને જગતમાં સાક્ષીરૂપ બનાવવાનું છે. (જુઓ પ્રે.કૃ. ૧:૮)

મંડળીએ પ્રેમની વાસ્તવિકતામાં અસરકારકપણે કામ કરવાનું છે જેને બાઈબલ સ્પષ્ટપણે ધિરજ, માયાળુંપણું, નમ્રતા બીજાઓની સફળતામાં આનંદ, બિનસ્વાર્થીપણું, આપવું, હંમેશા સારું માનવું કે સારો વિશ્વાસ કરવો, માફી આપવા ઉતાવળા થવું, ન્યાયને બદલે દયા દર્શાવવી, પ્રામાણિકપણું, સારા કાર્યો અને ગરીબોને, વિધવાઓને, અનાથોને, ભૂખ્યાઓને અને ઘરવિહોણાંઓને તેમજ દબાએલાઓને મદદ કરવી તરીકે જણાવે છે. પ્રેમ બીજાઓની ભલાઈ માટે પોતાનું જીવન અર્પી દે છે. પ્રેમ વ્યવહારિક રીતે કાર્યરત હોવો જ જોઈએ નહિ તો તે મરી જશે. તે હમેશાં વહેતો અને વધતો હોવો જોઈએ.

તમારા દયાળુ હૃદયથી તમે શું કરશો ?

૧ યોહાન ૩:૧૭ એક અગત્યનો પ્રશ્ન કરે છે : ''પણ જેની પાસે આ જગતનું દ્રવ્ય હોય, ને પોતાના ભાઈને ગરજ છે એવું જોયા છતાં તેના પર તે દયા ન કરે, તો તેનામાં દેવિી પ્રીતિ શી રીતે રહી શકે ?'' બીજા શબ્દોમાં, આ કલમ કહે છે કે આપણે જ્યારે જરૂરીયાત જોઈએ છીએ ત્યારે આપણા દયાળુ હૃદયને ખોલી પણ શકીએ છીએ અને બંધ પણ કરી શકીએ છીએ, પરંતુ જો આપણે આપણા હૃદયને વારંવાર બંધ કરવાનો નિર્ણય કરીએ તો દેવનો પ્રેમ આપણામાં જીવંત રહી શકશે નહિ. પ્રેમનો ખરો સ્વભાવ તેને કાર્યરત અને કાર્યશીલ હોવાની માંગણી કરે છે કેમકે તે જીવંત બાબત છે. દેવ પ્રેમ છે !

યોહાને એક શરુઆતની એક ગંભીર સમાલોચના કરતાં કહ્યું કે ''જે પ્રેમ કરતો નથી તે દેવને ઓળખતો નથી કેમકે દેવ પ્રેમ છે.'' (૧ યોહાન ૪:૮).દરરોજના જીવનમાં પ્રેમ કેવો લાગે છે તેનું આપણે ઈસુના પગલાંઓ વિશે અભ્યાસ કરીને તાકીદનું શિક્ષણ પ્રાપ્ત કરી શકીએ. અથવા, જેમ એક વ્યક્તિએ કહ્યું, ''કદાચ આપણે ઈસુનાં પગલાંઓ વિષે અભ્યાસ કરીને વિશેષ શીખી શકીએ.'' તેમની પાસે હંમેશા લોકો માટે સમય હતો ! તેમણે હંમેશા કાળજી લીધી ! તે ગમે ત્યાં જતા હતા પરંતુ તેમણે રાકાઈને જરૂરીયાતવાળાને મદદ કરી.

ચાલો આપણે વ્યવહારુ અને કાર્યદક્ષ બનીએ

મેં હજારો લોકોને મારી સાથે પ્રેમને દર્શાવવાના વ્યવહારુ માર્ગો વહેંચવા કહ્યું છે. મેં પુસ્તકો વાંચ્યા છે, ઈન્ટરનેટ પર શોધખોળ કરી છે અને મારા જીવનમાં લોકોને પ્રેમ કરવાના વ્યવહારૂ અને સર્જનાત્મક માર્ગો શોધવા ખૂબ આક્રમક બની છું. હું જે શીખી છું તેમાંથી કેટલીક બાબતો હું વહેંચવા માંગું છું, પરંતુ હું તમને સર્જનાત્મક બનવા અને તમારા ખ્યાલો બીજાઓ સાથે વહેંચવા માટે તમને ઉત્તેજન પણ આપું છુ. તમ જે પ્રેમની ક્રાન્તિની કાયદેસરની વેબસાઈટ છે તે પણ જોઈ શકો અને ત્યાં તમને પ્રેમની ક્રાન્તિના સામાજીક નેટવર્કના પાન, ગ્રાફીક્સ, ડાઉનલોડ કરવા માટેની ઘણી બધી બાબતો જોવા મળશે, જેથી તમે આ ચળવળને આગળ વધારી શકો. તમે બીજાઓની સાથે તમારાં ખ્યાલ વહેંચી શકો અને સાથે સાથે તેમની પાસેથી શીખી પણ શકો. યાદ રાખો.... તમે પ્રેમના ક્રાન્તિકારી છો ! તમારા વ્યવહારુ રીતે કાર્ય કરવા સિવાય તે કાર્ય કરશે નહિ.

અહીં અલગ - અલગ લોકો પાસેથી અને અમે શોધેલા કેટલાક ખ્યાલો આપ્યા છે.

- જ્યારે તમારે અને બીજા કોઈને કાર ગોઠવવા એક જ પાર્કીંગની જગ્યા જોઈએ છે તો તમારા ચહેરા પર સ્મિત સહિત તે વ્યક્તિને તે જગ્યા આપો.
- કોઈ વડીલ વ્યક્તિની લોનનું ઘાસ કાપી આપો અથવા શિયાળામાં તેમનાં ઘરની બહાર જામેલાં બરફ સાફ કરી આપો.

- ઉંમરલાયક કે વડીલ વ્યક્તિના ઘરને સાફ કરી આપો અથવા તેમનું કરિયાણું લાવી આપવાની મદદ કરો.
- કોઈની પાસેથી ખર્ચો માગ્યા વગર પ્રભુમંદિર કે બીજી કોઈ જગ્યા પર લઈ જાઓ, જો તે તમારે રસ્તે નથી તોપણ એમ કરો.
- કોઈને દખલ કર્યા વગર સાંભળો.
- નમ્ર વાહનચાલક બનો.
- અજાણ્યા વ્યક્તિ માટે દરવાજો ખોલો અને તેમને અંદર આવે ત્યાં સુધી તે પકડીને ઉભા રહો.
- જો શોપિંગ મોલમાં તમારી ટ્રોલી (માલસામાન ભરીને લઈ જવાની નાનકડી ગાડી) ભરેલી છે અને તમારી પાછળની કોઈ વ્યક્તિ પાસે બે જ વસ્તુઓ છે તો બીલ ચુકવવાની હરોળમાં તેમને આગળ જવા દો.
- એકલા (વિભક્ત કુટુંબના વાલી) માતાપિતાના બાળકોની સંભાળ લો જેથી તેમને થોડો સમય તેમનું પોતાનું કામ શાંતિથી કરવાનો સમય મળી શકે.
- જે વ્યક્તિનું શહેરમાં કોઈ કુટુંબ નથી તો રજાઓ ગાળવા તે વ્યક્તિને તમારા ઘરે આવવાનું આમંત્રણ આપો.
- કોઈની મદદ કરતાં કાર્ડ કે ફૂલો મોકલો.
- બાળકોને ભોજન માટે બહાર લઈ જવા એકલી માતાને ભેટ કુપન આપો.

તે કામ કરે છે !

અમે જે ખ્યાલો પ્રાપ્ત કર્યા તેમાંનો એક એ હતો કે, તમે જે રેસ્ટોરેન્ટમાં ભોજન લઈ રહ્યા છો, ત્યાં કોઈના ભોજન માટેના બીલની ગુપ્તપણે ચૂકવણી કરો. ડેવ અને હું ઘણીવાર આવું કરીએ છીએ અને અમને ઘણા સારા પરિણામો મળ્યા છે. એક સાંજે અમે બે મોટી ઉંમરની સ્ત્રીઓને એક રેસ્ટોરેન્ટમાં જોઈ. તે બંનેએ સારાં કપડા પહેર્યા હતા અને ખૂબ સારા દેખાતા હતા. અમને તેમના સાંજના ભોજનની ચૂકવણી કરવાની ઈચ્છા થઈ અને અમે વેઈટર દ્વારા તેમ કર્યું. અમે તેને કહ્યું કે અમે પહેલા અહીંથી વિદાય લઈએ ત્યારબાદ તમારે તેમને કહેવું કે કોઈ તેમને આજે ભોજનથી આશીર્વાદ આપવા માગતા હતા. ચોક્કસપણે તેમણે પૂછ્યું કે તે કોણ હતું અને વેઈટરે તેમને કહ્યું કે હું ટી.વી. પર સંદેશા આપું છું અને તેમના ચહેરા પર હાસ્ય જોવા માગતી હતી.

થોડાક મહિનાઓ પછી, અમે એ જ રેસ્ટોરેન્ટમાં હતા અને તે સ્ત્રીઓ અમારી પાસે આવી અને પૂછ્યું કે શું અમે તેમને ઓળખીએ છીએ? અમે તેમના વિષે અચોક્કસ હતા તેથી તેણીએ તરત જ પેલો બનાવ યાદ કરાવ્યો અને કહ્યું કે તે રાત્રે અમે તેણીને માટે ભોજનના

બીલની ચૂકવણી કરી એ દિવસે તેની વર્ષગાંઠ હતી અને કોઈ તેના માટે તેમ કરે તેનો તેના માટે કેટલો મોટો અર્થ હતો. તેણીએ મને કહ્યું કે તે દિવસથી તે ટી.વી. પર મારો કાર્યક્રમ જુએ છે. અમે તેમને ખુશ કર્યા એટલું જ નહિ પણ દેવે અમને તેની વર્ષગાંઠને લીધે વધારાનો આશીર્વાદ પણ આપ્યો. તેણી હવે નિયમિતપણે અમારા ટી.વી. કાર્યક્રમ દ્વારા દેવના વચનમાંથી શિક્ષણ પ્રાપ્ત કરે છે અને ફક્ત દેવ જ જાણે છે કે તેનાં કેવાં ફળો આવશે. તેથી એક નાના માયાળુપણાના કાર્યને લીધે અને એક નાના નાણાંકીય રોકાણને લીધે આનંદ પ્રાપ્ત થયો અને તેણીને દેવના વચનોની જાણકારી મળી.

બીજી એક સલાહ અમને મળી કે : "કરિયાણાની દુકાનમાં કોઈના કરિયાણાના બીલની ચૂકવણી કરો." મારા દીકરાએ મારી સાથે તેની એક વાત વહેંચી જે મારા હૃદયને સ્પર્શી ગઈ અને તેનાથી મને તેની માતા હોવાનો ગર્વ થયો. મારો દીકરો અને તેની પત્ની કરિયાણાની દુકાનમાં ગયાં અને તેણે થાકેલી, હતાશ અને કદાચ ખૂબ જ થોડા નાણાં હોય એવી લાગતી એક સ્ત્રીને જોઈ. તે તેણે બનાવેલી યાદી મુજબ ખૂબ જ ચીવટથી તપાસીને તેની ટોપલીમાં વસ્તુઓ મૂકતી હતી. મારો દીકરો તેની પાસે ગયો અને તેણીને ૧૦૦ ડોલરની નોટ આપી અને તેને જે જરૂરીયાતની વસ્તુઓની જરૂર છે તે ખરીદવા કહ્યું અને બહાર નીકળી ગયો. મેં એકવાર વાંચ્યું હતું કે પ્રેમ પોતાના પ્રદર્શિત કરવાની એક તકની છાયામાં રાહ જુએ છે, આગળ વધે છે અને તેનું કામ કરે છે, અને પછી ફરીથી તરત જ બીજી તકની રાહ જોવા તે છાયામાં પાછો જતો રહે છે. હું માનું છું કે તે એક સુંદર વિચાર છે નહિ ?

હું સામાન્ય રીતે એવા લોકોને જોઉં છું જેઓ હતાશ દેખાય છે તેમની સાથે સરળ સંદેશ વહેંચું છું. "દેવ તમને પ્રેમ કરે છે." ઘણીવાર હું તેમને ઈશ્વર વિષે કંઈ જ કહેતી નથી, હું ફક્ત તેમનું ચારિત્ર્ય બતાવું છું. ! મેં સ્ટારબક્સ સ્ટોરમાં કામ કરતી એક જુવાન છોકરીને તેની રીસેસના સમયે જોઈ. તે એક ટેબલ પાસે એકલી બેઠી હતી અને ખૂબ જ થાકેલી દેખાતી હતી. મેં તેને પચાસ ડોલર આપ્યા અને કહ્યું, "હું તને આશીર્વાદ આપવા માગું છું. હું શરત લગાડવા તૈયાર છું કે તું ખરેખર મહેનત કરે છે અને હું તને જણાવવા માગું છું કે હું તારી કદર કરુ છું." તેણીએ મારી સામે આશ્ચર્યથી જોયું અને કહ્યું, "આ તો કોઈએ મારા માટે કરેલી સારામાં સારી બાબત છે."

હું નથી માનતી કે આપણે એ જાણીએ કે કેટલા બધા લોકો દરરોજ આપણી મધ્યે ચાલે છે જેઓ એકલતા કે અચોક્કસતા અનુભવતા હોય છે અને બિનશરતી પ્રેમનો ખૂબ જ ઓછા કે સહેજ પણ અનુભવ હોતો નથી. તેમને કઈપણ બાબત "મફતમાં" મળે માટે તેઓ ટેવાએલાં હોતાં નથી અથવા એવી બાબતો પ્રાપ્ત કરતા નથી જે તેઓ કમાયા નથી કે તેને માટે લાયક નથી. હું માનું છું કે લોકો માટે આશીર્વાદરૂપ બનવા યોજના વગરની બાબતો કરવી અને વિના કોઈ કારણે આમ કરવું એ દેવનો પ્રેમ બતાવવાનો અદ્ભુત માર્ગ છે.

સારું કરવાનું ભુલશો નહિ

હિબ્રૂ. ૧૩:૧૬ આપણને આગ્રહ કરતા કહે છે કે, "ઉપકાર કરવાનું તથા દાન વહેંચી આપવાનું તમે ભૂલો મા; કેમ કે એવા યજ્ઞોથી દેવ બહું સંતુષ્ટ થાય છે." જો કે આ વચન ચોક્કસપણે આ બાબતો મંડળીમાં હોય એવા લોકો માટે કરવાનું કહે છે, અને હું જે બાબત કહેવા માગું છું કે આવી ઉદાર બાબતો દેવને પ્રસન્ન કરે છે. બીજા પણ ઘણાં વચનો દરેકની સાથે ભલા બનવા વિશે કહે છે અને ફક્ત એવાં જ લોકો માટે નહિ કે જેઓ આપણા જેવા વિચારો ધરાવતા હોય અથવા આપણી મંડળીનાં હોય. ઉદાહરણ તરીકે ૧ થેસ્સાલોનિકીઓને પત્ર ૫:૧૫ આપણને આગ્રહ કરે છે કે "સદા એકબીજાનું તથા સઘળાનું કલ્યાણ કરવાને યત્ન કરો."

મને ઉત્તેજન આપતાં એ કહેવા દો કે તમે એવા લોકો માટે પણ વિચાર કરો, જેઓ તમારો કચરો ઉપાડીને કે પત્ર તમારા ઘરે પહોંચાડીને તમારી સેવા કરે છે, તેમના માટે પણ તમે કંઈ કરી શકો. આવાં લોકો આપણાં જીવનોમાં હરેક સમયે હોય છે પણ આપણે ભાગ્યે જ આવા લોકો વિશે અને તેમનાં કાર્યો વિષે વિચારતા હોય છે. મને ચોક્કસપણે કચરાની દુર્ગંધ પસંદ નથી અને તે દરરોજ ઉપાડવાનું ગમતું નથી.

મારી દીકરીએ એકવાર કચરો ઉપાડનાર માટે એક કદર કરતી નોંધ લખી અને તેમને બપોરના ભોજન માટે ભેટ કુપનો આપી. હું માનું છું કે આવી બાબતો લોકોને આશીર્વાદિત કરે છે એટલું જ નહિ, પરંતુ આશ્ચર્યજનક પણ હોઈ શકે કેમકે એવું ક્યારેય બનતું હોતું નથી. જગત એવા લોકોથી ભરપૂર છે, જેઓ ઘણી મુશ્કેલ ફરજો બજાવે છે અને તેમનું કાર્ય આનંદદાયક હોતું નથી અને તેમની કોઈ નોંધ લેતું હોતું નથી.

મેં એકવાર એક સ્ત્રીને હું જ્યાંથી ખરીદી કરું છું એવા એક વિભાગીય સ્ટોરમાં સંડાસ સાફ કરતાં જોઈ અને મેં તેને થોડા નાણાં આપ્યાં અને કહ્યું, "તમે ખૂબ મહેનત કરો છો એવું મને લાગે છે અને હું માનું છું કે તમે આશીર્વાદનો ઉપયોગ કરી શક્યા હોત." મેં સ્મિતસહિત ઝડપથી ત્યાંથી વિદાય લીધી. થોડી મિનિટો બાદ તેણે મને જોડાઓનાં વિભાગમાં જોઈ અને આભાર વ્યક્ત કરતાં કહ્યું કે કેવી રીતે આ માયાળુપણાના કાર્યએ તેને ઊંચી ઉઠાવી હતી.

તેણીએ મને કહ્યું કે તે ખરેખર ખૂબ જ મહેનત કરતી હતી અને કોઈએ એ સત્ય બાબત તરફ વધારે ધ્યાન આપ્યું નહોતું. જો તમે જેમની તરફ ધ્યાન આપતું નથી તેમને ધ્યાનમાં લેવાની ટેવ પાડશો તો તમાર હૃદયમાં જે થશે તેનાથી તમને આશ્ચર્ય થશે. દેવ તેમને જુએ છે અને તમે તમારી જાતને આવા લોકો માટે ઉપલબ્ધ કરશો તો તમને પોતાનાં ભાગીદાર તરીકે જોઈ આનંદિત થશે.

સામાન્ય વિવેકનો મહાવરો કરો

જ્યારે અમે બીજાઓને પ્રેમ બતાવવાના ખ્યાલો માટે આગ્રહપૂર્વક વિનંતી કરતા હતા ત્યારે એક વ્યક્તિએ લખ્યું, "હંમેશા", "મહેરબાની કરીને" અને "તમારો આભાર" એ શબ્દ

પ્રયોગો કરો. આ બંને વાક્યો સામાન્ય વિવેક દર્શાવે છે અને ચોક્કસપણે કઠોર કે ઉગ્ર બનવાને બદલે બીજાઓને માયાળપણું અને માન આપવાનો વિવેક દર્શાવવો જોઈએ. હું હંમેશા ડેવ જ્યારે મેં જે કહ્યું હોય તેમાંનુ કઈ સારું કરે ત્યારે તેમને એમ કહું છું કે "તમારો આભાર." એ ખૂબ મહત્વનું છે કે આપણે આપણા વ્હાલાઓનો લાભ ન ઉઠાવીએ. જાહેરમાં સારી રીતભાત કરવી એ ઘરમાં બંધ બારણે આપણે જે કરીએ છીએ તેની દર્શાવતી બાબત છે.

૧ કરિંથી ૧૩:૫ પ્રમાણે પ્રેમ કઠોર નથી. કઠોરતા સામાન્યપણે સ્વાર્થીપણાને લીધે આવે છે, અને તેની સામે લડવાનો એક માર્ગ છે - હંમેશાં સારી રીતભાત રાખવી. આપણો સમાજ કઠોરતાથી, લાગણીહીનતા અને સંસ્કારવિહોણો તથા અપરિપક્વતાથી ભરેલો છે. પરંતુ આ સઘળું દેવનું ચારિત્ર્ય બતાવતું નથી, ઈસુએ કહ્યું કે તે "કઠોર, કડક, તિક્ષ્ણ કે દબાણ કરનાર નથી." (માથ્થી ૧૧:૩૦) અને આપણે તેમનું ઉદાહરણ અનુસરવાનું છે.

આપણે ચોક્કસપણે આભાર માનવા અને આપણો આભાર વ્યક્ત કરવાનું શીખવું જોઈએ. ઘણી જગ્યાએ બાઈબલમાં કહેલું છે કે આપણે "આભાર માનવો જોઈએ". આપણે કદાચ એમ વિચારીએ કે આપણે આભારી છીએ પરંતુ મનના ભરપૂરીપણામાંથી મોં બોલે છે. (માથ્થી ૧૨:૩૪). જો આપણે ખરેખર કદાચ કરનાર છીએ અને આભાર વ્યક્ત કરીએ છીએ તો તે સાહજિક રીતે જ થશે.

સમય મોટી ભેટ છે - તમારા તાલંતો આપો

તમારી પાસે ગમે તે તાલંત હોય, તમે તેને હમેશાં કંઈ મળવાની આશા કે કમાણી કરવાને બદલે પ્રસંગોપાત ભેટ તરીકે આપો, જો તમે ફોટોગ્રાફર છો તો તમારા મિત્રના લગ્નપ્રસંગે અથવા એવા કોઈ વ્યક્તિ જે નાણાંકીય રીતે ભીંસમાં છે તેમના માટે મફત સેવા આપો.

જો તમે વાળંદ છો તો ઘર ન હોય એવા લોકોના આશ્રયસ્થાને મહિનામાં એકવાર કે જો તમે ઈચ્છો છો તો વધારે વખત જઈને વાળ કાપવાની સેવા આપી શકો.

મારી એક મિત્ર એ સારી ચિત્રકાર છે અને હમણાં જ તેણે મુશ્કેલીમાં હોય એવી જુવાન સ્ત્રીઓના ઘરે ચિત્ર દોરવામાં ત્રણ દિવસ ગાળ્યા.

દેવે આપણ દરેકને યોગ્યતાઓ આપી છે અને આપણે તેનો ઉપયોગ બીજાઓને મદદ કરવા માટે કરવો જોઈએ.

મેં ત્રીજા અધ્યાયમાં એક સ્ત્રી વિષે જણાવ્યું હતું, જેની પાસે ઓછા નાણાં હતાં અને તે મિશન માટે નાણાંકીય મદદ કરવા માગતી હતી. તેણે મિશન માટે નાણાં એકઠા કરવા તેણે બનાવેલી વસ્તુઓ વેચી. તેણીની વાત એ મુદ્દો દર્શાવે છે કે જો આપણે નિષ્ક્રિય બનવાનો નકાર કરીશું, તો આપણે જે કરી શકીએ છીએ તેને આપણે શોધી શકીશું અને જ્યારે બધા એક થશે, તો આપણા જગતમાં ભૂંડાઈ સામે જીતવામાં વાર નહિ લાગે.

કેટલાક ધ્યેય નક્કી કરો

ચાલો, આપણે ધ્યેય નક્કી કરીએ! હું ધ્યેય નક્કી કરીને તેને પૂર્ણ કરવા માટેની યોજનાઓ બનાવવામાં દૃઢપણે માનું છું. તમે તમારા પાળકને સૂચન કરી શકો કે જ્યારે બધા રવિવારે ભજનસેવા પછીના ત્રણ કલાક માટે અગાઉથી નક્કી કર્યા વિના માયાળુપણાનાં સેવાકાર્ય માટે સંમત થાય. કેવળ કલ્પના કરો કે જો આ બધું સમગ્ર જગતમાં શરૂ થાય તો શું થઈ શકે!

આ અધ્યાયમાં બીજાઓને પ્રેમ કરવાના અગણિત ખ્યાલોમાંના કેટલાક ખ્યાલો બતાવ્યા છે - એવા ખ્યાલો, આશાસહિત તમે જે કરી શકો છો એ સમજવામાં મદદ કરશે. આપણે કંઈ જ કરી શકતા નથી એમ કહેવું જરા પણ સાચું નથી. આપણે બહાના બનાવી શકીએ, પણ બહાનાઓ આપણી જાતને છેતરવાના અને કંઈ જ ન કરવાની બાબતને ન્યાયી ઠરાવવા સિવાય બીજું કંઈ કરતા નથી. જો તમે અસરકારકતાથી બીજાઓને મદદ કરશો તો તમે પહેલાં કરતાં વધારે જીવંત બનશો. જગતમાં લાખો લોકો પાસે કોઈ હેતુ નથી અને તેઓ તેમનાં જીવનો માટે દેવની ઈચ્છા શોધે છે અને મૂંઝવણમાં જીવન જીવે છે.

આપણે ઈસુના આ શબ્દોને ભૂલીએ નહિ : ‘‘હું તમને નવી આજ્ઞા આપું છું, કે તમે એકબીજા પર પ્રેમ રાખો; જેવો મેં તમારા પર રાખ્યો તેવો તમે પણ એકબીજા પર પ્રેમ રાખો’’ (યોહાન ૧૩ઃ૩૪). આપણા જીવનો માટે આ સંદેહ વગરનો હેતુ અને દેવની ઈચ્છા છે.



અધ્યાય

11

લોકોને શાની જરૂર છે તે શોધી કાઢો, અને સમસ્યાઓના ઉકેલના ભાગીદાર બનો

હું સર્વની સાથે સર્વના જેવો થયો.
૧ કરિંથી ૯:૨૨

પાઉલે કહ્યું કે તે કોઈપણ રીતે કોઈના અંકુશ હેઠળ નહોતો, છતાં તેણે પોતાને સર્વનો દાસ કર્યો. જો તમે આ વિધાન વિષે વિચારો તો તે ખૂબ અદ્‌ભુત વિધાન છે. તે પોતાની જાતને પોતાનો કોઈ લાભ લઈ જશે એવી બીક વગર સેવક બનાવવા માટે સ્વતંત્ર હતો. તે જાણતો હતો કે વાસ્તવિક સત્ય જીવન પ્રાપ્ત કરવા તેણે પોતાનું જીવન આપવું પડશે. તેણે સેવા કરવા જીવવાનો અને બીજાઓને આનંદિત કરવાનો નિર્ણય કર્યો હતો. તે દૈનિક જીવનમાં ઈસુએ આપેલા ઉદાહરણને અનુસરતો હતો.

પાઉલે આગળ એમ પણ જણાવ્યું કે તે યહૂદીઓની સાથે યહૂદીઓના જેવો, નિયમાધીનોની સાથે નિયમાધીન અને નિર્બળોની સાથે નિર્બળ થયો (૧ કરિંથી ૯:૨૦-૨૨). બીજા શબ્દોમાં લોકોને જે જરૂર હતી એ પ્રમાણે તેણે પોતાની જાતને બંધબેસતી કરી. તેઓને ખ્રિસ્તમાં લાવવા માટે અને દેવનો પ્રેમ બતાવવા માટે તેનાથી બનતું બધું કર્યું. પાઉલ તો ખૂબ જ ભણેલો વ્યક્તિ હતો, પણ હું ચોક્કસપણે માનું છું કે જેઓ અભણ વ્યક્તિઓની સાથે હતો ત્યારે તેણે તે જે જાણતો હતો તેમાંથી તેના અતિજ્ઞાન પ્રમાણે બોલ્યો નહિ હોય. તે કેટલું ભણેલો હતો તેનું તેણે પ્રદર્શન કર્યું નહિ. અને તેનું નીચેનું વિધાન ક્યારેય લોકોને નાના

હોવાનો અનુભવ ન કરાવે માટે તેની નમ્રતા અને દૃઢ ઈરાદો જણાવે છે. તેણે લખ્યું : ''કેમ કે ઈસુ ખ્રિસ્ત, અને તે વધસ્તંભે જડાયેલો, તે સિવાય હું તમારી સાથે રહીને બીજું કંઈ જ ન જાણું, એવો મેં નિશ્ચય કર્યો'' (૧ કરિંથી ૨:૨).

જ્યારે પાઉલ લોકોની સાથે હતો ત્યારે તેણે તેમને સાંભળવાના હતા અને તેમના વિષે શીખવા માટે સમય કાઢવાનો હતો. હું માનું છું કે આવું જ કંઈક આપણે પણ કરવાની જરૂર છે. હું અનુભવથી એ જાણું છું કે તેમ કરવાથી અદ્‌ભૂત રીતે સંબંધોની વૃધ્ધિ થશે. આપણે લોકોને જાણવાની જરૂર છે. આપણે તેઓની પસંદ અને નાપસંદ, જરૂરિયાત અને તેઓની માગણીઓ તથા ભવિષ્યને માટેના તેમનાં સ્વપ્નો શોધવાની જરૂર છે. જો તેઓ કોઈ ક્ષેત્રમાં નબળા હોય અને આપણે તેમાં બળવાન હોઈએ, તો આપણે આપણી યોગ્યતા પર અભિમાન કરવું જોઈએ નહિ.

લોકોને પોતાના વિષે સારી લાગણી થાય એમ કરવા, તેમને મદદ કરવાના માર્ગો શોધો

હું મારી જમવાની આદતોમાં ખૂબ જ શિસ્ત રાખું છું. હમણાં મેં એવા એક વ્યક્તિ સાથે એક અઠવાડિયું ગાળ્યું, જેને આ ક્ષેત્રમાં ખરેખર તકલીફ હતી. તે વ્યક્તિએ ઘણીવાર હું કેટલી શિસ્તબધ્ધ છું અને તે પોતે શિસ્ત રાખતી નથી એમ તેણે કહ્યું. તેણીએ જ્યારે જ્યારે એમ કહ્યું ત્યારે મેં મારી યોગ્યતાને નીચી પાડીને મારી જાતને શિસ્તમાં રાખવા કહ્યું, ''મારા જીવનમાં પણ એવા ક્ષેત્રો છે, જ્યાં હું નબળી છું, અને તમે જો પ્રાર્થના અને પ્રયત્ન કરશો, તો તમે વિજય પ્રાપ્ત કરી શકશો.''

મારા જીવનમાં એવો એક સમય હતો, જ્યારે હું મારા મિત્રોની લાગણીઓ વિષે આટલી બધી લાગણીશીલ નહોતી. મેં કદાચ શિસ્ત વિષે તથા વધારે પડતું ખાવા વિષે અને ઓછા પોષણ વિષે ભાષણો આપ્યા છે, પરંતુ હું મારા મિત્રોને દોષિત અનુભવ સિવાય બીજું કંઈ કરવામાં સફળ થઈ નથી. તેણીએ મને તે પ્રમાણે કરવામાં મદદરૂપ થઈ શકે એવા ખ્યાલો વહેંચવાનું કહ્યું, પણ મારી પાસે એ સઘળું હતું એવા વલણથી તેને કોઈ અનુભવ કરાવી શકી નહિ. મેં શોધી કાઢ્યું છે કે લોકોને પ્રેમ કરવાનો એક માર્ગ એ છે કે તેમને પોતે ખરાબ છે એવો અનુભવ ન થાય તેના માટે તેમને મદદ કરવી.

નમ્રતા એ પ્રેમનો સારામાં સારો સુંદર ખ્યાલ છે. પાઉલ કહે છે કે પ્રીતિ અદેખાઈ કરતી નથી, પ્રીતિ આપવડાઈ કરતી નથી, ફુલાઈ જતી નથી (જુઓ ૧ કરિંથી ૧૩:૪). નમ્રતા સેવા કરે છે અને હમેશાં બીજાઓને ઉંચા ઉઠાવે છે.

બાઈબલ આપણને શીખવે છે કે ખ્રિસ્ત ઈસુનું મન જેવું હતું એવું તમે પણ રાખો (જુઓ ફિલિપ્પી ૨:૫). તે તો દેવની સાથે એક હતો, પરંતુ તેણે પોતાને પોતાના સર્વ લાભો મૂકીને મનુષ્યની જેમ નમ્ર કર્યો. જેથી તે આપણે બદલે મરી જાય અને પાપી તરીકે આપણી જે

શિક્ષા હતી તે પોતે સહન કરે (જુઓ ફિલિપ્પી ૨:૬-૯). તેણે ક્યારેય ખરાબ હોવાનો અનુભવ કર્યો નહિ, કેમ કે તેઓ તેની કક્ષામાં નહોતા, પરંતુ તેને બદલે તે પોતે લોકોની કક્ષામાં થંભ્યો. પાઉલે પણ એમ જ કર્યું અને આપણે આ બાઈબલનાં ઉદાહરણોને અનુસરવાની જરૂર છે.

આપણ દરેકને અલગ અલગ બાબતોની જરૂર છે

આપણે બધા અલગ છીએ અને આપણ દરેકને અલગ અલગ જરૂરિયાતો છે. હું તમને વિનંતી કરું છું કે તમે લોકોને શું આપવા માગો છો એ નહિ, પણ તેમને શાની જરૂર છે એ શોધવાનો પ્રયત્ન કરો. કદાચ તમે સરળતાથી લોકોને ઉત્તેજનના શબ્દો કહી શકો, તેથી તમે દરેકને ઉત્તેજન આપવા જ ઈચ્છો છો. આ સારું છે કેમ કે દરેકને ઉત્તેજનના શબ્દોની જરૂર છે. પરંતુ તમે એવા લોકોને આવાં શબ્દો કહો, જેમને વાસ્તવમાં મદદની જરૂર હોય. કદાચ તેમને ત્રણ મહિનાનું ભાડું ચૂકવવાનું છે અને તમે તેમને એવું ઉત્તેજન આપો કે પ્રભુ પૂરું પાડશે તેના કરતાં તેમને ખરેખર તો તમે તેમનું ભાડું ભરો એવી જરૂર હોય છે. જો તમે નાણાંકીય રીતે મદદ કરી શકો એમ નથી, તો તે સમજી શકાય એવી બાબત છે, પરંતુ જ્યારે પરિસ્થિતિ ગંભીર હોય ત્યારે શબ્દો કરતાં તમે કંઈ વાસ્તવિક બાબત વિચારો એ હમેશાં સારું અને કારગત નીવડે છે.

કદાચ તમને લોકોની સાથે સમય પસાર કરવો સારું લાગે છે. તમને તેમની મુલાકાત લેવાનું, લોકોને બોલાવવાનું અને ફોન પર વાતો કરવાનું અથવા ભોજન માટે મિત્રોને આવકારવાનું ગમે છે - તેથી તમે ઘણીવાર આ રીતે તમારો સમય આપવા માગો છો. પરંતુ જો એવા લોકોને તમે તમારો સમય આપો છો, જેમને એકલા રહેવાનું ગમે છે, તો શું થશે? તેમને તમે બપોરના ભોજનની ભેટ કૂપન આપો અને તમે તેમનાં બાળકોની એ સમય દરમિયાન સંભાળ રાખો, તો તેઓ આશીર્વાદિત થશે, પરંતુ તમને જે બાબત ગમે છે એવી બાબત તમે તેમને આપવાના પ્રયત્ન ચાલુ રાખો.

કેટલાક લોકો ઘણા વિસ્તૃત હોય છે. તેઓ વાતો અને વિચાર બધું વિસ્તારથી કરે છે. તેઓ લાંબા લાંબા ઈમેઈલ મોકલે છે અથવા સાંભળી શકાય એવા સંદેશ મોકલે છે, જે અંત વગરના લાગે. કેટલાક લોકો આવા ઈમેઈલ વાંચવાનું કે સંદેશ સાંભળવાનું ટાળે છે. કેમ કે તેઓ જાણે છે કે તેમાં ઘણો લાંબો સમય જશે. આવા વિસ્તારરૂપી બયાન કરનારા લોકો તેમને પોતાને જે ગમે છે એ જ કર્યા કરશે, તો તેમને ખબર પડશે કે કેટલાક લોકો તેમની અવગણના કરે છે.

વાતચીત દરમિયાન પણ લોકોને જેની જરૂર છે એવી બાબતો બોલવી જોઈએ, આપણે એવી બાબતો બોલવી કે લખવી જોઈએ નહિ, જે આપણને જ પસંદ છે. જો તમારે એવો કોઈ મિત્ર હોય, જેને વિસ્તૃત માહિતી ગમે છે, તો તમે જેટલું કરી શકો એટલું કહો. જો બીજી

બાજુ તમારે એવા મિત્રો હોય જેને વિસ્તૃત માહિતી ગમે છે, તો તમે જેટલું કહી શકો એટલું કહો. જો બીજી બાજુ તમારે એવા મિત્રો છે, જેમને ફક્ત મુખ્ય બાબતો જ જાણવાનું ગમે છે, તો તેમને ફક્ત એટલી જ બાબતો જણાવો.

મને ભેટો આપવાનું ગમે છે, તેથી જે બાબતો પ્રેમને દર્શાવે છે એવી બાબતો હું કરું છું. મારી એક મદદનીશ હતી, જેને મારી ભેટોની કદર નહોતી. આનાથી મને દુઃખ થતું. કેમ કે તે આભારી નહોતી લાગતી, પરંતુ જ્યારે મેં તેના વિષે વધારે જાણ્યું ત્યારે તેણે મને કહ્યું કે તેને પ્રેમ દર્શાવતા શબ્દોની વધારે જરૂર હતી. હું તો તેને ભેટો આપતી હતી, કેમ કે તેણી જે શબ્દો સાંભળવા માગતી હતી તેના કરતાં આ મારા માટે સરળ બાબત હતી. કોઈની મહેનતની કદર કરવા માટે હું ભેટો આપતી, પરંતુ તેણીને તો તેણે જે કંઈ સારું કામ કર્યું છે, તેના માટે સારા શબ્દોની જરૂર હતી. તેને કોઈ ભેટે અથવા પીઠ થાબડીને શાબાશી આપે તેની જરૂર હતી. ભેટો આપવા દ્વારા હું તેણીને પ્રેમ બતાવવા માગતી હતી, પરંતુ આશ્ચર્યજનક એ હતું કે તેને પ્રેમની અનુભૂતિ થતી નહોતી. હું માનું છું કે આપણે જે માનીએ છીએ તેના કરતાં વિશેષ આવું થાય છે, કેમ કે લોકોને ખરેખર શાની જરૂર છે એ આપણે શોધતા નથી, આપણે તેમને જે આપવું છે તે જ આપવા માગીએ છીએ, કેમ કે તે આપણા માટે સરળ હોય છે.

જ્યારે આપણે દરેક પાસેથી એકસરખી અપેક્ષા રાખીએ છીએ ત્યારે આપણે તેમને એવા બનવા માટે દબાણ કરીએ છીએ, એવા કેવી રીતે બનવું એ તેઓ જાણતા નથી. પ્રભુ આપણી દરેક જરૂરિયાતોની કૃપાથી પૂર્તિ કરે છે. જો આપણે લોકોની કદર કરી શકીએ અને જોઈ શકીએ તો દેવે યોગ્ય લોકોને આપણા જીવનોમાં યોગ્ય દાનો સાથે આપ્યા છે.

લોકોનો અભ્યાસ કરો

લોકોને મારી પાસેથી શાની જરૂર છે તે માટે મારી જાતને શિક્ષિત બનાવવાનો લોકોનો મેં કરેલો અભ્યાસ મારા માટે મારી આંખો ઉઘાડનાર અનુભવ હતો. ઉદાહરણ તરીકે, મારા પતિને માનની જરૂર છે અને એ જાણવાની જરૂર છે કે તે મારી સંભાળ રાખવાનું સારું કાર્ય કરી રહ્યા છે એવું હું અનુભવું છું. તેમને રહેવા માટે શાંતિપૂર્ણ વાતાવરણની જરૂર છે. તેમને દરેક પ્રકારની રમતો ગમે છે અને જ્યારે સમય મળે ત્યારે ગોલ્ફ રમવાનું અને બોલની રમતો જોવાનું ગમે છે. જો હું તેમને આ બાબતો આપું તો તે ખૂબ ખુશ રહેશે.

બીજી બાજુ હું સેવાના કામને પસંદ કરું છું. કોઈ મારા માટે કંઈ કરે છે તો તેનો મારા માટે મોટો અર્થ હોય છે અને તેનાથી મારું જીવન સરળ બને છે. મારા પતિ હમેશાં રાતના ભોજન પછી રસોડું સાફ કરે છે, જેથી હું બેસીને આરામ કરી શકું. જો તે જ્યારે મારા માટે મુશ્કેલ હોય એવી બાબતો કરતાં જુએ છે, "જેમ કે ભારે વસ્તુઓ ઊંચકવી," ત્યારે તે તરત જ મને નીચે મૂકી દેવા કહે છે અને તે મારા માટે એ કામ કરે છે. આવી બાબતોથી મને પ્રેમની અને મૂલ્યવાન હોવાની અનુભૂતિ થાય છે. એકબીજાને શાની જરૂર છે તે સમજવું અને એકબીજાને આપવાની ઈચ્છાથી અમારા સંબંધમાં ખૂબ જ સુધારો આવ્યો છે.

મારી દીકરી સેન્ડ્રાને મારી સાથે સારો સમય ગાળવો ગમે અને તેને ઉત્તેજનના શબ્દોની જરૂર હોય છે. મારી દીકરી લૌરાને ઉત્તેજનના શબ્દોની જરૂર હોય છે. પરંતુ મારી સાથે સમય ગાળવાનું તેને માટે એટલું બધું મહત્વનું નથી. મારી બંને દીકરીઓ મને ખૂબ ચાહે છે, પરંતુ તેઓ બંને અલગ અલગ રીતે તેને પ્રદર્શિત કરે છે. સેન્ડ્રા લગભગ મને દરરોજ ફોન કરે છે અને તે તથા તેનું કુટુંબ ઘણીવાર અમારી સાથે જમે છે. લૌરા અમને એટલા ફોન કરતી નથી અને હું તેને સેન્ડ્રા જેટલું કરતા જોતી નથી, પરંતુ તે મને મારી વૃધ્ધ માતાની અને કાકીની તેમનું કરિયાણું લાવી આપવામાં, તેમના બેંકના કામકાજ અને બીલ ચૂકવવાની બાબતમાં તેના ચાર બાળકો, અને તેનાં પતિના દાદી જે તેમની સાથે જ રહે છે, છતાં મદદ કરે છે.

મારે બે દીકરા છે અને બંને અદ્‌ભુત છે, પણ બંને તદ્દન અલગ છે. એક મને દરરોજ ફોન કરીને કહે છે કે તે મને પ્રેમ કરે છે, બીજો મને એટલા ફોન કરતો નથી, પણ બીજી રીતે તેનો પ્રેમ દર્શાવે છે. જ્યારે પણ હું તેમને મારા માટે કંઈ કરવા કહું છું ત્યારે તેઓ તે કરે છે અથવા તેને અગાઉથી કરી રાખ્યું હોય છે. મારો કહેવાનો અર્થ એ છે કે અમારા બાળકો અલગ છે, પણ બધા અદ્‌ભુત છે.

મારે મારા બાળકોનો પણ અભ્યાસ કરવાનો હતો અને તે દરેકને મારી પાસેથી શાની અપેક્ષા છે એ શીખવાની જરૂર છે, જેથી હું તેમને તે આપી શકું. એકને ભેટો પ્રાપ્ત કરવી ગમે છે, બીજાને સમય આપું એવું પસંદ છે, ત્રીજાને ઉત્તેજનના શબ્દોની જરૂર છે, જ્યારે ચોથાને લાગણીનું પ્રદર્શન ગમે છે. હું દરેક સમયે હજુ પણ શીખી રહી છું, પરંતુ હવે હું મારા બદલે તેમને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરું છું.

આપણી દરેકની પાસે ‘‘પ્રેમની ભાષા’’ છે, જે ડૉ.ગેરી ચેપમેન દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવી અને તેમના પુસ્તક ‘‘પ્રેમની પાંચ ભાષાઓ’’માં સમજાવવામાં આવી છે. એક વ્યક્તિ પ્રેમની ભાષા દ્વારા તે પ્રેમ પ્રદર્શિત કરે છે અને પ્રાપ્ત કરે છે. જેમ મેં જણાવ્યું તેમ મારી પ્રેમની ભાષા સેવાનું કાર્ય છે, જ્યારે મારી દીકરીની પ્રેમની ભાષા સારો સમય ગાળવાની છે. જ્યારે લોકો આપણી સાથે આપણી ચોક્કસ ભાષામાં પ્રેમની વાત કરે છે ત્યારે આપણને પ્રેમનો અનુભવ થાય છે અને જ્યારે આપણે બીજા કોઈની પ્રેમની ભાષા બોલીએ છીએ ત્યારે તેમને પ્રેમનો અનુભવ થાય છે. સામાન્ય રીતે આપણે લોકોને જેની જરૂર છે તે આપવાનો પ્રયત્ન કરીએ છીએ - તેમની સાથે આપણે પ્રેમની ભાષામાં વાત કરીએ છીએ, પરંતુ તે મોટી ભૂલ હોઈ શકે છે. જો આપણને જેની જરૂર છે, તેની તેમને જરૂર નથી, તો આપણે ગમે તેટલી મહેનત કરીએ, તોપણ તેમને ક્યારેય પ્રેમનો અનુભવ થશે નહિ.

હું એ પણ શીખી રહી છું કે મારે કોઈ બાબતની જેટલી જરૂર છે, તેનાથી જે વ્યક્તિની પાસેથી મારે તે જોઈએ છે તે વ્યક્તિ એ જ સમયે સુસજ્જ ન પણ હોય. જ્યાં સુધી હું પ્રભુને મારા માટે પ્રભુએ પસંદ કરેલા વ્યક્તિ દ્વારા તે બાબત આપવા માટે પ્રાર્થના અને પ્રભુ પર ભરોસો કરવાનું શીખી નહિ, ત્યાં સુધી મેં ઘણા વર્ષો હતાશામાં ગાળ્યા છે. એ જ સમયે, જે

સાચું છે તે હું કરવાનો પ્રયત્ન કરું અને એ શોધું કે મારો આનંદ મને જે જોઈએ છે તે પ્રાપ્ત કરવામાં જ નથી, પરંતુ બીજાઓને જે જોઈએ છે તે તેમને આપવામાં છે. હું હમેશાં (અથવા સામાન્ય રીતે) બલિદાનના ભાગનો આનંદ લેતી નથી, પરંતુ દેવ મારી પાસેથી જે કરાવવા માગે છે તે હું પૂરું કરું છું તે જાણવાનો આંતરિક સંતોષનો આનંદ લઉં છું.

તમે તમારા જીવનમાં એ શોધવા માટે લોકોનો અભ્યાસ કર્યો છે કે તેમને તમારી પાસેથી શું જોઈએ છે અને તમે તેમને તે બાબત આપવા ઈચ્છો છો? તમે ક્યારેય તેમને પૂછ્યું છે કે તેમને શાની જરૂર છે? અત્યારે આપણા માટે સ્વાર્થી અને આપણને જે આરામદાયક લાગે છે તે પ્રમાણે જીવવાનું બંધ કરવાનો સમય છે. પ્રભુએ આપણાં જીવનમાં જે લોકોને મૂક્યા છે, તેમને આપણે જાણવાની જરૂર છે અને આપણાં કરતાં તેમના ભલા માટેના સેવાના કાર્ય કરવાના માટે નિર્માણ કર્યા છે તે જાણવાની જરૂર છે.

બીજાઓની જરૂરિયાતો પૂરી પાડો

બાઈબલ આપણને શીખવે છે કે જો આપણે વિશ્વાસમાં બળવાન છીએ, તો આપણે અશક્તોની નિષ્ફળતાઓને સહન કરવી જોઈએ અને આપણી જાતને ખુશ કરવા જ જીવવું જોઈએ નહિ. આપણામાંના દરેકે પોતાના પડોશીને તેના કલ્યાણને સારુ તેની ઉન્નતિને અર્થે ખુશ કરવો જોઈએ (જુઓ રોમનો ૧૫:૧-૨). આ અદ્દ્ભુત સલાહ છે પરંતુ આપણે તેની વિરૂધ્ધનું કામ કરીએ છીએ. આપણે તો એવું જીવવા માગીએ છીએ કે બીજાઓ આપણને ખુશ કરે. પરિણામ એ આવે છે કે લોકો શું કરે છે તેનાથી આપણે ક્યારેય ખુશ અને સંતોષી થતા નથી.

માણસના માર્ગો કામ કરતા નથી. આપણને ખરેખર જેની જરૂર છે તેને માણસના માર્ગો આપણને પૂરું પાડતા નથી, પરંતુ પ્રભુના માર્ગો કામ કરે છે. જો પ્રભુ જેમ સૂચના આપે છે તેમ આપણે કરીશું, તો આપણે કદાચ કેટલાક બલિદાનો કરીશું, પરંતુ આપણને દેવની ઈચ્છાના કેન્દ્રમાં જે આનંદ મળે તેના સિવાય બીજે ક્યાંય આવો આનંદ મળી શકશે નહિ.

શું તમે પ્રામાણિકપણે તમારી જાતને કેટલાક પ્રશ્નો પૂછશો? તેના ઉત્તરો આપવા કદાચ મુશ્કેલ હોય, પરંતુ તે તમને બીજા લોકોને મદદ કરવાના મુદ્દામાં તમે ક્યાં છો, તે બતાવશે.

- તમે બીજાઓ માટે કેટલું કરો છો?
- શું લોકોની માગણી અને જરૂરિયાતોને શોધવાનો પ્રયત્ન કરો છો, જેથી તમે મદદ કરી શકો?
- શું તમે ખરેખર પ્રામાણિકપણે તમારા જીવનમાં જે લોકો છે તેમને જાણવાનો પ્રયત્ન કરો છો?
- તમારા પોતાના કુટુંબમાં તમે ખરેખર કેટલા લોકોને જાણો છો?

મેં કેટલાક વર્ષો પહેલાં આ પ્રશ્નોના ઉત્તરો આપ્યા ત્યારે હું ઘણાં વર્ષોથી ખ્રિસ્તી સેવિકા હોવા છતાં મારા જીવનમાં સ્વાર્થીપણાને લીધે મને આઘાત લાગ્યો હતો. આ સત્યએ મારી આંખો ઉઘાડવાની શરૂઆત કરી કે શા માટે મારી પાસે આનંદિત હોવાના દરેક કારણો હોવા છતાં હું આનંદિત નથી અને કંઈ પૂર્ણ કરી શકી નથી એવું મને લાગે છે. મુખ્ય બાબત એ હતી કે હું સ્વાર્થી અને સ્વકેન્દ્રીત હતી અને મારે બદલાવાની જરૂર હતી. આ બદલાણ સરળતાથી કે તરત જ અને સંપૂર્ણ રીતે આવ્યું નહિ, પરંતુ જેમ દિવસો પસાર થાય છે તેમ હું સફળ થઈ રહી છું અને હરેક સમયે આનંદિત રહું છું.

સાંભળવાનું શીખો

એકવાર મેં દઢ નિર્ણય કર્યો કે હું સ્વાર્થીપણા સામે યુધ્ધ કરું અને પ્રેમની ક્રાંતિની ભાગીદાર બનવા માગું છું. પછી મારે આશીર્વાદિત બનવાના સર્જનાત્મક માર્ગો શોધવાની જરૂર હતી. લોકો અલગ અલગ છે અને તેમની જરૂરિયાતો અલગ અલગ હોય છે, તેથી મારે તેઓ મને જે કહે છે તે સાંભળવાની અને મારી જાતને તાલીમ આપવાની હતી. મને લાગે છે કે જો હું કોઈને લાંબા સમય સુધી સાંભળું તો તેમને કંઈ આપવાના, તેમના માટે કંઈ કરવાના અને તેમના માટે પ્રાર્થના કરવાના જ્ઞાનથી દૂર થઈ જઈશ. ''શું કરવું જોઈએ એ હું જાણતો નથી'' એવું બહાનું ખૂબ જૂનું થઈ ગયું છે અને તેને કચરાપેટીમાં નાખવાની જરૂર છે. જો આપણે ખરેખર કંઈ આપવા માગીએ છીએ, તો તે પ્રમાણે કરવાના માર્ગો મળી જશે. યાદ રાખો કે, ''ઉદાસીનતા બહાના બનાવે છે, પણ પ્રેમ માર્ગ શોધે છે!''

''ઉદાસીનતા બહાના બનાવે છે, પણ પ્રેમ માર્ગ શોધે છે!''

હું માનું છું કે આ રીતે સાંભળવું એ લોકોને જે જરૂર છે તે રીતે પ્રેમ કરવાનું શીખવાનો મોટો ભાગ છે. એક અઠવાડિયાનો સમય લો અને એ સમય દરમિયાન લોકોએ સામાન્ય વાતચીતમાં તેમને શું ગમે છે, શાની જરૂર છે, તે કહ્યું હતું એ લખો. એ યાદી લઈને પ્રભુને પ્રાર્થના કરો કે તમે તે પ્રમાણે એમ ઈચ્છો છો અથવા તમે તે પ્રમાણે કરવાની ઈચ્છા રાખો છો? પછી તે પ્રમાણે કરો. હું નથી માનતી કે લોકોને આશીર્વાદ આપવા માટે તમારે પ્રભુ પાસેથી ખાસ શબ્દની જરૂર હોય. જો તેમની જરૂરિયાત તમે પહોંચી શકો એ કરતાં વધારે હોય તો હું તમને સલાહ આપું છું કે બીજા કેટલાક લોકોને તમારી સાથે લો અને તે જરૂરિયાતને એક જૂથ બનીને પૂરી કરો. જો તમારી કોઈ મિત્ર તમને જણાવે કે તે તેના એપાર્ટમેન્ટમાં એક વર્ષથી એક જ ખાટલા પર ઊંઘી જાય છે, કેમ કે તેની પાસે શયનખંડ માટેનો સેટ નથી, તો તેને જૂથના કાર્ય તરીકે કંઈક લાવી આપો.

મારી એક મિત્ર મારી સાથે તેની મંડળીના એક માણસ વિષે વાત કરતી હતી, જેને ભયાનક અસ્તવ્યસ્ત દાંત હતા. તે એટલું ખરાબ લાગતું હતું કે તે વ્યક્તિને હસવામાં પણ

હતાશા લાગતી હતી. જ્યારે મેં આ વાત સાંભળી ત્યારે હું દયાથી ભરાઈ ગઈ અને અમે અનામી રીતે તેનાં દાંત સરખા કરવા માટે જરૂરી બાબતો પૂરી પાડી. તેનાથી તેનું જીવન બદલાઈ ગયું. કેટલી બધી વખત આપણે આવું કંઈક સાંભળીએ છીએ અને દયાથી ભરાઈએ છીએ અને છતાં તેમને મદદ કરવાના વિચાર વગર આગળ ચાલી જઈએ છીએ? હું માનું છું કે આવું ઘણીવાર બને છે. આપણે શિક્ષિત બનવાની અને ફરીથી તાલીમ પ્રાપ્ત કરવાની જરૂર છે. આપણે નવી આદતો પાડવાની જરૂર છે. આપણે કંઈ જ ન કરી શકીએ એવું માનવાને બદલે આપણે તેના વિષે વિચાર કરવો જોઈએ. યાદ રાખો,

૧ યોહાન ૩:૧૭ જણાવે છે : ‘‘પણ જેની પાસે આ જગતનું દ્રવ્ય હોય, ને પોતાના ભાઈને ગરજ છે, એવું જોયા છતાં તેના પર તે દયા ન કરે, તો તેનામાં દેવની પ્રીતિ શી રીતે રહી શકે?’’

મેં એક મિત્રને એમ કહેતાં સાંભળી કે તેણીને ત્વચાની કાળજી રાખનાર વસ્તુઓની જરૂર છે. મારી પાસે એક બીજો વધારાનો સેટ હતો, તેથી મેં તેને તે આપી દીધો. મારી માતાએ કહ્યું કે તેમની પાસે અત્તર નથી, તેથી મેં તેમને એક શીશી લાવી આપી. મારા કાકીને સ્ટારબક્સ સ્ટોરમાં ખરીદી કરવાનું ગમે છે, તેથી મેં તેમને ગીફ્ટ કાર્ડ આપ્યું. મહેરબાની કરીને એ સમજો કે હું બીજા કોઈ કારણને લીધે આ બધું તમને કહું છું એમ નથી, હું તો તમને આ જગતમાં બીજાઓને પ્રેમ બતાવવાના માર્ગો બતાવું છું. હું ચોક્કસપણે માનું છું કે તમારી પાસે તમારા પોતાના ઘણા બધા ખ્યાલો છે, તેથી મહેરબાની કરીને પ્રેમની ક્રાંતિની વેબસાઈટ પર જઈને મૂકો, જેથી તમે અમને પ્રેરણા આપી શકો.

હરેક સમયે જ્યારે આપણે બીજા કોઈ વ્યક્તિના જીવનને સુધારવાનું કાર્ય કરીએ છીએ અથવા અન્યાયની સામે લડીએ છીએ, ત્યારે આપણે આશાવિહોણા સમાજમાં આશાનો સંચાર કરીએ છીએ. આપણે ખરેખર ભલાથી ભૂંડાનો પરાજય કરી શકીએ છીએ, તેથી ચાલો તે પ્રમાણે કરવાનો દૃઢ નિશ્ચય કરીએ.



અધ્યાય

12

બિનશરતી પ્રેમ

પ્રેમ આંધળો નથી - તે ઘણું બધું જુએ છે, ઓછું નહિ.
રબ્બી જુલીયસ ગોર્ડન

ખૂબ સુંદર બાબતોમાંની એક બાબત વિષે બાઈબલ જણાવે છે કે, ''પણ આપણે જ્યારે પાપી હતા, ત્યારે ખ્રિસ્ત આપણે સારૂ મરણ પામ્યો'' (રોમનો ૫:૮). આપણે તેનાં પ્રેમને લાયક બનીએ માટે તેણે રાહ જોઈ નહિ, તે આપણને બિનશરતી પ્રેમ કરે છે. પ્રામાણિકપણે કહીએ તો આ બાબત સમજવી આપણામાંના ઘણાંને ખૂબ મુશ્કેલ લાગે છે, કેમ કે આપણે જીવનમાં બધી બાબતો કમાવા અથવા તેના માટે લાયકાત ધરાવતા હોવાં જોઈએ એવી બાબતોથી ટેવાઈ ગયા છીએ.

પ્રભુ દયામાં ધનવાન છે અને તે જે પ્રેમથી આપણને પ્રેમ કરે છે, એવા મહાન, અદ્‌ભુત અને અતિશય પ્રેમને લીધે તેમણે આપણાં માટે પોતાનું જીવન મફત આપી દીધું (એફેસી ૨:૪). આ તો ક્રાંતિકારી પ્રેમ છે! વાસ્તવિક, ક્રાંતિકારી પ્રેમ પોતાને આપી જ દે છે, કેમ કે તેનાથી કંઈપણ ઓછું કરવું તેને સંતોષ આપી શકતું નથી.

એ દેવનો બિનશરતી પ્રેમ જ છે, જે આપણને તેમની તરફ ખેંચે છે અને એ આપણો બીજાઓ પ્રત્યેનો બિનશરતી પ્રેમ તેમના નામમાં છે, જે લોકોને તેમની તરફ ખેંચે છે. પ્રભુ ચાહે છે કે આપણે લોકોને તેમના સ્થાને પ્રેમ કરીએ અને એવો પ્રેમ જે પ્રભુ પોતે દૈહિક સ્વરૂપે આ પૃથ્વી પર હોત તો લોકોને કરત. પ્રભુ ચાહે છે કે આપણે પ્રેમની ક્રાંતિમાં જીવીએ.

તમને કદાચ મેં છટ્ઠા અધ્યાયમાં મારા પિતા વિષે જે વાત કરી એ યાદ હશે અને તે લાયક ન હોવા છતાં પ્રભુએ ડેવ અને મને તેમની સંભાળ રાખવાની સૂચના આપી. આવો દેવનો બિનશરતી પ્રેમ તેમને બતાવવાથી તેમનું કઠણ હૃદય નમ્ર થયું અને તેમણે તેમના પાપોનો પસ્તાવો કર્યો અને ઈસુને તેમનાં તારનાર તરીકે સ્વીકાર્યા.

માનવીય પ્રેમથી બિનશરતી રીતે પ્રેમ કરવાનું અશક્ય લાગે છે, પરંતુ આપણી પાસે ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસીઓ તરીકે આપણામાં દેવનો પ્રેમ છે અને આપણે એ પ્રેમને મુક્તપણે, બિનશરતી વહેવા દઈ શકીએ. માણસનો પ્રેમ નિષ્ફળ જાય છે પણ દેવનો પ્રેમ નહિ. માણસના પ્રેમનો અંત આવે છે, પણ દેવના પ્રેમનો નહિ. ક્યારેક મને લાગે છે કે હું માનવીય તાકાતથી કોઈ વ્યક્તિને પ્રેમ કરી શકતી નથી, હું તેમને દેવના પ્રેમથી પ્રેમ કરી શકું છું.

કોઈ વ્યક્તિ જેમણે મને વારંવાર વર્ષો સુધી દુઃખ પહોંચાડ્યું હતું, તેમણે મને હમણાં પૂછ્યું કે મને તેમના વિષે કેવી લાગણી થાય છે. શું હું તેમને પ્રેમ કરું છું? મેં પ્રામાણિકપણે એમ કહ્યું કે જો કે મને તેમના માટે એવી લાગણીઓ નહોતી, તે જો પરિસ્થિતિઓ અલગ હોત તો કદાચ થઈ શકત, મેં તેમને દેવના બાળક તરીકે પ્રેમ કર્યો અને તેમની જરૂરિયાતોમાં હું તેમને મદદ કરીશ.

દેવનો સાચો પ્રેમ લાગણીઓ પર આધારિત નથી, એ તો નિર્ણય પર આધારિત છે. જ્યાં સુધી કોઈને મદદ કરવી તેમને દુઃખી ન કરે ત્યાં સુધી હું એવા કોઈને મદદ કરીશ, જેને મદદની જરૂર છે. તેમણે તેના માટે લાયક બનવાની જરૂર નથી. સત્ય બાબત એ છે કે ક્યારેક હું એવું વિચારું છું કે જેટલી ઓછી તેઓ લાયકાત ધરાવતા હશે તેટલું વિશેષ સુંદર અને અસરકારક તે થશે. લોકોને કે તેઓ લાયકાત ધરાવે છે કે નહિ તેના કરતાં લોકોને સંપૂર્ણ મુક્તપણે પ્રેમ કરવો જોઈએ.

માફી

એવો કોઈ પ્રશ્ન જ ઊઠતો નથી... કદાચ એવું પૂછવું વધારે પડતું ગણાય. કેવી રીતે બીલ એબાર્બ એવા માણસને માફ કરી શકે, જેણે ઠંડા કલેજે તેના ભાઈની હત્યા કરી હતી? બીલ એબાર્બ અને ચાર્લ્સ મેન્યુઅલ બંને અજાણ્યા વ્યક્તિઓ હતા, અને તે બંનેના જીવનો એકબીજા સાથે એક જ સેકંડમાં ગૂંથાઈ ગયા - એ ક્ષણે એવું બન્યું કે ચાર્લ્સે બંદુકનો ઘોડો દબાવીને બીલના ભાઈ જ્હોનને મારી નાખ્યો. એ ક્ષણથી, બીલ બદલા સિવાય બીજો કોઈ વિચાર કરી શકતો નહોતો.

બીલનું હૃદય ખૂબ જ ગુસ્સા અને રોષથી ભરાઈ ગયું હતું અને તે એ બાબત વિષે સંમત હતો કે કોઈપણ પ્રકારની શિક્ષા, તેણે જે ગુમાવ્યું છે તેને પૂરું પાડી શકે નહિ. જ્હોનને મારી નાખ્યા પછી એક પણ દિવસ એવો નહોતો ગયો, જ્યારે બિલે તેના ખૂની વિષે વિચાર્યું ન હોય. આ ધિક્કાર તેને જીવતો જ ખાઈ રહ્યો હતો. આવું સતત

આક્રમણ ઝડપથી બીલ માટે તેની નોકરી અને લગ્નજીવનમાં સમસ્યાઓ લાવનાર હતું. તે જાણતો હતો કે જો તે આ નાશના માર્ગ પર ચાલુ જ રહેશે, તો કદાચ ઝડપથી તેનું જીવન પણ તેણે આપવું પડે.

એમ બન્યું કે બીલે તેના ભાઈને ગુમાવ્યો હતો, તેના કરતાં પણ ખૂબ જ સામર્થ્ય દિવસ તેના જીવનમાં આવ્યો, જ્યારે બીલે તેના જીવનમાં બદલાણનો અનુભવ કર્યો. બીલે ખ્રિસ્તની માફીનો અનુભવ કર્યો. આ તો અલૌકિક અને કોઈપણ એકલો માણસ વ્યવસ્થા કરે તેના કરતાં પણ વિશેષ માફી હતી - તેણે ગુસ્સો દૂર કર્યો.

બીલનું હૃદય ચમત્કારિક રીતે એવું બદલાઈ ચૂક્યું હતું કે તે અશક્ય બાબત વિચારવા લાગ્યો. તેને થયું કે જો દેવ તેણે જે કંઈ જીવનમાં કર્યું એ બધું માફ કરી શકે છે, તો તેણે પોતે પણ ચાર્લ્સને માફ કરવો જ જોઈએ. અને તેણે ચાર્લ્સને કહેવું જ જોઈએ કે તેણે ચાર્લ્સને તેના ભાઈને મારી નાખ્યો તે બદલ માફી આપી છે. શરૂઆતમાં તો આ આજ્ઞાધિનતાનું કામ હતું, પણ પછી તે હૃદયનું કાર્ય બની ગયું અને તેથી જહોનના મરણના ૧૮ વર્ષ બાદ બીલ અને ચાર્લ્સ એક સભામાં આમને-સામને બેઠા હતા, જેમાં એ સાબિત થયું કે દેવે તે બંનેના જીવનમાં શું કર્યું હતું. પ્રભુએ આ બંનેને માફીના સામર્થ્યથી મુક્ત કર્યા હતા.

આંકડાઓ જણાવે છે :

- માફી ભારને હળવો કરે છે. રોષ અને ખીજની માવજત કરવાથી આવાં પરિણામો આવે છે - સ્નાયુઓમાં ખેંચતાણ, લોહીનું દબાણ વધવું, પરસેવો વધવો વગેરે...
- જો તમે માફ કરો છો, તો તમારા હૃદયને ફાયદો થશે. એક અભ્યાસ દ્વારા માફી આપવી અને હૃદયમાં તથા લોહીના દબાણમાં સુધારો થવો એ બંને વચ્ચેનો સંબંધ સ્પષ્ટ થયો છે.
- તાજેતરમાં હાથ ધરાયેલ એક અભ્યાસ દ્વારા એ શોધી કાઢવામાં આવ્યું છે કે જે સ્ત્રીઓ તેમનાં પતિઓને માફ કરે છે અને તેમના પ્રત્યે માયાળુ રહે છે, તેઓ અસરકારક રીતે મતભેદોનું સમાધાન કરી શકે છે.

માનવીય પ્રેમ લાગણીઓ પર આધાર રાખે છે. આપણે લોકોને પ્રેમ કરીએ છીએ, કેમ કે તેઓ આપણા માટે ભલા હોય છે, આપણને મદદ કરી હોય છે અથવા તેમણે આપણને પહેલા પ્રેમ કર્યો હોય છે. તેઓ આપણને આપણા માટે સારો અનુભવ કરાવે છે અથવા તેઓ આપણું જીવન સરળ બનાવે છે. તેથી આપણે કહીએ છીએ કે આપણે તેમને પ્રેમ કરીએ છીએ. અથવા આપણે તેમને પ્રેમ એટલા માટે કરીએ છીએ કે તે પણ આપણને પ્રેમ કરે. પણ આવો જે પ્રેમ તેઓ કરે છે તેના પર તેઓ આધારિત હોય છે અને જો તેઓ તે પ્રમાણે કરવાનું બંધ કરે, તો આપણે કદાચ તેમને પ્રેમ કરવાનું બંધ કરીશું. આવો પ્રેમ આવે છે અને જાય છે;

તે ક્યારેક ગરમ તો ક્યારેક ઠંડો પડી જાય છે. જગતમાં આવા પ્રેમનો આપણને અનુભવ થાય છે. ઘણાં લગ્નો અને બીજાં વ્યક્તિગત સંબંધો આવા પ્રેમ પર બંધાયેલા હોય છે. આપણને આઈસ્ક્રીમ ગમે છે, કેમ કે તેનો સ્વાદ સારો હોય છે અને આપણે લોકોને પ્રેમ કરીએ છીએ, કેમ કે તેઓ આપણને નાતાલની સારી ભેટો આપે છે.

પ્રભુનો પ્રેમ સંપૂર્ણપણે અલગ છે - એ તો દેવ સિવાય બીજી કોઈ બાબત પર આધાર રાખતો નથી. અને જ્યારે આપણે ખ્રિસ્તને આપણાં તારનાર તરીકે સ્વીકારીએ છીએ, ત્યારે પવિત્ર આત્મા દ્વારા આપણામાં દેવનો પ્રેમ વહેવડાવવામાં આવે છે (જુઓ રોમનો ૫:૫). જ્યારે આપણે દેવની સાથે ભાગીદાર બનીએ છીએ, ત્યારે તે આપણી પાસે એવી આશા રાખે છે કે આપણે આ પૃથ્વી પર તેમનું પ્રતિનિધિત્વ કરીએ અને તે આપણને તેમણે આપેલા કાર્યને કરવા માટેના પ્રેમથી સુસજ્જ કરે છે. મનુષ્યના પ્રેમનો અંત આવે છે, જે ઘણીવાર બને છે, જ્યારે જે કરવાનું છે તે પૂર્ણ કરવા માટે દેવનો પ્રેમ ઉપલબ્ધ જ હોય છે.

મેં એક દીકરી તરીકે મારા પિતાને પ્રેમ કર્યો નહોતો, કેમ કે તે મારા માટે ક્યારેય પિતા તરીકે રહ્યા નહોતા. પરંતુ દેવનો પ્રેમ મારામાં હતો તેનાથી મેં લાગણીઓથી અલગ વિચાર કરીને નિર્ણય લીધો કે હું તેમની વૃધ્ધાવસ્થામાં તેમની સંભાળ લઈશ અને તેમના પ્રત્યે દયાળુ થઈશ. મને તેમના માટે ખરેખર દયા ઉપજી, કેમ કે તેમણે તેમનું આખું જીવન વેડફી નાખ્યું હતું અને તે પસ્તાવાની યાદોથી ભરપૂર થઈ ગયા હતા.

આપણે ઘણીવાર માફીની અદ્‌ભુત વાર્તાઓ સાંભળીએ છીએ. એક તરૂણ વયના છોકરાએ દારૂ પીને અકસ્માતમાં એક માણસની પત્ની અને બાળકને મારી નાખ્યું. પેલો માણસ જાણતો હતો કે તે પેલા તરૂણ વયનાં છોકરાને માફ કરે એવું દેવ ઈચ્છે છે અને ઘણી પ્રાર્થનાઓ પછી તેનામાંથી તેણે દેવના પ્રેમને વહેવા દીધો. એ માણસ પ્રેમનો ક્રાંતિકારી હતો.

આપણે એ જોવાનું શીખવું જ જોઈએ કે આપણા કરતાં લોકોએ પોતાને શું કર્યું છે. સામાન્ય રીતે જ્યારે કોઈ વ્યક્તિ, બીજી વ્યક્તિને દુઃખી કરે છે ત્યારે કદાચ તે પુરુષ કે સ્ત્રી પોતાને વધારે દુઃખી કરે છે અને કદાચ તેના પરિણામે પડતીને સહન કરે છે. ઈસુએ પણ આવું જ કર્યું, જ્યારે તેમણે એમ કહ્યું કે, "હે બાપ, તેઓને માફ કર, કેમ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી" (લૂક ૨૩:૩૪).

દેવનો પ્રેમ મગજથી સમજી શકાય એવો નથી, એ તો હૃદયની બાબત છે. મને મારા પિતાની સંભાળ લેવાનું કહેવાની વાત દેવને બિનશરતી લાગી - કેમ કે પ્રેમ બિનશરતી છે, જ્યારે આપણે પાપ કર્યા કરીએ છીએ અને દેવની અવગણના કરીએ છીએ ત્યારે દેવ આપણને કારણ વગર પ્રેમ કરે છે.

ન્યાય પર દયા વિજય મેળવે છે

કોઈ વ્યક્તિ કે પરિસ્થિતિનો ફક્ત જે લાયક છે તે માટે ન્યાય કરવો સરળ છે, પરંતુ દયા તેના કરતાં મોટી છે. કોઈના માટે ઠોકરને ન ગણકારવી એ મહિમાવંત બાબત છે. ત્રીજા

વિશ્વના દેશોમાં લોકોને મદદ કરતી વખતે હું એ વાસ્તવિક્તા તરફ દૃષ્ટિ કરી શકું નહિ કે તેઓમાંના ઘણાં મૂર્તિઓ, પ્રાણીઓ, સૂર્ય અને અશુદ્ધ આત્માઓની ભક્તિ કરે છે. હું સરળતાથી એમ કહી શકું કે, "તેઓ ભૂખે મરે છે એમાં કોઈ આશ્ચર્ય નથી - કેમ કે તેમણે તેમની પીઠ દેવ તરફ ફેરવી છે." પણ જો તેઓ જ્યાં જનમ્યા છે ત્યાં હું જન્મી હોત તો હું પણ કદાચ તેમનાં જેવી પરિસ્થિતિમાં હોત. આપણે આપણી જાતને એ યાદ કરાવવાનું જ છે, "જો મારા જીવનમાં દેવની કૃપા ન હોત તો હું તેમના સ્થાને હોઈ શકત."

ધાર્મિક લોકો માટે સજાતીય સંબંધ ધરાવનાર કોઈ પુરુષ જેને એઈડ્સ થયો હોય, તેની તરફ જોઈને એમ કહેવું સરળ છે કે, એ તેને લાયક છે. પણ શું પ્રભુ તેની તરફ એવી રીતે જુએ છે? અથવા પ્રભુ "શું"ની પાછળના વાસ્તવિક "શા માટે"ને જુએ છે? જ્યાં સુધી તે માણસમાં શ્વાસ છે ત્યાં સુધી પ્રભુ તે માણસને પહોંચીને છૂટકારો આપવા માગે છે - અને તે મારો અથવા તમારો તેના માટે ઉપયોગ કરવા માગે છે. તેનો અર્થ એવો નથી કે આપણે બીજાઓનાં પાપને ભેટવું જોઈએ, પણ આપણે લોકોને ભેટવું જોઈએ અને તેમની જરૂરિયાતોમાં તેમને દવા, આશરો, અને ઈશ્વરમાં શ્રધ્ધા અને આશા ઉપજાવે એવાં માયાળુ શબ્દો પૂરાં પાડવા જોઈએ.

દયા અને તરસ એ બંને પ્રેમનાં સૌથી સુંદર ગુણો છે, અને તેના વગર પ્રેમ જ નથી. મને જે મેં મારા શરૂઆતનાં જીવનનાં ત્રીસ વર્ષોમાં મળ્યું એ સઘળું કમાવા માટે મને દબાણ કરવામાં આવ્યું હતું, તેથી હું મેં જેના માટે કામ કર્યું છે એવી બાબતો જ્યારે મને એવું લાગતું કે તેમણે પોતાની જાતને મદદ કરી નથી, ત્યારે તેમને આપતી નહિ. મારો માનવી પ્રેમ અને દેવનો પ્રેમ જે મારા હૃદયમાં મૂકવામાં આવ્યો છે તે બંને વચ્ચેનો તફાવત સમજતાં થોડો સમય લાગ્યો. દયા આપણે કમાઈ શકતાં નથી કે તેના માટે યોગ્ય નથી. પાઉલે કલોસ્સીઓને લખ્યું અને કહ્યું કે તમે "પ્રીતિને પહેરી લો" (જુઓ કલોસ્સી ૩:૧૪). મને 'પહેરી લો' એ શબ્દો ગમે છે, જેનો અર્થ એવો થાય છે કે કંઈ કાર્ય હેતુપૂર્વક કરો, અને લાગણીઓ કે કારણ પર આધાર ન રાખો. હું તે નાના વાક્યમાંથી જીવનનાં અદ્ભુત પાઠો શીખી છું.

જ્યારે હું આ લખી રહી છું ત્યારે બપોરનો મધ્યાંતર થયો છે અને હું મારા ઘરનાં જ કપડામાં લખી રહી છું. ડેવે હમણાં જ ફોન કર્યો અને તે મને આવીને મુસ્ટાંગ કાર પ્રદર્શનમાં લઈ જવા માગે છે. હું તમને ખાતરીપૂર્વક કહું છું કે કાર પ્રદર્શનમાં જવું પ્રેમનું કાર્ય હશે. મને તૈયાર થઈને જવાની ઈચ્છા નથી - મને આ ઘરના જ કપડામાં અત્યારે આનંદ મળે છે, પણ હું તે પ્રમાણે કરીશ. આ જ રીતે આપણે બધાને બિનશરતી પ્રેમને પહેરવાની અગણિત તકો મળશે.

જ્યાં સુધી આપણે આપણી લાગણીઓથી પર થઈને જીવવાનું શીખીશું નહિ, તો આપણે ક્યારેય લોકોને દેવના પ્રેમથી પ્રેમ કરી શકીશું નહિ અથવા જરૂરિયાતવાળાને મદદ કરી શકીશું નહિ. શું તમે દયાને પહેરી લેવા તૈયાર છો? શું તમે પ્રેમને પહેરી લેવા તૈયાર છો? જો તમે લાગણીઓ સાથે સંઘર્ષ કરી રહ્યા છો, જે તમને સાચી બાબત કરતાં રોકી શકે છે, તો

તમારી જાતને પ્રશ્ન પૂછો, ''આ પરિસ્થિતિમાં ઈસુ શું કરશે?'' હું ચોક્કસપણે જાણું છું કે જો ડેવે મારા માટે આશા છોડી દીધી હોત તો હું જે અત્યારે છું એવી વ્યક્તિ ના હોત. તેમણે તેમના હૃદયને કે તેમની લાગણીઓને સાંભળ્યાં નહિ અને હું પણ તમને એમ જ કરવા ઉત્તેજન આપું છું.

પ્રેમ દૂર ચાલી જતો નથી

લોકોને પ્રેમ કરવાનો એવો અર્થ થતો નથી કે તેમને આપણો લાભ લેવા દઈએ. તેનો અર્થ એવો નથી કે તેઓ કંઈ જ કરે નહિ અને આપણે મફતમાં તેમને બધું જ આપ્યા કરીએ. બાઈબલ કહે છે કે પ્રભુ જેમને ચાહે છે તે દરેકને શિક્ષા કરે છે અને કોરડા મારે છે (જુઓ હિબ્રૂ ૧૨:૬). કોઈને શિસ્તમાં લાવવું એ શિક્ષા નથી; એ તો યોગ્ય વર્તન માટેની તાલીમ છે. ક્યારેક આ તાલીમ માટે આશીર્વાદો અટકાવવાની જરૂર પડે છે, પણ જ્યારે આપણે પોકાર કરીશું ત્યારે પ્રભુ આપણી મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડશે. બાઈબલ કહે છે કે આપણી દરેક પ્રકારે પરીક્ષા થશે અને જો આપણને જ્ઞાનની જરૂર છે તો આપણે પ્રભુ પાસે માગી શકીએ છીએ, જે સર્વને ઉદારતાથી આપે છે, અને ઠપકો આપતા નથી (જુઓ યાકૂબ ૧:૫). આ સુંદર વિચાર છે!

હું નશીલી દવાઓના બંધાણીને નવી કાર ખરીદીને આપીશ નહિ, કારણ કે હું જાણું છું કે તે કદાચ તેને નશીલી દવાઓ ખરીદવા વેચી દેશે, પણ હું તેને ખવડાવી શકું અને નહાવા માટેનું સ્થળ પૂરું પાડું અને નવા જીવનની આશા આપી શકું. હું તેને કહી શકું કે પ્રભુ તેને પ્રેમ કરે છે અને તેને મદદ કરવા માગે છે અને હું તેનો ન્યાય ન કરું, કેમ કે જો હું તેનો ન્યાય કરું, તો હું તેને પ્રેમ કરી શકીશ નહિ.

ઘણીવાર જ્યારે લોકો આપણને દુઃખી કરે છે અથવા તેમની સાથે રહેવું આપણા માટે મુશ્કેલ બને છે ત્યારે આપણે તેમને આપણા જીવનથી દૂર કરવા માગીએ છીએ, પણ જો દેવ એવું ઈચ્છતા હોય કે આપણે તેમની સાથે સંબંધ બાંધીએ તો શું? આપણાં જીવનોથી મુશ્કેલ લોકોને આપણે દૂર કરીએ એ ખૂબ સરળ બાબત છે, પણ પ્રભુ હમેશાં એવું ચાહતા નથી. આપણે શીખવું જ જોઈએ કે પ્રેમ દરેક પરિસ્થિતિમાં કેવો હોવો જોઈએ અને તેને લાગણીઓ વગર લાગુ કરવો જોઈએ.

એક પ્રશ્ન જે હું સામાન્ય રીતે પૂછું છું એ આ છે કે, ''મારે ક્યાં સુધી આ વ્યક્તિ સાથે રહેવું પડશે?'' આ પ્રશ્ન એવો છે જેનો ઉત્તર ફક્ત તમારું હૃદય જ આપી શકે. પ્રભુ જ કોઈ પરિસ્થિતિને બંને બાજુથી સમજી શકે છે, અને જો તમે ખરેખર તમારી ઈચ્છાને બદલે તેમની ઈચ્છા પૂરી કરવા માગો છો, તો પ્રભુ તમને તમારા નિર્ણયોમાં દોરશે. ફક્ત યાદ રાખો : પ્રેમની ક્રાંતિમાં જોડાવું એટલે જ્યારે અશક્ય લાગે તો પણ બીજાઓને પ્રેમ કરવા માટે તૈયાર રહેવું જોઈએ.

જ્યારે હું લોકો સાથે બિનશરતી પ્રેમની ચર્ચા કરું છું, તો બીજો એક પ્રશ્ન ઉદ્‌ભવે છે કે, "લોકો ગમે તે કરે પણ મારે ફક્ત આપ્યા જ કરવું જોઈએ?" આ પ્રશ્નનો ઉત્તર છે, ના. કદાચ કુટુંબનું કોઈ સભ્ય નશીલી દવાઓ અને દારૂનું બંધાણી છે અને તેનાં મોટાભાગનાં પુખ્તતાના વર્ષોમાં આ સમસ્યા રહી છે અને તેને લીધે તે બેજવાબદાર બની ગયા છે. કુટુંબ તેને મદદ કરવા ખૂબ જ નાણાં, સમય અને પ્રયત્નો કરે છે, પણ તે તેની જૂની જીવનશૈલી અને આદતોમાં પાછો વળી જાય છે. આવી પરિસ્થિતિમાં શેતાન કુટુંબના સભ્યોની નબળાઈનો ઉપયોગ કરે છે અને તેમની તાકાત ચોરી લે છે. કેટલીકવાર આપણે એ વાસ્તવિક્તાનો સામનો કરવો પડે છે કે આપણે કોઈને મદદ કરવા ગમે તેટલો પ્રયત્ન કરીએ, પણ એ વ્યક્તિ જ પોતાની જાતને મદદ નહિ કરે ત્યાં સુધી કંઈ થવાનું નથી. ઘણીવાર વર્ષો સુધી અવિરતપણે મદદ કર્યા પછી અને ઘણાં મોટાં વ્યક્તિગત બલિદાનો પછી, કુટુંબ વધારે મદદ કરવાની મના કરે છે. આ તરત જ લઈ શકાય એવો નિર્ણય નથી, પરંતુ ઘણીવાર આવો નિર્ણય લેવો પડે છે.

ક્યારેક ખ્રિસ્તીઓ તરીકે આવી પરિસ્થિતિઓ ઉદ્‌ભવે છે ત્યારે પ્રેમનો વ્યવહારું ઉપયોગ ન કરવા માટે આપણાં પર તહોમત મૂકવામાં આવે છે. આપણે આવી વાતો સાંભળીએ છીએ કે, "જો તમે તમારાં સગાંને જ મદદ કરતાં નથી, તો તમે કેવી રીતે લોકોને પ્રેમ કરવાનો દાવો કરી શકો?" જો કે એ મુશ્કેલ છે, પણ દઢપણે એમ કહો કે, "જો તમે ખરેખર તમારી પરિસ્થિતિઓનો સામનો કરવા માગો છો અને મદદની જરૂર છે, તો અમને જણાવજો." પરંતુ હું એ જાણું છું કે હું તેમને નાશકારક જીવન જીવવા માટે મદદ કરી શકું નહિ.

આપણે આપણા વહાલા વ્યક્તિને સમસ્યામાં, ભૂખમાં કે બિમારીમાં મદદ વગરનો રહેવા દઈ શકીએ નહિ, પણ આપણે તેને આપણી શાંતિ ચોરવા દઈ શકીએ નહિ કે આપણો ઉપયોગ કરવા દઈ શકીએ નહિ. લોકોને પ્રેમ કરવાનો અર્થ એવો નથી કે તેઓએ પોતાના માટે જે કરવું જોઈએ એ આપણે કરીએ.

જેઓ મદદ માટે લાયક નથી તેમને દયા મદદ કરે છે, પરંતુ બિનશરતી પ્રેમ આપણે લોકોનાં બિલ ભરીએ અને લોકોને બેજવાબદાર બનાવીએ એના માટે નથી. દયા ઘણી તકો આપે છે અને બિનશરતી પ્રેમ ક્યારેય આશા છોડી દેતો નથી. તે પ્રાર્થના કરે છે અને અંધકારને દૂર કરવા તૈયાર છે અને જ્યારે મદદ કરવાથી ખરેખર બદલાણ આવે છે ત્યારે મદદ કરે છે.

પ્રભુ ઈચ્છે છે કે આપણા દ્વારા બીજાઓમાં તેમનો પ્રેમ વહેલા લાગે. આપણે સમતોલ રીતે આપણી જાતને પ્રેમ કરવાનું શીખવાની જરૂર છે, કેમ કે આપણે આપણી જાતને પ્રેમ કરવો જ પડશે, નહિ તો આપણી પાસે આપણા માટે પ્રેમ નહિ હોય. આપણે દેવનો પ્રેમ પ્રાપ્ત કરવાની જરૂર છે, જે આપણને સાજા કરે. એ યાદ રાખો કે જે આપણી પાસે નથી તેને આપણે આપી શકતા નથી. પરંતુ આપણે ત્યાં જ રોકાઈ જવાનું નથી! પ્રભુ આપણને સાજાં

કરે છે જેથી આપણે બીજાઓને સાજાં કરીએ. પ્રભુ આપણને છોડાયેલાંમાંથી બીજાઓને છોડાવનાર બનાવવા માગે છે. માનવીય પ્રેમનો હમેશાં અંત આવે છે, પરંતુ પ્રભુનો આભાર કે તેમના પ્રેમનો અંત આવતો નથી. પ્રભુ આપણને વચન આપે છે કે તેમનો પ્રેમ ક્યારેય નિષ્ફળ જશે નહિ.



અધ્યાય

13

પ્રેમ અપકારને લેખવતો નથી

પ્રીતિ અન્યાયમાં હરખાતી નથી, પણ સત્યમાં હરખાય છે;
સઘળું ખમે છે, સઘળું ખરું માને છે, સઘળાની આશા રાખે છે,
સઘળું સહન કરે છે.
૧ કરિંથી ૧૩:૬-૭

શું તમે સારા હિસાબનીશ છો? શું તમે તમારી સાથે જે ખોટું કરવામાં આવ્યું છે, તેનો સચોટ વિસ્તૃત હિસાબ રાખો છો? ઘણાં વર્ષો સુધી, જ્યારે મારી અને ડેવની વચ્ચે વિવાદ થાય ત્યારે હું મારા મગજની ફાઈલો ખોલીને એવી બધી બાબતો કાઢતી, જેના વિષે મને લાગતું હોય કે ડેવે એ ખોટું કર્યું હતું. હું તેમને ભૂતકાળની ઘણી ભૂલો યાદ દેવડાવું ત્યારે તેમને આશ્ચર્ય લાગતું કે તે ખૂબ જૂની હોવા છતાં હું હજુ તેમને યાદ રાખું છું. મને યાદ છે, એકવાર તેમણે કહ્યું હતું કે, ‘‘તું આ બધી બાબતો ક્યાં સંઘરી રાખે છે?’’ જ્યારે હું આ બધું વર્ષો સુધી પકડીને બેસી રહેતી ત્યારે ડેવ માફી આપીને તે બાબત છોડી દેવા માટે ખૂબ તત્પર રહેતા.

સઘળી બાબતો કરતાં વિશેષ પ્રભુ ચાહે છે કે આપણે એકબીજાને પ્રેમ કરીએ, પરંતુ સંપૂર્ણ માફી વગર એ અશક્ય છે. આપણે જેમના પર ગુસ્સે હોઈએ છીએ અથવા ખિજવાયેલાં હોઈએ છીએ, તેમને પ્રામાણિકપણે પ્રેમ કરી શકતા નથી. પાઉલે કરિંથીઓને લખતાં કહ્યું કે, ‘‘(દેવનો પ્રેમ) દેવની પ્રીતિ અયોગ્ય રીતે વર્તતી નથી, પોતાનું જ હિત જોતી નથી, ખિજવાતી નથી, અપકારને લેખવતી નથી (કંઈપણ ખોટું કરવામાં આવ્યું હોય તેને સહન કરે છે અને તેના પર ધ્યાન આપતી નથી.)’’ (૧ કરિંથી ૧૩:૫).

સારામાં સારી બાબત પર વિશ્વાસ કરો

જો આપણે લોકોને પ્રેમ કરવા ચાહીએ છીએ, તો આપણે લોકો વિષે શું વિચારીએ છીએ અને તેઓ જે બાબતો કરે છે તે માટે પ્રભુને આપણી વિચારસરણી બદલવા દેવી જ પડશે. બીજાઓ જે કંઈ કહે છે અને કરે છે, તેના વિષે આપણે સંદેહ રાખીએ અને સૌથી ખરાબ બાબત પર વિશ્વાસ કરી શકીએ, પરંતુ સારો અને વાસ્તવિક પ્રેમ હમેશાં સારામાં સારી બાબત પર વિશ્વાસ કરે છે. આપણે શું વિચારીએ છીએ અને વિશ્વાસ કરીએ છીએ, એ તો પસંદગી છે. આપણાં જીવનની મોટાભાગની સમસ્યાઓનું મૂળ તો એ છે કે આપણે આપણાં વિચારોને અંકુશમાં અથવા શિસ્તમાં રાખતા નથી. આપણાં વિચારોને શિસ્તમાં ન રાખવાની પસંદગીને કારણે આપણે ખરાબ કે સંદેહાત્મક બાબતો પર ભરોસો કરીએ છીએ.

યર્મિયા પ્રબોધકે તેનાં લોકોને પૂછ્યું, "તારામાં વ્યર્થ કલ્પનાઓ ક્યાં સુધી રહેશે?" (જુઓ યર્મિયા ૪:૧૪). તેમણે જે વિચારો કરવાની પસંદગી કરી એ દેવ માટે વ્યર્થ હતી.

જ્યારે આપણે સારામાં સારી બાબત પર ભરોસો કરવાની પસંદગી કરીએ છીએ, ત્યારે આપણે સારા સંબંધોને નુકશાનકર્તા જે કંઈ હોઈ શકે તેને દૂર કરીએ છીએ. મેં મારી જાતને આવું કહીને ઘણી બધી તાકાત, જે મારા ગુસ્સા દ્વારા વેડફાઈ ગઈ હોય તેને બચાવી લીધી છે કે, "તેમણે જે કહ્યું કે કર્યું, જેનાથી મને દુઃખ થયું, પણ મેં એ બાબત પર ભરોસો કરવાની પસંદગી કરી છે કે તેમનું હૃદય બરાબર હતું." જ્યાં સુધી મારી ગુસ્સારૂપી લાગણીઓ દૂર થવાની શરૂઆત ન થાય ત્યાં સુધી હું મારી જાત સાથે વાતો કરું છું. હું આવી વાતો કહું છું કે, "તેમના વ્યવહારને લીધે મને કેવી રીતે અસર થઈ છે, એ તેઓ વાસ્તવમાં સમજ્યા છે એવું હું માનતી નથી. હું નથી માનતી કે તેમણે હેતુપૂર્વક મને દુઃખી કરવાનો પ્રયત્ન કર્યો છે. તેઓ આવું કહે છે ત્યારે તેનો કેવો અર્થ થઈ શકે એ તેઓ સમજ્યા નથી. કદાચ તેઓ આજે શારીરિક રીતે બિમાર છે અથવા તેમની વ્યક્તિગત સમસ્યા છે, જે તેમને તેઓ જેવું વર્તન કરે છે તેના માટે લાગણી વગરના બનાવી રહી છે."

હું અનુભવ દ્વારા એ જાણું છું કે ઠોકરો કે ભૂલોની માનસિક યાદી કે હિસાબો રાખવાથી આપણાં પોતાનાં જીવનો ઝેરી બને છે અને બીજા વ્યક્તિને બદલી શકતા નથી. ઘણીવાર આપણે એવા વ્યક્તિ પર ગુસ્સો કરવામાં આખો દિવસ વેડફી નાખીએ છીએ કે જે વ્યક્તિને ખરેખર જાણ જ હોતી નથી કે તેણે કંઈ એવું કર્યું છે, જેનાથી આપણને દુઃખ પહોંચ્યું છે. તેઓ તેમના દિવસનો આનંદ ઉઠાવે છે અને આપણે આપણો દિવસ વેડફી નાખીએ છીએ.

જો આપણે હિસાબો રાખવા જ માગીએ છીએ, તો શા માટે લોકો જે સારી બાબતો કહે છે અથવા કરે છે, તેનો હિસાબ ન રાખીએ?

નકારાત્મક હિસાબો રાખવાનાં ઉદાહરણો :

ડેવને મોટાભાગે રમતગમતો જોવી ગમે છે અને તે જાણે છે કે મને તેમાં આનંદ મળતો નથી.

જ્યારે હું કોઈ વાત કહેવાનો પ્રયત્ન કરતી હોઉં, ત્યારે ડેવ તેની વિસ્તૃત બાબતો વર્ણવવા મારો સુધારો કરે છે.

ચાળીસ વર્ષોના લગ્નજીવનમાં હું એક જ હાથના વેઢે ગણી શકું કે કેટલીવાર ડેવે મને પૂછ્યું પણ નહિ કે હું શું કરીશ અથવા મારી કોઈ યોજનાઓ છે કે નહિ.

હકારાત્મક હિસાબો રાખવાનાં ઉદાહરણો :

જ્યારે હું ડેવ સાથે ખોટું વર્તન કરું તો તે તરત મને માફ કરવા હમેશાં તૈયાર હોય છે.

ડેવ મને હું જે છું તે જ બની રહું માટે સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે.

ડેવ એવા વ્યક્તિ છે તે કામ કરીને લોકો તેને સાફ કરે માટે રહેવા દેતા નથી, તે જાતે તેને સાફ કરી દે છે.

ડેવ દરરોજ મને કહે છે કે તે મને પ્રેમ કરે છે અને ક્યારેક તો દિવસમાં ઘણી બધી વખત કહે છે.

ડેવ મને મારા દેખાવ અને વસ્ત્રો માટે શુભેચ્છા આપે છે.

ડેવ મારે જેની જરૂર છે અને અમને પોસાય તેમ હોય એ સઘળું ખરીદી આપે છે.

જ્યાં હું જવા ચાહું છું ત્યાં ડેવ મને હમેશાં લઈ જવા તૈયાર હોય છે.

ડેવ તેમના મનોભાવમાં હમેશાં દૃઢ હોય છે, ભાગ્યે જ તે વિચાર બદલે છે.

ડેવ હમેશાં મારું રક્ષણ કરે છે, જ્યારે હું તેમની સાથે હોઉં ત્યારે મને સલામતીનો અનુભવ થાય છે.

નકારાત્મક યાદી કરતાં હકારાત્મક યાદી વધારે લાંબી છે એ જોવું સરળ છે, અને હું કલ્પના કરું છું કે તે મોટાભાગના લોકો પાસે હોઈ શકે છે, જો તેઓ સારી બાબતો સમય કાઢીને લખે. આપણે જગતમાં અને લોકોમાં જે સારું છે તેની ઉજવણી કરવી જોઈએ અને સારી બાબતો પર દૃષ્ટિ રાખવી જોઈએ, કેમ કે આપણે સારાથી ભૂંડાનો પરાજય કરીએ છીએ. લોકો વિષે જે સારું છે તેના વિષે વિચારો કરવાથી અને વાતો કરવાથી આપણે તેમનામાં જે બાબતો આપણને અડચણરૂપ લાગતી હતી, તેના તરફ દૃષ્ટિ કરીશું નહિ.

પવિત્ર આત્માને ખિન્ન કરશો નહિ

આપણે આપણા ગુસ્સા, ઉદાસીનતા, માફી ન આપવા દ્વારા કડવાશ, ઝઘડા અને ભાગલા પાડવા દ્વારા પવિત્ર આત્માને દુઃખી કરીએ છીએ. બાઈબલ આપણને આજીજી કરે છે કે આપણે આપણી ખરાબ ઈચ્છાઓ, અધમતા અને દુશ્મનાવટને મનમાંથી કાઢી નાખવી

જોઈએ. મને એ બાબત ઉદાસીન બનાવે છે કે હું દેવનાં પવિત્ર આત્માને દુ:ખી કરી શકું છું. જ્યારે મને યાદ આવે કે હું કેવી ઝડપથી ગુસ્સે થઈ જતી હતી ત્યારે હું જાણું છું કે મેં તેમને દુ:ખી કર્યા હતા, અને હું કદી તેમ કરવા માગતી નથી. તેને દૂર કરવાનો એક જ માર્ગ હોઈ શકે છે કે હું અસરકારકપણે બીજાઓ પ્રત્યેની ખરાબ ઈચ્છાઓને છોડી દઉં. આપણે એકબીજાને મદદરૂપ, ઉપયોગી અને માયાળુ થવાનું છે, જેમ ખ્રિસ્તે આપણને સ્વેચ્છાએ માફ કર્યા, એમ આપણે એકબીજાને માફ કરવાનાં છે (જુઓ એફેસી ૪:૩૦-૩૨).

આપણો ગુસ્સો પવિત્ર આત્માને ફક્ત એટલા માટે દુ:ખી કરતો નથી કે દેવ એવું ઈચ્છે છે કે આપણે એકબીજાને પ્રેમ કરીએ. પરંતુ તે જાણે છે કે તે આપણા પર કેવી નકારાત્મક અસરો ઉપજાવશે અને પવિત્ર આત્મા ઈચ્છે છે કે આપણે સ્વતંત્રતાનું જીવન જીવીએ. આપણે દેવનું અનુકરણ કરવું જોઈએ અને તેમનાં ઉદાહરણને અનુસરવું જોઈએ. પ્રભુ કોપ કરવે ધીમા છે, દયા કરવામાં ઉતાવળા છે, અને માફી આપવામાં ઉતાવળા છે. દેવ જે ન્યાયીપણામાં રહેવા આપણને તેડે છે, તેમાં આપણો ગુસ્સો આપણને રહેવા દેશે નહિ.

જેમ પ્રામાણિક અને અજોડ પ્રેમને આપણે કેવી લાગણીનો અનુભવ કરીએ છીએ તેની સાથે સંબંધ નથી, એવું જ પ્રામાણિક અને અજોડ માફી માટે પણ છે. બંને બાબતો આપણે જે પસંદગી કરીએ છીએ તેના પર આધાર રાખે છે, નહિ કે આપણી લાગણીઓ પર. આપણે શીખ્યા છે કે જો હું માફી આપવાનું પસંદ કરું, તો મારી લાગણીઓ મારા નિર્ણય સાથે જોડાઈ જશે. બીજાઓને માફ કરવાની બાબત આપણને તેમના માટે આપણાં જીવનનાં દ્વાર બંધ કરવાને બદલે તેમની સાથે વાત કરવા યોગ્ય બનાવે છે. તે મને તેમના માટે નકારાત્મક, ભૂંડી બાબતોને બદલે તેમના માટે પ્રાર્થના કરવા અને તેમને માટે આશીર્વાદો જાહેર કરવાની અનુમતિ આપે છે. આપણે આપણી લાગણીઓ પર વધારે પડતું ધ્યાન આપીએ છીએ. તેને બદલે, આપણે યાદ રાખવું જોઈએ કે આપણી લાગણીઓ ક્ષણિક અને બદલાઈ શકે એવી છે. પ્રેમ કદી બદલાતો નથી.

એકબીજાને સારુ સહન કરો

જો આપણે ખરેખર એકબીજાને પ્રેમ કરીએ છીએ, તો આપણે સહનશીલતા રાખીને એકબીજાનું સહન કરવું જોઈએ (જુઓ એફેસી ૪:૧-૨). એકબીજાનું સહન કરવાનો અર્થ એવો નથી કે લોકોનાં ખોટાં વર્તન વિષે બહાના બનાવીએ - જો તે ખોટું છે તો તે ખોટું જ છે અને બહાના બનાવવાની કે તેની અવગણના કરવાથી કોઈ મદદ મળશે નહિ. પરંતુ એકબીજાનું સહન કરવાનો અર્થ એ છે કે આપણે દરેકને અપૂર્ણ તરીકે સ્વીકારીએ છીએ. આપણે આપણા શબ્દોથી અને વલણોથી સંદેશાઓ મોકલીએ છીએ અને કહીએ છીએ કે, ''તમે એવું કર્યું એટલે હું તમારો નકાર કરતો નથી, હું તમારા વિષે આશા છોડી દેતો નથી. હું તમારી સાથે કામ કરીશ અને તમારો ભરોસો કરીશ.''

મેં મારા બાળકોને કહ્યું છે કે જો હું કદાચ તેમની સાથે તેઓ જે કંઈ કરે છે તેમાં હમેશાં સંમત ન પણ થાઉં, પરંતુ હું હમેશાં સમજવાનો પ્રયત્ન કરીશ અને તેમને પ્રેમ કરવાનું ક્યારેય બંધ કરીશ નહિ. હું તેમને જણાવવા માગું છું કે તેઓ મને હમેશાં તેમના જીવનમાં જોઈ શકે છે.

પ્રભુ આપણી બધી ભૂલો જાણે છે અને છતાં આપણી પસંદગી કરે છે. આપણે ભૂલો કરીએ એ પહેલાંથી પ્રભુ આપણી ભૂલો જાણે છે અને આપણા પ્રત્યે તેમનું વલણ એવું છે કે, "હું તમને અપૂર્ણ રહેવાની અનુમતિ આપીશ!" તે આપણને ક્યારેય છોડી ન દેવાનું અને ત્યજી ન દેવાનું વચન આપે છે (જુઓ હિબ્રૂ ૧૩:૫).

મારા વિષે ઘણું બધું અપૂર્ણ હોવા છતાં ડેવ મને હું જે છું એવી જ બની રહેવા દે છે. તે મને ક્યારેય "બદલાવા કે બીજું કંઈ કરવા" દબાણ કરતા નથી! મને એક અપૂર્ણ પત્ની બની રહેવા બદલ ક્યારેય તેમના દ્વારા નકાર થવાની બીક નથી. આપણાં કુટુંબના દરેક વ્યક્તિ અને બીજાં નજીકનાં સંબંધીઓ વિષે એવી કેટલીક બાબતો માટે આપણે એવી ઈચ્છા રાખીએ કે તે કદાચ અલગ હોય, પરંતુ જ્યારે આપણે ખરેખર કોઈને પ્રેમ કરીએ છીએ, તો તે સર્વને સ્વીકારીએ છીએ. આપણે જે સારું છે અને જે એટલું સારું નથી તેને સ્વીકારીએ છીએ. સત્ય બાબત તો એ છે કે લોકો સંપૂર્ણ નથી. આપણે સંપૂર્ણતા સ્વીકારીએ છીએ, આપણે હમેશાં આપણી જાતને હતાશા અને કડવાશથી પર રાખીએ છીએ. એકબીજાનું સહન કરવાથી આપણું જીવન ખૂબ સરળ બને છે અને તેથી વિશેષ અગત્યની વાત તો એ છે કે તે દેવ પ્રત્યેના આપણા આજ્ઞાંકિતપણાને દર્શાવે છે.

જ્યારે લોકો એવું કંઈ કરે છે, જેને તમે સમજી શકતા નથી તો તેમના વિષે હિસાબો રાખવાને બદલે તમારી જાતને કહો કે, "તેઓ મનુષ્ય છે." ઈસુ મનુષ્યનો સ્વભાવ જાણતા હતા, તેથી જ જ્યારે લોકોએ તે જેમ ઈચ્છતા હતા તેમ કર્યું નહિ, ત્યારે તેમને આશ્ચર્ય થયું નહિ. પિતરે તેમને ઓળખવા નકાર કર્યો છતાં તેમણે પિતર પર પ્રેમ કર્યો. તેમનાં શિષ્યો તેમની સાથે તેમની દુઃખની ઘડીમાં જાગતા રહીને પ્રાર્થના કરવા અસમર્થ હતા, છતાં તેમણે શિષ્યોને પ્રેમ કર્યો. લોકો જે કરે છે તેનાથી જો આપણે સમય અગાઉ ધ્યાનમાં રાખીએ કે તેઓ સંપૂર્ણ થવાના નથી અને તેમનાં એવા વર્તનને લીધે સહન કરવા તૈયાર રહીએ તો તેને લીધે આપણને કોઈ બાબત તેમને પ્રેમ કરતાં રોકી શકશે નહિ.

લોકો શું ખોટું કરે છે તેના હિસાબો આપણે રાખવાના નથી અને આપણે જે કંઈ કરીએ છીએ એ સાચું છે એવું આપણે માનીએ છીએ તેનાં પણ હિસાબો આપણે રાખવાના નથી. આપણે માટે ખૂબ જ મોટાં વિચારો કરવાને લીધે આપણે બીજા લોકો માટે ધીરજ ગુમાવીશું અને દયા રાખી શકીશું નહિ. પ્રેરિત માથ્થી એવું કહે છે કે જ્યારે આપણે કોઈ સારું કામ કરીએ છીએ, તો આપણા ડાબા હાથે શું કર્યું છે, તે જમણો હાથ પણ ન જાણવો જોઈએ (જુઓ માથ્થી ૬:૩). મારા માટે તેનો અર્થ એવો છે કે હું જે મારા સારા કામો અને વિચારો માનું છે, તેના વિષે મારે મનન કરવું જોઈએ નહિ. મારે તો જેમને હું મળું તેમને પ્રેમ બતાવવા તરફ જ ધ્યાન આપવાનું છે, એ જ પ્રેમની ક્રાંતિનો મૂળભૂત પ્રકાશ છે!

પ્રેમ પાપને ઢાંકે છે

પ્રેરિત પિતરે કહ્યું કે, વિશેષે કરીને આપણે એકબીજા પર આગ્રહથી પ્રીતિ કરવી જોઈએ, કેમ કે પ્રીતિ પાપના પૂંજને ઢાંકે છે (જુઓ ૧ પિતર ૪:૮). પ્રેમ ફક્ત એક ભૂલને જ ઢાંકતો નથી, તે તો પાપના પૂંજને ઢાંકે છે. દેવના આપણે માટેના પ્રેમે આપણાં પાપોને ઢાંક્યા એટલું જ નહિ, તેણે તેમને સંપૂર્ણપણે દૂર કરવાની કિંમત પણ ચૂકવી. પ્રેમ શુધ્ધ કરનાર પ્રતિનિધિ છે. હું ચાહું છું કે તમે પિતરે આમ - વિશેષે કરીને એકબીજા પર - પ્રેમ - કરવાની વાત કહી, એ બાબતની નોંધ કરો.

પાઉલે કલોસ્સીઓને એ જ સંદેશો આપ્યો કે પ્રેમને પહેરી લો (જુઓ કલોસ્સી ૩:૧૪). બાઈબલમાં એક પછી એક આપણને અવિરતપણે યાદ કરાવવામાં આવે છે કે આપણે એકબીજાને પ્રેમ કરવો જોઈએ અને એમ કરવામાં કંઈપણ અડચણ રાખવી જોઈએ નહિ.

જ્યારે પિતરે ઈસુને પૂછ્યું કે તેણે તેના ભાઈના અપરાધને કેટલીવાર માફ કરવો જોઈએ, ત્યારે ઈસુએ તેને કહ્યું કે, જ્યાં સુધી થઈ શકે ત્યાં સુધી એમ કરવું જોઈએ (જુઓ માથ્થી ૧૮:૨૧-૨૨). પિતરે સાત વખતની વાત કરી અને મને ઘણીવાર એમ લાગે છે કે કદાચ તે છઠ્ઠી વાર સુધી પહોંચ્યો હશે અને હવે એક જ પ્રયત્ન બાકી રહ્યો હશે. જો આપણે પ્રેમની ક્રાંતિમાં જોડાવું હોય તો, આપણે એ સમજવું જ જોઈએ કે તેને માટે ઘણીબધી માફીની જરૂર પડશે. કદાચ તે આપણા દૈનિક જીવનનો અનુભવ બની જાય. કેટલીકવાર આપણે નાની બાબતો માફ કરવાની જરૂર પડે છે, જે ખૂબ સરળ હોય છે, પરંતુ પ્રસંગોપાત એવી મોટી બાબતો પણ આવે છે, જેના વિષે આપણને એમ લાગે તે આપણે તેમ કરી શકીશું કે નહિ. ફક્ત એ વાત યાદ રાખો કે પ્રભુ આપણને કોઈ કામ કરવાની યોગ્યતા આપ્યા વગર તે કાર્ય કરવાનું કહેતા નથી. આપણે જો દેવના પ્રેમને આપણા દ્વારા વહેવા દઈએ તો આપણે દરેકને તેમણે જે કાંઈ કર્યું હોય તે માફ કરી શકીશું.

જ્યારે આપણે લોકોનાં અપરાધો ઢાંકીએ છીએ ત્યારે આશીર્વાદિત થઈએ છીએ અને જો આપણે તેને ખુલ્લાં કરીએ તો આપણે શાપિત થઈએ છીએ. કોઈની નિષ્ફળતાને ઢાંકવાનો એક ભાગ એ છે કે તેને ગુપ્ત રાખવું. કોઈની ભૂલો વિષે તમે જાણતા હો તો તે લોકોને કહેવા માટે ઉતાવળા થશો નહિ. લોકોની ગુપ્ત બાબતોને જાણે તમારી પોતાની બાબતો ગુપ્ત રાખતાં હોય એ રીતે ગુપ્ત રાખો. આપણે બાઈબલમાં તેના વિષેની એક વાત જોઈએ છીએ કે નૂહે દ્રાક્ષારસ પીધો અને તેનાં તંબૂમાં નગ્ન પડ્યો હતો. તેનાં દીકરાઓમાંના એકે બહાર જઈને તેનાં બે ભાઈઓને તેની નગ્નતા વિષે કહ્યું, અને તે દિવસથી તેણે તેનાં જીવનમાં શ્રાપ સહન કર્યો. જે બે ભાઈઓને તેણે કહ્યું હતું તેમણે ઊંધા ચાલતા જઈને તેમનાં બાપની નગ્નતાને ઢાંકી અને પોતે તેની નગ્નતા જોઈ નહિ. બાઈબલ એમ કહે છે કે તેઓ આશીર્વાદિત થાય (જુઓ ઉત્પત્તિ ૯:૨૦-૨૭). નૂહની નગ્નતા ન્યાયમાં તેની ભૂલ દર્શાવે છે, તેનું પાપ જણાવે છે. જેમ આ વાત આગળ સ્પષ્ટપણે જણાવે છે તેમ આપણે એકબીજાને ઢાંકવા જોઈએ અને કોઈની ભૂલોને પ્રદર્શિત કરવી જોઈએ નહિ.

જ્યારે આપણો ભાઈ આપણી વિરૂધ્ધ અપરાધ કરે તો આપણે શું કરવું જોઈએ, તેના વિષે સૂચનાઓ આપી (જુઓ માથ્થી ૧૮:૧૫-૧૭). તેમણે કહ્યું કે પહેલી બાબત તો એ છે કે આપણે તેને ગુપ્તમાં તેના વિષે કહેવું જોઈએ. જો તે સમજે નહિ, તો બે કે ત્રણ વ્યક્તિઓને એવી આશાસહિત લઈ જવા, જેથી તે વ્યક્તિ સમજે અને પસ્તાવો કરે. જો આપણે આ સરળ સૂચનાઓને અનુસરીશું, તો મોટી સમસ્યા ટળી જશે. હું તમને કહી શકતી નથી કે કેટલીવાર લોકો મારી પાસે એવી બાબતો લઈને આવે છે, જેનું ગુપ્તમાં સમાધાન કરવું જોઈએ - એવી બાબતો તેમની અને જે વ્યક્તિ વિષે તેઓ એમ માને છે કે તેમણે ખોટું કર્યું છે એ બંનેની વચ્ચે જ રહેવી જોઈએ. જો તમારે ખરેખર કોઈને મોંઢામોંઢ કહેવાની જરૂર લાગે છે, તો ગભરાશો નહિ. ક્યારેક માફી આપવાનો ઝડપી માર્ગ એ હોય છે કે ખુલ્લા મને તેમની સાથે ચર્ચા કરી લઈએ. છૂપી ભૂલો અને ઠોકરો તો ચેપ લાગ્યો હોય અને તેની કાળજી લીધી ન હોય એવી હોય છે. તે બાબતો તો જ્યાં સુધી આખા ક્ષેત્રને ચેપી ન કરે અને આપણે બિમાર ન થઈએ ત્યાં સુધી ખરાબ રીતે શાંતિથી કાર્ય કર્યા કરે છે. ખૂબ મોડું થઈ જાય તે પહેલાં આપણે તે ઘાને સાફ કરવો જોઈએ.

બાઈબલ યૂસફ નામના એક વ્યક્તિની વાત કરે છે, જેને તેનાં ભાઈઓ દ્વારા ગુલામ તરીકે વેચી દેવામાં આવ્યો હતો. જ્યારે યૂસફનાં ભાઈઓને પાછળથી ખબર પડી કે તે જીવતો છે અને તેમને જે ખોરાકની તાતી જરૂર છે તેનો મુખ્ય કારભારી છે, ત્યારે તેઓ ગભરાયા. તેમને યાદ આવ્યું કે તેમણે યૂસફની સાથે કેવો વ્યવહાર કર્યો હતો અને એમ માનતા હતા કે તે પણ એવું જ કરશે, પણ તેણે કંઈપણ બાબતને જાહેર ન કરવાની પસંદગી કરી. તેણે ગુપ્તમાં તેમની સાથે વાત કરી અને કહ્યું કે તે દેવ નથી અને બદલો લેવો એ દેવનું કામ છે, તેનું નહિ. તેણે મુક્તપણે માફી આપી અને તેમને આગ્રહ કરીને કહ્યું કે ગભરાશો નહિ અને તેમને તથા તેમનાં કુટુંબોને જરૂરી સઘળું પૂરું પાડ્યું. એમાં કોઈ સંદેહ નથી કે યૂસફ જ્યાં જ્યાં ગયો, ત્યાં તેને સામર્થી આગેવાન બનાવવાની તરફેણ કરવામાં આવી. તે પ્રેમ અને સંપૂર્ણ માફીની અગત્યતાના સામર્થ્યને જાણતો હતો.

તમારા સઘળા હિસાબો કાઢી નાખો

તમે કોઈના માટે રાખેલા હિસાબોને શા માટે કાઢી નાખવા ન જોઈએ અને એમ ન કહેવું જોઈએ કે, "સંપૂર્ણ ચૂકવણી થઈ ગઈ છે?" "જેને લેખે પ્રભુ પાપ નહિ ગણે તે માણસને ધન્ય છે" (રોમનો ૪:૮). તેનો અર્થ એ નથી કે પ્રભુ પાપને જોતા નથી. તેનો અર્થ એ છે કે પ્રેમને લીધે તે પાપીને લેખે તેનો અપરાધ ગણતા નથી. પ્રેમ સમજી શકે છે કે ખોટું કરવામાં આવ્યું છે અને તે હૃદયમાં ઘર કરી જાય તે પહેલાં તેને ભૂંસી નાખે છે. પ્રેમ કોઈ ભૂલ કે પાપની નોંધણી રાખતો નથી; આવું કરવાથી રોષને વૃધ્ધિ પામવાની તક રહેતી નથી.

આપણામાંના કેટલાક આપણી યાદશક્તિ વિષે ચિંતા કરીએ છીએ, પરંતુ સત્ય એ છે કે આપણે કદાચ કેટલીક બાબતોને ભૂલવાની જરૂર હોય છે. હું માનું છું કે આપણે ઘણીવાર

એવી વાતો યાદ રાખીએ છીએ, જેને ભૂલવાની હોય છે અને એવી બાબતો ભૂલી જઈએ છીએ જેને યાદ રાખવાની હોય છે. કદાચ એક દેવ જેવી બાબત આપણે કરવી જોઈએ એ તો માફી આપવી અને ભૂલી જવું જોઈએ. કેટલાક લોકો કહે છે, ''હું તેમને માફ કરીશ, પરંતુ હું તે ક્યારેય ભૂલી શકીશ નહિ.'' આ વિધાનની વાસ્તવિક્તા એ છે કે આપણે પેલી યાદોને વળગી રહીએ છીએ. આપણે ખરેખર માફ કરતા નથી. તમે કદાચ પૂછો કે જે બાબતોએ અમને દુઃખ પહોંચાડ્યું છે તેને અમે કેવી રીતે ભૂલી શકીએ? તેનો ઉત્તર એ છે કે આપણે તેના વિષે વિચાર ન કરવાની પસંદગી કરવી જોઈએ. જ્યારે એ બાબતો મનમાં આવે ત્યારે આપણે તે વિચારોને કાઢી નાખીને જે બાબતો આપણને લાભકારી છે તેનો વિચાર કરવો જોઈએ.

તમારા સઘળાં હિસાબોને કાઢી નાખવાથી સારા પરિણામો ઉત્પન્ન થશે. તેનાથી દબાવ ઘટશે અને તમારા જીવનની ગુણવત્તામાં સુધારો થશે. તમારી અને દેવની વચ્ચેનો ગાઢ સંબંધ ફરીથી સ્થાપિત થશે અને તમારા આનંદ અને શાંતિમાં વૃધ્ધિ થશે. શાંત અને સ્થિર મનને લીધે તમારી તંદુરસ્તી પણ સુધરશે અને હૃદયની શાંતિ શરીરનું જીવન છે અને તંદુરસ્તી છે (જુઓ નીતિવચનો ૧૪:૩૦). રોષ અને ગુસ્સો દિવાલો બાંધે છે, પ્રેમ પુલ બાંધે છે!



અધ્યાય

14

પ્રેમ દર્શાવવાની વ્યવહારિક રીતો

સર્વ સમયે સુવાર્તા પ્રગટ કરો અને
જ્યારે જરૂર હોય ત્યારે શબ્દોનો ઉપયોગ કરો.
સેન્ટ ફ્રાન્સીસ ઑફ આસિસી

પ્રેમ દર્શાવવાનું તમે તરત શરૂ કરી શકો એવી વ્યવહારિક રીતો વિષે જો હું તમને ન જણાવું, તો આ પુસ્તક નકામું સાબિત થાય. અગાઉ મેં જણાવ્યું છે તે પ્રમાણે, પ્રેમ એ કોઈ સિધ્ધાંત કે વાતચીત જ નથી, એ તો એક પ્રકારનું કાર્ય છે, પ્રેમના ક્રાંતિવીરો તરીકે આપણે આ જગતમાં પ્રેમને પ્રગટ કરવાની નવી નવી અને વધુ સારી રીતો શોધતા રહેવું જોઈએ.

હું તમને એક વાત એ યાદ દેવડાવવા માગું છું કે આપણી પાસે ગમે તે હશે અથવા આપણે ગમે તે કરી શકતા હોઈશું, પણ જો આપણામાં પ્રેમ નથી, તો આપણી પાસે કશું જ નથી અને આપણે કંઈ જ નથી (જુઓ ૧ કરિંથી ૧૩ઃ૧-૩). સમાજના ભાવિ માટે એ વાત તાકીદની છે કે આપણે અસરકારક રીતે પ્રેમ દર્શાવવાનું શરૂ કરી દઈએ. ઈશ્વર છે કે નહિ, એ પોતે પૃથ્વી પર શા માટે જન્મ્યા છે, અને જો ઈશ્વરનું અસ્તિત્વ છે તો આ જગત શા માટે આટલી બધી ભૂંડાઈઓથી ભરપૂર છે, આ બધી બાબતો જાણવા માટે લોકો તત્પર છે. હું એવું માનું છું કે જો લોકો કાર્યોમાં પ્રેમના દર્શન કરી શકતા હોય, તો એ બાબત જ તેઓના પ્રશ્નોના ઉત્તર આપશે. ઈશ્વર પ્રેમ છે, અને તેમનું અસ્તિત્વ આ પૃથ્વી પર છે, અને પોતાને પ્રગટ કરવાની એક મુખ્ય રીત એ છે કે તે તેમના લોકો મારફતે પોતાને પ્રગટ કરે છે.

આપણી પાસે ગમે તે હશે અથવા આપણે ગમે તે કરી શકતાં હોઈશું, પણ જો આપણામાં પ્રેમ જેવી કોઈક બાબત નથી, તો આપણી પાસે કશું જ નથી અને આપણે કંઈ જ નથી.

જગતે જેમાંથી પ્રેમ પ્રગટ થતો હોય એવા પ્રેમનાં લક્ષણો તરફ દૃષ્ટિ કરવાની જરૂર છે. તેઓએ સહનશીલતા, ધીરજ, માયાળુપણું, નિઃસ્વાર્થીપણું અને માફી આપવા માટે તૈયાર હોવાના વલણ તરફ દૃષ્ટિ કરવાની જરૂર છે. તેઓએ કમભાગી એવા અન્ય લોકોને મદદ કરવા માટે બલિદાન આપનાર લોકોની તરફ દૃષ્ટિ કરવાની જરૂર છે. પ્રેમનો સ્પર્શ પામેલા હોવું એટલે જાણે કે તાપણીની સામે એક હુંફાળા અને સુંવાળા ધાબળા નીચે આરામથી સૂઈ રહેવું. પ્રેમ તો એક લાગણી માત્ર છે. અને બીજાઓને એ ભેટ આપવાની શક્તિ આપણી પાસે છે!

સહનશીલ બનો!

બાઈબલમાં ૧ કરિંથી ૧૩ મા અધ્યાયમાં પાઉલે પ્રેમનાં લક્ષણોની જે યાદી બનાવી છે, તેમાં પ્રથમ લક્ષણ સહનશીલતા છે. પાઉલ લખે છે કે પ્રેમ ધીરજ રાખીને બધું સહન કરે છે. પ્રેમ ધીરજ રાખીને બધું વેઠે છે. અને તમારી મરજી પ્રમાણે કાર્ય થતું ન હોય ત્યારે પણ પ્રેમ સમતુલા ગુમાવ્યા વિના સ્થિર રહે છે.

કામ કરવામાં ઢીલા, ચીજવસ્તુની કિંમત શોધતાં પણ ન આવડે એવા, રજીસ્ટરમાં બરાબર નોંધતાં પણ ન આવડતું હોય એવા, અથવા હું જ્યારે બાજુમાં જ મદદ માટે રાહ જોતી ઊભેલી હોઉં ત્યારે ફોન ઉપર ખીજાયેલા ગ્રાહકને શાંત પાડતાં પણ ન આવડતું હોય એવા ક્લાર્કો સાથે ધીરજપૂર્વક કામ લેવાનું હું શીખતી રહું છું. મને ખબર છે કે એ ક્લાર્કોને નિરાશ થયેલા, અધીરા અને ખરાબ સ્વભાવવાળા ઘણા ગ્રાહકોના ખરાબ વર્તનના ભોગ બનવું પડતું હોય છે, અને મેં નક્કી કર્યું છે કે એ ક્લાર્કોની મુશીબતોમાં હું વધારો કરવા માગતી નથી, તેઓ જે જવાબો આપતા હોય છે તેમાં સંતોષી રહેવાનો હું પ્રયત્ન કરતી હોઉં છું. એ વાત સાચી છે કે આપણે બધા જ ઉતાવળ કરતાં હોઈએ છીએ, અને રાહ જોવા માગતા હોતા નથી; પરંતુ પ્રેમ પોતાનું જ હિત શોધતો નથી, તેથી આપણે એ બાબત શીખવી જરૂરી છે કે જો આપણને એવી લાગણી થાય છે, તો ક્લાર્કને કેવી થતી હશે. થોડાક સમય પહેલાં જ એક દુકાનના ક્લાર્કે ધીરેથી કામ કરવા બદલ દિલગીરી વ્યક્ત કરી હતી અને મેં એ ક્લાર્કને એવું જણાવ્યું હતું કે હું એવાં કોઈ મહત્વના કામમાં રોકાયેલી નહોતી કે મને રાહ જોવાનું પાલવે નહિ. મેં એ ક્લાર્કના ચહેરા પર રાહતની લકીર જોઈ અને મને સમજાયું કે મેં એ બહેન પ્રત્યે પ્રેમ જ દર્શાવ્યો હતો.

બાઈબલમાં આપણને દરેક જણની સાથે સહનશીલતાપૂર્વક વર્તવાનું અને આપણા ક્રોધને હમેશાં કાબૂમાં રાખવા માટેનો બોધ આપવામાં આવ્યો છે (જુઓ ૧ થેસ્સા.૫:૧૪). સહનશીલ બનવાથી બીજાઓની આગળ કેવળ આપણી સાક્ષીને જ લાભ થતો નથી, પરંતુ આપણને પોતાને પણ લાભ થાય છે. આપણે જેટલા વધુ સહનશીલ બનીશું, એટલા જ ઓછા પ્રમાણમાં આપણને ઉચાટ રહેશે! પિતરે કહ્યું છે કે પ્રભુ આપણા પ્રત્યે અસામાન્ય કહી શકાય એટલી બધી ધીરજ રાખે છે, કારણ કે તે ઈચ્છે છે કે આપણામાંની એકપણ વ્યક્તિ નાશમાં ન જાય (જુઓ ૨ પિતર ૩:૯). અને એ જ કારણે આપણે પણ એકબીજાની સાથે ધીરજપૂર્વક વર્તવું જોઈએ, અને વિશેષ કરીને જે લોકો ઈશ્વરને શોધી રહ્યા છે એ લોકોની સાથે.

પાઉલે તિમોથીને કહ્યું કે પ્રભુના સેવકોએ દરેક જણ પ્રત્યે માયાળુ, શીખવવામાં બાહોશ, ખોટું સહન કરવા માટે તૈયાર, ધીરજવાન અને સહનશીલ હોવું જોઈએ (૨ તિમોથી ૨:૨૪). આપણે દરરોજ આપણાં કાર્યો દ્વારા લોકોને શીખવીએ. એવું નથી કે કેવળ શબ્દો દ્વારા જ શિક્ષણ આપી શકાય. ઘણીવાર કાર્યો દ્વારા પણ વધારે અસરકારક રીતે શિક્ષણ આપી શકાય છે. આપણે બધા કોઈકને કોઈક રીતે પ્રભાવ પાડી શકીએ છીએ, પરંતુ પ્રભાવ પાડવાની બાબતમાં આપણે સાવધાની રાખવાની જરૂર છે. જો હું મારા ગળામાં ઈસુના ફોટા સાથેનો કૃત્રિમ કાચના લટકણિયાવાળો હાર પહેરતી હોઉં અને દુકાનના ક્લાર્ક સાથે અસહિષ્ણુ બનીને ખરાબ રીતે વર્તતી હોઉં, તો તેથી મને કે ખ્રિસ્તની પ્રતિષ્ઠાને કોઈ જ લાભ થતો નથી. પ્રામાણિકપણે કહું તો, છેલ્લાં વીસ વર્ષોમાં હું માંદી પડી જાઉં એટલી બધી વાનગીઓને મેં મારા પેટમાં નાખી છે.

જો આપણે આપણા ખ્રિસ્તી વિશ્વાસ પ્રમાણે જીવન જીવવા માટે તૈયાર નથી, તો આપણે આપણા ખ્રિસ્તી વિશ્વાસને પ્રગટ કરનાર પ્રતીકો પહેરવાં ન જોઈએ. ઈશ્વર સાથેના મારા સંબંધનો પુરાવો મારું ભવ્ય સ્ટીકર કે મારું ખ્રિસ્તી ઝવેરાત કે દેવળમાં મારી હાજરી નથી. મેં બાઈબલની કેટલી કલમો મોઢે કરી છે અથવા તો મારી લાઈબ્રેરીમાં કેટલાં પુસ્તકો, ડીવીડી અને સીડી છે એ બધી બાબતો ઈશ્વર સાથેના મારા સંબંધનો પુરાવો હોઈ શકે જ નહિ. મારા ખ્રિસ્તીપણાનો પુરાવો તો ક્રાંતિકારી પ્રેમના ફળમાં દેખાય છે.

ગમે તે પરિસ્થિતિ ઊભી થાય, પણ તમે એ પરિસ્થિતિને ધીરજપૂર્વક સહન કરી શકો એ માટે નિયમિત પ્રાર્થના કરવાની વિનંતી હું તમને કરું છું. મારી વાત પર વિશ્વાસ કરો, તમને બેચેન કે નિરાશ બનાવી દે એવી બાબતો જરૂર તમારા માર્ગમાં આવશે, પણ જો તમે અગાઉથી તૈયાર હશો, તો એ બાબતોનો તમે શાંતિથી સામનો કરી શકશો. આપણા સ્વભાવ અને મુડમાં સ્થિરતા પ્રદર્શિત થાય એ જરૂરી છે. દુનિયામાં અસંખ્ય એવા લોકો છે કે જેઓ પ્રતિકૂળ પરિસ્થિતિમાં સ્ફોટક બની જતા હોય છે. હું દઢપણે માનું છું કે પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ધીરજ રાખીને વ્યવહાર કરવાથી આપણે સામી વ્યક્તિ પર પ્રભાવ પાડી શકીએ છીએ.

થોડા અઠવાડિયા પહેલાં જ મેં સહનશીલતા અને તમારી ગમે તે પરિસ્થિતિમાં પણ આભારસ્તુતિ કરવાના વિષય પર સંદેશો આપ્યો હતો. છ અઠવાડિયા દરમિયાન બીજા

અન્ય કાર્યક્રમો ઉપરાંત મેં ત્રણ મોટી કૉન્ફરન્સોનું આયોજન કર્યું હતું, અને શનિવારની સવારનું એ સેશન એ કાર્યક્રમનું છેલ્લું મુખ્ય સેશન હતું. એ દિવસે તો હું સાચે જ વહેલી ઘેર પહોંચી જવા માગતી હતી, સરસ ભોજન લીધા પછી ડેવને લઈને ખરીદી કરવા જવા માગતી હતી, ઘરે જઈને હુંફાળા પાણીથી શાંતિથી નહાવા માગતી હતી, આઈસ્ક્રીમ ખાઈને એકાદ સારી ફિલ્મ જોવા માગતી હતી. તમે જોઈ શકો છો કે સખત કામ કરવાને લીધે હું મારી જાતને બિરદાવવા માટે તૈયાર થઈ હતી. મેં મારા માટે ઘણું બધું વિચારી રાખ્યું હતું!

ઘરે જવા માટે અમે વિમાનમાં બેઠા, અને પાંત્રીસ મિનિટમાં તો અમારું વિમાન ઉપડવાનું હતું. ઘરે પહોંચવાનો ઉત્સાહ ભારે હતો... અને કંઈક બન્યું. વિમાનનો દરવાજો બરાબર બંધ થતો નહોતો, તેથી અમે લગભગ દોઢ કલાક બેસી રહ્યા, એ દરમિયાન દરવાજાનું સમારકામ ચાલ્યું. ત્યાં એક વાત એવી પણ સાંભળવામાં આવી કે એ દિવસે વિમાન ઉપડશે જ નહિ અને કદાચ કાર ભાડે કરીને ઘરે જવું પડશે. એ સમયે ધીરજ રાખવી મારે માટે કેટલું અઘરું હતું, એ હું તમને કહી શકતી નથી. કેવળ મારું મોં બંધ રાખવા સિવાય બીજો કોઈ વિકલ્પ મારે માટે નહોતો. મેં ધીરજ રાખવા સંબંધી સંદેશો આપ્યો હતો, પણ પ્રાર્થના કરવાનું ભૂલી ગઈ હતી કે જો મારી પોતાની જ કસોટી થાય તો હું શું શું કરું.

શું તમને ક્યારેય એવો કોઈ અનુભવ થયો છે કે તમને જે સંદેશાની ખાસ જરૂર હોય એવો જ ખાસ સંદેશો સાંભળ્યા પછી તરત જ એ સંદેશા પ્રમાણે વર્તવાની કસોટી તમારા પર આવી પડી હોય? હા, તમે એકાદ ભાષણ આપવાનો પ્રયત્ન કરો અને પછી જુઓ કે એ સંદેશા પ્રમાણે વર્તવાની કસોટી તમારા પર આવી પડે છે કે નહિ! હું સમજું છું કે આપણે હમેશાં ધીરજ રાખી શકતા નથી, પરંતુ ધીરજ રાખવાની બાબતમાં આપણે આપણી જાતને શિસ્તમાં તો રાખી શકીએ છીએ. કેટલીકવાર મને કેવું લાગશે, એ સંબંધમાં હું કશું પણ કરી શકતી નથી, પણ મારી જાતને કાબૂમાં તો રાખી શકું છું કે કેવળ બેસી રહેવાથી ધીરજ આવતી નથી, પણ મેં પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું કે, *ઓ ઈશ્વર, શાંત રહેવામાં મને સહાય કરો કે જેથી કરીને મેં જે સંદેશો આપ્યો છે તેની નબળી સાક્ષી હું ન બનું.* ઈશ્વરે મને સહાય કરી, અને એ પરિસ્થિતિઓમાં જ્યારે મારી ઈચ્છા પ્રમાણે બાબતો હમેશાં બનતી ન હોય ત્યારે અમે ઘરે જતા રહેતા અને ત્યાં મેં જે પ્રમાણે ઈચ્છ્યું હોય એ પ્રમાણે કાર્ય કરવામાં સમય ગાળતા.

તમે જ્યારે મુશ્કેલ પરિસ્થિતિમાં આવી પડો છો ત્યારે ધીરજ અને શાંતિ જાળવવાનો પ્રયત્ન કરો, અને તમે ઈશ્વરને તમારા વતી કાર્ય કરતા જોઈ શકશો. ઈસ્રાએલીઓ જ્યારે લાલ સમુદ્ર અને મિસરીઓના સૈન્ય વચ્ચે હતા ત્યારે મૂસાએ કહ્યું હતું કે, ‘‘યહોવા તમારે માટે યુધ્ધ કરશે, અને તમારે શાંત રહેવું.’’ (નિર્ગમન ૧૪:૧૪)

સમય આપો

આપણા બધા માટે સમય સૌથી વધારે મૂલ્યવાન બાબત છે. આપણે જ્યારે લોકોને આપણા માટે સમય આપવાની વાત કરીએ છીએ ત્યારે આપણે સમજવું જોઈએ કે આપણે એક

મૂલ્યવાન ભેટ માગી રહ્યા છીએ, અને આપણને જ્યારે એ ભેટ પ્રાપ્ત થાય છે ત્યારે તેની મોટી કદર કરવી જોઈએ. લોકો મને ઘણીવાર મારો સમય તેઓને માટે ફાળવવાની વિનંતી કરતા હોય છે, પણ હું એ બધાને માટે મારો સમય આપી શકતી નથી. અને જો મેં સમય આપવાનો પ્રયત્ન કર્યો હોત, તો હું કેવળ સળગી જ ગઈ ન હોત, પરંતુ આ પૃથ્વી પરના મારા જીવન દરમિયાન ઈશ્વરે મને જે કાર્ય કરવાનું જણાવ્યું છે તેને પૂરું કરવાનો સમય જ મારી પાસે ન રહેત.

આપણે દરેક જણને હા કહી શકતા નથી, પણ આપણે દરેક જણને ના પણ કહેવું ન જોઈએ. થોડોક સમય આપવા માટે હું ભારપૂર્વક ભલામણ કરું છું, કારણ કે પ્રેમ પ્રદર્શિત કરવાની એ એક રીત છે. મારી એક બહેનપણીની વિનંતીને માન આપીને મેં ટેનેસ્સીની એક મંડળીમાં થોડા સમય પહેલાં જ સંદેશો આપ્યો હતો, અને હું ત્યાં હતી ત્યારે મને લાગ્યું કે પ્રભુ મને કોણી મારીને એવું કહી રહ્યા હતા કે એ રાત્રે તેઓ મારા માટે જે દાનાર્પણ લાવ્યા હતા, એ દાનાર્પણ તેઓના શહેરના ગરીબોને મદદ કરવા માટે હું પાછું આપી દઉં. મને એ સમયે જ લાગ્યું કે ઈશ્વરની ઈચ્છા એવી છે કે હું મારો સમય અને નાણાં છૂટથી આપું. ઈશ્વર ઈચ્છતા હતા કે એ બધામાંથી હું આપવાથી મળતા આનંદ સિવાય બીજી કોઈપણ બાબતનો સ્વીકાર ન કરું, અને આપવાથી જે આનંદ મળતો હતો, એ તો અનહદ હતો. હું જોઉં છું કે ઈશ્વર દર વર્ષે બે-એક વાર આ રીતે મારી કસોટી કરતા હોય છે, અને તે મારી કસોટી કરે છે તેથી મને આનંદ પણ થાય છે, કારણ કે બીજાઓ માટે હું જે કંઈ કરું છું એ દરેકમાંથી મારે કંઈક લેવું જોઈએ, એવો વિચાર મને ક્યારેય આવવો ન જોઈએ.

હું કબૂલ કરું છું કે મારા નાણાં કે મારી સંપત્તિ આપવા કરતાં મારો સમય આપવો મને વધારે અઘરો લાગે છે. આ બાબતે, હું કમસે કમ મારા જીવનનો ૨/૩ ભાગ જ જીવી છું અને મને સમજાય છે કે મેં જે કંઈ છોડ્યું છે, એ દરેક બાબત ધ્યાનમાં લેવાવી જોઈએ અને તેની પાછળનો હેતુ બર આવવો જોઈએ. હું એનાથી વિશેષ કંઈ કહેવા માગતી નથી, તોપણ મારાથી શક્ય હોય ત્યાં સુધી હું 'હા' તો કહું જ છું, કારણ કે મને ખબર છે કે મારો સમય પ્રેમની એક મૂલ્યવાન ભેટ છે.

જ્યારે કોઈ વ્યક્તિ તમને મદદરૂપ થાય છે, ત્યારે તે તેમના મૂલ્યવાન સમયની ભેટ તમને આપી રહી હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ તમારા તરફ ધ્યાનથી જોતી હોય છે ત્યારે તે તમને માન આપતી હોય છે અને પોતાનો પ્રેમ પ્રગટ કરતી હોય છે. આપણે જ્યારે પણ તેઓને પૂછતા હોઈએ છીએ કે, "તમે મારા માટે કંઈક કરી શકશો?" ત્યારે એ દરેક વખતે આપણે વ્યક્તિની સૌથી મૂલ્યવાન બાબત સંબંધી પૂછતા હોઈએ છીએ, કારણ કે આપણે એ વ્યક્તિના સમયની માગણી કરતા હોઈએ છીએ.

તમારા સમય વિષે વિચાર કરો. ઈશ્વર સાથેનો ગાઢ સંબંધ વિકસાવવામાં વધારે સમય આપવાની કાળજી રાખો, અને એમાંનો કેટલોક સમય ઈશ્વરના લોકો પ્રત્યેનો તેમનો પ્રેમ પ્રદર્શિત કરવાનું યાદ રાખો. અમેરિકાની સૌથી વધારે ઝડપથી વૃદ્ધિ પામતી મંડળીઓમાંની

એક મંડળી ફેનીક્ષ ફર્સ્ટ એસેમ્બલી ઑફ ગોડના સિનિયર પાળક ટોમી બાર્નેટે કહ્યું છે કે, "જીવન એક એવી બાબત છે કે જેને આપણે સતત ગુમાવતા રહીએ છીએ." એટલા માટે જ આપણે જે કાંઈ કરીએ છીએ, એ દરેક બાબત આપણે ગંભીરતાપૂર્વક કરીએ. લોકો જ્યારે એવું કહેતા હોય કે આપવા માટે તેઓની પાસે કશું જ નથી, ત્યારે તેઓ એ ભૂલી જતા હોય છે કે જ્યાં સુધી આપણે જીવતા હોઈએ છીએ ત્યાં સુધી આપવા માટે આપણી પાસે કંઈક તો છે : આપણો સમય.

સમય આટલી મહત્વની બાબત હોવાને કારણે આપણે તેનો ઉપયોગ અર્થપૂર્ણ રીતે અને ડહાપણપૂર્વક કરવો જોઈએ. લોકોને તમારો સમય ચોરી જવા ન દો, તમારા સમયનો બગાડ કરશો નહિ, અને ક્યારેય એવું ન કહો કે, "હું તો થોડોક સમય પસાર કરવાનો પ્રયત્ન કરી રહ્યો છું." તમે કઈ બાબતોને અગ્રસ્થાન આપો છો, એ જાણી લો, અને એ બાબતો માટે સમય આપો. તમારી યાદીમાં ટોચના ક્રમે ઈશ્વર અને કુટુંબીજનો હોવાં જોઈએ. તમારી પોતાની જાતની કાળજી લેવા માટે પણ તમારે સમય આપવાની જરૂર છે. એક સંતુલિત વ્યક્તિ બનવા માટે તમારે કાર્ય કરવાની, આરામ કરવાની અને રમવાની જરૂર છે. જેઓને તમારી જરૂર છે એવા લોકોને મદદરૂપ થવા માટે પણ તમારે થોડોક સમય આપવાની જરૂર છે.

જો તમે એવું માનતા હો કે દરેક કાર્ય પૂરું કરવાનો સમય તમને મળતો નથી, અને તેમ છતાં તમે બીજાઓને માટે તમારો સમય આપો છો, તો ઈશ્વરે ટોમી બાર્નેટને જે કરવાનું કહ્યું હતું તે કરવા માટે હું તમને ઉત્તેજન આપું છું. ઈશ્વરે ટૉમી બાર્નેટને તેના અડધા કલાકના સમયનો ડહાપણપૂર્વક ઉપયોગ કરવા માટે જણાવ્યું હતું. ઈશ્વરે ટોમીને બતાવ્યું કે તે અડધા-અડધા કલાકનો સારી રીતે ઉપયોગ કરી શકે તેમ હતો. પાસ્ટર બાર્નેટ જણાવે છે કે જો તમે તેમને એવું પૂછશો કે એ અડધા કલાકના સમયગાળા દરમિયાન તે શું કરે છે, તો તમારું જીવન શેના માટે છે એ વાત તે તમને સમજાવશે. નોકરી પર જતાં અને નોકરી પરથી પાછા આવતી વખતે દરરોજ જે અડધા અડધા કલાકનો સમય તમને મળે છે, એ અડધા કલાકના સમય દરમિયાન તમે શું કરો છો? દવાખાનાની અંદર તમારો વારો આવે તેની રાહ જોવાના એ અડધા કલાક દરમિયાન તમે શું કરો છો? રેસ્ટોરંટમાં તમારી થાળી આવે તેની રાહ જોતી વખતે જે અડધો કલાક લાગે છે એ સમયગાળા દરમિયાન તમે શું કરો છો? શું એ અડધા અડધા કલાકના સમયગાળાઓ દરમિયાન કોઈક વ્યક્તિ પ્રત્યે પ્રેમ દર્શાવવાનો સમય તમને મળે છે? શું તમે એ મિનિટોનો ઉપયોગ ફોન પર કે પત્ર દ્વારા કોઈકને ઉત્તેજન આપી શકો? શું તમે એ સમય દરમિયાન કોઈકને માટે પ્રાર્થના કરી શકો? કોઈકને માટે તમે જે કરી શકો એ માટે તમે પ્રાર્થના કરી શકો ખરા? તમારે જે આપવાનું છે એ વિષે રચનાત્મક વિચારો કરવા માટે સમયનો ઉપયોગ કરો.

તમને જે અડધા કલાકનો સમય મળે છે, એમાં તમે પુસ્તક લખી શક્યા હોત. તમે એકાદ આત્મા જીતી શક્યા હોત. એ અડધા કલાકના સમયમાં તમે કોઈ મહત્વનો નિર્ણય કરી શક્યા હોત. અડધા કલાકના સમયમાં તમે મેલા ઘરને સ્વચ્છ બનાવી શક્યા હોત.

તમને જે અડધો અડધો કલાકનો સમય મળે છે, એ સમય મહત્વનો છે, અને જો તમે જોવાનું શરૂ કરો, તો એનો તમે ખાસ્સો એવો ઉપયોગ કરી શકો તેમ છો. શું હું એવું કહી રહી છું કે દિવસની દરેક સેકન્ડે તમારે કંઈક ને કંઈક કરતાં રહેવું જોઈએ? ના, હું એવું કહેતી નથી. વાસ્તવમાં તો, તમે પોતે જ નક્કી કરી શકો કે કોઈ કામ કરીને આરામ લેવા માટે તમને અડધા કલાકનો સમય જોઈશે કે કેમ, અને જો તમે એ પ્રમાણે કરી શકતા હો તો એ સારી બાબત છે, પણ તમે કમસે કમ કશું કર્યા વિના સમય વેડફવા કરતાં તમે કોઈક હેતુસર કોઈક બાબત તો કરી જ છે.

એક વાત યાદ રાખો કે પસાર થઈ જતો એકેએક દિવસ ક્યારેય તમારી પાસે પાછો આવતો નથી. એ દિવસનો સદુપયોગ કરો, તેને વેડફી નાખશો નહિ.

વિચારો, શબ્દો અને તમારી પાસે જે કંઈ છે, તેના વડે પ્રેમ દર્શાવો

વિચારોનું સામર્થ્ય - વિચારોનું સામર્થ્ય દર્શાવવા એક સ્ત્રીએ આ વાત કહી હતીઃ

નાતાલના દિવસોમાં હું અંજીરીના ઝાડને નાતાલવૃક્ષ બનાવવા માટે મારા ઉપરના શયનખંડમાં લઈ ગઈ. ડઝનેક પાંદડાંવાળી એક ડાળી અન્ય ડાળીઓની નીચે આવેલી હતી. એ ડાળીને લીધે ઝાડનો દેખાવ બગડી જતો હતો.

હું સવારે જ્યારે ઊઠતી ત્યારે બારી પાસે મૂકેલા એ ઝાડને જોઈને મને વિચાર આવતો કે, *હું એ ડાળીને કાપી નાખું.* એ ઝાડ પાસેથી પસાર થતી વખતે હમેશાં મને થતું કે *એ ડાળી બરાબર લાગતી નથી, હું એને દૂર કરી દઈશ.*

સમય પસાર થતો ગયો. એ ઝાડને ફરી પાછું બેઠકખંડમાં લઈ જવામાં આવ્યું. એ ઝાડને હું જોતી ત્યારે એ દરેક વખતે મને નકારાત્મક વિચારો જ આવતા હતા. આ બધું દોઢેક મહિના સુધી ચાલ્યું.

એક સવારે હું જ્યારે એ ઝાડ પાસેથી પસાર થતી હતી ત્યારે એ નાની ડાળીનું દરેક પાંદડું પીળું પડી ગયેલું દેખાયું. આખા ઝાડ ઉપર એ સિવાય બીજું એકપણ પાંદડું પીળું નહોતું. એ વાતથી હું અચંબામાં પડી ગઈ, અને મેં એ સંબંધી મારા પતિને વાત કરી. તેમણે મારી તરફ જોઈને કહ્યું, ''મારા વિષેની સારી બાબતોનો વિચાર કરવાથી તને આનંદ થશે, એવું મને લાગે છે.''

એ જ દિવસે મેં એ ડાળી કાપી નાખી!

મારી સાસુ સાથે મારે હમેશાં બનતું નહોતું. અલબત્ત, હું બધા સાથે સારી રીતે રહેવાનો પ્રયત્ન કરતી હતી, તેમનો વાંક જોવાનો વિચાર સુધ્ધાં મેં કર્યો નહોતો. હું જ્યારે પણ મારા સાસુ વિષે વિચાર કરતી ત્યારે એ દરેક વખતે તેમને આશીર્વાદ જ આપતી, હું મારા સ્વમાનના ભોગે પણ તેમનું ભલું જ ઈચ્છતી હતી!

તે ઘણીવાર મને ફોન કરીને મારી સાથે પૂરા મનથી વાતો કરતા હોય છે. પણ પાંચ દિવસના સમયગાળામાં તો તેમણે મને ત્રણવાર ફોન કરીને માંડ એક જ મિનિટ વાત કરી હતી, પણ એ વાતચીત સુખરૂપ હતી! ગયા આખા વર્ષ દરમિયાન તેમણે મારા પર છ કરતાં વધારે વાર ફોન કર્યો નહોતો.

આ સ્ત્રી વિચારોના સામર્થ્ય વિષય પરના મારાં ભાષણો સાંભળતી હતી, તેણે કહ્યું, ''હવેથી હું બીજાઓ વિષે જે માનતી હોઉં છું તે જ નિહાળું છું.''

આપણે બીજાઓ વિષે થોડુંઘણું વિચારતા હોઈએ છીએ, પણ આપણે એ બધા વિચારો ગંભીરતાપૂર્વક કરવા જોઈએ. હું માનું છું કે વિચારો આત્મિક પરિમાણમાં ઉપયોગી નીવડે છે, અને તે નરી આંખે દેખાતા ન હોવા છતાં પણ હું દૃઢપણે માનું છું કે આપણા વિચારોની બીજા લોકો પર અસર થતી હોય છે. જે રીતે પેલી સ્ત્રીના નકારાત્મક વિચારોની નકારાત્મક અસર અંજીરીના ઝાડ પર થઈ હતી, એવી જ રીતે આપણા વિચારોની અસર પણ લોકો પર થતી હોય છે.

લોકો સંબંધી આપણે જે બાબત વિચારતા હોઈએ છીએ, એ બાબત લોકોને કેવળ અસર જ કરતી નથી; પરંતુ તેઓની સાથે આપણે જે રીતે વ્યવહાર કરીએ છીએ, એ વ્યવહાર પર પણ તેની અસર થાય છે. કોઈ વ્યક્તિ મને ગમતી ન હોય, એ વિષે કોઈને ખબર ન પડે એ રીતે જો હું વિચારતી હોઉં, અને બધી જ રીતે હું તેના વાંક જોતી હોઉં, તો એ વ્યક્તિ વિષે હું મારા મનમાં જે માનતી હોઈશ, એ પ્રમાણે જ હું તેની સાથે વ્યવહાર કરીશ.

મારી દીકરી તરૂણ વયની હતી ત્યારે એક દિવસે હું તેને લઈને ખરીદી કરવા ગઈ હતી. એ દિવસે તેના ચહેરા પર ઘણાબધા ખીલ ઉપસી આવ્યા હતા, અને તેના વાળ પણ અસ્તવ્યસ્ત હતા. મને યાદ છે કે હું જ્યારે પણ તેની સામે જોતી ત્યારે મને વિચાર આવતો, *'આજે તું બહુ સુંદર લાગતી નથી.'* દિવસ જેમ જેમ પસાર થવા લાગ્યો તેમ તેમ તે વધારે નિરાશ થવા લાગી, મેં તેને પૂછ્યું કે 'તને શું થયું છે?' તેણે જવાબ આપ્યો, ''મને આજે કંઈક વિચિત્ર વિચિત્ર લાગ્યા કરે છે.'' ઈશ્વરે એ દિવસે મને વિચારોના સામર્થ્ય વિષેનો પાઠ શીખવ્યો હતો. આપણે લોકોને સારા, માયાળુ અને હકારાત્મક વિચારોથી મદદરૂપ બની શકીએ છીએ, પણ ખરાબ, દ્વેષયુક્ત અને નકારાત્મક વિચારોથી આપણે તેઓને દુઃખ પહોંચાડી શકીએ છીએ.

મારી તમને એક વિનંતી છે કે તમે રોજેરોજ એક વ્યક્તિ માટે પ્રાર્થના કરો, અને એ વ્યક્તિની સારી બાબતો વિષે શુભ હેતુથી વિચાર કરવાનું ચાલુ રાખો. આખા દિવસ દરમિયાન અમુક સમય એ વ્યક્તિની શક્તિઓ વિષે વિચાર કરવા માટે ફાળવો, એ વ્યક્તિના સારાં લક્ષણો વિષે તમે વિચાર કરી શકો, એ વ્યક્તિએ તમને જે મદદ કરી હતી એ વિષે વિચાર કરો, અને તેના દેખાવ સંબંધી તમે જે માનો છો એ માટે તેને બિરદાવવા જેવી કોઈ બાબત કરો. બીજા દિવસે બીજી કોઈ વ્યક્તિને ધ્યાનમાં રાખીને આ પ્રમાણે કરો, અને જ્યાં

સુધી સારી બાબતો વિચારવાની ટેવ તમને પડી ન જાય ત્યાં સુધી તમારા જીવનમાં આવતી મહત્વની વ્યક્તિઓ વિષે ક્રમવાર વિચાર કરતા રહો.

તમારા વિચારો દ્વારા લોકો પર પ્રેમ રાખો, અને તમે જ્યારે એ પ્રમાણે કરશો તો તમે એ લોકોને દૃઢ બનાવી શકશો અને તેઓના જીવનમાં સામર્થ્યનો ઉમેરો કરી શકશો.

શબ્દોનું સામર્થ્ય બીજાઓને દૃઢ બનાવવા માટે, તેઓને પ્રોત્સાહિત કરવા માટે અને તેઓની ઉન્નતિ કરવા માટે આપણે શબ્દોનો ઉપયોગ કેવી રીતે કરી શકીએ છીએ, એ વિષેની ચર્ચા આપણે કરી છે. પરંતુ લોકો પર પ્રેમ કરવા માટે આ મુદ્દા વિષે ફરીથી હું વાત કરવા માગું છું. બીજાઓ પર પ્રેમ પ્રદર્શિત કરવા માટે શબ્દોનો ઉપયોગ કેવી રીતે કરવો, એ બાબત આપણે બધા સારી રીતે જાણીએ છીએ. ગઈકાલે જ હું મકાનોનો લે-વેચનો ધંધો કરતી ભૂરી આંખોવાળી એક સુંદર સ્ત્રીને મળી હતી, મેં એ બહેનને કહ્યું કે, "તમારી આંખો ખૂબ જ સુંદર છે." પોતાની પ્રશંસા સાંભળીને એ બહેન ખુશખુશ થઈ ગયા. એટલું કહેવા માટે મારે મારા સમયમાંથી થોડીક સેકન્ડો જ ફાળવવી પડી અને નજીવો એવો પ્રયત્ન કરવો પડ્યો. હું બીજી એક એજન્ટ બહેનને મળી, એ બહેન પણ અત્યંત સુંદર હતા, મેં તેમને જણાવ્યું કે, 'તમે ખૂબ જ સુંદર દેખાઓ છો.' અને એ બહેને તરત જ મારી સાથે ખૂબ જ વિવેકપૂર્વક અને સારી રીતે વાત કરી. મેં મારા શબ્દોનો ઉપયોગ બે વ્યક્તિઓને ઉત્તેજન આપવા માટે કર્યો અને મારું કામ ઝડપથી થઈ ગયું. પ્રેમના ક્રાંતિવીરો તરીકે, આપણે આપણી આસપાસના લોકો પર પ્રેમ દર્શાવવા તથા તેઓને ઉત્તેજન આપવા માટે આખા દિવસ દરમિયાન શબ્દોના સામર્થ્યનો ઉપયોગ કરવો જોઈએ.

ગઈકાલે મારા પતિ ગોલ્ફ રમીને ઘરે આવ્યા હતા, અને આવતાંની સાથે પાંચ મિનિટમાં જ તેમણે મને જણાવ્યું કે, "હું તને ચાહું છું, તું સુંદર દેખાય છે અને તું સખત મહેનત કરે છે." હું સળંગ સાત કલાક બેસીને આ પુસ્તક તૈયાર કરી રહી હતી, અને હું પોતે પણ થોડો વિરામ લેવા માગતી હતી, અને તેમના એ શબ્દોથી હું રાજી રાજી થઈ ગઈ અને મને ખૂબ જ સંતોષ થયો. ગઈકાલે રાત્રે અમે અમારા દીકરા, દીકરાની વહુ અને તેના નાના બાળક સાથે જમવા ગયા હતા. મેં મારા દીકરાની વહુ નિકોલને કહ્યું કે, "તું એક સારી પત્ની અને માતા છે." હું આ શબ્દો બોલી એ પહેલાં જ મેં જોયું હતું કે મારા દીકરાએ નિકોલના કાનમાં ધીમેથી કહ્યું હતું કે, "હું તને ચાહું છું." આપણે આ પ્રકારની બાબત આખા દિવસ દરમિયાન એકબીજાને પ્રેમ અને પ્રેરણા સ્વરૂપે કહેતા રહેવું જોઈએ.

જીવન અને મરણનું સામર્થ્ય જીભમાં છે. એ એક અજાયબ વિચાર છે. બીજાઓની સમક્ષ તથા આપણી પોતાની સમક્ષ મરણ અને જીવન વિષેની વાત કરવાનો અધિકાર આપણી પાસે છે. બીજાઓની આગળ જે શબ્દો આપણે બોલતા હોઈએ છીએ, એ શબ્દોની અસર આપણાં પોતાનાં જીવનો પર પણ પડતી હોય છે. બાઈબલ જણાવે છે કે, "મરણ તથા જીવન જીભની સત્તામાં છે; અને તેનો જે જેવો ઉપયોગ કરશે તે તેવું ફળ ખાશે." (નીતિવચનો ૧૮:૨૧)

શબ્દો તો સામર્થ્યનાં પાત્રો છે, અને એ પાત્રો આપણી મરજી પ્રમાણેના ક્યાં તો રચનાત્મક કે વિનાશક સત્તાનું વહન કરે છે. તમારા શબ્દોની પસંદગી કરવામાં કાળજી રાખો, અને સાવધાની રાખીને એ શબ્દોનો ઉપયોગ કરો. એ શબ્દો જીવનમાં ફેરફાર લાવી શકે એવા સંદેશાઓનું વહન કરતા હોય છે. આપણે આપણા શબ્દોથી વ્યક્તિની છાપ ઊભી કરીએ છીએ અથવા તો એ છાપને ખરડી નાખીએ છીએ. શબ્દોથી આપણે વ્યક્તિની પ્રતિષ્ઠાનો નાશ કરી શકીએ છીએ, તેથી બીજા લોકો સંબંધી તમે જ્યારે વાત કરતા હો ત્યારે સાવધાની રાખો. એક વ્યક્તિના વલણ સંબંધી બીજી વ્યક્તિ આગળ ઝેર ઓકશો નહિ.

માની લો કે, તમારા શબ્દોને ગોડાઉનમાં સંઘરીને રાખી મૂકવામાં આવ્યા છે, અને રોજ સવારે તમે ત્યાં જાઓ છો, અને ત્યાં જઈને તમે બધા ખાનાંઓ તપાસી જુઓ છો, અને તમે તમારી સાથે લઈ જઈ શકાય એવા શબ્દો પસંદ કરીને એ દિવસે તમે જગતમાં ફરવા નીકળો છો. તમને અગાઉથી ખબર જ હોય છે કે તમે એ દિવસે અમુક લોકોને મળવાના છો, તેથી એ લોકોનો આત્મવિશ્વાસ વધારનારા અને અમને કોઈક ચાહે છે એવી લાગણી તેઓના મનમાં પેદા કરનારા શબ્દો તમે સાથે લઈને જાઓ છો, એ દિવસે તમે જે જે વ્યક્તિને મળવાના છો એ દરેકને માટે શબ્દો લઈને જાઓ, અને તમારા શબ્દો મારફતે એ દરેક પ્રત્યે પ્રેમ દર્શાવીને આશીર્વાદરૂપ બનવા માટે હૃદયપૂર્વક તૈયાર રહો.

હું દરરોજ એ જોવા માગતી હોઉં છું કે મારા શબ્દોથી હું કેટલા લોકોને પ્રોત્સાહિત કરી શકું તેમ છું. હું ચોક્કસપણે કહું છું કે મેં મારા જીવનમાં અવિચારીપણે કેટલાયે શબ્દો બોલી નાખીને, નકામી વાતો કરીને લોકોને દુઃખ પહોંચાડ્યું છે. એ ખરાબ અને નકામા શબ્દો માટે હું દિલગીર છું, અને હવે હું મારા શબ્દોનો ઉપયોગ ભૂતકાળમાં મેં જે નુકશાન પહોંચાડ્યું છે તેને રદબાતલ કરું છું.

જીભ એક નાનો અવયવ છે, પરંતુ જો આપણે સાવધ ન રહીએ તો તે વિનાશક અગ્નિ બનવાનું શરૂ કરી શકે છે. દાઉદ રાજા નિયમિતપણે તેના જીભથી બોલવામાં આવતા શબ્દો સંબંધમાં પ્રાર્થના કરતો હતો. તેણે કહ્યું હતું કે, "હું મારા માર્ગોને સંભાળીશ કે, હું મારી જીભે પાપ ન કરું." (ગી.શા.૩૯:૧). તે પ્રાર્થના કરતો હતો કે તેના મુખના શબ્દો અને તેના હૃદયના વિચારો ઈશ્વરની આગળ માન્ય થાય અને ઈશ્વર એ શબ્દો અને વિચારોથી પ્રસન્ન થાય (જુઓ ગી.શા.૧૯:૧૪). તે જીભના સામર્થ્યને સારી રીતે જાણતો હતો, વળી તે સમજતો હતો કે યોગ્ય માર્ગ પર ટકી રહેવા માટે તેને ઈશ્વરની સહાયની જરૂર હતી. એ બાબતમાં આપણે દાઉદના ઉદાહરણને અનુસરવું જોઈએ.

આપણી પાસે જે છે તેનું સામર્થ્ય - આપણા બધા પાસે કોઈકને કોઈક બાબત તો હોય જ છે. કેટલાક લોકો પાસે બીજાઓ કરતાં કંઈક વધારે હોય છે, પણ આપણા બધા પાસે કોઈક એવી બાબત અવશ્ય છે કે જેનો આપણે બીજાઓને માટે વાસ્તવિક આશીર્વાદ તરીકે ઉપયોગ કરી શકીએ. વિચારો અને શબ્દો અજાયબ બાબતો છે, અને એ બંને બાબતો પ્રેમ દર્શાવવામાં

આપણને મદદરૂપ બને છે, પરંતુ ભૌતિક બાબતો પણ એ કાર્ય કરે છે, અને અમુક લોકો માટે એ જરૂરી છે.

બાઈબલ જણાવે છે કે જો આપણી પાસે બે અંગરખા હોય તો, જેની પાસે એકપણ નથી, તેને આપણે આપણો એક અંગરખો આપી દેવો જોઈએ અને આ જ સિધ્ધાંત આપણા ખોરાકને પણ લાગુ પડે છે (જુઓ લૂક ૩:૧૧). પ્રેરિતોનાં કૃત્યોના પુસ્તકમાં શરૂઆતની ખ્રિસ્તી મંડળી વિષે આપણે વાંચીએ છીએ કે એ મંડળી અજાયબ જેવું સામર્થ્ય ધરાવતી હતી, અને તેને કારણે તે રોજેરોજ વૃધ્ધિ પામતી હતી. તેઓ મધ્યે અજાયબ ચિહ્નો, ચમત્કારો, અદ્ભુત કાર્યો રોજનો ક્રમ બની ગયાં હતાં. તેઓમાં ઈશ્વરનું સામર્થ્ય હતું, અને તેઓ પૂરા હૃદયથી, મનથી, શક્તિથી અને તેઓની પાસે જે કંઈ હતું એ સર્વથી એકબીજા પ્રત્યે પ્રેમ દર્શાવતા હતા.

"વિશ્વાસ કરનારાઓનું મંડળ એક મનનું તથા એક જીવનું હતું, અને પોતાનાં જે વાનાં હતાં તેમાંનું કંઈ મારું પોતાનું છે એવું કોઈ કહેતું નહિ; પણ સઘળી વસ્તુઓ તેઓ સર્વને સામાન્ય હતી." *(પ્રે.કૃ. ૪:૩૨)*

શું આપણે માલિકો કે કારભારીઓ છીએ? આપણી પાસે જે કંઈ છે તે દરેક બાબત ઈશ્વર પાસેથી આવેલી છે, અને આમ જોઈએ, તો એ બધું ઈશ્વરનું જ છે. આપણે તો ઈશ્વરની સંપત્તિના કેવળ અને કેવળ કારભારીઓ જ છીએ. ઘણી બધીવાર આપણે અમુક બાબતોને સજ્જડ રીતે વળગી રહેતા હોઈએ છીએ. આપણે એ બાબતો પ્રત્યેની આપણી પકડને ઢીલી કરવી જોઈએ, જેથી કરીને જો ઈશ્વરને એ બાબતોની જરૂર હોય તો એ બાબતોને છોડવાનું આપણને અઘરું ન લાગે. આપણે આપણી જાતને એ વાત હમેશાં યાદ દેવડાવતા રહીએ કે એ બાબતોનું અનંતકાળિક કોઈ જ મૂલ્ય નથી. બીજાઓ માટે આપણે જે કંઈ કરીએ છીએ, તે ટકી રહે છે. પાઉલે કરિંથીઓને કહ્યું હતું કે તેઓને જે કૃપાદાનો આપવામાં આવ્યાં છે તે ગરીબોને માટે વાપરવા સારુ આપવામાં આવ્યાં છે, અને તે અનંતકાળ સુધી ટકી રહેશે (જુઓ ૨ કરિંથી ૯:૯).

ઈશ્વર ઈચ્છે છે કે આપણને જે આપવામાં આવ્યું છે તેનો ઉપયોગ કરીને આપણે આનંદ માણીએ, પણ તે ઈચ્છતા નથી કે આપણને જે આપવામાં આવ્યું છે તેના માલિક આપણે બની બેસીએ. આપણી જાતને નિયમિતપણે પૂછવા જેવો એક સારો પ્રશ્ન આ છે : "શું હું મારી સંપત્તિનો માલિક છું અથવા મારી સંપત્તિ મારો માલિક છે?" તમારી પાસે જે છે તેનો ઉપયોગ તમે બીજાઓને આશીર્વાદિત કરવા માટે કરી શકો છો ખરા, અથવા તો, જે બાબતોનો તમે ઉપયોગ કરતા જ નથી એવી બાબતોને જવા દેવાનું તમને અઘરું લાગે છે?

મને ઘણીવાર ભેટ સ્વરૂપે પરફ્યુમ (સુંગધી અત્તર) મળતા હોય છે, અને હમણાં જ મારો જન્મદિવસ હતો, તેથી મારું ખાનું પરફ્યુમની બાટલીઓથી ભરાઈ ગયું હતું. એક દિવસ મને તીવ્ર ઈચ્છા થઈ કે મને મદદ કરનાર મારી એક બહેનપણીને હું આશીર્વાદિત

કરું, અને મને યાદ આવ્યું કે હું જે ખાસ પ્રકારનું પરફ્યુમ વાપરતી હતી એ પરફ્યુમ તેને ખૂબ જ ગમતું હતું. અલબત્ત, મને બોડી લોશન સાથેની પરફ્યુમની એક નવી બોટલ મળી હતી, અને એ ખરેખર ખૂબ જ મોંઘી હતી. મેં મારી જાત સાથે એ સંબંધી ટૂંકી વાતચીત કરી જોઈ, અને થોડીક જ મિનિટોમાં મેં એ બોટલ ખાનામાંથી બહાર કાઢીને તેને પેક કરીને મારી એ બહેનપણીના હાથમાં મૂકી દીધી. તે ખૂબ જ ખુશ થઈ ગઈ હતી, અને એ માટે મારી પાસે જે હતું તેમાંથી જ મારે આપવાનું હતું.

લોકો પ્રત્યેનો પ્રેમ વાસ્તવિક રીતે દર્શાવવા તમારી પાસે જે કંઈ છે તેનો ઉપયોગ કરવાનું તમે શરૂ કરો, એ માટે હું તમને આજીજી કરું છું. પ્રેમ દર્શાવવા માટે ભેટ આપવી, એ એક સારી બાબત છે. દા.ત. એકવાર એક બહેનપણીએ મને કહ્યું કે તે મારી જન્મદિવસની ભેટ મોડેથી આપશે, કારણ કે એ ભેટ હજી સુધી તૈયાર થઈ નહોતી. છેવટે જ્યારે એ ભેટ મારા હાથમાં આવી ત્યારે એ જોઈને હું આશ્ચર્યમાં ડૂબી ગઈ હતી, એ ભેટ તો મારા કૂતરાનું હાથે દોરેલું એ ચિત્ર હતું કે જેને જોઈને હું વર્ષો સુધી ખુશ રહું. એ ચિત્ર દ્વારા હું આશીર્વાદિત બની છું, પણ એથી વિશેષ આશીર્વાદિત તો હું એટલા માટે થઈ છું કે મારી બહેનપણીએ જાતે એ ચિત્ર તૈયાર કર્યું હતું.

આપવું એ એક સારી બાબત છે, પણ તમારાથી શક્ય હોય ત્યાં સુધી, જેને ખરેખર જરૂર હોય એવી વ્યક્તિના હાથમાં જ એ વસ્તુ આપવાનો પ્રયત્ન કરો. પણ સત્ય એ છે કે જે ખાસ વસ્તુ તેઓને ગમતી હતી અને તેઓને જોઈતી પણ હતી, એ વસ્તુથી તેઓ ખૂબ જ આશીર્વાદિત બનશે કે નહિ એ જાણવા માટે તમે ધ્યાનથી સાંભળ્યું હતું. મારી એક બહેનપણી પાસે એક ખાસ પ્રકારનો કૂતરો હતો, તે જ્યારે કુરકુરિયાની ઉંમરનો હતો ત્યારે જ મરી ગયો હતો. તે મનથી ભાંગી પડી હતી, અને એ કૂતરાની જગ્યાએ બીજું કૂતરું લાવવું તેને પોષાય તેમ નહોતું, તેથી મેં તેને એવા જ પ્રકારનું કૂતરું લાવી આપ્યું અને તેને આશ્ચર્યમાં મૂકી દીધી હતી. જો આપણે ઈશ્વરને વિનંતી કરીએ, તો તે આપણને એવા લોકો પૂરા પાડશે કે જેઓના પ્રત્યે આપણે આપણો પ્રેમ દર્શાવી શકીએ. જો આપણે કેવળ કેટલીક બાબતોને ઢીલી મૂકી દઈએ અને તે આપવા માટેની તકની રાહ જોઈએ, તો ઈશ્વર આપણને રાખવા માટે તેમ જ માણવા માટે તથા બક્ષિસ તરીકે આપવા માટેની અનેક બાબતો હમેશાં પૂરી પાડે છે.

કેટલીકવાર મારા મનમાં આપવા માટેની ધૂન ઉપડે છે. મને કોઈકના માટે આશીર્વાદરૂપ બનવાની ઈચ્છા થઈ જાય છે, અને પ્રેમ દર્શાવવા માટે મારી પાસે જે હોય છે તેનો ઉપયોગ કરવાનું મન થઈ જાય છે, તેથી હું બક્ષિસ તરીકે આપી શકું એવી વસ્તુઓ શોધવા મારું ઘર, મારા ખાનાંઓ, મારું કબાટ અને મારા દાગીનાની તિજોરી ફેંદી નાખતી હોઉં છું. એવી વસ્તુઓ શોધવામાં હું ક્યારેય નિષ્ફળ જતી નથી. મને એ વાતથી આશ્ચર્ય થાય છે કે જે વસ્તુને મેં બે કે ત્રણ વર્ષથી વાપરી ન હોય તોપણ તેને રાખી મૂકવાની લાલચ મને થાય છે. આપણને તો કોઈકને કોઈક વસ્તુના માલિક બની જવાનું ગમતું હોય છે! પણ કોઈકના માટે આપણી વસ્તુ એક આશીર્વાદરૂપ બને એ કેટલી બધી સારી વાત છે, વળી એ વ્યક્તિને કોઈક ચાહે છે અને તે મૂલ્યવાન છે, એવી લાગણી તેના મનમાં પેદા થાય એ પણ કેટલી સારી વાત છે.

તમારે કઈ વસ્તુ આપવી જોઈએ એ સમજવામાં તમને મુશ્કેલી પડતી હોય તો તમને મદદરૂપ થવા માટે ઈશ્વરને વિનંતી કરશો, તો તમને તરત જ ખબર પડી જશે કે આપવા માટે તમારી પાસે ઢગલાબંધ વસ્તુઓ છે કે જેનો ઉપયોગ કરીને તમે દુઃખી લોકો પ્રત્યેનો તમારો પ્રેમ દર્શાવી શકશો. આપણી પાસે જે હોય છે, તેનો આપણે જ્યારે સારા હેતુ માટે ઉપયોગ કરીએ છીએ ત્યારે પ્રેમમાં હમેશાં વૃધ્ધિ થાય છે, અને આપણે જ્યારે ઈશ્વરના વારસાના સારા કારભારીઓ તરીકે આપણી જાતને પ્રગટ કરીએ છીએ ત્યારે બીજી બાબતો પણ આપણામાં ઉમેરાતી હોય છે.

“પણ આટલું તો ખરું છે કે, જે કૃપણતાથી વાવે છે, તે લણશે પણ કૃપણતાથી; અને જે ઉદારતાથી વાવે છે, તે લણશે પણ ઉદારતાથી. જેમ દરેકે પોતાના હૃદયમાં અગાઉથી ઠરાવ્યું છે, તે પ્રમાણે તેણે આપવું; ખેદથી નહિ કે, ફરજિયાત નહિ; કેમ કે ખુશીથી આપનારને દેવ ચાહે છે.” *(૨ કરિંથી ૯:૬-૭)*

તમે જ્યારે તમારી મરણપથારીએ હશો, ત્યારે તમે તમારા બેન્કના ખાતામાં પડેલાં નાણાં કે તમારી સંપત્તિની યાદી માગશો નહિ. તમારી પર પ્રેમ રાખનાર તમારાં કુટુંબીજનો અને મિત્રો તમારી આજુબાજુ હાજર હોય એવું તમે ઈચ્છશો. લોકો પ્રત્યેનો પ્રેમ દર્શાવવા માટે તમારા તમામ સ્રોતોનો ઉપયોગ કરીને હમણાં જ એ સંબંધો સ્થાપવાનું શરૂ કરી દો.

પ્રેમનો ક્રાંતિકારી

પાસ્ટર ટોમી બાર્નેટ

ક્રાંતિ - (૧) ભ્રમણકક્ષામાં સ્વર્ગીય શરીરનું આગળ વધવાનું કાર્ય (૨) કાળચક્ર (૩) પરિભ્રમણ કે ઘટમાળ (૪) એકાએક આવતું સંપૂર્ણ પરિવર્તન; ખાસ કરીને એક સરકારનું ફેંકાઈ જવું અને તેને સ્થાને બીજી સરકારનું આવવું.

કોઈપણ અને બધા જ શબ્દકોશો ક્રાંતિની જે વ્યાખ્યાઓ આપે છે, તે ઈશ્વર આખા જગતમાં જે ક્રાંતિનું વિસ્તરણ કરી રહ્યા છે તે પ્રેમની ક્રાંતિના એક ભાગ બનવા માટે તમે જે વ્યક્તિગત આમંત્રણ આપો છો તેને લાગુ પડે છે.

વાસ્તવમાં તો, શબ્દકોશ ક્રાંતિકારીની વ્યાખ્યા ક્રાંતિ સાથે સંકળાયેલ એક વ્યક્તિ તરીકે, અથવા તો ક્રાંતિકારી સિધ્ધાંતોની હિમાયત કે બચાવ કરનાર વ્યક્તિ તરીકે આપે છે. પ્રેમની ક્રાંતિ સાચે જ ક્રાંતિકારી સિધ્ધાંત છે, કારણ કે જો ઈસુ પોતે જ પ્રેમને આપણી મારફતે વહેતી એક બાબત તરીકે માનીને આપણી વિચારસરણી અને કાર્યોમાં ક્રાંતિ લાવવાનો પ્રયત્ન કરી રહ્યા હોય, તો આપણામાં એ પ્રેમ હોવો જ જોઈએ, અને આપણે એ પ્રેમને બક્ષિસ તરીકે બીજાઓને આપવો જોઈએ.

તેથી પ્રેમના એક અજોડ વર્તુળમાં ભાગ લેવા માટે તમને આમંત્રણ આપવામાં આવે છે! કેન્દ્ર અને પરિઘ ધરાવતું હમેશાં મોટું થઈ રહેલું વર્તુળ એક લક્ષ્યાંકને ઘેરી રહ્યું છે : આપણે જ્યારે જગતને ઈશ્વરના કુટુંબમાં આવકારવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે ઈસુ ખ્રિસ્તને અનુસરવા માટે તેઓ પર પ્રેમ રાખવો અને તેઓને ઉત્તેજન આપવાનો લક્ષ્યાંક.

પ્રેમ અને ઉત્તેજનના આપણા પાયારૂપ વર્તુળમાં બેઘર, કુદરતી અને માનવસર્જીત વિપત્તિના ભોગ બનેલા લોકો, અત્યાચારના ભોગ બનેલા લોકો, બદનામ થયેલા સંબંધો અને ગર્ભપાતને લગતા પ્રશ્નોનો સામનો કરી રહેલી સ્ત્રીઓ, સંબંધોને લીધે સહન કરવી પડતી પીડાઓ, આર્થિક નુકશાનનો ભોગ બનેલા અથવા બેકાર લોકો અને જેઓની પીડાને ધ્યાનમાં લેવામાં આવતી નથી, એવા અનેક લોકોનો સમાવેશ થાય છે! ભૂતકાળમાં મંડળીઓએ આ પ્રકારના લોકોને માનવજાતના કચરા સમાન ગણ્યા છે, પણ અમે એ લોકોને ઈશ્વરના રાજ્યના ભાવિ ખજાના સ્વરૂપે જોઈએ છીએ.

પ્રેમની ક્રાંતિ સરળ છે : આપણી આસપાસના દુઃખી લોકોને સમાવવા માટે ક્રાંતિની શરૂઆત થાય છે. ઘણાં વર્ષોથી મંડળીઓએ નવા લોકોને લાવવા માટેના કાર્યક્રમો પર જ ભાર મૂક્યો છે. સંખ્યા વધારવા માટે કાર્યક્રમો આવ્યા અને ગયા, પણ મંડળીઓ વૃધ્ધિ પામવામાં નિષ્ફળ રહી. જ્યારે એથી તદ્દન વિરૂધ્ધ, મંડળીઓની અસરકારકતામાં ઘણીવાર

ઘટાડો જોવા મળે છે. લોકો પર કાર્યક્રમોનો મારો ચલાવવાથી એકબીજા પર આપણે પ્રેમ રાખવો જોઈએ એવી આજ્ઞા આપનાર ઈસુના પડકારને પહોંચી વળાતું નથી.

ક્રાંતિનો પડકાર

બીજાઓ માટે ઈસુના જેવું જીવન જીવવાનો કાર્યક્રમ, વર્તુળ કે ક્રાંતિ પાઉલે આપણી સમક્ષ મૂકેલો એક પડકાર છે : "એ માટે તમે પ્રભુનાં પ્રિય બાળકો તરીકે દેવનું અનુકરણ કરનારાં થાઓ; અને પ્રેમમાં ચાલો, જેમ ખ્રિસ્તે તમારા પર પ્રીતિ રાખી, અને દેવની આગળ સુવાસને અર્થે, આપણી ખાતર સ્વાર્પણ કરીને પોતાનું બલિદાન આપ્યું તેમ." (એફેસી ૫:૧-૨)

પ્રેમની ક્રાંતિનું તેડું આ જ છે : પ્રેમમાં ચાલવું, પ્રેમ દર્શાવવાનો માત્ર નિર્ણય જ ન કરવો. ઘણા લોકો જાણતા હોય છે કે પ્રેમ દર્શાવવો એ એક સારી બાબત છે, પણ તમે તમારા પ્રેમના વર્તુળને કેવી રીતે મોટું બનાવો છો? એ તો રોજેરોજ મોટું થઈ શકે છે.

આપણા દરેકના પ્રભાવ કે અસરકારકતાનું એક વર્તુળ હોય છે, અને આપણે બધા એક વર્તુળમાં જીવતા હોઈએ છીએ. આપણામાંના મોટાભાગના લોકોને મિત્રોનું વર્તુળ ગમતું હોય છે. તમારા વર્તુળનું કદ કેટલું મોટું છે? એ વર્તુળમાં દરેક પ્રકારના લોકો આવી શકે છે કે નહિ અથવા તો અમુક પ્રકારના લોકોને જ પ્રવેશ આપવામાં આવે છે? જેઓને પોતાના વર્તુળના નાના અમથા કદની પણ જાણે કે ખબર ન હોય એવા ઘણા મહત્વપૂર્ણ લોકોને હું મળતી હોઉં છું. જો આપણે "ખ્રિસ્તની વિચારસરણી" પ્રમાણે જીવી રહ્યા છીએ, અને આપણામાં ખ્રિસ્તના જેવું મન છે, તો દરેક વર્તુળે કોઈપણ વ્યક્તિને અંદર આવતો રોકવો ન જોઈએ અને દરેક જણને પોતાની અંદર સમાવી લેવો જોઈએ.

મારી દૃષ્ટિએ મહત્વપૂર્ણ બાબત અને મારા વ્યક્તિગત વર્તુળની વ્યાખ્યા તો મારા વર્તુળમાં પાપીઓને લઈ આવવા માટેનો જે પડકાર મને આપવામાં આવ્યો છે, તે છે. પાપની સાથે સાથે પાપી વ્યક્તિ પ્રત્યે નફરત દર્શાવવી મને સહેલું લાગે છે, અને તેને કારણે હું પાપી વ્યક્તિને નફરત કરું છું, કારણ કે હું પાપને ધિક્કારું છું. હું શીખ્યો છું કે ઈશ્વર ઈચ્છે છે કે હું પાપને ધિક્કારું, પણ પાપી વ્યક્તિને પ્રેમ કરું. કેટલીકવાર, પાપ પ્રત્યેનું આપણું વલણ એક બાળકને પોતાની પકડમાં લઈ લેનાર એક સાપ સાથેની મુલાકાત જેવું હોય છે. સાપ બાળકની આસપાસ ગૂંચળું વળી જઈને તેને દંશ મારવાની તૈયારીમાં જ હોય છે. આપણે સાપને ધિક્કારીએ છીએ, પણ બાળકને ચાહીએ છીએ અને બાળકને સંભવિત મોતના ભરડામાંથી બચાવી લેવાની ઈચ્છા રાખીએ છીએ.

પાપનાં પરિણામો સંબંધમાં લોકોને સાવધાની રાખવા વિષેની ચેતવણી આપવાની આપણને ફરજ પડે છે, પરંતુ પ્રેમના મારા વર્તુળમાં પાપીઓનો સમાવેશ કરવા માટે આપણે પણ પ્રભુની દયામાં આગળ વધવું જ જોઈએ. તદુપરાંત, મોટાભાગના પાપી માણસો જાણતા

હોય છે કે તેઓએ પોતાના જીવનમાં ખોટી પસંદગી કરી છે, તેથી તેઓના પર નકારાત્મક અસરો થઈ છે. અને તેઓને કોઈની જરૂર પણ હોતી નથી કે જે તેઓની પાસે જઈને તેઓને ઠપકો આપે. એમાંના ઘણા બધા લોકો એવું માનતા હોય છે કે તેઓની જીવનશૈલી, વ્યસનો, અવિશ્વાસુપણું અને ગંભીર ભૂલોને કારણે મંડળી તેઓને આવકારશે નહિ.

આગેવાની કરતા લોકો અમને ઘણીવાર પૂછતા હોય છે કે શા માટે ફેનીક્ષમાંની અને લોસ એન્જેલસમાંની અમારી ડ્રીમ સેન્ટર મંડળી જાણીજોઈને ખરાબ, બેકાર અને તરછોડાયેલા લોકો મધ્યે કાર્ય કરે છે? એવા લોકોએ ખોટી પસંદગી કરી હતી. ઈશ્વર તેમના પ્રેમના વર્તુળમાં દરેક વ્યક્તિને સમાવવાની ઈચ્છા રાખે છે, આ વાત સંબંધમાં મને ક્યારેય શંકા જાગી નથી.

આપણે જે હોવાનો દાવો કરતા હોઈએ છીએ, એટલે કે ઈસુ ખ્રિસ્તને પ્રગટ કરનારા લોકો, તો એકપણ વ્યક્તિ બાકી રહી શકે નહિ. એમાં જુદા જુદા સિધ્ધાંતોમાં વિશ્વાસ ધરાવતા, જુદા જુદા સંપ્રદાયોના અને જુદા જુદા અનુભવો ધરાવતા લોકોનો સમાવેશ થાય છે. આપણે ઈશ્વરના બિનશરતી પ્રેમ તરફ લોકોનું ધ્યાન કેન્દ્રિત કરનારા પ્રોત્સાહકો અને આશાના દૂતો બનવું જોઈએ, અને એ પછીથી આપણે આપણી જાતે એ લોકો આગળ એ બાબતના પુરાવા બનવાનું છે.

તેઓ પોતાના વર્તુળમાં મારો સમાવેશ કરે અથવા ન કરે, એ માટે હું પોતે જવાબદાર નથી. હું પોતે મારી પોતાની જાત માટે અને જેઓનો સમાવેશ હું કરતો નથી, એ લોકો માટે જવાબદાર છું. ઈસુ જ્યારે વધસ્તંભ પર હતા ત્યારે સમસ્ત માનવજાતને કેન્દ્રસ્થાને રાખીને જ તે આ વાક્ય બોલ્યા હતા, "હે બાપ, તેઓને માફ કર; કેમ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી." (લૂક ૨૩:૩૪). તેમના વર્તુળમાં તેમને વધસ્તંભે જડનાર લોકોનો પણ સમાવેશ થતો હતો. વળી તેમણે રચેલા પ્રેમના એ વર્તુળમાં તેમની ઠઠ્ઠા-મશ્કરી કરનારા તથા તેમના પર થૂંકનારા તેમ જ જ્યારે તેમણે પીવા માટે પાણી માગ્યું ત્યારે તેમને સરકો આપનાર તેમના ટીકાકારોનો પણ સમાવેશ થતો હતો.

આપણા વર્તુળમાં આપણે આપણી સાથે અન્યાય કરનારા લોકોનો પણ સમાવેશ કરવાનો છે. હું મારા વર્તુળના લોકો સાથે ક્યારેય લડવું કે ઝઘડવું નહિ, એ બાબત શીખી છું. આ કોઈ લડાઈ કે યુધ્ધ નથી. જ્યાં સુધી હું મારા પ્રેમના વર્તુળમાં બધા લોકોને સમાવતી રહીશ, ત્યાં સુધી હું સલામત છું. તો જ મને કોઈ નુકશાન થવાનું નથી.

તમે અસંખ્ય મિત્રો બનાવી શકતા નથી, પરંતુ જો તમારો એકાદ દુશ્મન હશે, તો તમે જ્યાં કંઈ પણ જશો, ત્યાં એ દુશ્મન તમારી સામે આવીને ઊભો રહેશે. તમે જે બાબતને ધિક્કારો છો, એ જ બાબત તમને બાંધી રાખે છે. દરેક જણનો સ્વીકાર કરવાથી, ઈશ્વરનો પ્રેમ શું છે તે તમે સારી રીતે સમજવાનું શરૂ કરી શકશો. પ્રેમના તમારા વર્તુળની બહારની કોઈપણ વ્યક્તિ તમને નુકશાન પહોંચાડી શકે છે, પરંતુ તમારા પ્રેમના વર્તુળની અંદરની કોઈપણ વ્યક્તિ તમને નુકશાન પહોંચાડશે નહિ.

કેટલાક લોકો ઘણીવાર ધર્મના જે કાયદેસરના ધોરણને વળગી રહેતા હોય છે, એ ધોરણ સાંકડું અને મર્યાદિત હોય છે. પ્રેમની ક્રાંતિનું ધોરણ સર્વલક્ષી છે. પ્રેમ સાજાપણું આપે છે! પ્રેમ પુનઃસ્થાપિત કરે છે! પ્રેમ ભ્રમ ભાંગે છે! પ્રેમ ઊંચા ઉઠાવે છે! મારું પ્રેમરૂપી વર્તુળ જેટલું મોટું હશે, એટલા જ વધારે પ્રમાણમાં હું સુખી હોઈશ, અને હું અન્ય લોકોની આગળ ઈશ્વરના પ્રેમને વધારે ને વધારે પ્રદર્શિત કરીશ.

કાર્યોમાં પ્રેમની ક્રાંતિ

અમે જ્યારે લોસ એન્જેલસ ડ્રીમ સેન્ટરની શરૂઆત કરી હતી, ત્યારે અમે સરકાર, મંડળીઓ અને પોલીસે પણ જેની અવગણના કરી હતી એવા તરછોડાયેલા એક વિસ્તારમાં ગયા હતા. કારણ કે અમે અમારા પ્રેમના વર્તુળમાં ગુંડાઓ, ભાગેડુઓ, બેઘર લોકો, વેશ્યાઓ, રીઢા ગુનેગારો અને નફરતનો ભોગ બનેલા જુવાનોનો સમાવેશ કરવા માગતા હતા, પ્રેમનું અમારું વર્તુળ એટલી હદે મોટું થઈ ગયું હતું કે દુનિયાભરનાં ડ્રીમ સેન્ટરો સેવાનાં કાર્યો મારફતે ખ્રિસ્તનો પ્રેમ પ્રદર્શિત કરીને તરછોડાયેલા અને દુઃખી લોકો સુધી સુવાર્તા પહોંચાડવા લાગ્યા હતા.

દર અઠવાડિયે લોસ એન્જેલસ ડ્રીમ સેન્ટર્સમાંથી સેંકડોની સંખ્યામાં સ્વયંસેવકો આજુબાજુના વિસ્તારોમાં જઈને તેઓના કંપાઉન્ડની સફાઈ, જાહેર મિલકતોને ધોળી આપવા જેવી અનેક પ્રકારની સેવાઓ કરે છે. એ સ્વયંસ્વકો તો લોકોની કેવળ સેવા જ કરતા હોય છે, તેઓને ખ્રિસ્તનો પ્રેમ પ્રદર્શિત કરતાં પણ આવડતું હોતું નથી.

અને તેની સાથોસાથ, આખા લોસ એન્જેલસ શહેરમાં જ્યારે ગુનાખોરી અને નૈતિક અધઃપતનનો આંક ઊંચે ગયો છે, ત્યારે ડ્રીમ સેન્ટરની આજુબાજુના પાડોશી વિસ્તારમાં ગુનાખોરીનો દર ૭૦ ટકા જેટલો ઘટી ગયો છે, અને હજારો લોકો ખ્રિસ્ત પર વિશ્વાસ કરવા લાગ્યા છે. ભ્રષ્ટાચાર, ગુનાખોરી અને પાપ માટે કુખ્યાત બનેલું સંરક્ષણ ખાતું અત્યારે ખ્રિસ્તનો પ્રેમ પ્રગટ કરનારા લોકો તરીકેનું એક ઉજળું ઉદાહરણ બની ગયું છે. એ જ છે પ્રેમની ક્રાંતિ!

માફ કરવું અને આપવા માટે

શું તમને માફ કરવામાં આવ્યા છે, ખરા? તો તમે બીજાઓને પણ માફી આપો. પ્રેમ એટલે માફ કરવું અને પ્રેમ આપવા માટે છે.

કોઈકને પ્રેમ આપવો, એ એક ખૂબ અઘરી બાબતોમાંની એક બાબત છે. ઘણી બધી રીતે તો, પૈસા આપવા કરતાં પ્રેમ આપવો એ ખૂબ જ અઘરી બાબત બની જતી હોય છે, કારણ કે પ્રેમે તો એક ખુલ્લા મનમાંથી આવવું પડે છે. કોઈક બાબત કેવળ કરવા ખાતર કરવી, તેનો કોઈ જ અર્થ નથી.

પણ આપણામાંના ઘણા લોકો પ્રેમ શું છે, એ બાબત સમજી શકતા નથી. પ્રેમનો તેઓ અવળો અર્થ કરતા હોય છે. આપણે એવું માનતા હોઈએ છીએ કે પ્રેમ એક એવી બાબત છે કે જેને આપણે એક ભેટ તરીકે સ્વીકાર કરીને આપણી પાસે રાખી મૂકી શકીએ છીએ. પરંતુ પ્રેમ ખરેખર એવી બાબત છે જ નહિ.

પ્રેમ તો કેવળ આપવાની જ બાબત છે, એ કોઈ એવી બાબત નથી કે જેના તમે માલિક બની જાઓ. આપણામાંની કોઈપણ વ્યક્તિ પ્રેમની માલિક નથી - આપણે તો પ્રેમનો ઉપયોગ જ કરવાનો છે. બાઈબલમાં પ્રેમની જે વ્યાખ્યા આપવામાં આવી છે, તે તો એ છે કે જો તમારા પર પ્રેમ રાખનાર પર તમે પ્રેમ રાખો, તો એ પ્રેમ કહેવાય જ નહિ.

શું તમે એવી કોઈ વ્યક્તિને ક્યારેય મળ્યા છો કે જેને હમેશાં પ્રેમની જરૂર હોય, પરંતુ એને પૂરતા પ્રમાણમાં પ્રેમ મળતો ન હોય? લોકો પ્રેમને જેટલું વધારે મહત્વ આપશે, એટલા જ વધારે પ્રમાણમાં તેઓને થશે કે તેઓ પ્રેમને લાયક છે. પોતામાં પ્રેમનો અભાવ છે, એ બાબતને તેઓ એટલું બધું મહત્વ આપતા હોય છે કે તેઓ ક્યારેય પૂરતા પ્રમાણમાં પ્રેમ આપી શકતા નથી.

દુઃખી લોકોને મદદ કરતી વખતે આપણને દરેક વખતે એવા લોકોની મુલાકાત થતી હોય છે કે જેઓ આપણને ફક્ત એટલું કહેતા હોય છે કે અમારા પર કોઈ પ્રેમ દર્શાવે એવી વ્યક્તિની અમારે જરૂર છે. આ વાતની તદ્દન વિરોધાભાસી વાત મેં શોધી કાઢી છે, અને એ સાચી છે : કોઈ આપણા પર પ્રેમ રાખે એના કરતાં તો આપણે જ કોઈના પર પ્રેમ રાખીએ એ વધારે મહત્વની બાબત છે.

આપણે જ્યારે બિનશરતી પ્રેમ દર્શાવીએ છીએ, ત્યારે આપણે કોઈ પુરુષ કે સ્ત્રીના ગુલામ બની જતા નથી. પણ આપણે જ્યારે એવું ઈચ્છીએ કે કોઈક આપણા પર પ્રેમ રાખે, તો આપણે તેમના ગુલામ બની જઈએ છીએ, અને આપણે સહેલાઈપૂર્વક આપણી પ્રત્યેના તેમના પ્રેમના અભાવથી કેદ થઈ જઈએ છીએ.

લેવા કરતાં આપવું, એ વધારે મહત્વનું છે

હું એવું માનું છું કે લોકો પ્રેમ પામવા કરતાં પ્રેમ દર્શાવે, એ વધારે મહત્વનું છે. તમે જ્યારે પ્રેમ દર્શાવો છો ત્યારે એ પ્રેમ, ઈશ્વર જે પાત્રમાંથી આપણા પર પ્રેમ રેડતા હોય છે એ પ્રેમની સ્વર્ગીય ચકલી (નળ) બની જાય છે; તમે જેટલો વધારે પ્રેમ દર્શાવશો, એટલા જ વધારે પ્રમાણમાં તમને પ્રેમ મળશે, અને તમારે માટે એ પ્રેમની ચકલી ચાલુ કરીને બીજાઓ પર પ્રેમ વહેવડાવવાનું વધુ સરળ બની જાય છે.

તમારી પાસે પ્રેમનો જે જથ્થો છે, એ જથ્થો તમે બીજાઓને કેટલા પ્રમાણમાં આપો છો તેની સાથે સીધેસીધો સંકળાયેલો છે. આ એક કટાક્ષ છે, પણ તે સાચો છે : પ્રેમનો અનુભવ સતત થતો રહે એ માટે તમારે એક જ બાબત કરવાની છે - બીજાઓને પ્રેમ આપતા રહો.

> પ્રેમનો અનુભવ સતત થતો રહે એ માટે તમારે એક જ બાબત કરવાની છે - બીજાઓને પ્રેમ આપતા રહો.

જો તમે પ્રેમ આપવાનું સતત ચાલુ રાખશો, તો તમારે જે પ્રેમ આપવાનો છે તેના પર તમારું ધ્યાન હમેશાં રહેશે, અને એ પૂરવઠો વધતો જશે. અને જો તમે કોઈ વ્યક્તિને પ્રેમ આપ્યો હશે અને એ વ્યક્તિ તમારા પર સામો પ્રેમ ન પણ દર્શાવે, તોપણ ઈસુ મારફતે પ્રેમનો અનંત પૂરવઠો તમને પ્રાપ્ત થયા કરશે, અને તમારું જીવન પ્રેમથી ભરપૂર થઈ જશે.

હું જ્યારે જુવાન હતો ત્યારે હું લોકો પર અત્યારના કરતાં ઓછો પ્રેમ રાખતો હતો. પણ મેં જ્યારે પ્રેમ આપવાનો પ્રયત્ન કર્યો, તો મેં જોયું કે મારા પોતાનામાં પ્રેમનો પૂરવઠો વધી ગયો હતો. જ્યાં સુધી હું મારામાં રહેલા પ્રેમનો ઉપયોગ કરવાનું ચાલુ રાખું છું ત્યાં સુધી ઈશ્વર મને ઊંડો પ્રેમ આપવાનું ચાલુ રાખે છે.

એક જુવાન માણસ તરીકે હું નાનાં બાળકો પર સાચા અર્થમાં પ્રેમ દર્શાવતો જ નહોતો - હું તો કેવળ તેઓની કદર જ કરતો હતો. પણ એક દિવસ મેં તેઓ પર પ્રેમ રાખવાનો નિર્ણય કર્યો. આજે મારું હૃદય બાળકો પ્રત્યેના પ્રેમથી છલકાઈ જાય છે. અત્યારે હું કહી શકું તેમ છું કે હું બાળકોને સાચા અર્થમાં ચાહું છું અને બાળકો મને ગમે છે, અને તેઓને આશીર્વાદ આપવાનું મને ગમે છે.

અત્યારે હું મારા જીવનથી ખૂબ જ ખુશ છું, પણ હું જ્યારે એક જુવાન ઉપદેશક હતો ત્યારે આજના જેટલો ખુશ નહોતો. વીસ વર્ષ અગાઉ જે પ્રેમ હું રાખતો હતો, તેના કરતાં વીસગણો પ્રેમ હું આજે રાખું છું. મેં નક્કી કર્યું છે કે હું ક્યાં તો ઉદાસ રહીશ અથવા તો, આનંદી રહીશ, પણ મેં આનંદી રહેવાનું પસંદ કર્યું છે. મેં જોયું છે કે જ્યારથી મેં પ્રેમ આપવાનું શરૂ કર્યું છે ત્યારથી વધારે ને વધારે ખુશી અને આનંદ મારા જીવનમાં આવતો જાય છે.

ખ્રિસ્તના શરીરમાં આવનાર પ્રેમની ક્રાંતિનો એક હિસ્સો લોકોને એ જોવામાં મદદરૂપ થવાનો છે કે મહાપરાણે પ્રેમ કરવો એ પ્રેમ દર્શાવવાની એક ખોટી રીત છે. આપણે આપણા ઉદાહરણ મારફતે લોકોને એ જાણવામાં મદદરૂપ થવું જ જોઈએ કે પ્રેમ પ્રાપ્ત કરવા માટે તમારે તેને શોધવાની જરૂર નથી, પરંતુ પ્રેમ આપવાની જરૂર છે.

સાચો પ્રેમ કોઈ વ્યક્તિ પાસેથી આવી જતો નથી; એ પ્રેમ તો ઈશ્વર પાસેથી આવે છે. મારી પત્ની, મારજા માટેનો મારો પ્રેમ શુધ્ધ છે, કારણ કે મને સ્રોત મળી ગયો છે. અમે શીખ્યા છીએ કે પ્રેમ લેવા કરતાં આપવામાં વધારે ધન્યતા રહેલી છે, અને પતિપત્ની જ્યારે એકબીજાને અસરકારક રીતે પ્રેમ આપે છે ત્યારે તેઓનું લગ્નજીવન ધન્ય બની જાય છે.

ખ્રિસ્તનું શરીર જ્યારે ખોવાયેલાઓ અને મૃતઃપ્રાય જગતને અસરકારક રીતે પ્રેમ આપતાં શીખશે, ત્યારે આપણે આપણા પ્રેમના વર્તુળને વધારે મોટું બનાવી શકીશું અને આપણા

સમાજના કલ્યાણ અર્થે આપણે સમાજ પર પ્રભાવ પાડી શકીશું અને આપણે આપણા સમાજમાં સુધારો લાવી શકીશું.

શું તમે ક્રાંતિ માટે તૈયાર છો? પ્રેમની ક્રાંતિ માટે તમારી વ્યક્તિગત રજૂઆતમાં ખ્રિસ્તનો પ્રેમ પ્રગટ થાય એવાં કેટલાંક સૂચનો અહીં આપવામાં આવ્યા છે :

૧. પ્રેમની ભાષામાં વાત કરો. નિખાલસપણે વાત કરો.

અન્ય લોકો પર હમેશાં રેડાતાં રહીને "પ્રેમનો ધોધ" બનો. કેટલાક લોકો કહેતાં હોય છે કે, "હું એ રીતે ટેવાયેલો નથી." જો દરેક વિશ્વાસી વ્યક્તિએ આ પ્રમાણે કહ્યું હોત કે, "હું તમારા પર પ્રેમ રાખું છું" તો જગતના સંબંધોની વ્યાખ્યા બદલાઈ ગઈ હોત. પ્રયત્ન તો કરી જુઓ. જો તમે લોકોને એવું કહી શકતા હો કે તમે તેઓને ચાહો છો, તો તમને પણ એ શબ્દો સાંભળવા મળશે. તમે જ્યારે હૃદયના ઊંડાણથી આ શબ્દો બોલો છો કે, "હું તમારા પર પ્રેમ રાખું છું" ત્યારે ખ્રિસ્તના પ્રેમમાં તમે સામર્થ્ય પામો છો.

૨. તમારો પ્રેમ લખીને દર્શાવો.

મારા પર જે ઉત્તેજનદાયક પત્રો આવે છે, તેને હું "હું તમારા પર પ્રેમ રાખું છું" એ નામની ફાઈલમાં મૂકું છું. એ પત્રો મારે માટે ખૂબ જ ઉપયોગી છે. તમારા તરફથી ઉત્તેજનના સીધાસાદા એકબે શબ્દો કોઈકના માટે ખૂબ જ ઉપયોગી નીવડી શકે છે. લખાણમાં પ્રગટ થતો પ્રેમ કાયમ રહે છે. લખાણમાં પ્રગટ થતો પ્રેમ નિરાશામાં ડૂબી ગયેલ કોઈક વ્યક્તિનું જીવન બચાવી શકે છે. ઈશ્વરના પ્રેમને લગતો એક સંદેશો લખવાથી લોકોને ઉત્તેજન પ્રાપ્ત થાય છે, અને ઈશ્વરના પ્રેમ સંબંધી તેઓ વધુ જાણતા થાય છે.

૩. સારી બાબતો કરવાનું જોખમ ઉઠાવો.

ખ્રિસ્તનો પ્રેમ પ્રદર્શિત કરવાની બાબતમાં લોકો આપણી પાસેથી જેટલી અપેક્ષા રાખતા હોય છે, એ અપેક્ષા કરતાં પણ આપણે જ્યારે આગળ વધી જઈએ છીએ, ત્યારે એ સારી બાબતોનાં પરિણામો અન્ય લોકોનાં જીવનોમાં અનેકગણાં વધી જાય છે. થોડુંક વધારે સારું કરવા માટે કેટલીકવાર થોડુંઘણું જોખમ પણ ઉઠાવવું પડતું હોય છે - અને પ્રેમની ક્રાંતિનો એ એક ભાગ જ છે. તમારી જાતને પૂછો કે, "બીજાઓ પર પ્રેમ દર્શાવવાની બાબતમાં અત્યારે હું જે કાંઈ કરી રહ્યો છું તેના કરતાં થોડું વધારે હું કંઈક કરી શકું?" તમારા જીવનને યાદગાર બનાવો; ક્રાંતિકારીઓ હમેશાં જોખમ ઉઠાવીને પણ અમુક બાબતો કરતા હોય છે. કોઈક સામાન્ય દિવસને તમારા પ્રેમ દ્વારા ઈશ્વરનો પ્રેમ પ્રગટ કરીને અવિસ્મરણીય દિવસ બનાવવાનું જોખમ લો.

૪. પ્રેમ દર્શાવવા માટે આનંદ કરવો પડે અને રડવું પણ પડે.

ઘણીબધી વાર એવું માની લેવામાં આવે છે કે પ્રેમ દર્શાવવો એટલે કોઈક દુઃખી અને નિરાશ વ્યક્તિને મદદરૂપ થવું. કોઈકના દુઃખમાં સહભાગી બનવાથી અથવા એવા દુઃખી લોકોની

સાથે ખીણમાં થઈને ચાલવાથી પ્રેમ અને વિશ્વાસનો ઊંડો પાયો નંખાય છે. ઈસુ લોકોના લગ્નપ્રસંગે અને દફનપ્રસંગે પણ હાજરી આપતા હતા. એ બંને પરિસ્થિતિઓમાં લોકોને શેની જરૂર હોય છે, એ વાત તે સારી રીતે જાણતા હતા. દરેક પરિસ્થિતિમાં આપણે ઈશ્વરના પ્રેમ સંબંધી વાત કરવી જોઈએ, કે જેથી કરીને આપણે સરળતાપૂર્વક દુઃખમાં ડૂબેલા અને આનંદ માણતા લોકોને આપણો પ્રેમ દર્શાવી શકીએ.

૫. જુદા જુદા લોકોને જુદી જુદી રીતે પ્રેમ કરતાં શીખો.

લોકો જુદી જુદી રીતે પ્રેમ આપતા હોય છે અને પ્રેમ પામતા પણ હોય છે, તેથી આપણે લોકો પર જુદી જુદી રીતે પ્રેમ રાખતા શીખવું જ જોઈએ. આપણામાંના દરેક જણ માટે એ બાબત અનિવાર્ય છે કે આપણે આપણી સાથે નજીકનો સંબંધ ધરાવતા લોકોને પ્રેમ આપતા અને પ્રેમનો સ્વીકાર કરતા શીખીએ, વળી એ જરૂરી પણ છે કે આપણે આપણી આસપાસના જગતના લોકોને, અને વિશેષ કરીને જેઓના પર પ્રેમ દર્શાવનાર કોઈ જ નથી, એવા લોકોને જુદી જુદી રીતે પ્રેમ કરવાનું તમે શીખી શકશો કે જેને પરિણામે દરેક જણ ખુશ થશે અને ઈશ્વરને માનમહિમા મળશે.

શું તમે ક્રાંતિકારી બનવા માગો છો?

તેથી, શું તમે એક ક્રાંતિકારી તરીકે આજે ભૂમિકા નિભાવશો? શું અત્યારથી જ તમારા જીવનનો એકેએક દિવસ એવો પુરાવો આપી શકશે કે તમે પ્રેમની ક્રાંતિના એક હિસ્સા સમાન છો? એવી કઈ બાબતને લીધે તમને યાદ કરવામાં આવશે? તમારી સમજશક્તિ? તમારી બુધ્ધિમતા? છેવટે તો, પ્રેમ જ એક એવી બાબત છે કે જે જરૂરી છે. પ્રેમ આપણને જે આપે છે, તે તો અનંતકાળિક મૂલ્યો છે. દરેક જણ ઈચ્છે છે કે તે ઈશ્વરની પ્રતિકૃતિમાં બનેલ આત્મિક કૃતિ તરીકે માન્ય થાય, અને એ માટે એક માત્ર માર્ગ તો કેવળ પ્રેમ જ છે.

તમારો પ્રેમ અમર્યાદિત હોય એ રીતે પ્રેમ કરો, અને તમને સમજાશે પણ ખરું કે તમારો પ્રેમ અમર્યાદિત છે જ. પ્રથમ વખત તમે જ્યારે કોઈક વ્યક્તિને મળતા હો છો ત્યારે તમે તેના પર કદાચ પ્રેમ ન પણ દર્શાવો, પરંતુ જો તમારી પાસે જે પ્રેમ છે એ પ્રેમ જો તમે આપશો, તો એ પ્રેમમાં વધારો થશે.

તમને ખબર છે કે હું તમને "સૌથી વધારે પ્રેમાળ" વ્યક્તિ બનવા માટેનો પડકાર આપું છું, અને હું તમને અગાઉથી જ કહી શકું છું કે જો તમે દરેક સમયે પ્રેમ કરતા રહેશો, તો તમારા પ્રેમનો પૂરવઠો ક્યારેય સુકાઈ જશે નહિ.

તો પછી તમે શું કહો છો? ઈશ્વર આજે જે સૈન્ય ઊભું કરી રહ્યા છે, એ સૈન્યમાં તમે ફરીથી તમારું નામ નોંધાવી દો, અને હું તમને પ્રેમની ક્રાંતિમાં સામેલ થયેલા જોઈશ!



અધ્યાય

15

શું આપણને જાગૃતિની જરૂર છે કે ક્રાંતિની?

દરેક જણ જગતમાં પરિવર્તન આવે તેવું વિચારે છે,
પણ પોતાનામાં પરિવર્તન લાવવાની વાત
કોઈ કરતું નથી.
લિયો ટોલ્સટોય

જ્યારે કોઈ બાબતમાં જાગૃતિ આવે છે ત્યારે તેના જૂનાપણામાં ફરીથી ચેતન આવે છે, અને એ બાબત તરફ નવેસરથી ધ્યાન ખેંચાય છે. સમાજ જ્યારે ધર્મ પ્રત્યેની રૂચિનો નવેસરથી અનુભવ કરે છે ત્યારે એ પરિસ્થિતિને જાગૃતિ કહેવામાં આવે છે. મેરિયન વેબ્સ્ટર્સ ડીક્સનેરીમાં 'જાગૃતિ' ની વ્યાખ્યાને ''ખૂબ જ અસરકારક સુવાર્તિક મિટીંગ કે મિટીંગો'' તરીકે રજૂ કરવામાં આવી છે. એક ખ્રિસ્તી વ્યક્તિ તરીકેના મારા પુખ્ત વયના સમગ્ર જીવનમાં મેં લોકોને જાગૃતિ સંબંધી વાત કરતા અને જાગૃતિ માટે પ્રાર્થનાઓ કરતા સાંભળ્યા છે. પણ મને એ વાત હજી બરાબર સમજાતી નથી કે જાગૃતિ એટલે આપણને જેની જરૂર છે એ બાબત કે બીજી કોઈ? મને લાગે છે કે આપણને જાગૃતિ કરતાં પણ વધારે પાયારૂપ બાબતની જરૂર છે. આપણને ક્રાંતિની જરૂર છે, એવું મને લાગે છે. વેબ્સ્ટર્સ ડીક્સનેરીમાં 'ક્રાંતિ' શબ્દની વ્યાખ્યા ''એકાએક, આમુલ કે સંપૂર્ણ પરિવર્તન'' તરીકે આપવામાં આવી છે.

આપણને કોઈકને કોઈક રીતે આમુલ પરિવર્તન લાવવા કરતાં જૂનાને જ ફરીથી વ્યવસ્થિત કરવાનું વધારે ફાવી ગયું છે. પણ ભૂતકાળમાં આવેલી જાગૃતિઓને કારણે મંડળી અને જગતમાં પરિવર્તન આવ્યું છે, ખરું? એ સમયે એ જાગૃતિઓ ચોક્કસપણે લાભદાયી નીવડી

હતી, પણ અત્યારે આપણને મંડળીમાં કઈ બાબતની જરૂર છે કે જેથી કરીને આપણે જગતમાં અસરકારક બની શકીએ? ખ્રિસ્તે જ્યારે આપણને જગતનું અજવાળું બનવા માટે તેડ્યા છે ત્યારે આપણને કઈ બાબતની જરૂર પડશે?

ખ્રિસ્તની ઉત્કંઠા તેમને વધસ્તંભ સુધી લઈ ગઈ. શું આપણી ઉત્કંઠા આપણને કમસે કમ આપણા જૂના માર્ગોનું કેટલેક અંશે બલિદાન આપવા તરફ દોરી જશે કે જેથી કરીને હવે પછીની પેઢી ક્રાંતિકારી પ્રેમ દ્વારા જે પરિવર્તન આવે છે, એ પરિવર્તનના સામર્થ્યનો અનુભવ કરી શકે?

ઈસુ ક્રાંતિકારી વિચારો ધરાવનાર એક વ્યક્તિ હતા, વળી તે પરંપરાનો બચાવ કરનારા નહોતા. તે પરિવર્તન લાવવા માટે આવ્યા હતા, અને તેને લીધે એ સમયના ધાર્મિક લોકો તેમના એ વિચારોને લીધે તેમના પ્રત્યે નારાજ હતા. ઈશ્વર અવિકારી છે, પણ તે બીજા લોકોનાં જીવનોમાં પરિવર્તન લાવે છે. મેં જોયું છે કે તેમને રચનાત્મક અને નવાં નવાં કાર્યો કરવાનું ગમે છે, અને તે વસ્તુઓને તાજી અને ગરમાગરમ રાખે છે.

કેટલીક મંડળીઓ તો તેઓનાં ગીતોના રાગ બદલવા જેવી સીધીસાદી બાબતોમાં તૈયાર થશે નહિ. તેઓ તો પોતાની પરંપરા પ્રમાણે જ ગીતો ગાવાનું પસંદ કરશે. તેઓ પોતાની મંડળીના સભ્યોની સંખ્યા ધીમે ધીમે ઘટી રહી છે, એ વાસ્તવિક્તાનો સ્વીકાર કરવાનો પણ ઈનકાર કરતી હોય છે, અને તેઓને પોતાના સભ્યોના ગમા-અણગમાની કશી જ પડેલી હોતી નથી. તેઓએ રવિવારની સવારે દેવળમાં આજુબાજુ નજર કરવાની જરૂર છે કે દેવળમાં આવનાર દરેક વ્યક્તિ શા માટે મધ્યમ વયની કે મોટી ઉંમરની છે. જુવાન છોકરા-છોકરીઓ ક્યાં છે? સભાજનોનો ઉત્સાહ ક્યાં છે? મંડળીમાં જીવન ક્યાં છે?

કેટલાંક વર્ષો પહેલાં અમારા દેશમાં અમે જે કૉન્ફરન્સીસનું આયોજન કરતા હતા તેમાં થયેલી થોડીક પીછેહઠનો અનુભવ અમને થવા લાગ્યો હતો, અને અમે જોયું કે એ કૉન્ફરન્સીસમાં ભાગ લેનાર મોટાભાગની દરેક વ્યક્તિ મધ્યમ વયની કે વૃધ્ધ વયની વ્યક્તિઓ હતી. એ સમયે અમારો દીકરો ૨૪ વર્ષની વયનો હતો, તેણે અમને ગીતો ગાવાની અમારી શૈલીમાં, પ્રકાશની વ્યવસ્થામાં, સુશોભનમાં અને વસ્ત્રપરિધાનની અમારી શૈલીમાં પરિવર્તન લાવવાનું ઉત્તેજન આપવાનું શરૂ કર્યું હતું. તેણે જણાવ્યું હતું કે તેની પેઢીના લોકોને ઈસુ ખ્રિસ્તની સુવાર્તાની તાતી જરૂર છે, પણ એ પેઢીએ જૂની શૈલીના ધર્મથી મોઢું ફેરવી લીધું હતું કે જે ધર્મના આચારવિચારો તેઓને કંટાળાજનક લાગતા હતા. એક વર્ષ સુધી તો ડેવ અને હું તેની વાતનો વિરોધ કરતા રહ્યા હતા. અમે કહ્યું હતું કે જ્યારે મોટાભાગના લોકો પરિવર્તન ઈચ્છતા ન હોય, તો અમે શું કરીએ : ''ઈશ્વર અવિકારી છે.'' અમે પણ એવું માનતા હતા કે અમે જે કર્યું હતું એ સારું જ હતું. પરિવર્તન લાવવાની શી જરૂર છે? એમાં ઘણો બધો અહ્‌મ સમાયેલો હતો, થોડાક સમય પહેલાં જ અમારી સાથે કાર્ય કરવા માટે આવેલો ચોવીસ વર્ષનો એક છોકરો અમારે શું કરવું જોઈએ, એ અમને કહી જાય એ વાત અમારે માટે અસહ્ય હતી. પણ વર્ષ જેમ જેમ પસાર થતું ગયું તેમ તેમ અમે

બીજા જુવાનોની વાત પણ સાંભળવા લાગ્યા અને અમને સમજાયું કે અમારે પધ્ધતિઓની આરાધના કરવાની જરૂર ન હતી. અમારો સંદેશ બદલાવાનો નહોતો, પણ તેની રજૂઆતમાં ફેરફાર કરવાની જરૂર હતી.

દુનિયા બદલાય છે, લોકો બદલાતા રહે છે, નવી પેઢીઓ અગાઉની પેઢીઓ કરતાં જુદી રીતે વિચારતી હોય છે, પરંતુ આપણે એ લોકો સુધી કેવી રીતે પહોંચવું જોઈએ, તેની ચિંતા આપણે કરવાની છે. હું મારી કૉન્ફરન્સીસમાં આવનારા જુવાનોને મળવાની ઈચ્છા રાખતી હતી, પરંતુ તેઓને રસ પડે એવી કોઈ બાબત આપવાની મારી તૈયારી નહોતી. તેઓ જ્યાં હતા ત્યાં તેઓને મળવાની ઈચ્છા મને થતી નહોતી. પરંતુ ધીમે ધીમે અમારાં હૃદયો નવી નવી બાબતો અજમાવવા માટે ખુલ્લાં થયા, અને અમે સારાં પરિણામો જોયાં. અમે અમારી મંડળીના લોકોને ગુમાવ્યા નહિ, એટલું જ નહિ, પરંતુ નવા નવા લોકો પણ મંડળીમાં આવવા લાગ્યા, અને એ બધામાં જુવાનો અને ઉત્સાહી વ્યક્તિઓનો પણ સમાવેશ થતો હતો. જો આપણામાં જૂની પેઢીની સૂઝબૂઝ અને જુવાન પેઢીની ઉત્સાહભરી રચનાત્મક્તા હોય, તો આપણી પાસે એ બંને પેઢીઓની શ્રેષ્ઠ બાબતો છે, એમ કહી શકાય.

એક દિવસે અમે અમારી મંડળીના આગેવાનોની એક મિટીંગનું આયોજન કર્યું હતું, એ મિટીંગમાં મંડળીના વહીવટ તેમ જ પ્રવૃત્તિને લગતી ચર્ચા કરવાની હતી. પરિવર્તન લાવવા માટેનું દબાણ કરનાર અમારા દીકરાએ કોઈક બાબત સંબંધી પોતાના વિચારો રજૂ કર્યા, અને હું તેના વિચારો સાથે સહમત નહોતી. તેણે તેની વાતને પકડી રાખી હતી, તેથી મેં દરેક જણને એ વાત સંબંધી પોતાના વિચારો રજૂ કરવા જણાવ્યું, અને એ બધા જ આગેવાનો મારી વાત સાથે સંમત થયા હતા. મેં જ્યારે જણાવ્યું કે અહીં હાજર રહેલ દરેક વ્યક્તિએ મારી વાતને ટેકો આપ્યો છે ત્યારે અમારો દીકરો ડેન બોલી ઊઠ્યો, "અલબત્ત, મમ્મી, એ બધા તમારી સાથે સંમત થયા છે - પણ એ બધા જ લોકો તમારી ઉંમરનાં જ છે." એ જ પળે મને સમજાવા લાગ્યું કે મેં મારી આજુબાજુ મારા જેવી જ વ્યક્તિઓને ભેગી કરી છે, અને એમ કરવાથી હું વિવિધતા લાવવાની બાબતને અટકાવી રહી હતી. અમારે એક જ પેઢીના લોકોની નહિ, પણ બધી જ ઉંમરના આગેવાનોની જરૂર હતી.

બીજા એક પ્રસંગે, ડેન દર મહિને પ્રગટ થતા અમારા મેગેઝીનમાં કેટલાક નવા રંગોનો ઉપયોગ કરવા માગતો હતો, એ મેગેઝીનમાં અગાઉ ક્યારેય એવું કરવામાં આવ્યું નહોતું. મને એમ કરવું ગમતું નહોતું, તેથી મેં ના પાડી દીધી. તે નવા રંગોનો ઉપયોગ કરવા માટે અધીરો બની ગયો હતો, મેં તેને મક્કમપણે કહ્યું, "મને એ રંગો ગમતા નથી. અને આપણે એ રંગોનો ઉપયોગ કરવાના નથી!" તેણે કહ્યું, "મને ખબર નહોતી કે તમને તમારી જાતની જ સેવા કરવા માટે તેડવામાં આવ્યા છે. જો બીજા લોકોને એ રંગો ગમતા હોય તો તેનું શું?" એ પળે મને જે અનુભવ થયો હતો, એ અનુભવે મારી આંખો ખોલી નાખી હતી. હું સમજી શકી કે ઑફિસમાં હું મારી પસંદગીનાં વસ્ત્રો પહેરતી હતી, અને મેગેઝીનમાં, જાહેરખબરોમાં અને દેવળમાં મારી પસંદગીના રંગોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

મને જે રાગ ગમતા હોય એ રાગ પ્રમાણે ગીતો ગવડાવવામાં આવતા હતા. લોકોની જરૂરિયાતો પ્રમાણે નહિ, પરંતુ મને ગમતાં હોય અને મને અનુકૂળ હોય એવા કેટલા બધા નિર્ણયો લેવામાં આવ્યા હતા, એ વાત મને સમજાઈ.

ડેવ અને મને બંને જણાને સમજાવા લાગ્યું હતું કે અમે પધ્ધતિઓની આરાધના કરી રહ્યા હતાં, અને એ બધી પધ્ધતિઓ કે રીતો તો ઈશ્વરની દૃષ્ટિમાં કશા જ કામની નહોતી. ઈશ્વર તો એમનો સંદેશ પ્રગટ થાય એમાં જ રાજી હતા, પણ તેની રજૂઆત જુદી રીતે થવાની હતી. તેથી અમે પરિવર્તન લાવવાનું શરૂ કર્યું અને પરિવર્તનનો સ્વીકાર કરવાનું હજુ ચાલુ રાખ્યું છે. અમે અમારા વસ્ત્રપરિધાનની શૈલીમાં ફેરફાર કરીને વર્તમાન સમયની શૈલી અપનાવી છે. વધારે ને વધારે જુવાનો દેવળમાં આવે એ માટે ગીતોના રાગ અને ગાવાની ઢબમાં પણ અમે પરિવર્તન લાવ્યા છીએ. જુવાનોને મઝા પડે એ રીતે ગીતો ગાવા દઈને વર્તમાન પેઢી પર પ્રેમ દર્શાવવાનો મેં નિર્ણય કર્યો છે. અમે અમારી ભક્તિસભાનો સમયગાળો ટૂંકો કરી દીધો છે, કારણ કે આજે આપણો આખો સમાજ દરેક બાબત ઝડપથી કરવામાં માને છે. હું ત્રણ-ચાર કલાક લાંબી ચાલે એવી આરાધના સભાથી ટેવાયેલી હતી, પણ દરેક જણ નહિ; તેથી અમે એક મધ્યમ માર્ગ લેવાનું પસંદ કર્યું. અમે અમારી લાઈટની વ્યવસ્થામાં ફેરફાર કરીને તેને વધારે ઝગઝગાટવાળી બનાવી. અમે તો ધુમ્મસ જેવું વાતાવરણ ઊભું કરે એવું એક ફોગ-મશીન પણ વસાવી લીધું હતું. મને હજી પણ એવું લાગે છે કે એ મશીનથી ઊભું કરવામાં આવનાર ધુમ્મસના વાતાવરણથી લોકો સ્પષ્ટપણે જોઈ શકવાના નથી, પરંતુ જો એની મારફતે પણ લોકો સુવાર્તાનો સંદેશ સાંભળવા માટે દેવળમાં આવશે, તો હું એ વાત પણ ચલાવી લઈશ. યાદ કરો કે ઈસુ ખ્રિસ્તની સુવાર્તા પ્રગટ કરવા માટે પાઉલે જેમ જરૂરિયાત જણાઈ એમ એમ જુદા જુદા સ્વરૂપ ધારણ કર્યા (જુઓ ૧ કરિંથી ૯:૨-૨૨). તેણે પધ્ધતિઓને મહત્વ આપ્યું નહોતું અને આપણે પણ પધ્ધતિઓને મહત્વ આપવાની જરૂર નથી.

બાઈબલ જણાવે છે કે છેલ્લા સમયમાં આપણને સ્વાર્થી અને સ્વકેન્દ્રી મંડળીનો અનુભવ થશે. લોકો નૈતિક બાબતોમાં બાંધછોડ કરનારા થશે, તેઓ ધર્મના નામે ડોળ કરીને સુવાર્તાના સામર્થ્યનો નકાર કરશે (જુઓ ૨ તિમોથી ૩:૧-૫). આપણે આપણી મંડળીઓમાં ઈશ્વરના સામર્થ્યને નિહાળવાની જરૂર છે. આપણે પરિવર્તન પામેલાં જીવનો, સાજાપણું, પુનઃસ્થાપન અને ઉધ્ધાર તરફ દૃષ્ટિ કરવાની જરૂર છે. આપણે ઈશ્વરના પ્રેમને મોકળાશથી વહેતો જોવાની જરૂર છે. આપણે એક ક્રાંતિ તરફ જોવાની જરૂર છે, અને એ ક્રાંતિના એક ભાગ બનવાનો નિર્ણય મેં કર્યો છે!

હું પ્રામાણિકપણે કહી શકું છું કે અમે અમારી કૉન્ફરન્સીસમાં ઘણાબધા ફેરફારો કર્યા છે, એમાંના અમુક ફેરફારો મને ગમ્યા નથી. પણ હું દરરોજ એ વાત શીખી રહી છું કે પ્રેમ ઈચ્છે છે કે આપણે આપણા માર્ગોનો ત્યાગ કરીએ, અને વર્તમાન સમય માટે ઈશ્વરના માર્ગો કયા છે તે આપણે શોધી કાઢીએ. ઘણા બધા ફેરફારો એવા છે કે જેને હું મારા અંગત બલિદાન તરીકે નિહાળું છું, પણ મારા મનમાં હું જાણું છું કે એ બધા ફેરફારો કરવા યોગ્ય હતા. આ

વાત કદાચ મૂર્ખાઈસમાન લાગે, પણ એક સમય એવો હતો કે હું ખરેખર એવું માનતી હતી કે ડેનીમ જીન્સનાં વસ્ત્ર પહેરેલી કોઈક વ્યક્તિ સ્ટેજ પર જઈને લોકોને સંદેશો આપે, તો ઈશ્વર એ વ્યક્તિને આશીર્વાદ આપશે નહિ. પછી મેં વિચાર કર્યો કે મૂસા જ્યારે દશ આજ્ઞાઓની શિલાપાટીઓ લેવા માટે પર્વત પર ગયો ત્યારે તેણે કેવાં વસ્ત્રો પહેર્યાં હશે, અને છેવટે મને સમજાયું કે હું કેટલી બધી મૂર્ખ છું. યોહાન બાપ્તિસ્ત વિચિત્ર પ્રકારનાં વસ્ત્રો પહેરતો હતો, તેનો ખોરાક પણ વિચિત્ર હતો, અને તે રાનમાં રહેતો હતો, પણ તેણે એક પ્રકારની ક્રાંતિમાં આગેવાની કરી. તે મસીહાનો માર્ગ તૈયાર કરતો હતો. તે સુસ્થાપિત થયેલા કોઈ ધર્મનો ચાહક નહોતો, અને તેણે તેના સમયના સૌથી મોટા ધાર્મિક આગેવાનોને સર્પોના વંશ કહ્યા. યોહાન બાપ્તિસ્ત, મંદિરમાં પ્રાર્થના કરવા જનાર પણ જરૂરિયાતમંદ વ્યક્તિને મદદરૂપ થવા માટે આંગળી પણ ન લગાડનાર એવા એ સમયના પોતાને ન્યાયી માનનાર ધાર્મિક લોકોના રોષનો ભોગ બન્યો હતો.

ઈશ્વર હૃદય તરફ જુએ છે, અને આપણે પણ એવું કરતાં શીખવાની જરૂર છે. મૂસા કે યોહાન કેવી રીતે જોતા હતા, એ બાબતની ફિકર ઈશ્વર કરતા નહોતા. ઈશ્વરને તો કોઈક એવો માણસ શોધવામાં રસ હતો કે જે નિર્જીવ ધર્મ વિરૂધ્ધ બળવો પોકારવામાં આગેવાની કરતાં ગભરાતો ન હોય, અને ઈશ્વરની નિકટતામાં લોકોને દોરી લાવે.

પ્રેમ બલિદાન આપે છે

'બલિદાન' શબ્દ એવો નથી કે જેનાથી આપણે હમેશાં ખુશ થઈએ, કારણ કે તેનો અર્થ એવો થાય છે કે આપણે જે વસ્તુ આપણી પાસે રાખવાનું પસંદ કરતા હોઈએ, એ વસ્તુ બીજા કોઈકને આપી દેવી. નવો કરાર જે મૂળભુત ગ્રીક ભાષામાં લખાયો હતો, તેમાં આ શબ્દનો અર્થ "આપી દેવાનું કાર્ય, અથવા તો આપી દેવામાં આવ્યું છે તે" એવો થાય છે. પ્રેમ પોતાની જ રીતે વર્તવાનો આગ્રહ રાખતો નથી (જુઓ ૧ કરિંથી ૧૩:૫). પ્રેમ હમેશાં આપણી પાસેથી એ બાબતની અપેક્ષા રાખે છે કે કોઈક બાબત કરવા માટેનો આપણા માર્ગનો આપણે ભોગ આપીએ.

જૂના કરારમાં "બલિદાન" શબ્દનો ઉપયોગ પાપના પશ્ચાતાપ તરીકે પશુઓના લોહી વહેવડાવવા સંબંધમાં કરવામાં આવ્યો છે, પરંતુ નવા કરારમાં તો વધસ્તંભ પર ખ્રિસ્તે આપેલા પોતાની જાતના બલિદાનના સંદર્ભમાં કરવામાં આવ્યો છે. નવા કરારમાં વિશ્વાસીઓને આ પ્રમાણે કરવા માટે પણ ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે - "તમે તમારાં શરીરોનું જીવતું, પવિત્ર તથા દેવને પસંદ પડે એવું અર્પણ કરો; એ તમારી બુધ્ધિપૂર્વકની સેવા છે." (રોમનો ૧૨:૧)

જગતમાં જે સાચો પ્રેમ આપણે જોવો જોઈએ, એ પ્રેમ આપણે જોઈ શકતા નથી તેનું મુખ્ય કારણ એ છે કે લોકોને બલિદાન આપવાનું ગમતું નથી. આપણો કુદરતી સ્વભાવ જ

એવો છે કે આપણે બધું આપણી પોતાની પાસે જ રાખી મૂકીએ, અને બલિદાનની ભાવના સાથે કોઈને કંઈ આપવું નહિ. આપણે આપણાં સુખસગવડોનો જ વિચાર કરીએ છીએ. આપણને સરળ કે અનુકૂળ લાગે ત્યારે જ આપણે આપીએ છીએ, પરંતુ જ્યારે બલિદાન સ્વરૂપે કંઈક આપવાની વાત આવે છે ત્યારે આપણે પાછળ હઠી જઈએ છીએ. આવું ક્યારેય પૂછ્યા વિના તમે તમારા કેટલા માર્ગોને છોડી દેવાની ના પાડો છો, "શું ઈશ્વર મારી પાસે કોઈ બીજી રીતે આ બાબત કરાવવા માગે છે?" ગમે તે પણ, બાઈબલ સ્પષ્ટપણે જણાવે છે કે ઈશ્વરના માર્ગો આપણા માર્ગોથી વધારે ઊંચા છે. (જુઓ યશાયા ૫૫:૮)

ઈશ્વરનો આભાર કે આપણે નવી ટેવો પાડીને સાચા અર્થમાં બલિદાનયુક્ત જીવન જીવીને તેને માણી શકીએ છીએ. બાઈબલ જણાવે છે કે આપણે જ્યારે બીજાઓ પર ઉપકાર કરવાનું અને તેઓ પ્રત્યે ઉદાર બનવાનું યાદ રાખીએ છીએ, ત્યારે એવાં બલિદાનોથી ઈશ્વર પ્રસન્ન થાય છે (જુઓ હિબ્રૂ ૧૩:૧૬). "દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેમણે પોતાનો એકનોએક દીકરો આપી દીધો" (યોહાન ૩:૧૬). પ્રેમે તો આપવાનું કાર્ય કરવાનું છે, અને આપવા માટે બલિદાનની ભાવના હોવી જોઈએ.

આપણે બધા જ આપણી પોતાની રીતે કાર્યો કરતા હોઈએ છીએ, અને આપણે સામાન્ય રીતે એવું માનતા હોઈએ છીએ કે આપણે જે રીતે કાર્ય કરીએ છીએ, તે યોગ્ય છે. સામાન્ય રીતે ધર્મ સંબંધમાં મોટી સમસ્યાઓમાંની એક સમસ્યા એ હોય છે કે ઘણીવાર ધર્મ પોતાની જે જૂની રીતોને વળગી રહે છે, એ રીતો દ્વારા સાચા અર્થમાં લોકોની સેવા થઈ શકતી નથી, પણ પરિવર્તન લાવવાનો પણ ઈનકાર ધર્મ કરતો હોય છે. ધર્મ પોતાની રીતરસમોનું બલિદાન આપવાનો ઈનકાર કરતો હોય છે.

મારી એક બહેનપણીએ હમણાં જ મને કહ્યું કે તે તેની તરૂણ વયની દીકરીને દબાણપૂર્વક દર રવિવારે દેવળમાં મોકલે છે, ત્યાં બાળકો કંટાળી જાય છે અને ભક્તિસભા પૂરી થાય તેની રાહ તેઓ જોઈ શકતાં નથી. મારી બહેનપણીએ કબૂલ કર્યું કે ત્યાં તેઓ કશું જ મેળવતાં નથી. આ છોકરીઓ ઈશ્વર પર પ્રેમ તો રાખે જ છે, પરંતુ દેવળમાં જે પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે એ પધ્ધતિઓ તેઓને અનુકૂળ અને સુસંગત લાગતી નથી. એ છોકરીઓ નવી પેઢીમાંથી આવે છે, અને એ પેઢી નવી રીતે કાર્ય કરતી હોય છે. દુ:ખ સાથે કહેવું પડે છે કે ખ્રિસ્તી ઘરોમાં ઉછેર પામેલાં અનેક બાળકો મોટાં થાય છે ત્યારે તેઓ કોઈપણ પ્રકારના ધર્મથી પોતાનું મોઢું ફેરવી લે છે. તેઓ દંભને કારણે નિરાશ થયેલાં હોય છે, કડક નિયમોને કારણે દૂર ચાલ્યા જાય છે અથવા તો કંટાળીને આંસુ સારતા હોય છે. મંડળીએ એવાં બાળકો માટે કશું જ કર્યું નથી. એ બાળકો કંઈક વાસ્તવિક અને અસરકારક બાબત ઝંખતા હોય છે, કોઈક એવી બાબત કે જેનાથી તેઓને આનંદ પ્રાપ્ત થતો હોય અને સાહસ ખેડવાનું મન થતું હોય, પરંતુ તેઓથી થઈ ન શકે એવી અનેક બાબતો જોઈને તેઓ ભાંગી પડે છે.

લોસ એન્જેલસ ડ્રીમ સેન્ટરની સ્થાપના કરવામાં મહત્વનો ફાળો આપનાર ટૉમી બાર્નેટે શોધી કાઢ્યું છે કે ઘણા બધા જુવાનો એ વિસ્તારમાં આવેલા સ્કેટબોર્ડમાં સ્કેટીંગ કરવા આવે

છે. ટૉમી બાર્નેટે જ્યારે સાંભળ્યું કે સ્કેટીંગનો એક સુવિખ્યાત ખેલાડી એ વિસ્તારમાં એક ફિલ્મનું શુટીંગ કરવા માટે આવવાનો છે, અને એ ફિલ્મનું શુટીંગ પૂરું થઈ ગયા પછીથી ટૉમી બાર્નેટે હિંમતપૂર્વક પૂછ્યું કે આવું સ્કેટબોર્ડ મંડળી પાસે હોય તો કેટલું સારું! ફિલ્મના શુટીંગ કરનારા લોકોએ ટૉમી બાર્નેટને એ સ્કેટબોર્ડ આપી દીધું, અને તેને ડ્રીમ સેન્ટરમાં ખસેડવામાં આવ્યું, અને અત્યારે જે તે અઠવાડિયે ભક્તિસભામાં ભાગ લેનાર કોઈપણ વ્યક્તિ ઈચ્છે તો શનિવારે એ સ્કેટબોર્ડ પર સ્કેટીંગ કરવાની ટિકિટ મેળવી શકે છે. પાસ્ટર બાર્નેટની કંઈક વાસ્તવિક અને નવું કરવાની ધગશને કારણે હજારો તરુણ વયનાં બાળકો અને જુવાનો સ્કેટીંગ કરવા માટે ડ્રીમ સેન્ટર પર આવે છે અને એમાંના તરુણ વયનાં ઘણાં બાળકોએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો છે. બાર્નેટે જૂની પરંપરાઓનો ભોગ આપ્યો હતો, અને જો તેમણે એવું કર્યું ન હોત તો સ્કેટીંગ કરનારાં બાળકોને સુવાર્તા કદાચ આપી શકાઈ ન હોત. તે બાળકોની ઈચ્છાઓને સમજ્યા હતા અને એ ઈચ્છાઓ પૂરી કરવામાં તેઓને મદદરૂપ બન્યા હતા. આપણે જુવાનોને કે કોઈપણ વ્યક્તિને કેવળ બાઈબલ વાંચીને પ્રાર્થના કરવાનું જ કહી શકતા નથી. લોકોએ હસવું જરૂરી છે, તેઓએ આનંદપ્રમોદ માણવાની તથા સાહસ પણ ખેડવાની જરૂર છે, અને એ કરવા માટે તેઓએ જગતમાં જવાની જરૂર નથી.

પાસ્ટર બાર્નેટે જણાવ્યું કે સફેદ વસ્ત્રોમાં સજ્જ એવા ૨૦૦ વ્યક્તિઓના ક્વાયરે જ્યારે ''હાઉ ગ્રેટ ધાઉ આર્ટ'' ગીત ગાયું ત્યારે કેટલાંક તરૂણો તો ઊંઘી ગયા હતા, તેથી તરૂણોએ જ્યારે બીજું કોઈ ગીત જુદા રાગ સાથે ગાવાની ઈચ્છા દર્શાવી ત્યારે પાસ્ટર બાર્નેટે તેઓને એ પ્રમાણે ગાવાની પરવાનગી આપી. એ પછીના અઠવાડિયે જ્યારે પાસ્ટરે એ ગીત ધ્યાનથી સાંભળ્યું ત્યારે તેમને સમજાયું કે એ તરૂણોએ રોક એન્ડ રોલના એક ગીતને આત્મિક ગીતમાં ફેરવી કાઢ્યું હતું. પહેલાં તો તેમને થયું કે, 'અરે, મેં આ શું કર્યું છે?' પણ એ પછી તેમણે એ ગીત સાંભળ્યું ત્યારે તેમને સમજાયું કે એ ગીત પર ઈશ્વરનો આશીર્વાદ હતો. આ એક અજાયબ વાત છે કે આપણે જે બાબતનો નકાર કર્યો હોય છે, એ બાબતનો ઈશ્વર ખૂબ જ સારી રીતે ઉપયોગ કરે છે. ઈશ્વર એ દરેક બાબત પાછળનું હૃદય જુએ છે.

હું માનું છું કે આપણે બધાએ એ બાબતને સ્વીકારવી જોઈએ કે સુવાર્તાને રજૂ કરવા માટે જે પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે એ પધ્ધતિઓ નહિ, પણ સુવાર્તાનો સંદેશ જ પવિત્ર છે. જો આપણે એ બાબતનો સ્વીકાર કરતા નથી, તો વર્તમાન પેઢી સાથેની આપણી સુસંગતતાનો અંત આવવાના અને તેઓને ગુમાવી બેસવાના જોખમમાં આપણે આવી પડીએ છીએ. એ પેઢીએ ઈશ્વરના પ્રેમને જાણવાની તાતી જરૂર છે, અને એ કાર્ય થઈ શકે એ માટે આપણે આપણા માર્ગોનું બલિદાન કદાચ આપવું પણ પડે.

અમે જ્યારે અમારી કૉન્ફરન્સીસમાં ફેરફાર લાવ્યા ત્યારે અમે જેઓને દેવળમાં આવતા જોવા માગતા હતા એવા લોકોને ખાતર ચાલુ સભાસદો જે ઈચ્છતા હતા તેનો અમે ભોગ આપ્યો હતો કે કેમ? જે લોકો અમારી સાથે લાંબા સમયથી જોડાયેલા હતા તેઓને અમે અન્યાય કર્યો હતો? મને એવું લાગતું નથી કે અમે તેઓને અન્યાય કર્યો હોય, કારણ કે આત્મિક રીતે જેઓ વધારે પરિપક્વ છે, એવા લોકોએ બીજા લોકો સત્ય જાણી શકે એ માટે

બલિદાન આપવા તૈયાર હોવું જોઈએ. હું શા માટે ફેરફાર કરી રહી હતી, એ વાત હું જ્યારે લોકોને સમજાવતી હતી ત્યારે એ બધા લોકો ખુશ થયા હતા. લોકો યોગ્ય બાબત કરવા માગતા હોય છે; તેઓને તો કેવળ સમજણની જ જરૂર હોય છે. અલબત્ત, કેટલાક લોકો એવા પણ હોય છે કે જેઓ હમેશાં પરિવર્તનનો વિરોધ કરતા હોય છે, અને એવા લોકોને પડતા મૂકવામાં આવે છે. તેઓ ઠેરના ઠેર જ રહે છે, પરંતુ ઈશ્વર તો, તેઓ હોય કે ન હોય, પણ આગળ વધવાનું ચાલુ જ રાખે છે.

આપણે જ્યારે પ્રેમની ક્રાંતિ સંબંધમાં વાત કરતા હોઈએ છીએ, ત્યારે આપણે જે રીતે જીવન જીવતા હોઈએ છીએ એ રીતે પાયારૂપ ફેરફાર વિષે વાત કરી રહ્યા હોઈએ છીએ. ઈશ્વર આપણા માટે શું કરી શકે એટલું જ પૂછવાને બદલે, આપણે ઈશ્વર માટે શું કરી શકીએ એ બાબત આપણે ઈશ્વરને રોજેરોજ પૂછતાં રહેવાનું છે. પ્રેમની ક્રાંતિમાં ભાગ લેનાર કોઈપણ વ્યક્તિએ બીજાઓને ખાતર બલિદાન આપવું જ પડશે, પરંતુ એ બલિદાનો નવો આનંદ પણ લાવશે. આપણું ધ્યાન આપણી પોતાની જાત પરથી હટીને અન્ય લોકો તરફ ખેંચાવું જોઈએ. આપણે શું મેળવી શકીશું એનો વિચાર કરવાને બદલે, આપણે શું આપી શકીશું એનો વિચાર આપણે કરવાની જરૂર છે. ઈસુ જ્યારે તેમના શિષ્યો સાથે મુસાફરીમાં હતા ત્યારે તેમણે જીવન સંબંધી તેઓને શિક્ષણ આપ્યું હતું. હું એવું માનું છું કે આપણે કેવળ સિધ્ધાંતને લગતા મુદ્દાઓ વિષેના જ નહિ, પરંતુ ઈશ્વરને પસંદ પડે એ રીતે રોજીંદુ જીવન જીવવા વિષેના સંદેશાઓ આપણા પુલપીટો પરથી સાંભળવાની જરૂર છે. વળી આપણે એ વાતની ખાતરી કરવાની જરૂર છે કે એ સંદેશાઓ બધી જ પેઢીઓને લાગુ પડે છે કે નહિ.

શું તમે લાંબા સમયથી ખ્રિસ્તને ઓળખો છો, અને તેમ છતાં તેમનો પ્રેમ તમારી અંદર કેદ થયેલો છે? જો એમ હોય, તો તેને હિંમતપૂર્વક બહાર આવવા દેવાનો આ સમય છે. આપણે ઈશ્વરના પ્રેમના જળાશય નહિ, પરંતુ આપણી મારફતે ઈશ્વરનો પ્રેમ વહેતો રહે એવા માધ્યમ બનવાનું છે. ઈશ્વર તમારો ઉપયોગ કરે એ માટે તમે તમારી જાતને દરરોજ ઉપલબ્ધ રાખો. તમે આ પ્રાર્થના દરરોજ કરો, એવી મારી તમને વિનંતી છે, "ઓ ઈશ્વર, તમારે માટે આજે હું શું કરી શકું, એ તમે મને બતાવો."

ઈશ્વરની ઈચ્છા છે કે આપણે રોજેરોજ આપણી જાતનું જીવતું અર્પણ કરતા રહીએ (જુઓ રોમનો ૧૨:૧). તે ઈચ્છે છે કે આપણે આપણી બધી જ કાર્યક્ષમતાઓ અને સ્રોતો તેમને અર્પણ કરી દઈએ. પ્રેમની ક્રાંતિ સમય, શક્તિ, નાણાં, આપણા માર્ગો અને બીજી ઘણીબધી બાબતોનાં બલિદાનો માગી લેશે, પરંતુ પ્રેમ વિના જીવવું એટલે જે જીવન આપવા માટે ઈસુ મૃત્યુ પામ્યા હતા એ જીવનનું બલિદાન આપવું.

એ ધાર્મિક ચીલા કે ઘરેડમાંથી બહાર નીકળી આવો

શું તમે તમારા ધાર્મિક ચીલા કે ઘરેડમાંથી બહાર નીકળી આવીને વાસ્તવિક સમસ્યાઓ ધરાવતા લોકો મધ્યે આવીને જીવન જીવવા તૈયાર છો? કોઈ તમારા પર પ્રેમ રાખે, એમાં

સુખી થવાની ચાવી નથી; પરંતુ જેને તમે પ્રેમ કરતા હો, એવી કોઈ વ્યક્તિ તમારી પાસે હોય એમાં એ ચાવી રહેલી છે. જો તમે ખરેખર સુખી થવાની ઈચ્છા રાખો છો, તો પ્રેમ દર્શાવવા માટે તમે કોઈક વ્યક્તિને શોધી કાઢો. જો તમે ઈશ્વરના ચહેરા પર સ્મિત જોવા ચાહો છો, તો દુઃખી માણસને શોધી કાઢીને તેને મદદ કરો.

હું ત્રીસ વર્ષ સુધી દેવળમાં ગઈ હતી, પણ મેં એકપણ વાર અનાથો, વિધવાઓ, ગરીબો અને કચડાયેલા લોકોની સંભાળ લેવા સંબંધી બાઈબલ આધારિત મારી જવાબદારી સંબંધીનો એકપણ સંદેશો સાંભળ્યો નહોતો. બીજા લોકોને મદદ કરવા સંબંધી બાઈબલ આટલું બધું જણાવે છે, એ વાત છેવટે જ્યારે મને સમજાઈ ત્યારે મને આઘાત લાગ્યો હતો. ખ્રિસ્તી વ્યક્તિ તરીકેનું મારું મોટાભાગનું જીવન મેં એવું વિચારવામાં પસાર કર્યું હતું કે ઈશ્વર મને કેવી રીતે મદદ કરે છે, એ વિષેની વાતો જ બાઈબલમાં લખવામાં આવી છે. હું દુઃખી હતી, એમાં નવાઈ પામવા જેવું કશું જ નહોતું.

હું અત્યારે ઈથિયોપિયા, રવાન્ડા અને યુગાન્ડાની મુલાકાત લેવા માટે આફ્રિકાના પ્રવાસની તૈયારી કરી રહી છું. મને ખબર છે કે હું ત્યાં જે જરૂરિયાત જોવાની છું, એ જરૂરિયાત મેં કોઈપણ જગ્યાએ જોયેલી કોઈપણ બાબત કરતાં વધારે મોટી હશે; અને હું એ બાબત આપવા માટે તૈયાર અને આતુર છું. મારો એ પ્રવાસ સમય, શક્તિ, સગવડ અને નાણાંના બલિદાનરૂપે હશે, પણ મારે ત્યાં જવું જરૂરી છે. હું દુઃખી લોકોને સ્પર્શ કરવા માગું છું. મારે ગરીબી અને દુકાળને નજીકથી નિહાળવાની જરૂર છે, એટલા નજીકથી કે ઘરે પાછા આવ્યા પછી હું ક્યારેય એ વાતને ભૂલીશ નહિ.

દુકાળને કારણે અપૂરતા પોષણનો ભોગ બનેલાં શિશુઓને હું ઊંચકીશ, અને હું એ શિશુઓની માતાઓનાં આંખોમાં પીડા જોઈશ કે તેઓ પોતાનાં બાળકોને મરતાં જોઈ રહી છે, અને પોતાના બાળક માટે કશું જ કરી શકે તેમ નથી. પણ હું તેઓમાંના કેટલાકને મદદ પણ કરવાની છું. હું કદાચ એ તમામ લોકોને મદદ ન પણ કરી શકું, પણ હું મારાથી શક્ય એ બધું જ કરીશ, કારણ કે મેં કંઈપણ ન કરવાનો ઈન્કાર કર્યો છે! હું પાછી આવી શકીશ, પણ સૌ પ્રથમ તો, હું મારા મિત્રો સાથે અને અમારાં સેવાકાર્યોમાં સહભાગી બનનાર મિત્રો સાથે વાત કરીશ, અને જાણી લઈશ કે તેઓ આ સેવામાં કઈ રીતે સામેલ થઈ શકે તેમ છે અને લોકોને મદદરૂપ થઈ શકે તેમ છે.

લોકો મદદ કરવાની ઈચ્છા તો રાખતા હોય છે, પણ એમાંના ઘણા લોકોને તો શું કરવું, તેની જ ખબર હોતી નથી. તેઓને એક એવા માણસની જરૂર છે કે જે આ બધું ગોઠવી આપે. શું તમને આગેવાની કરતાં આવડે છે? જો તમે આગેવાની કરી શકો તેમ છો, તો શા માટે તમે તમારા શહેરના ગરીબો મધ્યે પહોંચી જવાના કાર્યક્રમનું આયોજન કરતા નથી અથવા તો, દુનિયાભરના ગરીબ અને ખોવાયેલા લોકો મધ્યે ચાલી રહેલા સેવાકાર્યમાં તમે અને તમારા મિત્રો જોડાઈ જતા નથી? બહેનોના એક જૂથે પાડોશમાંથી કેટલીક ચીજવસ્તુઓ એકઠી કરીને વેચાણ કરવાનું નક્કી કર્યું હતું, તેઓએ એ પ્રમાણે કરીને જે નાણાં ઊભા કર્યાં

તે બધાં જ નાણાં ગરીબોને મદદ કરવા માટે આપી દીધાં. એ બાબત કરવામાં તેઓએ એટલી બધી સફળતા પ્રાપ્ત કરી હતી કે તેઓએ એ માટે એક મોટો સ્ટોર ઊભો કર્યો છે, અને તેનું સંચાલન સ્વેચ્છાએ સેવા આપતી બહેનો જ કરે છે. વેચવા માટેનો બધો જ માલસામાન દાન સ્વરૂપે મળે છે, અને તેના વેચાણમાંથી જે વકરો આવે છે તે બધો જ સેવાકાર્યો માટે વાપરવામાં આવે છે. એ બહેનોએ એક જ વર્ષમાં પાંસઠ હજાર ડૉલર જેટલી મોટી રકમ આપી હતી. (બીજી એક વાત કરું તો, એ બહેનોમાંથી મોટાભાગની બહેનો ૬૦ વર્ષ વટાવી ચૂકી હતી, અને તેઓ જે રચનાત્મક અને અમૂલ્યકાર્ય કરી રહી છે, તેથી હું તેઓના માટે ગર્વ લઉં છું. એ બહેનોએ નક્કી કર્યું છે કે તેઓના જીવનનાં પાછલાં વર્ષો સૌથી વધારે ફળવંત બની રહે.)

કોઈકને મદદ કરવા માટેનો નિર્ણય લો. રચનાત્મક બનો! દેવળમાં જવું, દેવળમાંથી પાછા ઘરે આવવું, ફરી પાછા દેવળમાં જવું, પરંતુ તમે ખરેખર કોઈને પણ મદદરૂપ થતા નથી એવા આ ધાર્મિક ચીલા કે ઘરેડમાં જીવવા સામે બળવો પોકારવા માટે આગળ આવો. દેવળના બાંકડા પર બેસીને કેવળ ગીતો ગાયા ન કરો. દુઃખી લોકોને મદદ કરવામાં સામેલ થાઓ. ઈસુના શબ્દો યાદ કરો :

> "હું ભૂખ્યો હતો, પણ તમે મને ખવડાવ્યું નહિ; હું તરસ્યો હતો, પણ તમે મને પાણી પાયું નહિ; હું પારકો હતો, પણ તમે મને પરોણો રાખ્યો નહિ; નાગો હતો, પણ તમે મને વસ્ત્ર પહેરાવ્યાં નહિ; માંદો તથા કેદમાં હતો, પણ તમે મારી ખબર લીધી નહિ.
>
> ત્યારે તેઓ પણ તેને ઉત્તર દેશે કે, પ્રભુ, ક્યારે અમે તને ભૂખ્યો કે, તરસ્યો કે, પારકો કે, નાગો કે, માંદો કે, કેદમાં દેખીને તારી સેવા કરી નહિ?
>
> ત્યારે તે તેઓને ઉત્તર દેશે, હું તમને ખચીત ખચીત કહું છું કે, આ બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું નહિ, એટલે તે મને કર્યું નહિ."
>
> *(માથ્થી ૨૫:૪૨-૪૫)*

અમારું વિશ્વાસનામું

હું દયા **દર્શાવું છું** અને બહાના બતાવવાનું **ટાળું છું.**
અન્યાય સામે હું **ઊભો રહું છું.**
અને જેમાં ઈશ્વરનો પ્રેમ પ્રગટ થતો હોય એવા સીધાં સાદાં કાર્યો કરીને
જીવન જીવવા માટે **સમર્પિત થાઉં છું.**
કશું જ ન કરવાનો હું **ઈનકાર કરું છું.**
આ મારો દૃઢ નિર્ણય છે.
હું પ્રેમની ક્રાંતિ છું.

લેખક વિષે...

જોયસ મેયર દુનિયાના બાઈબલનું વ્યાવહારિક શિક્ષણ આપનાર આગળ પડતા શિક્ષકોમાંના એક શિક્ષક છે. અમેરિકામાં સૌથી વધારે વેચાણ ધરાવતા એક નંબરના દૈનિક સમાચારપત્ર 'ન્યુયોર્ક ટાઈમ્સ' માં તેમના લેખો પ્રસિધ્ધ થાય છે, તેમણે ૮૦ કરતાં પણ વધારે પ્રેરણાદાયક પુસ્તકો લખ્યાં છે, જેમાં 'નેવર ગીવ અપ', 'ધી સીક્રેટ ટુ ટ્રુ હેપીનેસ', '૧૦૦ વેઝ ટુ સિમ્પ્લીફાઈ યોર લાઈફ'નો સમાવેશ થાય છે. કુટુંબને લગતાં પુસ્તકોમાં 'બેટલફિલ્ડ ઓફ ધી માઈન્ડ'ની આખી શ્રેણી તેમણે લખી છે. નવલકથા સ્વરૂપે તેમનું પ્રથમ પુસ્તક 'ધી પેની' છે, એ ઉપરાંત બીજી પણ નવલકથાઓ તેમણે લખી છે. તેમણે બાઈબલનું વ્યાવહારિક શિક્ષણ આપતી હજારો ઓડિયો કેસેટ્સ તૈયાર કરી છે, તેમ જ એક સંપૂર્ણ વિડિયો લાઈબ્રેરી પણ ઊભી કરી છે. જોયસના 'એન્જોયીંગ એવરીડે લાઈફ' કાર્યક્રમો આખી દુનિયામાં રેડિયો તથા ટીવી મારફતે પ્રસારિત કરવામાં આવે છે, અને આખી દુનિયામાં સતત પ્રવાસ કરતા રહીને તે કોન્ફરન્સીસનું આયોજન કરે છે. જોયસ અને તેમના પતિ ડેવને ચાર બાળકો છે, એ બાળકો મોટાં થઈ ગયાં છે, અને તેઓ સેન્ટ લૂઈસ, મિસૂરીમાં આવેલા તેમના ઘરમાં રહે છે.

To contact the author in the United States, please write:

Joyce Meyer Ministries
P.O. Box 655,
Fenton, Missouri 63026
or call: (636) 349-0303
or log on to: www.joycemeyer.org

To contact the author in India, please write:

Joyce Meyer Ministries
Nanakramguda,
Hyderabad - 500 008
or call: 2300 6777
or log on to: www.jmmindia.org



ક્રાંતિ : કાર્યો કરવા માટે સામાન્ય રીતે અપનાવવામાં આવતી રીતમાં એકાએક કરવામાં આવતો પાયારૂપ અને સંપૂર્ણ ફેરફાર.

ક્રાંતિ : ક્રાંતિ શબ્દમાંથી સ્વયંભૂ આશાનો ઝબકારો થાય છે, ધગશ પ્રજ્વલિત થાય છે અને માનવીય શબ્દકોશનો બીજો કોઈ શબ્દ આપી ન શકે એવી નિષ્ઠાની પ્રેરણા આપે છે. ક્રાંતિ એક એવા લોકોના નાના જૂથનું ચિત્ર રજૂ કરે છે કે જેઓ ભૂતકાળમાં જે રીતે જીવન જીવતા હતા એ રીતનું જીવન જીવવાનું ચાલુ રાખવા રાજી નથી.

"હું માનું છું કે જગતમાં હવે પછીની એટલે કે સૌથી મોટી ક્રાંતિ આવવાનો સમય આ જ છે." જોયસ મેયર કહે છે. "આપણને રાજકારણ, આર્થિક બાબતો કે ટેકનોલોજી પર આધારિત હોય એવી ક્રાંતિની નહિ, પરંતુ પ્રેમની ક્રાંતિની જરૂર છે."

તમારા હાથમાં જે પુસ્તક છે, તે ખતરનાક છે - તે ક્રાંતિને લગતી માહિતી અને નીતિનિયમોને રજૂ કરનારું પુસ્તક છે, એ ફક્ત કંઈ કરવા માટે જ પડકાર આપતું નથી; તે તો કંઈક બનવા માટે તેડું આપે છે... જરૂરિયાતમંદ મિત્રને મદદરૂપ થનાર એક મિત્ર બનવા માટેનું તેડું આપે છે... કે જે મિત્ર કોઈ અજાણી જરૂરિયાતમંદ વ્યક્તિને મદદ કરે છે... અને જે અસરકારક રીતે દયા પ્રગટ થતી હોય એવાં કાર્યો કરે છે.

જોયસ મેયર આપણું ધ્યાન દોરે છે કે જો આપણે આપણા પોતાના માટે જ જીવીશું, તો આપણને ક્યારેય સંતોષ થવાનો નથી. બાઈબલ શીખવે છે કે આપણે જ્યારે આપણી જાતનું બલિદાન આપી દઈએ છીએ, ત્યારે આપણે જે કાંઈ આપી દીધું હોય તે જ પાછું મળતું નથી, પરંતુ એની સાથે બોનસ અને આશીર્વાદ પણ આપણને પ્રાપ્ત થાય છે.

હિલસોંગના ડાર્લીન ઝેક, ડેલીરિયસના માર્ટીન સ્મીથ, પાસ્ટર પોલ સ્કેનલોન અને પાસ્ટર ટોમી બાર્નેટ તથા જોન મેક્સવેલ જેવા મહાનુભાવોએ આપેલા લેખો થકી "પ્રેમની ક્રાંતિ" નામનું આ પુસ્તક જીવન જીવવા માટેની એક નવી રીતની રૂપરેખા આપે છે - કે જે તમારા જીવન અને તમારી દુનિયામાં પરિવર્તન લાવશે.

ક્રાંતિ

હું દયા **દર્શાવું છું** અને બહાના બતાવવાનું **ટાળું છું.**
અન્યાય સામે હું **ઊભો રહું છું.**

અને જેમાં ઈશ્વરનો પ્રેમ પ્રગટ થતો હોય એવા સીધાં સાદાં
કાર્યો કરીને જીવન જીવવા માટે **સમર્પિત થાઉં છું.**

કશું જ ન કરવાનો હું **ઈનકાર કરું છું.**

આ મારો દૃઢ નિર્ણય છે.

હું પ્રેમની ક્રાંતિ છું.



JOYCE MEYER
MINISTRIES

Nanakramguda, Hyderabad - 500 008